# ઉત્તરાધ્યયન સૂત્ર



- યુવાપ્રણેતા શ્રી ધીરજમુનિ મ.સા.

## શ્રુતજ્ઞાન આધારસ્તંભ દાતા

**શ્રીમતી રેવાકુંવરબેન રમણીકલાલ કોઠારી**
હ. અ.સૌ. મીનાક્ષી મધુકર કોઠારી
અ.સૌ. પરીન પ્રબોધ કોઠારી
(ગોંડલ નિવાસી - મસ્કત)

## શ્રુત અનુમોદક

- શ્રીમતી ઉર્મિલાબેન રમણીકલાલ મહેતા - મુંબઈ
(પાલનપુર નિવાસી, હાલ - વાલકેશ્વર)

- શ્રીમતી સુશીલાબેન કેશવજી શાહ - મુંબઈ
(બિદડા નિવાસી, હાલ - અંધેરી)

## શ્રુત શુભેચ્છક

- શ્રી રમેશચંદ્ર પ્રભાશંકર દફતરી - મુંબઈ
(મોરબી નિવાસી, હાલ - વાલકેશ્વર)

- શ્રીમતી કુંદનબેન જયંતીલાલ સંઘવી - સુરત
(મોરબી નિવાસી, હાલ - સુરત)

## ઉ...પ...હા...ર...



-: સૌજન્ય :-

સ્વ કાન્તાબેન ભાઇલાલભાઈ શાહ

હસ્તે :- રસીલાબેન પ્રણલાલભાઈ શાહ

(જાંબુવાલા પરીવાર)

# ઉત્તરાધ્યયન સૂત્ર

GYANMANDIR
NA KENDRA
Koba, Gandhinagar-382007.
(079) 23276252, 23276204-05

મહાવીર પ્રભુનો ઉપકાર
ઉત્તરાધ્યયન સૂત્ર, પ્રભુની અંતિમ દેશના
માનવ જીવનનો આધાર
મીઠા મીઠા વચનો સાંભળો મહાવીરના

# આટલું જરૂર કરો...!

ભગવાન મહાવીરની
અંતિમ દેશના
**'ઉત્તરાધ્યયન સૂત્ર'**
આપણે વધુ ન કરીએ તો પહેલા
'વિનય' અધ્યયનની
**૧૧ ગાથા**
મુખપાઠ - કંઠસ્થ
જરૂર કરીએ અને
વધુ થઈ શકે તો
કોઈપણ એક અધ્યયન
કંઠસ્થ કરીએ.
પછી જો જો સ્વાધ્યાય
કરવાનું ભૂલશો નહિ.

૨૦૧૦૫૪

શ્રી

# ઉત્તરાધ્યયન સૂત્ર

## પ્રભુ મહાવીરની અંતિમ દેશના

(ગુજરાતીમાં મૂળ પાઠ અને અર્થ)

સં. :- યુવાપ્રણેતા શ્રી ધીરજમુનિ મ. સા.


વીતરાગ પ્રકાશન

- અમી એન્ટરપ્રાઈઝ - બોરીવલી - મુંબઈ-૯૨ (ફોન : ૨૮૯૯૧૪૨૩)
- ભારત કોમર્શિયલ કું. - ૫૦ નાગદેવી - મુંબઈ-૩ (ફોન : ૨૩૪૨૧૯૨૯)
- શ્રી ઈન્દ્રપ્રસ્થનગર સ્થા. જૈન સંઘ - રાજકોટ (ફોન : ૨૨૨૭૪૭૨)

જ્ઞાનાર્થે Rs. 40/-

श्री

# ઉત્તરાધ્યયન સૂત્ર

સં : ગોંડલ સંપ્રદાયના
યુવાપ્રણેતા પૂ. ગુરુદેવ
શ્રી ધીરજમુનિ મ.સા.


પ્રકાશન

ચતુર્થ આવૃત્તિ : સને : ૨૦૦૮
કુલ પ્રત : ૧૨૦૦૦

મુદ્રણ વ્યવસ્થા

સસ્તું પુસ્તક ભંડાર
નડીઆદ

ટાઈપ સેટિંગ

'શ્રી ગ્રાફિક્સ'
સજ્જન સોસાયટી,
શાહીબાગ, અમદાવાદ-૪

જ્ઞાનાર્થે

Rs. 40/-

## પ્રાપ્તિ સ્થાન

અમી એન્ટરપ્રાઈઝ-બોરીવલી
શોપ નં. ૩, ગોકુલ એપાર્ટમેન્ટ,
હરિદાસનગર, સિમ્પોલી રોડ,
બોરીવલી(વે.)મુંબઈ-૪૦૦ ૦૯૨
ફોન : (ઓ) ૨૮૯૯૨૨૪૧

ભારત કોમર્શિયલ કું.
૫૦, નાગદેવી સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦ ૦૦૩
ફોન : (ઓ) ૨૩૪૨૧૯૨૯

શ્રી ઈન્દ્રપ્રસ્થ સ્થા. જૈન સંઘ
૯, ઈન્દ્રપ્રસ્થનગર,
ન્યુ હાઉસિંગ બોર્ડ,
હેમુ ગઢવી હોલ પાસે,
રાજકોટ-૩૬૦ ૦૦૧
ફોન : (૦૨૮૧) ૨૨૨૭૪૭૨
મો. ૦૯૩૨૮૯ ૦૩૦૦૦

સસ્તું પુસ્તક ભંડાર
ગાંધી રોડ પુલ નીચે, અમદાવાદ
ફોન : (ઓ) ૨૨૧૧૦૦૬૨

શ્રી આશાબહેન એન. ઉદાણી
૧૦૪, હરેકૃષ્ણનગર, જવાહર રોડ,
રેલ્વે સ્ટેશન પાછળ,
ઘાટકોપર(ઈ.)મુંબઈ-૪૦૦ ૦૭૭
ફોન : (૦૨૨) ૨૫૧૬૧૯૮૩

# ઉત્તરાધ્યયન સૂત્ર

## પ્રભુ મહાવીરની અંતિમ દેશના

(રાગ : ઊંચી તળાવડીની કોર)

'મહાવીર' પ્રભુનો ઉપકાર, **ઉત્તરાધ્યયન સૂત્ર** પ્રભુની અંતિમ દેશના
માનવજીવનનો આધાર, મીઠાં મીઠાં વચનો સાંભળો મહાવીરના

મોક્ષે જાતાં પહેલાં પ્રભુએ કહ્યા છત્રીસ અધ્યયન
સોળ પ્રહરની **'અંતિમ દેશના'** ખુલ્યા સહુનાં લોચન
જિનવાણી જગમાં મહાન...મીઠાં મીઠાં

(૧) **પહેલું અધ્યયન** 'વિનય શ્રુત'નું વિનય કરો ગુરુનો
વિનય કરતાં મળે શિષ્યને અંતર જ્ઞાન ખજાનો
વિનય બનાવે ભગવાન...મીઠાં મીઠાં
"मम लाभोत्ति पेहाए" શિષ્ય રહે ગુરુ ચરણમાં
શાતા આપે, સમાધિ આપે કલ્યાણ ગુરુ શરણમાં
સદ્ગુરુ પરમનિધાન...મીઠાં મીઠાં

(૨) **બીજું અધ્યયન** 'બાવીસ પરિષહ' આવે સાધુ જીવનમાં
સમતા ભાવે સહન કરે તો કર્મ ખપે ભવ ભવના
સમતા છે ધર્મ મહાન...મીઠાં મીઠાં
ભૂખ તરસને ઠંડી ગરમી વળી વિહારનાં કષ્ટો
નિર્જરા લક્ષે સાધક સમજે, મોક્ષ નથી કંઈ સસ્તો
કષ્ટ સહે મળે વરદાન...મીઠાં મીઠાં

(૩) **ત્રીજું અધ્યયન** 'ચાર અંગ'ની દુર્લભતા બતાવે
મનુષ્યભવને ધર્મ શ્રવણ વળી શ્રદ્ધા ધર્મની રાખે
સંયમ છે સુખની ખાણ...મીઠાં મીઠાં
કર્મના સંયોગે જીવડો ફરે છે ચારગતિમાં
પુણ્યના ઉદયે આવે છે દુર્લભ માનવભવમાં
મોંઘો માનવભવ જાણ...મીઠાં મીઠાં

(૪) **ચોથું અધ્યયન** નશ્વર જીવન, કાળનો નહિ ભરોસો
પ્રમાદમાં સમય ના ગુમાવો, બંધ આંખે ના જીવશો
ક્યારે ચાલ્યા જશે આ પ્રાણ...મીઠાં મીઠાં
'કડાણ કમ્માણ ન મોક્ખ અત્થિ,' કાયદો આ કુદરતનો
બાંધેલા ભોગવવા પડે છે નથી અપવાદ કરમનો
વીતરાગી વચનો પ્રમાણ...મીઠાં મીઠાં

(૫) **પાંચમું અધ્યયન** અનંતા જીવો **અકામ મરણે** મરતાં
ભોગોમાં આસક્તિ રાખી તૃષ્ણામાં તરફડતા
બને જીવન ધૂળધાણ...મીઠાં મીઠાં

શીલવાનને બહુશ્રુતનું સકામ મરણ જાણો
દેહે પણ મૂર્છા ના રાખો પંડિત મરણ માણો
સમાધિ અપાવે નિર્વાણ...મીઠાં મીઠાં
(૬) **છટ્ઠું અધ્યયન** 'ક્ષુલ્લક નિર્ગ્રંથ' બોધ દેવામાં શૂરા
ઉપદેશ આપે ઊંચો પણ આચારમાં જે અધૂરા
સદાચાર સિદ્ધિ પ્રદાન...મીઠાં મીઠાં
અજ્ઞાનતા છે દુઃખનું કારણ સંસારમાં રખડાવે
ભાષાની ભવ્યતા કોઈને દુઃખોથી ના બચાવે
ભાવ સંયમ છે પ્રધાન...મીઠાં મીઠાં
(૭) **સાતમું અધ્યયન** 'એલક'નું ભોગોને માનો ભયંકર
બોકડાને સારું ખવડાવે, અંતે મોત ભયંકર
હિંસાનું ફળ દુઃખ જાણ...મીઠાં મીઠાં
હિંસા અસત્ય ચોરી અને મહા આરંભ કરનારા
વિષય લોલુપી મહાપરિગ્રહી નરકગતિ દેનારા
દુર્ગતિમાં કોઈ નહિ ત્રાણ...મીઠાં મીઠાં
(૮) **આઠમું અધ્યયન** 'કપિલ કેવળી' તૃષ્ણા છે મારનારી
લોભને થોભ નથી આ જગમાં સમજણ શાંતિ દેનારી
સંતોષ જ્ઞાનનું પ્રમાણ...મીઠાં મીઠાં
"जहा लाहो तहा लोहो" વધે છે કહે વીતરાગ
દો માસા સોનાને બદલે આખા રાજ્યની માંગ
દૃષ્ટિ બદલાતા કેવળજ્ઞાન...મીઠાં મીઠાં
(૯) **નવમું અધ્યયન** 'નમી રાજર્ષિ' દાહજ્વર થયો શરીરમાં
એકત્વ ભાવનાને ભાવે, વૈરાગ્ય જાગ્યો મહેલમાં
વિરતિની વાટે પ્રયાણ...મીઠાં મીઠાં
ભીતરનો ભગવાન જાગતો લેપાયે ના સુખમાં
સંસારનાં સુખોને છોડતો દીન બને ના દુઃખમાં
દિવ્ય દૃષ્ટિના એંધાણ...મીઠાં મીઠાં
(૧૦) **દશમું અધ્યયન** "समयं गोयम ! मा पमायए" પ્રભુ કહેતા
ક્ષણને સમજી ચાલો અવસર ઉત્તમ ના ગુમાવતા
સમયની કિંમત પિછાણ...મીઠાં મીઠાં
જાગૃતિને જીવન સમજો પ્રમાદ ત્યાં છે પતન
ઈન્દ્રિયોના સદ્ઉપયોગે કરો ધર્મ આરાધન
પ્રમાદ છૂટે પરમ કલ્યાણ...મીઠાં મીઠાં
(૧૧) **અગિયારમું અધ્યયન** 'બહુશ્રુત'નું જ્ઞાનને દીપક સમજો
અજ્ઞાનને અભિમાન છોડી દે પુરુષાર્થ કર તું જાજો
જ્ઞાન છે દર્પણ સમાન...મીઠાં મીઠાં
બહુશ્રુતની સોળ ઉપમા શોભાવે શાસનને
સમ્યગ્ જ્ઞાન છે સમાધિ દાતા ઉજ્જવલ બનાવે આતમને
પૂર્ણ જ્ઞાની બને ભગવાન...મીઠાં મીઠાં

(૧૨) **બારમું અધ્યયન** 'હરિકેશી'નું ચંડાલકુળમાં જનમ્યા
સંયમ લઈને તપના પ્રભાવે યક્ષ સેવામાં આવ્યા
મુનિભાવમાં જે મસ્તાન...મીઠાં મીઠાં
ભિક્ષા કાજે યજ્ઞના વાડે આહાર લેવા પધારે
બ્રાહ્મણો આપે નહિ ભિક્ષા ત્યારે મુનિ બધું સમજાવે
બ્રહ્મચર્ય છે સાચું સ્નાન...મીઠાં મીઠાં

(૧૩) **તેરમું અધ્યયન** 'ચિત્તસંભૂતિ' બે છે સહોદર ભાઈ
પાંચ પાંચ ભવ સાથે કર્યા છટ્ઠે ભવે જુદા થાય
સંભૂતિએ કર્યું નિદાન...મીઠાં મીઠાં
ચક્રવર્તી સંભૂતિ બન્યો અને ચિત્ત બન્યો છે સાધુ
જાતિસ્મરણથી ભેગા થયા ચિત્ત સમજાવે ભાઈને ઝાઝું
ના સમજે કારણ નિદાન...મીઠાં મીઠાં

(૧૪) **ચૌદમું અધ્યયન** 'છ જીવો' ભેગા થયા એક નગરમાં
પુરોહિત પુત્રોને જાતિસ્મરણથી વૈરાગ્ય જાગ્યો ભીતરમાં
માવિત્રોને લાધ્યું નિજજ્ઞાન...મીઠાં મીઠાં
ખબર પડી છે રાજારાણીને પુરોહિત ઘર છોડે છે
ઈક્ષુકાર રાજા કમલાવતી રાજમહેલને ત્યાગે છે
છ એ બન્યાં તે જ ભવે ભગવાન...મીઠાં મીઠાં

(૧૫) **પંદરમું અધ્યયન** 'સભિક્ષુ' ભાવસંયમમાં જીવતા
'મોણં ચરિસ્સામિ' એક ધ્યેયે જિન આજ્ઞામાં રહેતા
મુક્તિ માર્ગે પ્રસ્થાન...મીઠાં મીઠાં
મંત્ર તંત્ર ને સ્વર વિદ્યાનો પ્રયોગ કરે નહિ સાધુ
ગૃહસ્થની કરે ના પ્રશંસા શ્રમણ ધર્મ આરાધું
જિન આજ્ઞાનું બહુમાન...મીઠાં મીઠાં

(૧૬) **સોળમું અધ્યયન** 'બ્રહ્મચર્ય' સમાધિનાં દશ સ્થાનો
બ્રહ્મચર્યની રક્ષા કાજે નિમિત્તો સજાગ રહેવાનો
બ્રહ્મચારી છે ભગવાન...મીઠાં મીઠાં
આહાર પોષાક સ્થાનમાં સંયમ ઈન્દ્રિયો વશમાં રાખે
નવ વાડથી થાયે સુરક્ષા અધ્યાત્મ રસને ચાખે
સમાધિ રસ નિધાન...મીઠાં મીઠાં

(૧૭) **સત્તરમું અધ્યયન** 'પાપ શ્રમણ'નું શ્રમણ ધર્મ જે ભૂલે
ગુરુજનોની સેવા વિનય, છોડી પ્રમાદમાં ઝૂલે
પાપ શ્રમણમાં તેનું સ્થાન...મીઠાં મીઠાં
"भोच्चा पेच्चा सुहं सुवई" ઉપયોગ વિના જે જીવે
વિગયનું નિત્ય સેવન વળી પ્રકામ નિદ્રા સેવે
દેહ દૃષ્ટિ ભુલાવે ભાન...મીઠાં મીઠાં

(૧૮) **અઢારમું અધ્યયન** 'સંયતિરાજા' શિકાર કરવા જાયે
મૃગને હણતાં સંતને દેખી પશ્ચાત્તાપ ખૂબ થાયે
હિંસા અધર્મની ખાણ...મીઠાં મીઠાં

"अभओ पत्थिवा ! तुब्भं" અભયદાતા તું બન
ઉપદેશે સંસારને છોડ્યો રાજર્ષિ બન્યા શ્રમણ
જીવરક્ષા ધર્મના પ્રાણ...મીઠાં મીઠાં

(૧૯) **ઓગણીસમું અધ્યયન** 'મૃગાપુત્ર' રાજમાર્ગે સંતને નીરખે
મોહનો ઉદય શાંત થતાં જાતિસ્મરણથી દેખે
પૂર્વ ભવોનું થયું જ્ઞાન...મીઠાં મીઠાં
નરકગતિની તીવ્ર વેદના ભોગવીને હું આવ્યો
આજ્ઞા આપો મને માતાજી ! સંયમ મુજને ભાવ્યો
લેવું છે પંચમપદમાં સ્થાન...મીઠાં મીઠાં

(૨૦) **વીસમું અધ્યયન** 'મુનિ અનાથી' પુણ્યોદયમાં જાગ્યા
આંખની વેદના ભોગની વયમાં ત્યાગમાર્ગમાં દોડ્યા
વેદનામાં થયું આત્મજ્ઞાન...મીઠાં મીઠાં
રાજા શ્રેણિકે દર્શન કરી પૂછ્યું કેમ લીધી દીક્ષા
"अप्पा कत्ता विकत्ता" કરી નાથ અનાથની સમીક્ષા
દર્શનથી સમ્યગ્દર્શન...મીઠાં મીઠાં

(૨૧) **એકવીસમું અધ્યયન** 'સમુદ્રપાલ' ચોરને જોઈ જાગ્યા
પૂર્વનાં અશુભ પાપકર્મે બંધનથી ચોર બંધાયા
સમ્યક્ તત્ત્વનું થયું જ્ઞાન...મીઠાં મીઠાં
સંવેગ જાગ્યો સંયમ લઈને આરાધનામાં જોડાયા
પુણ્ય પાપના બંધનમાંથી શીઘ્ર મુક્તિ પામ્યા
પંચમગતિમાં પ્રસ્થાન...મીઠાં મીઠાં

(૨૨) **બાવીસમું અધ્યયન** 'રહનેમિ'નું નેમનાથ પ્રભુના ભાઈ
સાધના કરતાં ઊભા ગુફામાં રાજેમતીને જોઈ
સંયમથી વિચલિત મન...મીઠાં મીઠાં
ભોગની માગણી સામે સતીનાં અંકુશ જેવાં વચન
'સેયં તે મરણં ભવે' ખુલ્યા રહનેમિનાં લોચન
સાધનામાં જોડ્યું પરાક્રમ...મીઠાં મીઠાં

(૨૩) **ત્રેવીસમું અધ્યયન** 'કેશી ગૌતમ' પરિસંવાદ રચાયો
કેશી સ્વામીના બાર પ્રશ્નનો ગૌતમે ઉત્તર આપ્યો
પરિષદને થયું તત્ત્વજ્ઞાન...મીઠાં મીઠાં
કેશી સ્વામીએ ગૌતમ પાસે ફરી પંચ મહાવ્રત લીધાં
શ્રુતશીલના ઉત્કર્ષે સફલ સમાગમ કીધા
બન્યા બંને ભગવાન...મીઠાં મીઠાં

(૨૪) **ચોવીસમું અધ્યયન** 'પ્રવચનમાતા' અષ્ટ પ્રભુએ બતાવી
પાંચ સમિતિ ત્રણ ગુપ્તિમાં માતાની ગોદ સમાયી
સાધકની રક્ષાનું સ્થાન...મીઠાં મીઠાં
સમિતિમાં સમ્યક્ પ્રવૃત્તિ ગુપ્તિમાં નિવૃત્તિ
બંનેનું પાલન સાધકને આપે ભવથી મુક્તિ
થાયે આતમનું કલ્યાણ...મીઠાં મીઠાં

**(૨૫) પચીસમું અધ્યયન** 'યજ્ઞીય'જેમાં બંને સગા ભાઈ
વિજયઘોષ ને જયઘોષનો બ્રાહ્મણ કુળે જન્મ થાય
જયઘોષ બન્યા જૈન શ્રમણ...મીઠાં મીઠાં
વિજયઘોષના યજ્ઞસ્થાને આવ્યા મુનિ ભિક્ષાર્થે
ભિક્ષા ન દીધી ત્યારે મુનિએ બોધ દીધો શ્રેયાર્થે
બંને શ્રમણ પામ્યા મુક્તિધામ...મીઠાં મીઠાં

**(૨૬) છવીસમું અધ્યયન** 'સમાચારી' ટાઈમટેબલ શ્રમણનું
દિવસ રાત્રિના ચાર પ્રહરમાં કાર્ય શું શું કરવાનું ?
પ્રભુનું સાધકને એલાન...મીઠાં મીઠાં
પહેલા પહોરે સ્વાધ્યાય કરવી બીજા પ્રહરે ધ્યાન
ત્રીજા પ્રહરે ગૌચરી કરીને ફરી સ્વાધ્યાયે મસ્તાન
પરમ નિર્જરાનું સ્થાન...મીઠાં મીઠાં

**(૨૭) સત્તાવીસમું અધ્યયન** 'ખલુંકીય' દુષ્ટ બળદની ઉપમા
ગર્ગાચાર્ય આચાર્યના અવિનીત શિષ્ય નકામા
અસમાધિ સંકલેશનું સ્થાન...મીઠાં મીઠાં
ગલિગર્દભ શિષ્યોને છોડી આચાર્ય પામ્યા સમાધિ
જૂઓ કર્મનો ઉદય કેવો આવે જીવનમાં ઉપાધિ !
સમાધિ સંતનો પ્રાણ...મીઠાં મીઠાં

**(૨૮) અઠ્ઠાવીસમું અધ્યયન** 'મોક્ષમાર્ગ'નું મુક્તિની રાખો ચાહના
જ્ઞાન દર્શન ચારિત્ર તપ અંગો છે આરાધનનાં
દર્શનથી થાયે સમ્યગ્ જ્ઞાન...મીઠાં મીઠાં
આઠ રુચિ સમ્યગ્ દર્શનની પાંચે પ્રકારે જ્ઞાન
ચારિત્રના ભેદ બતાવી લેવું પંચમ જ્ઞાન
આ છે વીતરાગી વિજ્ઞાન...મીઠાં મીઠાં

**(૨૯) ઓગણત્રીસમું અધ્યયન** છે 'સમ્યક્ પરાક્રમ'નું
તોંતેર બોલ બતાવ્યા પ્રભુએ કારણ વીતરાગતાનું
માસ્ટર કી ખોલે આત્મ નિધાન...મીઠાં મીઠાં
યથા શક્તિથી કરે આરાધન એક પણ બોલ જીવનમાં
સંયમ સંવર વર્ધમાન સમાધિ તન ને મનમાં
સિદ્ધ ક્ષેત્રે અપાવે સ્થાન...મીઠાં મીઠાં

**(૩૦) ત્રીસમું અધ્યયન** 'તપ માર્ગ'નું તપસ્યા કરવા જેવી
બાહ્ય તપ આભ્યંતર તપથી વિશુદ્ધિ થાયે એવી
તપથી આત્મ બળવાન...મીઠાં મીઠાં
બાહ્યતપથી કર્મો અટકે આશ્રવ રોકાઈ જાય
આભ્યંતર તપની અગ્નિથી કર્મો જલતાં જાય
સિદ્ધિનું આ છે પ્રમાણ...મીઠાં મીઠાં

**(૩૧) એકત્રીસમું અધ્યયન** 'ચરણવિધિ' તેત્રીસ બોલ બતાવ્યા
હેય અને ઉપાદેય ભાવો સૂક્ષ્મ રીતે સમજાવ્યા
હેય છૂટે બને મહાન...મીઠાં મીઠાં

તેત્રીસ અશાતનાથી બચવા સાધક ઉપયોગ રાખે
ગુરુજનોના વિનય ભક્તિ સિદ્ધિના સુખ આપે
ચારિત્રથી છે નિર્વાણ...મીઠાં મીઠાં

(૩૨) **બત્રીસમું અધ્યયન** 'પ્રમાદ સ્થાન'નું પ્રમાદ છે ભયંકર
રાગદ્વેષ ને વિષયાસક્તિ પ્રમાદના છે સહચર
સમયે બનો સાવધાન...મીઠાં મીઠાં
પાંચ ઈન્દ્રિયના પાંચ વિષયમાં કરે જે રાગના ભાવો
અકાળે મૃત્યુને પામે પરિણામે પસ્તાવો
વિરક્તિ છે અમૃતપાન...મીઠાં મીઠાં

(૩૩) **તેંત્રીસમું અધ્યયન** 'આઠ કર્મ'નું નામ ભેદ પ્રકારો
સંસારનું કારણ છે કર્મ એક માત્ર ઈશારો
કર્મ તૂટે સાચો ધરમ...મીઠાં મીઠાં
આઠ કર્મમાં મોહની સત્તા એ છે ત્રિલોક વ્યાપી
મોહના જોરે ભાન ભૂલી ના સમજે જિંદગી આખી
મોહ છોડી મોક્ષને પામ...મીઠાં મીઠાં

(૩૪) **ચોત્રીસમું અધ્યયન** 'લેશ્યા' જેના છે છ પ્રકાર
શુભ અશુભ અધ્યવસાયો લેશ્યાનો આધાર
શુભ લેશ્યાથી સદ્‌ગતિમાં સ્થાન...મીઠાં મીઠાં
પહેલી ત્રણ છે અશુભ લેશ્યા કડવાં ફળ છે એનાં
છેલ્લી ત્રણ છે શુભ લેશ્યા પરિણામો ઉજ્જવલ એનાં
અશુભનું છોડો અનુસંધાન...મીઠાં મીઠાં

(૩૫) **પાંત્રીસમું અધ્યયન** 'અણગાર'નું મુનિધર્મ સમજાવ્યો
આરંભ ને પરિગ્રહથી મુક્તિ આત્મધર્મ અપનાવ્યો
સર્વ પાપોથી વિરામ...મીઠાં મીઠાં
ઈન્દ્રિયોનો નિગ્રહ કરતાં આસક્તિ ના રાખે
માન પ્રશંસા આદિ ભાવોની ઈચ્છા મનમાં ન જાગે
મુનિ વધારે ધર્મધ્યાન...મીઠાં મીઠાં

(૩૬) **છત્રીસમું અધ્યયન** 'જીવાજીવની પ્રવિભક્તિ' બતાવી
જીવ અજીવનું સ્વરૂપ વિસ્તૃત અર્થભેદ સમજાવી
અયોગી બન્યા ભગવાન...મીઠાં મીઠાં

(૩૭) **સાડત્રીસમું અધ્યયન** જેનું નામ આપ્યું **'પહાણ'**
ત્યાં તો આયુષ પૂરું થયું મહાવીર પામ્યા નિર્વાણ
'નમો સિદ્ધાણં'માં સ્થાન...મીઠાં મીઠાં
'ઉત્તરાધ્યયન સૂત્ર'ના ભાવો બદલાવી દે દૃષ્ટિ
વિષય કષાયને નિર્મૂળ કરવા આપે સમ્યગ્ દૃષ્ટિ
**'ધીર'** કૃપાથી **'સેવક'** બને મહાન...મીઠાં મીઠાં

# બોધિ-સમાધિનો અમૃતકુંભ : 'ઉત્તરાધ્યયન સૂત્ર'

**"આગમમાં ઉત્તરાધ્યયન સૂત્ર, વાંચો વરસમાં એકવાર**
**જ્ઞાનનો દીપ અંતરે પ્રગટશે, દૂર થશે અંધકાર"**

અઢી હજાર વર્ષ પહેલાંનો એ ભવ્ય ભૂતકાળ ! યાદ કરો એ પાવનકારી પવિત્ર ભૂમિ પાવાપુરીની... જ્યાં અઢાર દેશના રાજવીઓ લાભ લેવા પહોંચી ગયા... પૌષધવ્રત સ્વીકારી પ્રભુની સેવામાં... કેવું અલૌકિક દિવ્ય સમવસરણ...! જ્યાં બે દિવસનું અનશન ગ્રહણ કરીને અસ્ખલિત વાણી વહાવતા એ રૂપેરી ઘંટડીનો નાદ ભવ્યજીવોને દેહ દુનિયા પણ ભુલાવી દે તેવો હતો.

કોણ હતા એ વિરલ વિભૂતિ...! દિવ્ય તપોમૂર્તિ હતા... આપણા સૌના વહાલા વિભુ વીતરાગ પરમાત્મા દેવાધિદેવ ચરમ તીર્થંકર શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી...

મોક્ષમાં પધારતાં પહેલાં છેલ્લા ૧૬ પ્રહર એકધારી એ વાણીના ધોધથી લોકોનાં દિલ ભીંજાયા. એ અંતિમ દેશના અને પ્રભુનાં એ અંતિમ દર્શન... ચરમ દેહ... છેલ્લું એ દિવ્ય દશ્ય... દિવ્ય દિદાર... પાવનીય નિશ્રા એ પરમાત્માની... ધન્ય બની ગયા હાજર રહેલા ભવ્ય મુમુક્ષુ આત્માઓ...

આ વાણીનો સંગ્રહ એનું નામ જ 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર' શ્રુતનો જે અણમોલ નિધિ અને શ્રેષ્ઠ આગમ 'મૂળ સૂત્ર' છે.

આ 'ઉત્તરાધ્યયનસૂત્ર'ના ભાવો ભવ્યજીવોને કલ્યાણકારી, અંતરના અંધકારનો વિલય કરનાર... અંતર ભવનને

જ્ઞાન આલોકથી પ્રકાશિત કરનાર, શ્રમણ સંસ્કૃતિની જ્ઞાનધારાને ચિરંજીવ બનાવી ધર્મસંસ્કૃતિનાં જીવંત દર્શન સમા પરમાત્મ ભાવો આજે પણ આપણી સમક્ષ છે. જે 'ઉત્તરાધ્યયન સૂત્ર'માં ૩૬ અધ્યયનો, ૨૦૦૦ ગાથા-શ્લોક છે. જેનો પ્રત્યેક વિચારશીલ અને સાધનારત સાધકે સ્વાધ્યાયના નિમિત્તે ટીચિંગ કરીને ટચિંગ કરવાના છે. જેમ પારસમણિના સ્પર્શે લોખંડ સુવર્ણ બની જાય, તેમ આ ભગવદ્‌વાણીથી જો આત્મા ભીંજાઈ જાય તો ભાવિનો ભગવાન બને. જરૂર છે અધ્યાત્મ ભાવોથી છલકતાં આગમોના સંસ્પર્શે ચેતના ઝંકૃત અને અલંકૃત બને.

સર્વ આગમનો અર્ક, સર્વ શાસ્ત્રોનો સાર, અપૂર્વ અધ્યાત્મરસનો પરિપાક... ચારેય અનુયોગનું સંકલન... જેની સ્વાધ્યાય આત્માને પૂર્ણજ્ઞાની બનાવી દે અને ચૈતન્ય શક્તિનું ઊર્ધ્વીકરણ આત્માના તમામ ગુણોને એકસ્ટ્રીમ પોઈન્ટ સુધી ખીલવટ કરવામાં નિમિત્તભૂત બને એવી આ પ્રભુની અંતિમ દેશના છે. આ રીતે પરમ તત્ત્વની અનુભૂતિ કરાવનાર પ્રધાન, પારદર્શક આગમ છે. તેની સાથે અનેક વિષયોને દર્શાવનાર આ આગમ. જેમાં છ દ્રવ્ય, નવતત્ત્વ, છ-લેશ્યા, આઠ કર્મ, પુરુષાદાનીય પ્રભુ પાર્શ્વનાથ અને ભગવાન મહાવીર સ્વામીની પરંપરાનો પરિચય... અને સમ્યક્ પરાક્રમના ૭૩ બોલ તો મુક્તિના દ્વાર ખોલનારી 'માસ્ટર કી' છે. આવા આ સૂત્રની સ્વાધ્યાયમાં અવગાહન કરતાં સંસારની અસારતા, જીવનની નશ્વરતા, મનની ચંચલતા, વૈભવની ક્ષણિકતા, જગતભાવની પરિવર્તનશીલતાનું આબેહૂબ ચિત્ર ઉપસી આવે છે.

જેના એકેક અધ્યયનો શ્રેષ્ઠ છે. તેમાં પણ અનાથી

નિર્ગ્રંથનું ૨૦મું અધ્યયન... જીવંત ચિત્ર... ધનાઢ્ય શ્રેષ્ઠીનો લાડકવાયો 'ગુણસુંદર' નામે યુવાન... જેની કાયામાં પ્રવેશેલી વેદના કોઈ ન લઈ શક્યું ત્યારે દૃઢ સંકલ્પથી વેદનાનો ઉપશમ કરી 'સંકલ્પે સિદ્ધિ' એ ન્યાયે ચિંતનધારામાં અવગાહન કરી મનોબળ મજબૂત કરી ચારિત્રના ચાહક અને વાહક બન્યા.

**"ત્યાગ તે દીપક છે, વૈરાગ્ય તે જ્યોત છે,**
**સ્વયંની થાય અનુભૂતિ, તો જીવનનો ઉદ્યોત છે."**

ગોંડલ સંપ્રદાયના બહુમુખી પ્રતિભાવંત, **યુવાપ્રણેતા બા. બ્ર. પૂ. ગુરુદેવ શ્રી ધીરજમુનિ મ.સા.** એ મૂળપાઠ અને અર્થને સરલ રીતે સંસ્કારિત કરી આપેલ છે. તે બદલ ધન્યતા અનુભવીએ છીએ.

અર્ધમાગધી ભાષાનો મૂળપાઠ ન સમજાય તો પણ અર્થ વાંચવાથી તન-મન-જીવન પાવન બન્યા વિના રહેશે નહિ. ગુજરાતી અર્થનું વાંચન ગમે ત્યારે કરી શકાય છે. વર્ષમાં એકવાર નહિ વારંવાર વાંચવાથી ક્ષણભંગુર મનુષ્ય ભવમાં એ દીવાદાંડીરૂપ બન્યા વિના રહેશે નહિ. અમુક અધ્યયનો કંઠસ્થ કરી સ્વાધ્યાય કરવાથી જીવન ધન્ય બની જશે. ૨૦૦૦ ગાથાનો સ્વાધ્યાય - રીવીઝન કરવાથી ૧ ઉપવાસનું ફળ મળે છે.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની અંતિમ દેશના - શિખામણ રૂપ 'ઉત્તરાધ્યયન સૂત્ર'ની સ્વાધ્યાયથી આત્મા શુદ્ધ-બુદ્ધ-પ્રબુદ્ધ બની ભાવિનો ભગવાન બને એ જ મંગલભાવના.

**- વીતરાગ પ્રકાશન**

# ઉત્તરાધ્યયન સૂત્ર

## અધ્યયન અનુક્રમણિકા


| અધ્ય. | વિષય | પૃષ્ઠ | અધ્ય. | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧. | વિનયશ્રુત | ૯ | ૨૦. | અનાથીમુનિ | ૧૨૪ |
| ૨. | પરિષહ | ૧૭ | ૨૧. | સમુદ્રપાલ | ૧૩૩ |
| ૩. | ચતુરંગીય | ૨૫ | ૨૨. | રથનેમિ | ૧૩૬ |
| ૪. | અસંસ્કૃત | ૨૮ | ૨૩. | કેશી-ગૌતમ | ૧૪૪ |
| ૫. | અકામ મરણ | ૩૦ | ૨૪. | અષ્ટ પ્રવચન માતા | ૧૫૭ |
| ૬. | ક્ષુલ્લક નિર્ગ્રંથ | ૩૫ | ૨૫. | જયઘોષ વિજયઘોષ | ૧૬૧ |
| ૭. | એલયં | ૩૯ | ૨૬. | સાધુ સમાચારી | ૧૬૭ |
| ૮. | કપિલ | ૪૨ | ૨૭. | દુષ્ટ બળદ | ૧૭૫ |
| ૯. | નમિ પ્રવ્રજ્યા | ૪૫ | ૨૮. | મોક્ષમાર્ગ | ૧૭૮ |
| ૧૦. | દુમપત્તયં | ૫૪ | ૨૯. | સમ્યક્ પરાક્રમના ૭૩ બોલ | ૧૮૩ |
| ૧૧. | બહુશ્રુત પૂજા | ૬૦ | ૩૦. | તપમાર્ગ | ૨૦૩ |
| ૧૨. | હરિકેશીમુનિ | ૬૫ | ૩૧. | ચારિત્રવિધિ | ૨૦૮ |
| ૧૩. | ચિત્ત-સંભૂતિ | ૭૨ | ૩૨. | પ્રમાદસ્થાન | ૨૧૧ |
| ૧૪. | ઈક્ષુકાર રાજા | ૭૮ | ૩૩. | કર્મપ્રકૃતિ | ૨૨૯ |
| ૧૫. | તે ભિક્ષુ કહેવાય ? | ૮૭ | ૩૪. | લેશ્યા | ૨૩૩ |
| ૧૬. | બ્રહ્મચર્ય સમાધિસ્થાન | ૯૦ | ૩૫. | અણગારમાર્ગ | ૨૪૧ |
| ૧૭. | પાપ શ્રમણ | ૯૯ | ૩૬. | જીવ-અજીવ સ્વરૂપ | ૨૪૫ |
| ૧૮. | સંયતિ રાજા | ૧૦૧ | | | |
| ૧૯. | મૃગાપુત્ર | ૧૦૯ | | | |

॥ નમોત્થુણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ ॥

# શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

## પ્રભુ મહાવીરની અંતિમ દેશના

(મૂળ પાઠ અને અર્થ)

## અધ્યયન - ૧ : વિનયશ્રુત

**સંજોગા વિપ્પમુક્કસ્સ, અણગારસ્સ ભિક્ખુણો ।**
**વિણયં પાઉકરિસ્સામિ, આણુપુવ્વિં સુણેહ મે ॥૧॥**

હે શિષ્ય ! સાધુઓના વિનય ધર્મને પ્રકટ કરું છું, જે બાહ્ય અને આભ્યંતર સંયોગોથી રહિત, ઘરબાર તથા આરંભ-પરિગ્રહનો ત્યાગ કરીને ભિક્ષાથી જ નિર્વાહ કરવાવાળા છે. તેના વિનયને અનુક્રમે સાંભળો.

**આણા નિદ્દેસકરે, ગુરુણ-મુવવાય-કારએ ।**
**ઈંગિયાગાર સંપન્ને, સે વિણીએ ત્તિ વુચ્ચઈ ॥૨॥**

વિનીત શિષ્ય ગુરુની આજ્ઞાનું પાલન કરનાર, ગુરુની પાસે રહેનાર અને ગુરુના ઈંગિત-ઈશારા તથા આકારથી મનોભાવ જાણીને કાર્ય કરનાર હોય છે. આવો શિષ્ય વિનીત કહેવાય છે.

**આણા અનિદ્દેસકરે, ગુરુણ-મણુવવાય-કારએ ।**
**પડિણીએ અસંબુદ્ધે, અવિણીએ ત્તિ વુચ્ચઈ ॥૩॥**

ગુરુની આજ્ઞા નહિ માનનાર, ગુરુની સમીપ નહિ રહેનાર, ગુરુથી પ્રતિકૂળ કાર્ય કરનાર તથા તત્ત્વજ્ઞાનથી રહિત અવિનીત શિષ્ય કહેવાય છે.

**જહા સુણી પૂઈ કન્ની, નિક્કસિજ્જઈ સવ્વસો ।**
**એવં દુસ્સીલપડિણીએ, મુહરી નિક્કસિજ્જઈ ॥૪॥**

જેવી રીતે સડેલા કાનવાળી કૂતરીને, બધી જગ્યાએથી કાઢી મૂકવામાં આવે છે, એવી રીતે દુષ્ટ સ્વભાવવાળો, ગુરુજનોથી વિપરીત આચરણ કરનારો, વાચાલ સાધુને પણ બધી જગ્યાએથી બહાર કાઢી મૂકવામાં આવે છે.

**કણકુંડગં ચઈત્તાણં, વિટ્ઠં ભુંજઈ સૂયરે ।**
**એવં સીલં ચઈત્તાણં, દુસ્સીલે રમઈ મિએ ॥૫॥**

જેવી રીતે સૂવર(ભૂંડ) ચોખાનું પાત્ર છોડી વિષ્ટા ખાવી પસંદ કરે છે, એવી રીતે અજ્ઞાની સાધુ પણ સદાચારને છોડીને દુરાચારમાં લાગી જાય છે.

**સુણિયા ભાવં સાણસ્સ, સૂયરસ્સ નરસ્સ ય ।**
**વિણએ ઠવેજ્જ અપ્પાણં, ઈચ્છન્તો હિયમપ્પણો ॥૬॥**

કૂતરી અને સૂવર(ભૂંડ)નું તથા અવિનયી મનુષ્યનું ઉદાહરણ સાંભળીને પોતાના આત્માનું હિત ઈચ્છનાર, આત્માને વિનયમાં સ્થાપિત કરે.

**તમ્હા વિણય મેસિજ્જા, સીલં પડિલભેજ્જઓ ।**
**બુદ્ધપુત્ત નિયાગટ્ઠી, ન નિક્કસિજ્જઈ કન્હુઈ ॥૭॥**

માટે વિનયનું સેવન કરવું જોઈએ, જેથી શીલ-સદાચારની પ્રાપ્તિ થાય. આવા મોક્ષાર્થી તત્ત્વજ્ઞાની ગુરુના પુત્રસમાન પ્રિય શિષ્યને કોઈપણ સ્થાનથી બહાર કાઢવામાં આવતો નથી.

**નિસન્તે સિયા મુહરી, બુદ્ધાણં અંતિએ સયા ।**
**અટ્ઠજુત્તાણિ સિક્ખિજ્જા, નિરટ્ઠાણિ ઉ વજ્જએ ॥૮॥**

હંમેશા શાંતિ રાખનાર, વાચાલપણાનો ત્યાગ કરનાર અને જ્ઞાનીઓની પાસે રહીને મોક્ષાર્થવાળાં આગમોને શીખે અને નિરર્થક એવી લૌકિક વિદ્યાનો ત્યાગ કરે.

**અણુસાસિઓ ન કુપિજ્જા, ખંતિ સેવિજ્જ પંડિએ ।**
**ખુડ્ડેહિં સહ સંસગ્ગિં, હાસં કીડં ચ વજ્જએ ॥૯॥**

કોઈ વખત ગુરુ કઠોર વચન કહે, તો પણ વિનીત શિષ્ય ક્રોધ ન કરે અને ક્ષમા ધારણ કરે, ક્ષુદ્ર અને અજ્ઞાની માણસોની સંગતિ ન કરે તથા હાસ્ય અને ક્રીડાનો સર્વથા ત્યાગ કરે.

**મા ય ચંડાલિયં કાસી, બહુયં મા ય આલવે ।**
**કાલેણ ય અહિજ્જિત્તા, તઓ ઝાઇજ્જ એગઓ ॥૧૦॥**

(વિનીત શિષ્ય) ક્રોધાદિ ચંડાલને વશ થઈ અસત્ય ન બોલે, વધારે પડતું ન બોલે, સમયસર શાસ્ત્રનું અધ્યયન કરીને એકાંતમાં ચિંતન-મનન કરે.

**આહચ્ચ ચંડાલિયં કટ્ટુ, ન નિણ્હવિજ્જ કયાઇ વિ ।**
**કડં કડે ત્તિ ભાસેજ્જા, અકડં નો કડે ત્તિ ય ॥૧૧॥**

કદાપિ (જો કોઈ દિવસ) અસત્ય વચન બોલાઈ જાય તો એને છુપાવે નહિ. પરંતુ અસત્ય કર્યું હોય તો કર્યું કહે, અને અસત્ય ન કર્યું હોય તો નથી કર્યું એમ સત્ય વચન કહી દે.

**મા ગલિયસ્સેવ કસં, વયણમિચ્છે પુણો પુણો ।**
**કસં વ દટ્ઠુમાઈન્ને, પાવગં પરિવજ્જએ ॥૧૨॥**

જે રીતે અડિયલ ઘોડો વારંવાર ચાબુકનો માર ખાય છે, એવી રીતે વિનીત શિષ્યે વારંવાર ગુરુને કહેવાનો અવસર લાવવો નહિ. વિનીત-ચાલાક ઘોડો ચાબુકને જોવાથી જ ઉન્માર્ગને છોડે છે, તેવી રીતે વિનીત શિષ્યે સંકેત માત્રથી ગુરુના મનને અનુસરતી પ્રવૃત્તિ કરવી જોઈએ અને પાપનો ત્યાગ કરવો જોઈએ.

**અણાસવા થૂલવયા કુસીલા, મિઉં પિ ચંડં પકરિન્તિ સીસા ।**
**ચિત્તાણુયા લહુ દક્ખોવવેયા, પસાયએ તે હુ દુરાસયં પિ ॥૧૩॥**

ગુરુની આજ્ઞાને નહિ માનનાર, કઠોર વચન બોલનાર, દુષ્ટ તથા અવિનીત શિષ્ય શાંત સ્વભાવવાળા ગુરુને પણ ક્રોધી બનાવે છે અને ગુરુની મનોવૃત્તિ અનુસાર ચાલનાર, ગુરુની આજ્ઞાનું શીઘ્ર પાલન કરનાર વિનીત શિષ્ય નિશ્ચયથી ઉગ્ર સ્વભાવી ગુરુને પણ શાંત કરી દે છે.

**નાપુટ્ઠો વાગરે કિંચિ, પુટ્ઠો વા નાલિયં વએ ।**
**કોહં અસચ્ચં કુવ્વેજ્જા, ધારેજ્જા પિયમપ્પિયં ॥૧૪॥**

વિનીત શિષ્ય પૂછ્યા વિના કંઈ પણ ન બોલે, પૂછ્યા પછી અસત્ય ન બોલે. જો ક્યારેક ક્રોધ ઉત્પન્ન થઈ જાય તો એને નિષ્ફળ કરે અને ગુરુનાં વચનો અપ્રિય લાગે તો પણ તેને હિતકારી અને પ્રિય સમજીને ધારણ કરે.

**અપ્પા ચેવ દમેયવ્વો, અપ્પા હુ ખલુ દુદ્દમો ।**
**અપ્પા દંતો સુહી હોઈ, અસ્સિં લોએ પરત્થ ય ॥૧૫॥**

વિપરીત જતાં મનને નિશ્ચયપૂર્વક દમન કરે, કારણ કે આત્મદમન ખૂબ કઠિન છે. આત્મદમન કરનાર આ લોક અને પરલોકમાં સુખી થાય છે.

**વરં મે અપ્પા દન્તો, સંજમેણ તવેણ ય ।**
**માહં પરેહિં દમ્મન્તો, બન્ધણેહિં વહેહિ ય ॥૧૬॥**

પરવશ થઈને બીજાઓ વડે વધ અને બંધનો દ્વારા દમન થવાની અપેક્ષાએ પોતાની ઈચ્છાથી જ સંયમ અને તપથી આત્મદમન કરવું શ્રેષ્ઠ છે.

**પડિણીયં ચ બુદ્ધાણં, વાયા અદુવ કમ્મુણા ।**
**આવી વા જઈ વા રહસ્સે, નેવ કુજ્જા કયાઈ વિ ॥૧૭॥**

બીજાની આગળ અથવા એકાંતમાં પોતાની વાણી અથવા કર્મથી ગુરુ, વડીલો અને જ્ઞાનીઓથી વિપરીત આચરણ ન કરે.

**ન પક્ખઓ ન પુરઓ, નેવ કિચ્ચાણ પિટ્ઠઓ ।**
**ન જુંજે ઊરુણા ઊરું, સયણે નો પડિસ્સુણે ॥૧૮॥**

આચાર્યની અડોઅડ ન બેસે. આચાર્યની આગળ પણ ન બેસે. આચાર્ય સામે પીઠ કરીને ન બેસે તથા આચાર્યના પગ-ઘૂંટણનો સ્પર્શ થઈ જાય તેવી રીતે ન બેસે તથા ગુરુની આજ્ઞાને સૂતા કે બેઠા ન સાંભળે.

**નેવ પલ્હત્થિયં કુજ્જા, પક્ખપિંડં ચ સંજએ ।**
**પાએ પસારિએ વાવિ, ન ચિટ્ઠે ગુરુણન્તિએ ॥૧૯॥**

ગુરુની સામે પગ ઉપર પગ ચઢાવીને ન બેસે. તેમ ઘૂંટણ છાતીને લગાવીને ન બેસે તેમજ પગ પસારીને અર્થાત્ લાંબા પગ કરીને ન બેસે.

**આયરિએહિં વાહિત્તો, તુસિણીઓ ન કયાઈ વિ ।**
**પસાયપેહી નિયાગટ્ઠી, ઉવચિટ્ઠે ગુરું સયા ॥૨૦॥**

જો આચાર્ય-ગુરુદેવ બોલાવે તો કદી ચૂપચાપ બેસી રહેવું નહિ, પરંતુ કૃપા ઈચ્છુક મોક્ષાર્થી સાધુ હંમેશાં એમની પાસે વિનયથી આવી ઉપસ્થિત થાય.

**આલવંતે લવંતે વા, ન નિસીએજ્જ કયાઈ વિ ।**
**ચઈઊણં આસણં ધીરો, જઓ જુત્તં પડિસ્સુણે ॥૨૧॥**

ગુરુદેવ એક વાર અથવા વધારે વાર બોલાવે તો ક્યારેય પણ બેસી ન રહે, પરંતુ ધીરજવાન સાધુ આસન છોડીને યત્નાપૂર્વક સાવધાની રાખીને ગુરુનાં વચન સાંભળે.

**આસણગઓ ન પુચ્છેજ્જા, નેવ સેજ્જાગઓ કયાઈ વિ ।**
**આગમ્મુકડુઓ સંતો, પુચ્છિજ્જા પંજલીઉડો ॥૨૨॥**

જો ગુરુજીને કંઈ પૂછવું હોય તો આસન ઉપર અથવા પથારી ઉપર રહ્યા થકા ન પૂછે, પરંતુ ગુરુજીની પાસે આવીને ઉકડુ આસનથી બેસીને, હાથ જોડીને વિનયપૂર્વક પૂછે.

**એવં વિણયજુત્તસ્સ, સુત્તં અત્થં ચ તદુભયં ।**
**પુચ્છમાણસ્સ સીસસ્સ, વાગરિજ્જ જહાસુયં ॥૨૩॥**

વિનીત શિષ્યને જો ગુરુજી પૂછે તો સૂત્ર, અર્થ અથવા સૂત્ર અને અર્થ બંને - જેવું ગુરુજી પાસે સાંભળ્યું હોય તેવું કહે.

**મુસં પરિહરે ભિક્ખુ, ન ય ઓહારિણિં વએ ।**
**ભાસાદોસં પરિહરે, માયં ચ વજ્જએ સયા ॥૨૪॥**

સાધુએ અસત્ય વચનનો સદા અને સર્વ પ્રકારે ત્યાગ કરવો, નિશ્ચયકારિણી ભાષા બોલવી નહિ, ભાષાના દોષને ત્યાગવા અને માયા તથા ક્રોધાદિનો ત્યાગ કરવો.

**ન લવેજ્જ પુટ્ઠો સાવજ્જં, ન નિરટ્ઠં ન મમ્મયં ।**
**અપ્પણટ્ઠા પરટ્ઠા વા, ઉભયસ્સ અન્તરેણ વા ॥૨૫॥**

જો કોઈ પૂછે તો પોતાના કે બીજાના કે બંનેના માટે સપ્રયોજન કે નિષ્પ્રયોજન સાવદ્ય વચન ન બોલે, નિરર્થક વચન ન બોલે અને મર્મભેદી વચન પણ ન બોલે.

**સમરેસુ અગારેસુ, સંધીસુ ય મહાપહે ।**
**એગો એગિત્થિએ સદ્ધિં, નેવ ચિટ્ઠે ન સંલવે ॥૨૬॥**

લુહારના ઘર, શૂન્ય ઘર, બે ઘર વચ્ચેની સંધિમાં અથવા રાજમાર્ગમાં એકલો સાધુ, એકલી સ્ત્રી સાથે ન ઊભો રહે કે ન ઊભા રહી વાત કરે.

**જં મે બુદ્ધાણુસાસન્તિ, સીએણ ફરુસેણ વા ।**
**મમ લાભો ત્તિ પેહાએ, પયઓ તં પડિસ્સુણે ॥૨૭॥**

વિનીત શિષ્ય વિચારે કે આચાર્ય જે મને કોમલ અથવા કઠોર વચનમાં શિખામણ આપે, તે મારા લાભ માટે છે એમ વિચારીને (ઉત્સાહપૂર્વક) સાવધાનીથી શિખામણ ગ્રહણ કરે.

**અણુસાસણમોવાયં, દુક્કડસ્સ ય ચોયણં ।**
**હિયં તં મન્નઈ પન્નો, વેસ્સં હોઈ અસાહુણો ॥૨૮॥**

ગુરુજનોની શિખામણ પાપોનો નાશ કરવાવાળી હોય છે અને બુદ્ધિમાન શિષ્ય એને હિતકારી માને છે, પરંતુ અસાધુઓને ગુરુનું વચન-શિખામણ દ્વેષનું કારણ થઈ જાય છે.

**હિયં વિગયભયા બુદ્ધા, ફરુસં પિ અણુસાસણં ।**
**વેસ્સં તં હોઈ મૂઢાણં, ખંતિસોહિકરં પયં ॥૨૯॥**

નિર્ભય અને તત્ત્વવેત્તા વિનીત શિષ્યો ગુરુજનોની કઠોર આજ્ઞા(શાસન)ને પણ હિતકારી માને છે અને મૂઢ શિષ્યો ક્ષમા અને આત્મશુદ્ધિકર વચનોને દ્વેષનું કારણ બનાવી લે છે.

**આસણે ઉવચિટ્ઠેજ્જા, અણુચ્ચે અકુએ થિરે ।**
**અપ્પુટ્ઠાઈ, નિરુટ્ઠાઈ, નિસીએજ્જ અપ્પકુક્કુએ ॥૩૦॥**

વિનીત શિષ્ય એવા આસન ઉપર બેસે જે ગુરુથી ઊંચું ન હોય પણ સ્થિર હોય. પ્રયોજન વિના ઊઠે નહિ અને પ્રયોજન હોય તો પણ વારંવાર ઊઠે નહિ.

**કાલેણ નિક્ખમે ભિક્ખૂ, કાલેણ ય પડિક્કમે ।**
**અકાલં ચ વિવજ્જિત્તા, કાલે કાલં સમાયરે ॥૩૧॥**

સાધુ સમય પર ભિક્ષાદિ માટે બહાર નીકળે અને યથાકાળે પાછો ફરે, અકાળને છોડીને સર્વ ક્રિયા કાળ અનુસાર કરે.

**પરિવાડિએ ન ચિટ્ઠેજ્જા, ભિક્ખૂ દત્તેસણં ચરે ।**
**પડિરુવેણ એસિત્તા, મિયં કાલેણ ભક્ખએ ॥૩૨॥**

ભિક્ષુ જ્યાં જમણવાર હોય ત્યાં ઊભો ન રહે, પરંતુ જુદા જુદા ઘેરથી વહોરાવેલ શુદ્ધ આહાર ગ્રહણ કરીને ઉચિત સમયે પરિમિત ભોજન કરે.

**નાઈદૂર-મણાસન્ને, ન અન્નેસિં ચક્ખુફાસઓ ।**
**એગો ચિટ્ઠેજ્જ ભત્તટ્ઠા, લંઘિત્તા તં નાઈક્કમે ॥૩૩॥**

ભિક્ષુ ભિક્ષાર્થે જાય ત્યારે ગૃહસ્થના ઘેર બીજો યાચક ઊભો હોય તો તેને ઉલ્લંઘીને ન જાય અને એવી જગ્યાએ સમભાવથી ઊભો રહે કે જે બહુ દૂર ન હોય તેમજ બહુ નજીક ન હોય એવી રીતે ભિક્ષુ દાતાને ત્યાં ઊભો રહે.

**નાઈઉચ્ચે વ નીએ વા, નાસન્ને નાઈદૂરઓ ।**
**ફાસુયં પરકડં પિંડં, પડિગાહેજ્જ સંજએ ॥૩૪॥**

સંયતિ સાધુ ભિક્ષાર્થે જાય ત્યારે દાતાથી અતિ ઊંચે, નીચે, અતિ દૂર અથવા અતિ નિકટ ઊભો રહીને ભિક્ષા ન લે, પરંતુ સ્થાન ઉપર ઊભા રહીને ગૃહસ્થને માટે બનાવેલો શુદ્ધ આહાર ગ્રહણ કરે.

**અપ્પપાણે અપ્પબીયમ્મિ, પડિચ્છન્નમ્મિ સંવુડે ।**
**સમયં સંજએ ભુંજે, જયં અપરિસાડિયં ॥૩૫॥**

સંયતિ ભિક્ષુ પ્રાણ અને બી વિનાનું, ઢાંકેલા અને ચારે બાજુથી ઘેરાયેલા (દીવાલવાળા) સ્થાનમાં બીજા સાધુઓની સાથે નીચે પડ્યા વિનાનો યત્નાપૂર્વક આહાર કરે.

**સુકડિત્તિ સુપક્કિત્તિ, સુચ્છિન્ને સુહડે મડે ।**
**સુણિટ્ઠિએ સુલટ્ઠિત્તિ, સાવજ્જં વજ્જએ મુણી ॥૩૬॥**

મુનિ, સારું કરેલું, સારું પકાવેલું, સારી રીતે છીણેલું, શુદ્ધ કરેલું, ઘી વગેરે ખૂબ મેળવેલું. આ ભોજન ખૂબ સ્વાદિષ્ટ છે, આ જાતનાં સાવદ્ય વચન ન બોલે.

**રમએ પંડિએ સાસં, હયં ભદ્દં વ વાહએ ।**
**બાલં સમ્મઈ સાસંતો, ગલિયસ્સં વ વાહએ ॥૩૭॥**

જેમ ઉત્તમ ઘોડાનો શિક્ષક પ્રસન્ન હોય છે, તેમ વિનીત શિષ્યોને જ્ઞાન આપવામાં ગુરુ પ્રસન્ન હોય છે, પરંતુ દુષ્ટ ઘોડાનો પાલક અને અવિનીત શિષ્યનો ગુરુ ખેદિત થાય છે.

**ખડ્ડુયા મે ચવેડા મે, અક્કોસા ય વહા ય મે ।**
**કલ્લાણ મણુસાસંતો, પાવદિટ્ઠિત્તિ મન્નઈ ॥૩૮॥**

પાપ દષ્ટિવાળા અવિનીત, ગુરુજનોની હિતકારી શિખામણ બૂરી, થપ્પડરૂપ, ગાલીરૂપ અને વધરૂપ માને છે.

**પુત્તો મે ભાય નાઈ ત્તિ, સાહૂ કલ્લાણ મન્નઈ ।**
**પાવદિટ્ઠિ ઉ અપ્પાણં, સાસં દાસિ ત્તિ મન્નઈ ॥૩૯॥**

વિનીત શિષ્ય ગુરુજનોની શિખામણ હિતકારી માને છે અને વિચારે છે કે ગુરુજનો મને પુત્ર, ભાઈ અને સ્વજન જ સમજે છે. આથી ઊલટું અવિનીત એમ માને છે કે ગુરુ મને નોકર જેવો માને છે.

**ન કોવએ આયરિયં, અપ્પાણં પિ ન કોવએ ।**
**બુદ્ધોવઘાઈ ન સિયા, ન સિયા તોત્ત ગવેસએ ॥૪૦॥**

વિનીત સુશિષ્ય સ્વયં ક્રોધ ન કરે અને ગુરુજનને પણ કોપિત ન કરે. આચાર્યનો ઉપઘાત ન કરે અને એમના પણ દોષ ન શોધે.

**આયરિયં કુવિયં નચ્ચા, પત્તિએણં પસાયએ ।**
**વિજ્ઝવેજ્જ પંજલિઉડો, વએજ્જ ન પુણોત્તિય ॥૪૧॥**

આચાર્ય(ગુરુજી)ને કુપિત જાણીને વિનયથી, પ્રતીતિયુક્ત વચનથી પ્રસન્ન કરે, શાંત કરે. હાથ જોડીને કહે કે હવે ફરીથી હું એવો અપરાધ નહિ કરું.

**ધમ્મજ્જિયં ચ વવહારં, બુદ્ધેહિં આયરિયં સયા ।**
**તમાયરંતો વવહારં, ગરહં નાભિગચ્છઈ ॥૪૨॥**

ડાહ્યા માણસોએ હંમેશાં ધાર્મિક વ્યવહાર સેવવો જોઈએ અને ધર્મવ્યવહાર આચરનાર કદાપિ નિંદિત થતા નથી.

**મણોગયં વક્કગયં, જાણિત્તાયરિયસ્સ ઉ ।**
**તં પરિગિજ્ઝ વાયાએ, કમ્મુણા ઉવવાયએ ॥૪૩॥**

આચાર્ય(ગુરુદેવ)ના મનોગત ભાવને જાણીને અને એમનાં વચન સાંભળીને પોતાનાં વચનોથી સ્વીકારે અને તથાપ્રકારે કાર્ય દ્વારા આચરણ કરે.

**વિત્તે અચોઈએ નિચ્ચં, ખિપ્પં હવઈ સુચોઈએ ।**
**જહોવઈટ્ઠં સુકયં, કિચ્ચાઈ કુવ્વઈ સયા ॥૪૪॥**

વિનીત શિષ્ય પ્રેરણા કર્યા વિના જ કામ કરે છે અને પ્રેરણા કર્યા પછી તો આજ્ઞાનુસાર તરત જ સુંદર રીતે કાર્ય કરે છે.

**નચ્ચા નમઈ મેહાવી, લોએ કિત્તી સે જાયએ ।**
**હવઈ કિચ્ચાણં સરણં, ભૂયાણં જગઈ જહા ॥૪૫॥**

આવી રીતે વિનયનાં સ્વરૂપને જાણીને વિનીત-બુદ્ધિમાનની લોકમાં પ્રશંસા થાય છે. જેવી રીતે પ્રાણીઓને માટે પૃથ્વી આધારરૂપ છે, તેવી રીતે મેધાવી એ સદ્‌ગુણોનો આધારરૂપ થાય છે.

**પુજ્જા જસ્સ પસીયંતિ, સંબુદ્ધા પુવ્વસંથુયા ।**
**પસન્ના લાભઈસ્સન્તિ, વિઉલં અટ્ઠિયં સુયં ॥૪૬॥**

સુશિષ્યના વિનયાદિ ગુણથી પ્રસન્ન તત્ત્વજ્ઞ પૂજ્ય ગુરુદેવ શિષ્યને વિસ્તૃત શ્રુતજ્ઞાનનો લાભ આપે છે.

**સ પુજ્જસત્થે સુવિણીયસંસએ, મણોરૂઈ ચિટ્ઠઈ કમ્મસંપયા ।**
**તવો-સમાયારિ-સમાહિસંવુડે, મહજ્જુઈ પંચ વયાઈ પાલિયા ॥૪૭॥**

આવો શાસ્ત્રજ્ઞ, પ્રશંસનીય શિષ્ય સંશય રહિત થાય છે. એ ગુરુની ઈચ્છાનુસાર પ્રવૃત્તિ કરતો કર્મ સમાચારી, તપ સમાચારી, સમાધિયુક્ત, સંવરવાન થઈને પાંચ મહાવ્રતોનું પાલન કરીને મહાન આત્મતેજવાળો થાય છે.

**સ દેવગંધવ્વમણુસ્સપૂઈએ, ચઈત્તુ દેહં મલપંક પુવ્વયં ।**
**સિદ્ધે વા હવઈ સાસએ, દેવે વા અપ્પરએ મહિડ્ઢિએ ॥૪૮॥**

**॥ ત્તિબેમિ ॥**

દેવ, ગંધર્વ અને મનુષ્યોથી પૂજિત આ શિષ્ય મલમૂત્રથી ભરેલા આ શરીરને છોડીને આ જન્મમાં સિદ્ધ અથવા શાશ્વત થઈ જાય છે. અને જો કંઈ કર્મ બાકી રહી જાય છે તો મહાન ઋદ્ધિવંત દેવ થાય છે.

## અધ્યયન-૨ : પરિષહ

**સુયં મે આઉસં તેણં ભગવયા એવમક્ખાયં । ઈહ ખલુ બાવીસં પરીસહા સમણેણં ભગવયા મહાવીરેણં કાસવેણં પવેઈયા, જે ભિક્ખૂ સોચ્ચા નચ્ચા જિચ્ચા અભિભૂય ભિક્ખાયરિયાએ પરિવ્વયંતો પુટ્ઠો નો વિનિહન્નેજ્જા । કયરે ખલુ તે બાવીસં પરીસહા સમણેણં ભગવયા મહાવીરેણં કાસવેણં પવેઈયા. જે ભિક્ખૂ સોચ્ચા નચ્ચા જિચ્ચા અભિભૂય ભિક્ખાયરિયાએ પરિવ્વયંતો પુટ્ઠો નો વિનિહન્નેજ્જા ? ઈમે ખલુ તે બાવીસં પરીસહા સમણેણં ભગવયા મહાવીરેણં કાસવેણં પવેઈયા, જે ભિક્ખૂ સોચ્ચા નચ્ચા જિચ્ચા અભિભૂય ભિક્ખાયરિયાએ પરિવ્વયંતો પુટ્ઠો નો વિનિહન્નેજ્જા - તં જહા - (૧) દિગિંછાપરીસહે (૨) પિવાસાપરીસહે (૩) સીયપરીસહે (૪) ઉસિણપરીસહે (૫) દંસમસગપરીસહે (૬) અચેલપરીસહે (૭) અરઈપરીસહે (૮) ઈત્થીપરીસહે (૯) ચરિયાપરીસહે (૧૦) નિસીહિયાપરીસહે (૧૧) સિજ્જાપરીસહે (૧૨) અક્કોસપરીસહે (૧૩) વહપરીસહે (૧૪) જાયણાપરીસહે (૧૫) અલાભપરીસહે (૧૬) રોગપરીસહે (૧૭) તણફાસપરીસહે (૧૮) જલ્લપરીસહે (૧૯)**

**સક્કારપુરક્કારપરીસહે (૨૦) પન્નાપરીસહે (૨૧) અન્નાણપરીસહે (૨૨) દંસણપરિસહે**

**અર્થ :** હે આયુષ્યમાન જંબૂ ! મેં સાંભળ્યું છે કે એ ભગવાન મહાવીરે આ પ્રમાણે કહ્યું છે : જિન પ્રવચનમાં કાશ્યપ ગોત્રીય શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ બાવીસ પરિષહ કહ્યા છે, જે સાંભળીને, એના સ્વરૂપને જાણીને એને જીતે. પરિષહ આવે તો ભિક્ષુ વિચલિત ન થાય. જંબૂસ્વામી પૂછે છે કે, એ બાવીસ પરિષહ કયા કયા છે ? ઉત્તર - ૧ ક્ષુધાનો પરિષહ, ૨ તરસનો, ૩ શીત, ૪ ઉષ્ણ, ૫ ડાંસ-મચ્છર આદિનો, ૬ અચેલ-વસ્ત્રના અભાવનો, ૭ અરતિ, ૮ સ્ત્રી, ૯ વિહાર, ૧૦ એકાંતમાં બેસવાનો, ૧૧ શય્યા, ૧૨ કઠોર વચન, ૧૩ વધ, ૧૪ યાચના, ૧૫ અલાભ, ૧૬ રોગ, ૧૭ તૃણસ્પર્શ, ૧૮ મેલ, ૧૯ સત્કાર-પુરસ્કાર, ૨૦ પ્રજ્ઞા, ૨૧ અજ્ઞાન પરિષહ, ૨૨ દર્શન પરિષહ.

**પરીસહાણં પવિભત્તી, કાસવેણં પવેઈયા ।**
**તં ભે ઉદાહરિસ્સામિ, આણુપુવ્વિં સુણેહ મે ॥૧॥**

હે જંબૂ ! કાશ્યપ ગોત્રીય ભગવાને પરિષહોના જે વિભાગ બતાવ્યા છે, એને હું ક્રમવાર કહું છું, તે તું સાંભળ.

**દિગિંછા પરિગએ દેહે, તવસ્સી ભિક્ખુ થામવં ।**
**ન છિંદે ન છિંદાવએ, ન પએ ન પયાવએ ॥૨॥**

ભૂખથી પીડિત થયેલ તપસ્વી સંયમી સાધુ પોતે ફલાદિને ન તોડે. બીજાની પાસે ન તોડાવે, પોતે ન રાંધે, બીજાની પાસે ન રંધાવે.

**કાલી-પવ્વંગ-સંકાસે, કિસે ધમણિસંતએ ।**
**માયન્ને અસણપાણસ્સ, અદીણમણસો ચરે ॥૩॥**

ભૂખથી સુકાઈને કાગડાના પગ જેવું દુર્બલ શરીર થઈ જાય, નસો દેખાવા લાગે, શરીર અત્યંત કૃશ થઈ જાય તો પણ આહાર-પાણીની મર્યાદાને જાણનાર સાધુ, દીનપણું ન લાવે અને દઢતાથી સંયમ માર્ગમાં વિચરે.

**તઓ પુટ્ઠો પિવાસાએ, દોગુંચ્છી લજ્જ સંજએ ।**
**સીઓદગં ન સેવિજ્જા, વિયડસ્સેસણં ચરે ॥૪॥**

અનાચારથી ઘૃણા કરનાર લજ્જાવાન સાધુ તૃષાથી પીડાય તો પણ સચિત્ત પાણીનું સેવન ન કરે, પરંતુ પ્રાસુક બનેલા પાણીની ગવેષણા કરે.

**છિન્ના વાએસુ પંથેસુ, આઉરે સુપિવાસિએ ।**
**પરિસુક્કમુહાદીણે, તં તિતિક્ખે પરીસહં ॥૫॥**

નિર્જન માર્ગમાં જતાં તૃષાથી વ્યાકુલ થાય તથા મુખ સુકાઈ જાય, તો પણ અદીન રહીને કષ્ટ સહન કરે.

**ચરંતં વિરયં લુહં, સીયં ફુસઇ એગયા ।**
**નાઈવેલં મુણી ગચ્છે, સોચ્ચાણં જિણસાસણં ॥૬॥**

જિન શિક્ષાને શ્રવણ કરનાર, આરંભથી વિરક્ત, રૂક્ષ શરીરી સાધુને સંયમ પાળતા ક્યારેક ઠંડી લાગે તો મર્યાદાનું ઉલ્લંઘન કરી બીજી જગ્યાએ ન જાય.

**ન મે નિવારણં અત્થિ, છવિત્તાણં ન વિજ્જઇ ।**
**અહં તુ અગ્ગિં સેવામિ, ઇઇ ભિક્ખૂ ન ચિંતએ ॥૭॥**

ઠંડી નિવારણ માટે મકાન, કાંબલ મારી પાસે નથી, એથી હું અગ્નિનું સેવન કરું એવો વિચાર પણ ભિક્ષુ ન કરે.

**ઉસિણં પરિયાવેણં, પરિદાહેણ તજ્જિએ ।**
**ઘિંસુ વા પરિયાવેણં, સાયં નો પરિદેવએ ॥૮॥**

ગ્રીષ્મઋતુમાં ઉષ્ણ સ્પર્શવાળા પૃથ્વી આદિના તાપથી બળે, તો પણ શાતા-સુખને માટે વ્યાકુળ ન બને.

**ઉણ્હાહિતત્તો મેહાવી, સિણાણં નો વિ પત્થએ ।**
**ગાયં નો પરિસિંચેજ્જા, ન વીએજ્જા ય અપ્પયં ॥૯॥**

મેધાવી-બુદ્ધિમાન સાધુ ગરમીથી પીડાયમાન હોય તો પણ સ્નાન કરવાની ઈચ્છા ન કરે, શરીરને ભીંજાવે નહિ, તેમજ પંખાથી પવન લે નહિ.

**પુટ્ઠો ય દંસમસએહિં, સમરે વ મહામુણી ।**
**નાગો સંગામ સીસે વા, સૂરે અભિહણે પરં ॥૧૦॥**

જેવી રીતે સંગ્રામમાં આગળ રહેનાર હાથી અને યોદ્ધો દુશ્મનને મારે છે, એવી રીતે ડાંસ-મચ્છરાદિનો પરિસહ ઉત્પન્ન થાય તો મહામુનિ શાંત ભાવથી તેને જીતે.

**ન સંતસે ન વારિજ્જા, મણં પિ ન પઓસએ ।**
**ઉવેહે ન હણે પાણે, ભુંજંતે મંસ સોણિયં ॥૧૧॥**

માંસ અને લોહીને ચૂસે છતાં પ્રાણીઓને મારે નહિ, સતાવે નહિ, નિવારે-રોકે નહિ, મનથી પણ એના ઉપર દ્વેષ કરે નહિ, પરંતુ સમભાવ રાખે.

**પરિજુન્નેહિં વત્થેહિં, હોક્ખામિ ત્તિ અચેલએ ।**
**અદુવા સચેલે હોક્ખામિ, ઈઈ ભિક્ખૂ ન ચિંતએ ॥૧૨॥**

ભિક્ષુ વસ્ત્રોના જીર્ણ થયાં પછી હું કપડાં વગરનો થઈ જઈશ અથવા કપડાં સહિત થઈશ એવો વિચાર ન સેવે.

**એગયા અચેલએ હોઈ, સચેલે યા વિ એગયા ।**
**એયં ધમ્મહિયં નચ્ચા, નાણી નો પરિદેવએ ॥૧૩॥**

સાધુ કોઈક વખત જિન કલ્પમાં વસ્ત્ર રહિત હોય છે અને કોઈ વખત વસ્ત્ર સહિત હોય છે. બંને અવસ્થાઓને ધર્મમાં હિતકારી જાણીને ખેદ ન કરે.

**ગામાણુગામં રીયંતં, અણગારં અકિંચણં ।**
**અરઈ અણુપ્પવેસેજ્જા, તં તિતિક્ખે પરીસહં ॥૧૪॥**

ગ્રામાનુગ્રામ વિહારમાં અપરિગ્રહી અણગારને કોઈ વખત અરતિ (અરુચિ) ઉત્પન્ન થાય તો એ પરિસહને સહન કરે.

**અરઈં પિટ્ઠઓ કિચ્ચા, વિરએ આયરક્ખિએ ।**
**ધમ્મારામે નિરારંભે, ઉવસંતે મુણી ચરે ॥૧૫॥**

નિરારંભી, ઉપશાંત, વિરત અને આત્મરક્ષક મુનિ અરતિને દૂર કરી ધર્મધ્યાનમાં વિચરે.

**સંગો એસ મણુસ્સાણં, જાઓ લોગમ્મિ ઈત્થિઓ ।**
**જસ્સ એયા પરિન્નાયા, સુકડં તસ્સ સામણ્ણં ॥૧૬॥**

લોકમાં સ્ત્રીઓ, પુરુષોને આસક્તિનું કારણ છે, એવું જાણીને જેણે સ્ત્રીઓને ત્યાગી છે એનું શ્રમણપણું સુકૃત છે.

**એવમાદાય મેહાવી, પંકભૂયાઓ ઈત્થિઓ ।**
**નો તાહિં વિણિહન્નિજ્જા, ચરેજ્જ અત્તગવેસએ ॥૧૭॥**

બુદ્ધિમાન સાધુ સ્ત્રીના સંગને કીચડ માનીને એનામાં ફસાય નહિ. અને આત્મ-ગવેષક થઈને સંયમમાં વિચરે.

**એગ એવ ચરે લાઢે, અભિભૂય પરીસહે ।**
**ગામે વા નગરે વાવિ, નિગમે વા રાયહાણિએ ॥૧૮॥**

પ્રાસુક ભોજી સંયમી સાધુ પરિસહોને જીતીને ગામ, નગર અથવા નિગમ એટલે વ્યાપારી વસ્તીવાળા પ્રદેશમાં અથવા રાજધાનીમાં એકાકી ભાવમાં વિચરે.

**અસમાણો ચરે ભિક્ખૂ, નેવ કુજ્જા પરિગ્ગહં ।**
**અસંસત્તો ગિહત્થેહિં, અણિએઓ પરિવ્વએ ॥૧૯॥**

સાધુ નિરાશ્રય થઈને વિચરે, પરિગ્રહને સેવે નહિ, ગૃહસ્થ સાથે સંબંધ ન રાખે અને અનિકેતન-ઘર રહિત થઈને વિચરે.

**સુસાણે સુન્નગારે વા, રુક્ખમૂલે વ એગઓ ।**
**અકુક્કુઓ નિસીએજ્જા, ન ય વિત્તાસએ પરં ॥૨૦॥**

સાધુ સ્મશાનમાં, શૂન્ય ઘરમાં, અથવા વૃક્ષની નીચે શાંતિથી એકલો બેસે અને બીજા કોઈ પ્રાણીને દુઃખ ન દે.

**તત્થ સે ચિટ્ઠમાણસ્સ, ઉવસગ્ગાભિધારએ ।**
**સંકાભીઓ ન ગચ્છેજ્જા, ઉટ્ઠિત્તા અન્નમાસણં ॥૨૧॥**

સ્મશાનાદિમાં બેઠેલો હોય અને જો ઉપસર્ગ આવે તો દૃઢતાથી તે સહન કરે, પરંતુ ભયભીત થઈને ત્યાંથી બીજી જગ્યાએ જાય નહિ.

**ઉચ્ચાવયાહિં સેજ્જાહિં, તવસ્સી ભિક્ખૂ થામવં ।**
**નાઈવેલં વિહન્નેજ્જા, પાવદિટ્ઠિ વિહન્નઈ ॥૨૨॥**

સમર્થ તપસ્વીને ઊંચી-નીચી પથારી મળે તો સંયમની મર્યાદાનું ઉલ્લંઘન ન કરે, કારણ કે પાપદષ્ટિવાળા સાધુનો હર્ષ-વિષાદ કરવાથી સંયમ ભંગ થાય છે.

**પઈરિક્કમુવસ્સયં લદ્ધું, કલ્લાણં અદુવા પાવયં ।**
**કિમેગરાઈ કરિસ્સઈ, એવં તત્થહિયાસએ ॥૨૩॥**

સ્ત્રી આદિથી રહિત સારું અથવા ખરાબ સ્થાન મળે, તો એક રાતમાં શું થઈ જવાનું છે ? એવું વિચારીને સમભાવથી સુખદુઃખ સહન કરે.

**અક્કોસેજ્જા પરે ભિક્ખું, ન તેસિં પડિસંજલે ।**
**સરિસો હોઈ બાલાણં, તમ્હા ભિક્ખુ ન સંજલે ॥૨૪॥**

બીજાઓ સાધુઓને ગાળ આપે, અપમાન કરે તો સાધુ ગુસ્સો ન કરે, ક્રોધ કરવાથી એ પોતે અજ્ઞાની જેવો થઈ જાય છે.

**સોચ્ચાણં ફરુસા ભાસા, દારુણા ગામકંટગા ।**
**તુસિણીઓ ઉવેહેજ્જા, ન તાઓ મણસી કરે ॥૨૫॥**

કાનમાં કાંટાની માફક ખૂંચતી ભાષા સાંભળીને ભિક્ષુ મૌન ધારણ કરીને ઉપેક્ષા કરે અને મનમાં સ્થાન ન આપે.

**હઓ ન સંજલે ભિક્ખૂ, મણં પિ ન પઓસએ ।**
**તિતિક્ખં પરમં નચ્ચા, ભિક્ખૂ ધમ્મં વિચિંતએ ॥૨૬॥**

ભિક્ષુને કોઈ મારે તો ભિક્ષુ તેના ઉપર ક્રોધ ન કરે, મનમાં પણ દ્વેષ ન કરે. ક્ષમા પરમ ધર્મ છે એવું જાણીને ધર્મનું જ ચિંતન કરે.

**સમણં સંજયં દંતં, હણેજ્જા કોઈ કત્થઈ ।**
**નત્થિ જીવસ્સ નાસુ ત્તિ, એવં પેહેજ્જ સંજએ ॥૨૭॥**

ઈન્દ્રિયોનું દમન કરનાર સંયમી સાધુને કોઈ મારે તો "જીવનો ક્યારે પણ નાશ થતો નથી," એવો શ્રમણ વિચાર કરે.

**દુક્કરં ખલુ ભો નિચ્ચં, અણગારસ્સ ભિક્ખુણો ।**
**સવ્વં સે જાઈયં હોઈ, નત્થિ કિંચિ અજાઈયં ॥૨૮॥**

હે શિષ્ય ! ખરેખર અણગાર ભિક્ષુનું જીવન દુષ્કર છે. એને આહારાદિ માંગ્યા પછી જ મળે છે, માંગ્યા વિના કાંઈ પણ મળતું નથી.

**ગોયરગ્ગપવિટ્ઠસ્સ, પાણી નો સુપ્પસારએ ।**
**સેઓ અગારવાસુત્તિ, ઈઈ ભિક્ખુ ન ચિંતએ ॥૨૯॥**

ગોચરી ગયેલ સાધુનો હાથ માંગવાને માટે સહેજ ઊપડતો નથી. આનાથી આગાર-ગૃહસ્થાવાસ શ્રેષ્ઠ છે, એવું સાધુ મનમાં પણ ન ચિંતવે.

**પરેસુ ઘાસમેસેજ્જા, ભોયણે પરિણિટ્ઠિએ ।**
**લદ્ધે પિંડે અલદ્ધે વા, નાણુતપ્પેજ્જ પંડિએ ॥૩૦॥**

ભોજન તૈયાર થઈ ગયા પછી સાધુ ગૃહસ્થોના ઘેર ભોજન લેવા માટે નીકળે, આહાર પ્રાપ્ત થાય કે અપ્રાપ્ત થાય. પરંતુ પંડિત મુનિ ખેદ ન કરે.

**અજ્જેવાહં ન લબ્ભામિ, અવિ લાભો સુએ સિયા ।**
**જો એવં પડિસંચિક્ખે, અલાભો તં ન તજ્જએ ॥૩૧॥**

આજે મને આહાર ન મળ્યો તો સંભવ છે કે, કદાચ મને કાલે ભિક્ષા મળે એવું વિચારીને જે ભિક્ષુ દીનતા ન લાવે તેને અલાભ પરિષહ સતાવતો નથી.

**નચ્ચા ઉપ્પઈયં દુક્ખં, વેયણાએ દુહટ્ટિએ ।**
**અદીણો થાવએ પન્નં, પુટ્ઠો તત્થ અહિયાસએ ॥૩૨॥**

સાધુને રોગ થાય તો રોગના દુ:ખમાં દીનતા રહિત થઈને પોતાની બુદ્ધિને સ્થિર કરે અને ઉત્પન્ન થયેલ રોગને સમભાવથી સહન કરે.

**તેગિચ્છં નાભિનંદેજ્જા સંચિક્ખત્તગવેસએ ।**
**એવં ખુ તસ્સ સામણ્ણં, જં ન કુજ્જા ન કારવે ॥૩૩॥**

આત્મશોધક શ્રમણ ચિકિત્સાને અનુમોદે નહિ, પરંતુ દર્દને સમભાવથી સહન કરે. ચિકિત્સા ન કરવી અને ન કરાવવી એમાં જ સાધુની સાધુતા છે.

**અચેલગસ્સ લૂહસ્સ, સંજયસ્સ તવસ્સિણો ।**
**તણેસુ સયમાણસ્સ, હુજ્જા ગાયવિરાહણા ॥૩૪॥**

વસ્ત્ર રહિત સુકલકડી શરીરવાળા સંયમી સાધુ-તપસ્વીને તૃણની પથારી ઉપર સુવાથી શરીરને પીડા થાય છે.

**આયવસ્સ નિવાએણં, અઉલા હવઈ વેયણા ।**
**એવં નચ્ચા ન સેવન્તિ, તંતુજં તણતજ્જિયા ॥૩૫॥**

ગરમી અને તૃણ સ્પર્શથી અધિક વેદના થાય છે. તે સમયે નરકાદિ દુઃખોનો વિચાર કરીને વસ્ત્રાદિનું સેવન કરે નહિ.

**કિલિન્નગાએ મેહાવિ, પંકેણ વ રએણ વા ।**
**ઘિંસુ વા પરિયાવેણં, સાયં નો પરિદેવએ ॥૩૬॥**

ગ્રીષ્મઋતુમાં મેધાવી સાધુ પરસેવાથી અથવા મેલથી અથવા રજથી રેબઝેબ થાય તો સુખ-શાતાને માટે આકુલ-વ્યાકુલ ન થાય.

**વેએજ્જ નિજ્જરાપેહી, આરિયં ધમ્મઅણુત્તરં ।**
**જાવ સરીરભેઓ ત્તિ, જલ્લં કાએણ ધારએ ॥૩૭॥**

અનુત્તાર આર્યધર્મને પ્રાપ્ત કરેલ નિર્જરાનો અર્થી સાધુ શરીર છૂટે ત્યાં સુધી મેલ પરિષહને સહન કરે.

**અભિવાયણં અબ્ભુટ્ઠાણં, સામી કુજ્જા નિમંતણં ।**
**જે તાઈ પડિસેવંતિ, ન તેસિં પીહએ મુણી ॥૩૮॥**

સાધુને રાજા કે શ્રીમંત સત્કાર કરે, નમસ્કાર કરે, નિમંત્રણ આપે તો સાધુ તેને સ્વીકારે, પરંતુ મુનિ તેની ચાહના કરે નહિ.

**અણુક્કસાઈ અપ્પિચ્છે, અન્નાએસિ અલોલુએ ।**
**રસેસુ નાણુગિજ્ઝેજ્જા, નાણુતપ્પેજ્જ પન્નવં ॥૩૯॥**

સાધુ અલ્પ કષાયવાળો, અલ્પ ઈચ્છાવાળો, અજ્ઞાત કુલોથી ભિક્ષા લેનાર, લોલુપતા રહિત, રસવાળાં ભોજનમાં આસક્તિ નહિ રાખનાર અને રસવાળું ભોજન ન મળે તો ખેદ ન કરે.

**સે નૂણં મએ પુવ્વં, કમ્મા અનાણફલા કડા ।**
**જેણાહં નાભિજાણામિ, પુટ્ઠો કેણઈ કણ્હુઈ ॥૪૦॥**

મેં ખરેખર પૂર્વ ભવમાં અજ્ઞાન ફળવાળું કર્મ કર્યું છે. જેથી હું જાણતો નથી. પૂછેલા પ્રશ્નનો બરોબર ઉત્તર આપી શકતો નથી.

**અહપચ્છા ઉઈજ્જન્તિ, કમ્મા અનાણફલા કડા ।**
**એવમસ્સાસિ અપ્પાણં, નચ્ચા કમ્મવિવાગયં ॥૪૧॥**

આ અજ્ઞાન પરિષહ પૂરો થયા પછી ફલ આપવાવાળાં કર્મોનો ઉદય થશે. આવી રીતે કર્મના વિપાકને જાણીને આત્માને આશ્વાસન આપે.

**નિરટ્ઠગમ્મિ વિરઓ, મેહુણાઓ સુસંવુડો ।**
**જો સક્ખં નાભિજાણામિ, ધમ્મં કલ્લાણપાવગં ॥૪૨॥**

હું હજુ સુધી સાક્ષાત્ કલ્યાણકારી ધર્મ અને પાપને પણ જાણતો નથી, તો પછી મારું મૈથુનાદિ કર્મથી નિવર્તવું અને સંમત થવું પણ નિરર્થક છે.

**તવોવહાણમાદાય, પડિમં પડિવજ્જઓ ।**
**એવં પિ વિહરઓ મે, છઉમં ન નિયટ્ટઈ ॥૪૩॥**

મુનિ તપ અને ઉપધાનને સ્વીકારે અને પ્રતિમા ધારણ કરીને વિચરૂં છું તો પણ મારું છદ્મસ્થપણું દૂર થતું નથી. એવું ચિંતન ન કરે.

**નત્થિ નૂણં પરેલોએ, ઈડ્ઢી વાવિ તવસ્સિણો ।**
**અદુવા વંચિઓ મિ ત્તિ, ઈઇ ભિક્ખૂ ન ચિંતએ ॥૪૪॥**

ભિક્ષુ એવો વિચાર ન કરે કે ખરેખર પરલોક નથી અને તપસ્વી સાધુને રિદ્ધિ પણ નથી અને હું સાધુપણું લઈને છેતરાયો.

**અભૂ જિણા અત્થિ જિણા, અદુવા વિ ભવિસ્સઈ ।**
**મુસં તે એવમાહંસુ, ઈઇ ભિક્ખૂ ન ચિંતએ ॥૪૫॥**

વળી સાધુ એવું પણ ન વિચારે કે શાસ્ત્રમાં જે કહ્યું છે કે, ભૂતકાળમાં જિન હતાં, વર્તમાનમાં જિન છે અને ભવિષ્યકાળમાં જિન થશે એવું કહેલું જૂઠું છે.

**એએ પરીસહા સવ્વે, કાસવેણ પવેઈયા ।**
**જે ભિક્ખૂ ન વિહન્નેજ્જા, પુટ્ઠોકેણઈ કણ્હુઈ ॥૪૬॥**

**॥ ત્તિબેમિ ॥**

આ બધા પરિષહો, કાશ્યપગોત્રી ભગવાન મહાવીરે ફરમાવ્યા છે, એને જાણીને કોઈપણ પરિષહના ઉદયે સાધુ સંયમમાંથી ડગે નહિ.

# અધ્યયન-૩ : ચતુરંગીય

**ચત્તારિ પરમંગાણિ, દુલ્લહાણિહ જંતુણો ।**
**માણુસત્તં સુઈ સદ્ધા, સંજમમ્મિય વીરિયં ॥૧॥**

આ સંસારમાં પ્રાણીઓને મનુષ્ય-જન્મ, ધર્મ-શ્રવણ, ધર્મ શ્રદ્ધા અને સંયમમાં વીર્યશક્તિ ફોરવવી, આ ચાર ઉત્કૃષ્ટ અંગો મળવાં દુર્લભ છે.

**સમાવન્ના ન સંસારે, નાણાગોત્તાસુ જાઈસુ ।**
**કમ્મા નાણાવિહા કટ્ટુ, પુઢો વિસ્સંભયા પયા ॥૨॥**

આ જીવ સંસારમાં જુદાં જુદાં કર્મ કરીને અનેક ગોત્રવાળી જાતિઓમાં ઉત્પન્ન થઈને આખા વિશ્વમાં વ્યાપ્ત થયો છે. તે સમગ્ર વિશ્વમાં સર્વત્ર જન્મ લે છે.

**એગયા દેવલોએસુ, નરએસુ વિ એગયા ।**
**એગયા આસુરં કાયં, અહાકમ્મેહિં ગચ્છઇ ॥૩॥**

આ જીવ પોતાના કર્માનુસાર કોઈ વખત દેવલોકમાં કોઈવાર નરકમાં તો કોઈ વખત અસુર કાયમાં ઉત્પન્ન થાય છે.

**એગયા ખત્તિઓ હોઈ, તઓ ચંડાલબુક્કસો ।**
**તઓ કીડ પયંગો ય, તઓ કુંથુપિવીલિયા ॥૪॥**

આ જીવ ક્યારેક ક્ષત્રિય થાય છે તો ક્યારેક ચંડાળ અને વર્ણસંકર થાય છે, તો ક્યારેક કીડો, પતંગ, કુંથુ અને કીડી થાય છે.

**એવમાવટ્ટજોણીસુ, પાણિણો કમ્મકિવ્વિસા ।**
**ન નિવિજ્જંતિ સંસારે, સવટ્ટેસુ વ ખત્તિયા ॥૫॥**

ક્ષત્રિયોને સર્વ પ્રકારની ઋદ્ધિ હોય તો પણ તેની રાજ્યની તૃષ્ણા શાંત નથી થતી, એવી રીતે અશુભ કર્મવાળાં પ્રાણીઓ અનેક યોનિઓમાં પરિભ્રમણ કરતા છતાં સંસારમાંથી વિરક્ત થતા નથી.

**કમ્મ સંગેહિં સમ્મૂઢા, દુક્ખિયા બહુવેયણા ।**
**અમાણુસાસુ જોણીસુ, વિણિહમ્મન્તિ પાણિણો ॥૬॥**

કર્મોના સંબંધોથી સંમૂઢ થયેલ પ્રાણીઓ દુઃખી અને અત્યંત વેદનાવાળા મનુષ્ય સિવાય નરકાદિ યોનિઓમાં અનેક પ્રકારનાં કષ્ટ ભોગવે છે.

**કમ્માણં તુ પહાણાએ, આણુપુવ્વી કયાઈ ઉ ।**
**જીવા સોહિમણુપ્પત્તા, આયયન્તિ મણુસ્સયં ॥૭॥**

મનુષ્યગતિને બાધક એવાં કર્મોનો અનુક્રમથી નાશ થવાથી, આત્મ શુદ્ધિ થયા પછી મનુષ્ય જન્મ પ્રાપ્ત થાય છે.

**માણુસ્સં વિગ્ગહં લદ્ધું, સુઈ ધમ્મસ્સ દુલ્લહા ।**
**જં સોચ્ચા પડિવજ્જન્તિ, તવં ખન્તિમહિંસયં ॥૮॥**

મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને ધર્મની શ્રુતિ દુર્લભ છે. જે ધર્મને સાંભળીને જીવ ક્ષમા અને અહિંસા ધર્મ અંગીકાર કરે છે.

**આહચ્ચ સવણં લદ્ધું, સદ્ધા પરમ દુલ્લહા ।**
**સોચ્ચા નેઆઉયં મગ્ગં, બહવે પરિભસ્સઈ ॥૯॥**

કદાચિત ધર્મનું શ્રવણ થાય તો તેના ઉપર શ્રદ્ધા થવી અત્યંત દુર્લભ છે. રત્નત્રયીરૂપ મોક્ષ માર્ગને સાંભળીને પણ ઘણા મનુષ્યો ભ્રષ્ટ થઈ જાય છે.

**સુઈં ચ લદ્ધું સદ્ધં ચ, વીરિયં પુણ દુલ્લહં ।**
**બહવે રોયમાણા વિ, નોયણં પડિવજ્જએ ॥૧૦॥**

ધર્મનું શ્રવણ અને ધર્મની શ્રદ્ધા પ્રાપ્ત થાય તો પણ સંયમમાં ઉદ્યમી થવું દુર્લભ છે. કેટલાક માણસો શ્રદ્ધાળુ હોય છે, છતાં પણ તથાપ્રકારે આચરણ કરતા નથી.

**માણુસત્તમ્મિ આયાઓ, જો ધમ્મં સોચ્ચા સદ્દહે ।**
**તવસ્સી વીરિયં લદ્ધું, સંવુડે નિદ્ધુણે રયં ॥૧૧॥**

જો આત્મા મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને ધર્મને સાંભળે છે, ધર્મમાં શ્રદ્ધા કરે છે અને સંયમમાં વીર્ય ફોરવે છે, એ સંવૃત્ત (આશ્રવરહિત) તપસ્વી કર્મોનો નિરોધ કરે છે.

**સોહી ઉજ્જુયભૂયસ્સ, ધમ્મો સુદ્ધસ્સ ચિટ્ઠઈ ।**
**નિવ્વાણં પરમં જાઈ, ઘયસિત્તિ વ્વ પાવએ ॥૧૨॥**

એવા સરલભાવી આત્માની શુદ્ધિ થાય છે, શુદ્ધ આત્મામાં ધર્મ ટકે છે. ઘીથી સિંચેલ અગ્નિની માફક દેદીપ્યમાન થતો એ પરમપદ-નિર્વાણને મેળવે છે.

**વિગિંચ કમ્મુણો હેઉં, જસં સંચિણુ ખંતિએ ।**
**સરીરં પાઢવં હિચ્ચા, ઉઢ્ઢં પક્કમઈ દિસં ॥૧૩॥**

કર્મો ઉત્પન્ન થાય તેના કારણને દૂર કરો. જ્ઞાનાદિથી ક્ષમા ધર્મ આચરીને સંયમરૂપી યશ એકઠો કરો. ઉપર પ્રમાણે કર્મના હેતુને ત્યાગનાર તથા સંયમી પુરુષ આ પાર્થિવ શરીરને છોડીને ઊર્ધ્વ ગતિને પ્રાપ્ત થાય છે.

**વિસાલિસેહિં સીલેહિં, જક્ખા ઉત્તર-ઉત્તરા ।**
**મહાસુક્કા વ દિપ્પન્તા, મન્નંતા અપુણચ્ચવં ॥૧૪॥**

ઉત્કૃષ્ટ આચારને પાળવાવાળો જીવ ઉત્તરોત્તર મહાઋદ્ધિ સંપન્ન વિમાનવાસી દેવ થાય છે. સૂર્ય-ચંદ્રની માફક પ્રકાશમાન થતો એ માને છે કે, હું અહીંથી ચ્યવીશ નહિ, મરીને ફરી જન્મ લઈશ નહિ.

**અપ્પિયા દેવકામાણં, કામરૂવ-વિઉવ્વિણો ।**
**ઉઢ્ઢં કપ્પેસુ ચિટ્ઠન્તિ, પુવ્વા વાસસયા બહૂ ॥૧૫॥**

દેવ સંબંધી કામોને પ્રાપ્ત થયેલ અને ઈચ્છાનુસાર રૂપ બનાવવાની શક્તિવાળો દેવ સેંકડો પૂર્વ વર્ષો સુધી (દીર્ઘકાળ સુધી) વિમાનોમાં રહે છે.

**તત્થ ઠિચ્ચા જહાઠાણં, જક્ખા આઉક્ખએ ચુયા ।**
**ઉવેન્તિ માણુસં જોણિં, સે દસંગે અભિજાયએ ॥૧૬॥**

આ દેવ પોતાનું આયુષ્ય ક્ષય થયા પછી ત્યાંથી ચ્યવીને મનુષ્યયોનિને પ્રાપ્ત કરે છે, ત્યાં તેને દશ અંગોની પ્રાપ્તિ થાય છે.

**ખેત્તં વત્થું હિરણ્ણં ચ, પસવો દાસપોરુસં ।**
**ચત્તારિ કામખંધાણિ, તત્થ સે ઉવવજ્જઈ ॥૧૭॥**

જ્યાં તેને ચાર સ્કંધો, ક્ષેત્ર, (ખેતર) બગીચા, મહેલ, સોનું-ચાંદી કે દાસ-દાસી તથા પશુ હોય ત્યાં તેની ઉત્પત્તિ થાય છે.

**મિત્તવં નાયવં હોઈ, ઉચ્ચાગોએ ય વણ્ણવં ।**
**અપ્પાયંકે મહાપન્ને, અભિજાએ જસો બલે ॥૧૮॥**

મનુષ્ય જન્મમાં તે મિત્ર, જ્ઞાતિ, ઉચ્ચ ગોત્ર, સુંદર, નીરોગી, મહાબુદ્ધિશાળી, યશસ્વી અને બલવાન થાય છે.

**ભોચ્ચા માણુસ્સએ ભોએ, અપ્પડિરૂવે અહાઉયં ।**
**પુવ્વિં વિસુદ્ધસદ્ધમ્મે, કેવલં બોહિ બુજ્ઝિયા ॥૧૯॥**

આયુષ્ય અનુસાર મનુષ્યના ઉત્તમ ભોગોને ભોગવીને પૂર્વ ભવમાં શુદ્ધ ધર્મનું આચરણ કરવાથી શુદ્ધ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

**ચઉરંગં દુલ્લહં નચ્ચા, સંજમં પડિવજ્જિયા ।**
**તવસા ધુયકમ્મંસે, સિદ્ધે હવઈ સાસએ ॥૨૦॥**

**॥ ત્તિબેમિ ॥**

ધર્મનાં આ ચાર અંગ દુર્લભ જાણીને સાધક સંયમ-ચારિત્ર ગ્રહણ કરીને, તપ વડે કર્મોને બાળીને જીવ શાશ્વત સિદ્ધ થાય છે.

# અધ્યયન - ૪ : અસંસ્કૃત

**અસંખયં જીવિય મા પમાયએ, જરોવણીયસ્સ હુ નત્થિ તાણં ।**
**એવં વિયાણાહિ જણે પમત્તે, કિન્નુ વિહિંસા અજયા ગહિંતિ ॥૧॥**

તૂટેલું જીવન ફરી સંધાતું નથી. એટલા માટે પ્રમાદ ન કરો અને વિચારો કે વૃદ્ધાવસ્થામાં કોઈ રક્ષક નથી એમ જાણી પ્રમાદી હિંસક અને અયત્નાવાળા જીવો કોના શરણમાં જશે ?

**જે પાવકમ્મેહિં ધણં મણુસા, સમાયયંતી અમઈ ગહાય ।**
**પહાય તે પાસ પયટ્ટિએ નરે, વેરાણુબદ્ધા નરયં ઉવેન્તિ ॥૨॥**

જે મનુષ્ય કુબુદ્ધિના સહારે પાપકર્મોથી ધન સંચય કરે છે, તે મોહમાં ફસેલા, વેરથી બંધાયેલા, પાપોપાર્જિત ધનને અહીં છોડી નરકમાં જાય છે.

**તેણે જહા સંધિમુહે ગહીએ, સકમ્મુણા કિચ્ચઇ પાવકારી ।**
**એવં પયા પેચ્ચ ઈહં ચ લોએ, કડાણ કમ્માણ ન મોક્ખ અત્થિ ॥૩॥**

જેવી રીતે ખાતર પાડતા પકડાયેલો ચોર પોતાના જ કર્મથી દુઃખ પામે છે, તેવી રીતે જીવ પોતાના પાપનું ફળ આ લોક અને પરલોકમાં મેળવે છે. કરેલાં કર્મને ભોગવ્યા વિના છુટકારો નથી.

**સંસારમાવન્ન પરસ્સ અટ્ઠા, સાહારણં જં ચ કરેઇ કમ્મં ।**
**કમ્મસ્સ તે તસ્સ ઉવેયકાલે, ન બંધવા બંધવયં ઉવેન્તિ ॥૪॥**

સંસારમાં આવેલો જીવ બીજાને અર્થે જે સાધારણ કર્મ કરે છે તે કર્મનું ફળ ભોગવવાના સમયે ભાઈઓ તેનો હિસ્સો લેતા નથી.

**વિત્તેણ તાણં ન લભે પમત્તે, ઈમમ્મિ લોએ અદુવા પરત્થા ।**
**દીવપ્પણટ્ઠે વ અણંતમોહે, નેયાઉયં દટ્ઠુમદટ્ઠુમેવ ॥૫॥**

પ્રમાદી પુરુષ આ લોકમાં અથવા પરલોકમાં ધનથી રક્ષણ મેળવી શકતો નથી. અંધકારમાં જેનો દીપક બુઝાઈ ગયો છે તેને પહેલાં પ્રકાશમાં જોયેલ માર્ગ પણ ન જોયા સમાન છે. તેમ અનંત મોહાંધકારથી જેનો જ્ઞાનદીપ બુઝાઈ ગયો છે. તે પ્રમત્ત જીવ, ન્યાયયુક્ત મોક્ષમાર્ગને જોતો હોવા છતાં પણ નથી જોતો.

**સુત્તેસુ યાવી પડિબુદ્ધજીવી, ન વીસસે પંડિએ આસુપન્ને ।**
**ઘોરા મુહુત્તા અબલં સરીરં, ભારંડપક્ખી વ ચરેડપ્પમત્તો ॥૬॥**

મોહમાં સૂતેલા લોકોની વચ્ચે પ્રજ્ઞાવાન સંયમી પુરુષ પ્રમાદમાં વિશ્વાસ ન કરે, કાળ ભયાનક છે અને શરીર નિર્બળ છે, માટે ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત થઈને વિચરણ કરે.

**ચરેપયાઈં પરિસંકમાણો, જં કિંચિ પાસં ઈહ મન્નમાણો ।**
**લાભંતરે જીવિય બૂહઈત્તા, પચ્છા પરિન્નાય મલાવધંસી ॥૭॥**

સાધક ડગલે ને પગલે દોષોનાં આગમનની સંભાવનાથી શંકિત થતા ચાલે. લોકોનો થોડો પરિચય પણ બંધન રૂપ છે. એમ માની વિહાર કરે, જ્ઞાનાદિનો લાભ હોય ત્યાં સુધી જીવનનું સંવર્ધન કરે (પોષણ) પછી લાભ થતો નથી એમ જાણીને જ્ઞાનપૂર્વક શરીરનો ત્યાગ કરે.

**છંદં નિરોહેણ ઉવેઇ મોક્ખં, આસે જહા સિક્ખિયવમ્મધારી ।**
**પુવ્વાઈં વાસાઈં ચરેપમત્તો, તમ્હા મુણી ખિપ્પમુવેઇ મોક્ખં ॥૮॥**

જેવી રીતે સવારની શિક્ષામાં રહેનાર કવચધારી ઘોડો વિજયી થાય છે. તેમ સ્વચ્છંદને છોડીને ગુરુની આજ્ઞામાં રહેનાર બ્રહ્મચારી સાધુ પૂર્વ વર્ષો સુધી અપ્રમત્તપણે વિચરે. આથી તેનો શીઘ્ર મોક્ષ થાય છે.

**સ પુવ્વમેવં ન લભેજ્જ પચ્છા, એસોવમા સાસયવાઈયાણં ।**
**વિસીયઈ સિઢિલે આઉયમ્મિ, કાલોવણીએ સરીરસ્સ ભેએ ॥૯॥**

જેણે પહેલી અવસ્થામાં ધર્મ કર્યો નથી એ પશ્ચાત્ અવસ્થામાં ધર્મ કરી શકશે નહિ. આ જ્ઞાનીની ધારણા છે. હું પાછલી અવસ્થામાં ધર્મ કરીશ હમણાં શું ઉતાવળ છે ! એવા નિશ્ચયવાદીનું પોતાને અજર-અમર માનનાર શાશ્વતવાદીનું કથન કદાપિ ઠીક ન હોય, પરંતુ જેના જીવનનો ભરોસો નથી એ પ્રમાદી મનુષ્ય આયુષ્યની શિથિલતા વખતે પોતાના પ્રમાદનો, શરીરના નાશ વખતે મૃત્યુ સમીપ આવે ત્યારે ખેદ કરે છે.

**ખિપ્પં ન સક્કેઈ વિવેગમેઉં, તમ્હા સમુટ્ઠાય પહાય કામે ।**
**સમિચ્ચ લોગં સમયા મહેસી, આયાણરક્ખી ચરે અપ્પમત્તો ॥૧૦॥**

કોઈપણ વ્યક્તિને વિવેકની પ્રાપ્તિ શીઘ્ર થતી નથી એમ જાણીને આત્મલક્ષી સાધુ કામભોગોનો સર્વથા ત્યાગ કરે. સંયમપથ પર દઢતાથી સમુત્થિત થઈને આત્મરક્ષક મહર્ષિ સમભાવપૂર્વક લોકના સ્વરૂપને જાણીને સાવધાનીથી અપ્રમત્ત થઈને વિચરે.

**મુહું મુહું મોહગુણે જયંતં, અણેગરૂવા સમણં ચરંતં ।**
**ફાસા ફુસન્તિ અસમંજસં ચ, ન તેસિ ભિક્ખૂ મણસા પઉસ્સે ॥૧૧॥**

નિરંતર મોહ કર્મોને જીતવા માટે યત્નશીલ મુનિ સંયમમાં વિચરણ કરતા શ્રમણને અને તથારૂપના પ્રતિકૂળ અનુકૂળ વિષયોનો સ્પર્શ કરતો હોવા છતાં તેના ઉપર મનમાં પણ દ્વેષ ન કરે.

**મંદા ય ફાસા બહુલોહણિજ્જા, તહપ્પગારેસુ મણં ન કુજ્જા ।**
**રક્ખિજ્જ કોહં વિણએજ્જ માણં, માયં ન સેવેજ્જ પહેજ્જ લોહં ॥૧૨॥**

કામભોગના મંદ સ્પર્શ પણ ઘણાં લોભામણાં હોય છે પરંતુ સંયમી સાધક લોભના વિષયોમાં મનને ન લગાવે. આત્મરક્ષક સાધક ક્રોધને શાંત કરે, માનને હઠાવે, માયાને સેવે નહિ અને લોભનો ત્યાગ કરે.

**જે સંખયા તુચ્છ પરપ્પવાઈ, તે પિજ્જ-દોસાણુગયા પરજ્ઝા ।**
**એએ અહમ્મે ત્તિ દુગુંછમાણો, કંખે ગુણે જાવ સરીરભેઉ ॥૧૩॥**

જે વ્યક્તિ ઉપર ઉપરથી સંસ્કારી દેખાય છે. અસહિષ્ણુ છે તે વાસ્તવમાં તુચ્છ છે, નિઃસાર, પ્રવાદી = બીજાની નિંદા કરનાર છે. રાગદ્વેષમાં ફસાયો છે, પરાધીન છે, પર વસ્તુમાં આસક્ત છે અને ધર્મરહિત છે એમ અવધારી તેનાથી ઉદાસીન રહે. જ્યાં સુધી શરીરનો નાશ ન થાય ત્યાં સુધી ગુણોની ઈચ્છા કરે.

## અધ્યયન - ૫ : અકામ મરણ

**અન્નવંસિ મહોહંસિ, એગે તિન્ને દુરુત્તરે ।**
**તત્થ એગે મહાપન્ને, ઈમં પણ્હમુદાહરે ॥૧॥**

મહાપ્રવાહવાળા સંસાર સમુદ્રને કોઈ કોઈ મહાપુરુષ તરી ગયા છે. આ વિષયમાં પૂછવાથી એક મહાજ્ઞાનીએ ફરમાવ્યું છે કે -

**સન્તિમે ય દુવે ઠાણા, અક્ખાયા મરણન્તિયા ।**
**અકામમરણં ચેવ, સકામમરણં તહા ॥૨॥**

મૃત્યુના આ બે સ્થાન કહેવાય છે - અકામ મરણ અને સકામ મરણ.

**બાલાણં અકામં તુ, મરણં અસઈ ભવે ।**
**પંડિયાણં સકામં તુ, ઉક્કોસેણ સઈ ભવે ॥૩॥**

અજ્ઞાની બાલજીવોના (સત્-અસત્‌ના વિવેકરહિત) વારંવાર અકામ મરણ થાય અને જ્ઞાની પંડિતોને ઉત્કૃષ્ટ ચારિત્રવાનને કેવલીની અપેક્ષાએ ઉત્કૃષ્ટ એક જ વાર સકામ મરણ થાય.

**તત્થિમં પઢમં ઠાણં, મહાવીરેણ દેસિયં ।**
**કામગિદ્ધે જહા બાલે, ભિસં કુરાઈ કુવ્વઈ ॥૪॥**

તેમાં પહેલા સ્થાનનું વર્ણન કરતાં ભગવાન મહાવીર ઉપદેશે છે કે, વિષયાસક્ત અજ્ઞાની જીવ અત્યંત ક્રૂર કર્મ કરે છે.

**જે ગિદ્ધે કામભોગેસુ, એગે કૂડાય ગચ્છઈ ।**
**ન મે દિટ્ઠે પરે લોએ, ચક્ખૂદિટ્ઠા ઈમા રઈ ॥૫॥**

કામભોગોરૂપી વિષયોમાં ગૃદ્ધ-ચકચૂર જીવ શિકાર કરે છે - મિથ્યા ભાષણ કરે છે. એકલો નરકમાં જાય છે અને વિચારે છે કે પરલોક મેં જોયો નથી, અહીં સંસારનું સુખ પ્રત્યક્ષ દેખાય છે.

**હત્થાગયા ઈમે કામા, કાલિયા જે અણાગયા ।**
**કો જાણઈ પરે લોએ, અત્થિ વા નત્થિ વા પુણો ॥૬॥**

આ સંસારના વિષયભોગ તો હસ્તગત છે, ભવિષ્યમાં મળવાવાળાં સુખ પરોક્ષ છે, કોણ જાણે છે કે પરલોક છે કે નથી ?

**જણેણ સદ્ધિં હોક્ખામિ, ઈઈ બાલે પગબ્ભઈ ।**
**કામભોગાણુરાએણં, કેસં સંપડિવજ્જઈ ॥૭॥**

"જે બીજાના હાલ થશે તે મારા થશે" આવી રીતે અજ્ઞાની જીવ કહે છે. અજ્ઞાની જીવ કામભોગના અનુરાગથી ક્લેશને પામે છે.

**તઓ સે દંડં સમારભઈ, તસેસુ થાવરેસુ ય ।**
**અટ્ઠાએ ય અણટ્ઠાએ, ભૂયગામં વિહિંસઈ ॥૮॥**

આ પ્રમાણે તે અજ્ઞાની જીવ ત્રસ (હાલતાં-ચાલતાં) અને સ્થાવર (સ્થિર) જીવો પ્રત્યે મન-વચન-કાયદંડનો પ્રયોગ કરે છે. પોતાને અને બીજાને માટે સકારણ અને અકારણ જ હિંસા કરે છે.

**હિંસે બાલે મુસાવાઈ, માઈલ્લે પિસુણે સઢે ।**
**ભુંજમાણે સુરં મંસં, સેયમેયં તિ મન્નઈ ॥૯॥**

અજ્ઞાની જીવ હિંસા, જૂઠ, કપટ ચુગલી, ધૂતારાપણું અને માંસ-મદિરાનું સેવન કરે છે, એને જ શ્રેયકારી માને છે.

**કાયસા વયસા મત્તે, વિત્તે ગિદ્ધે ય ઈત્થિસુ ।**
**દુહઓ મલં સંચિણઈ, સિસુણાગુ વ્વ મટ્ટિયં ॥૧૦॥**

જેવી રીતે શિશુનાગ (અળસિયું) માટી ખાય છે અને શરીર ઉપર પણ લગાવે છે. તેવી જ રીતે કામી પુરુષ મન, વચન અને કાયાથી મદાંધ થઈને ધન અને સ્ત્રીઓમાં આસક્ત બની, રાગદ્વેષથી કર્મ-ફળનો સંચય કરે છે.

**તઓ પુટ્ઠો આયંકેણં, ગિલાણો પરિતપ્પઈ ।**
**પભીઓ પરલોગ્ગસ્સ, કમ્માણુપ્પેહિ અપ્પણો ॥૧૧॥**

પછી આ અજ્ઞાની જીવ પરિણામે ઉગ્ર રોગોથી પીડિત અને પરલોકથી ડરતો પોતાનાં દુષ્કર્મોને યાદ કરીને પશ્ચાત્તાપ કરે છે.

**સુયા મે નરએ ઠાણા, અસીલાણં ચ જા ગઈ ।**
**બાલાણં કૂરકમ્માણં, પગાઢા જત્થ વેયણા ॥૧૨॥**

તે વિચારે છે કે, મેં નરકસ્થાનોના વિષયમાં સાંભળ્યું છે અને દુ:શીલોની- સદાચારરહિત જીવોની ગતિ શી થાય છે તે પણ સાંભળ્યું છે. ત્યાં ક્રૂર કર્મી અજ્ઞાનીઓને તીવ્ર વેદના થાય છે.

**તત્થોવવાઈયં ઠાણં, જહા મે ય મણુસ્સુયં ।**
**અહાકમ્મેહિં ગચ્છન્તો, સો પચ્છા પરિતપ્પઈ ॥૧૩॥**

મેં પરંપરાથી સાંભળ્યું છે કે પોતાનાં કર્માનુસાર નરકમાં ઉત્પન્ન થતાં દુ:ખમય સ્થાન ઉપર જતો જીવ પશ્ચાત્તાપ કરે છે.

**જહા સાગડિઓ જાણં, સમં હિચ્ચા મહાપહં ।**
**વિસમં મગ્ગમોઈણ્ણો અક્ખે ભગ્ગમ્મિ સોયઈ ॥૧૪॥**

જેવી રીતે જાણીબૂજીને ગાડાવાળો રાજમાર્ગને છોડીને વિષમ માર્ગ ઉપર જાય છે અને ગાડાનું ધૂંસરું તૂટે છે ત્યારે ખેદ કરે છે.

**એવં ધમ્મં વિઉકમ્મ, અહમ્મં પડિવજ્જિયા ।**
**બાલે મચ્ચુમુહં પત્તે, અક્ખે ભગ્ગે વ સોયઈ ॥૧૫॥**

એવી રીતે અજ્ઞાની બાલજીવો ધર્મ માર્ગ છોડીને અધર્મ માર્ગને ગ્રહણ કરે છે, પરંતુ જ્યારે મૃત્યુના મુખમાં આવે છે ત્યારે પેલા ધૂંસરું ભાંગેલ ગાડાવાળાની માફક ખેદ કરે છે.

**તઓ સે મરણંતમ્મિ, બાલે સંતસ્સઇ ભયા ।**
**અકામમરણં મરઈ, ધુત્તે વ કલિણા જિએ ॥૧૬॥**

મૃત્યુ સમયે એ અજ્ઞાની જીવ નરકના ભયથી ત્રાસ પામે છે, અને એક જ દાવમાં સર્વસ્વ હારી જનાર હાર્યા જુગારીની માફક શોક કરતો થકો અકામ મરણે મરે છે.

**એયં અકામમરણં, બાલાણં તુ પવેઈયં ।**
**એત્તો સકામમરણં, પંડિયાણં સુણેહ મે ॥૧૭॥**

આમ અજ્ઞાની બાલજીવોનું અકામ મરણ કહ્યું. હવે પંડિતોનું - જ્ઞાનીઓનું સકામ મરણ કહું છું તે તે મારી પાસેથી સાંભળો.

**મરણં પિ સપુણ્ણાણં, જહા મેય મણુસ્સુયં ।**
**વિપ્પસન્નમણાઘાયં, સંજયાણ વુસીમઓ ॥૧૮॥**

મેં પરંપરાથી સાંભળ્યું છે કે પુણ્યવાન જિતેન્દ્રિય અને સંયમીપુરુષોનું મરણ વ્યાઘાત રહિત અને પ્રસન્નતાથી થાય છે.

**ન ઈમં સવ્વેસુ ભિક્ખૂસુ, ન ઈમં સવ્વેસુ અગારિસુ ।**
**નાણાસીલા અગારત્થા, વિસમસીલા ય ભિક્ખુણો ॥૧૯॥**

આ સકામ પંડિત મરણ ન બધા ભિક્ષુઓને કે ન બધા ગૃહસ્થોને થાય છે. ગૃહસ્થ પણ અનેક જાતના શીલ પાળે છે તેમજ ભિક્ષુઓ પણ જુદા જુદા આચારવાળા સનિદાન - અતિચારવાળા હોય છે.

**સન્તિ એગેહિં ભિક્ખૂહિં, ગારત્થા સંજમુત્તરા ।**
**ગારત્થેહિં ય સવ્વેહિં, સાહવો સંજમુત્તરા ॥૨૦॥**

કેટલાક ભિક્ષુઓ કરતાં ગૃહસ્થ ઉત્તમ સંયમી હોય છે અને બધા ગૃહસ્થોની અપેક્ષાએ સાધુ ઉત્તમ સંયમવાળા હોય છે.

**ચીરાજિણં નગિણિણં, જડી સંઘાડિ મુંડિણં ।**
**એયાણિ વિ ન તાયન્તિ, દુસ્સીલં પરિયાગયં ॥૨૧॥**

પ્રવ્રજ્યા સ્વીકારેલ હોય પણ દુઃશીલ - દુરાચારીને ચીવર, વલ્કલવસ્ત્ર, મૃગચર્મ, નગ્નત્વ, જટા, કંથા અને મુંડન દુર્ગતિથી બચાવી શકતા નથી.

**પિંડોલએ વ દુસ્સીલે, નરગાઓ ન મુચ્ચઇ ।**
**ભિક્ખાએ વા ગિહત્થે વા, સુવ્વએ કમ્મઇ દિવં ॥૨૨॥**

ભિક્ષુ પણ દુરાચારી હોય તો તે નરકથી બચી શકતો નથી, તેમ ગૃહસ્થ હોય અથવા સાધુ હોય પરંતુ જો સુંદર રીતે વ્રત પાળતો હોય તો તે દેવલોકમાં જાય છે.

**અગારિસામાઇયં ગાણિ, સડ્ઢી કાએણ ફાસએ ।**
**પોસહં દુહઓ પક્ખં, એગરાયં ન હાવએ ॥૨૩॥**

ગૃહસ્થ પણ સામાયિકનાં શ્રુત ચારિત્ર રૂપ અંગોનું શ્રદ્ધાપૂર્વક મન, વચન, કાયાથી પાલન કરે, પક્ષમાં બે પૌષધ કરે, એક રાત્રિ પણ છોડે નહિ.

**એવં સિક્ખાસમાવન્ને, ગિહિવાસે વિ સુવ્વએ ।**
**મુચ્ચઇ છવિપવ્વાઓ, ગચ્છે જક્ખ-સલોગયં ॥૨૪॥**

આવી રીતે ગૃહસ્થાવાસમાં રહેનાર સુવ્રતોનું પાલન કરવાથી ઔદારિક શરીર છોડીને દેવલોકમાં જાય છે.

**અહ જે સંવુડે ભિક્ખુ, દોણ્હં અન્નયરે સિયા ।**
**સવ્વદુક્ખપ્પહીણે વા, દેવે વાવિ મહિડ્ઢિએ ॥૨૫॥**

જે સંવરવાન આશ્રવનો નિરોધ કરનાર સાધુ છે, તે મનુષ્ય આયુષ્ય પૂર્ણ થયા પછી કાં તો સિદ્ધ થાય છે અથવા મહાઋદ્ધિવાળા દેવ થાય છે.

**ઉત્તરાઈ વિમોહાઈ, જુઈમન્તાણુપુવ્વસો ।**
**સમાઇણ્ણાઈ જક્ખેહિં, આવાસાઈ જસં સિણો ॥૨૬॥**

ત્યાં દેવોના આવાસ સૌધર્મ દેવલોકથી અનુત્તર વિમાન સુધી ઉત્તરોત્તર શ્રેષ્ઠ રહેલા છે. એ આવાસ સ્વલ્પ મોહવાળા દ્યુતિમાન યશસ્વી દેવોથી યુક્ત છે.

**દીહાઉયા ઇડ્ઢિમન્તા, સમિદ્ધા કામરૂવિણો ।**
**અહુણોવવન્ન સંકાસા, ભુજ્જો અચ્ચિમાલિપ્પભા ॥૨૭॥**

આ દેવ દીર્ઘ આયુષ્યવાળા, ઋદ્ધિવાળા, તેજસ્વી, ઇચ્છાનુસાર રૂપ બનાવનાર, તાજા જ ઉત્પન્ન થનાર દેવોની સમાન ભવ્ય કાંતિયુક્ત અને અનેક સૂર્યોના સમાન પ્રકાશવાળા છે.

**તાણિ ઠાણાણિ ગચ્છન્તિ, સિક્ખિત્તા સંજમં તવં ।**
**ભિક્ખાએ વા ગિહત્થે વા, જે સંતિ પરિનિવ્વુડા ॥૨૮॥**

ગૃહસ્થ કે સાધુ જેણે કષાયોને શાંત કરી નાખ્યા છે, એ સંયમ અને તપનું પાલન કરીને પૂર્વોક્ત દેવલોકમાં જાય છે.

**તેસિં સોચ્ચા સપુજ્જાણં, સંજયાણં વુસીમઓ ।**
**ન સંતસંતિ મરણન્તે, સીલવન્તા બહુસ્સુયા ॥૨૯॥**

પૂજનીય, સંયમી અને જિતેન્દ્રિય સાધુઓનું ચરિત્ર સાંભળીને ચારિત્રવાન અને બહુશ્રુત મહાત્મા મૃત્યુ વખતે સંતપ્ત ઉદ્વિગ્ન થતા નથી.

**તુલિયા વિસેસમાદાય, દયાધમ્મસ્સ ખન્તિએ ।**
**વિપ્પસીએજ્જ મેહાવી, તહાભૂએણ અપ્પણા ॥૩૦॥**

બુદ્ધિમાન સાધુ બંને મરણોને સરખાવીને વિશેષતાવાળા સકામમરણને ગ્રહણ કરે, દયા પ્રધાન ધર્મ, દશવિધ યતિધર્મથી અને તથાભૂત = ઉપશાંત કષાયાદિવાળો આત્મા થઈને આત્માને પ્રસન્ન કરે છે.

**તઓ કાલે અભિપ્પેએ, સડ્ઢી તાલિસમંતિએ ।**
**વિણએજ્જ લોમહરિસં, ભેયં દેહસ્સ કંખએ ॥૩૧॥**

પછી સાધુ જ્યારે મૃત્યુકાળ આવે ત્યારે ગુરુજીની પાસે જેવી શ્રદ્ધાથી પ્રવ્રજ્યા યા સંલેખના ગ્રહણ કરેલ તેવી જ શ્રદ્ધાવાળો રહે. અને પરિષહ ઉપસર્ગજનિત રોમાંચ દૂર કરે. મરણના ભયને દૂર કરે અને આકાંક્ષા રહિત થઈ શરીરના નાશની પ્રતીક્ષા કરે = દેહની સાર સંભાળ ન કરે.

**અહ કાલમ્મિ સંપત્તે, આઘાયાય સમુસ્સયં ।**
**સકામમરણં મરઈ, તિણ્હમન્નયરં મુણિ ॥૩૨॥**

**॥ ત્તિબેમિ ॥**

મૃત્યુ વખતે ભક્ત પ્રત્યાખ્યાન, ઈંગિત અને પાદપોપગમન આ ત્રણ મરણમાં કોઈ એક મરણ સ્વીકારીને અંદરથી કાર્મણશરીર અને બહારથી ઔદારિક શરીરનો ત્યાગ કરતો થકો સકામ મરણે મરે.

# અધ્યયન-૬ : ક્ષુલ્લક નિર્ગ્રંથ

**જાવન્ત અવિજ્જા પુરિસા, સવ્વે તે દુક્ખસંભવા ।**
**લુપ્પન્તિ બહુસો મૂઢા, સંસારંમિ અણન્તએ ॥૧॥**

જેટલા પણ અજ્ઞાની પુરુષો છે, તેઓ બધાં દુઃખોના ઉત્પાદક છે. એ મૂઢ પુરુષો અનંત સંસારમાં આધિ-વ્યાધિ-વિયોગાદિ દુઃખોથી પીડિત થાય છે.

**સમિક્ખ પંડિએ તમ્હા, પાસજાઈ પહે બહુ ।**
**અપ્પણા સચ્ચ મેસેજ્જા, મેત્તિં ભૂએસુ કપ્પએ ॥૨॥**

એટલા માટે પંડિત લોક બંધનો અને એકેન્દ્રિયાદિમાં જન્મ-મરણનાં મોહજનિત કારણોની સમીક્ષા કરી સ્વયં સત્યની શોધ કરે અને બધાં પ્રાણીઓથી મૈત્રી રાખે.

**માયા પિયા ન્હુસા ભાયા, ભજ્જા પુત્તા ય ઓરસા ।**
**નાલં તે મમ તાણાય, લુપ્પંતસ્સ સકમ્મુણા ॥૩॥**

સત્યદ્રષ્ટા પંડિત વિચારે કે મારાં કરેલાં કર્મનું ફળ દુઃખો ભોગવતી વખતે મારી રક્ષા કરવાને માતા, પિતા, પુત્રવધૂ, ભાઈ, સ્ત્રી, પુત્ર અને કોઈપણ સમર્થ નથી.

**એયમટ્ઠં સપેહાએ, પાસે સમિયદંસણે ।**
**છિન્દે ગેહિં સિણેહં ચ, ન કંખે પુવ્વ સંથુયં ॥૪॥**

સમ્યગ્દષ્ટિ પુરુષ, પોતાની સ્વતંત્ર બુદ્ધિથી કહેલી વાતને સ્વયં વિચારે અને ગૃદ્ધિ તથા સ્નેહને તોડી દે. કોઈ સાથે ઉપરના પૂર્વ પરિચયની ઈચ્છા કરતો થકો મમત્વભાવનો ત્યાગ કરે.

**ગવાસં મણિકુંડલં, પસવો દાસ પોરુસં ।**
**સવ્વમેયં ચઈત્તાણં, કામરૂવી ભવિસ્સસિ ॥૫॥**

મણિ, કુંડલાદિ આભૂષણ, દાસી, ગાય, ઘોડાદિ પશુ આ બધાંનું મમત્વ છોડી દેવાથી (સંયમ પાળવાથી) ઈચ્છાનુસાર રૂપધારક-દેવ થઈશ.

**થાવરં જંગમં ચેવ, ધણં ધન્નં ઉવક્ખરં ।**
**પચ્ચમાણસ્સ કમ્મેહિં, નાલં દુક્ખાઓ મોયણે ॥૬॥**

ચલ, અચલ, સ્થાવર-જંગમ સંપત્તિ, ધન, ધાન્ય, ઉપકરણ આદિ, બધાં પદાર્થો પણ દુઃખ ભોગવતાં પ્રાણીને દુઃખમાંથી છોડાવવાને સમર્થ નથી.

**અજ્ઝત્થં સવ્વઓ સવ્વં, દિસ્સ પાણે પિયાયએ ।**
**ન હણે પાણિણો પાણે, ભયવેરાઓ ઉવરએ ॥૭॥**

બધા આત્માઓને સુખ પ્રિય છે, દુઃખ અપ્રિય છે. પોતાનો આત્મા બધાને વહાલો છે. એવું જાણીને ભય અને વેરથી નિવૃત્ત સાધક કોઈની હિંસા કરે નહિ.

**આયાણં નરયં દિસ્સ, નાયએજ્જ તણામવિ ।**
**દોગુંચ્છી અપ્પણો પાએ, દિન્નં ભૂંજેજ્જ ભોયણં ॥૮॥**

અદત્તાદાન અથવા પરિગ્રહને નરકનું કારણ જાણીને કોઈએ ન આપ્યું હોય તેવું તૃણ માત્ર પણ ગ્રહણ કરે નહિ, પછી આત્મજુગુપ્સક (દેહનિંદક) મુનિ પોતાના પાત્રમાં ગૃહસ્થએ આપેલો આહાર - ભિક્ષા ગ્રહણ કરે.

**ઇહમેગે ઉ મન્નન્તિ, અપ્પચ્ચક્ખાય પાવગં ।**
**આયરિયં વિદિત્તાણં, સવ્વદુક્ખાણ વિમુચ્ચઈ ॥૯॥**

આ જગતમાં કેટલાક લોકો માને છે કે પાપનો ત્યાગ-પ્રત્યાખ્યાન કર્યા વિના ફક્ત આર્ય = તત્ત્વજ્ઞાન અથવા આચાર જાણવા માત્રથી જ આત્મા બધાં દુઃખમાંથી છૂટી જાય છે.

**ભણન્તા અકરેન્તા ય, બન્ધમોક્ખ પઇન્નિણો ।**
**વાયાવિરિયમેત્તેણં, સમાસાસેન્તિ અપ્પયં ॥૧૦॥**

બંધ અને મોક્ષના સિદ્ધાંતને માનવાવાળા જ્ઞાનથી જ મોક્ષ થાય છે એમ કહે છે પણ તે આત્મવાદી સંયમનું આચરણ કરતા નથી, કેવળ વચનોથી જ વાણીની વીરતાથી જ પોતાના આત્માને આશ્વાસન આપે છે.

**ન ચિત્તા તાયએ ભાસા, કુઓ વિજ્જાણુસાસણં ।**
**વિસન્ના પાવકમ્મેહિં, બાલા પંડિયમાણિણો ॥૧૧॥**

અનેક ભાષાઓ અથવા જ્ઞાન, પાપો અથવા દુઃખોથી આત્માની રક્ષા કરનારા નથી થતા, તો પછી મંત્રાદિ વિદ્યા વ્યાકરણ ન્યાય-મીમાંસા વગેરે વિદ્યાઓનું શિક્ષણ ક્યાંથી સુરક્ષા આપી શકે ! જે તેને રક્ષક માને છે અને પોતાને પંડિત માનનારા એ અજ્ઞાની માણસો પાપરૂપી કીચડમાં ફસાયેલાં છે.

**જે કેઇ સરીરે સત્તા, વન્ને રૂવે ય સવ્વસો ।**
**મણસા કાયવક્કેણં, સવ્વે તે દુક્ખસંભવા ॥૧૨॥**

કેટલાક અજ્ઞાની શરીર, વર્ણ અને રૂપમાં મન, વચન અને કાયાથી આસક્ત છે, એ બધા લોકો દુઃખ ઉત્પન્ન કરે છે.

**આવન્ના દીહમદ્ધાણં, સંસારમ્મિ અણન્તએ ।**
**તમ્હા સવ્વદિસં પસ્સં, અપ્પમત્તો પરિવ્વએ ॥૧૩॥**

અજ્ઞાની જીવ આ અનંત સંસારમાં અનંત જન્મ મરણ કરે છે, એટલા માટે જ્ઞાની બધી દિશાઓને જીવોનાં ઉત્પત્તિસ્થાનોને જોતો (ઉપયોગ કરતો) અપ્રમત્ત થઈને વિચરે છે.

**બહિયા ઉડ્ઢમાદાય, નાવકંખે કયાઈ વિ ।**
**પુવ્વકમ્મક્ખયટ્ઠાએ, ઈમં દેહં સમુદ્ધરે ॥૧૪॥**

સંસારથી બહાર અને બધાથી ઉપર એવા મોક્ષને જ ધ્યેય બનાવીને ચાલનારો વિષયાદિની ઈચ્છા કરે નહિ અને માત્ર પૂર્વ કર્મોનો ક્ષય કરવાને માટે જ આ શરીરને ધારણ કરે.

**વિવિચ્ચ કમ્મુણો હેઉં, કાલકંખી પરિવ્વએ ।**
**માયં પિંડસ્સ પાણસ્સ, કડં લદ્ધુણ ભક્ખએ ॥૧૫॥**

અવસરને જાણનાર સાધક મિથ્યાત્વ, અવ્રત, કષાય, પ્રમાદ, યોગ એ કર્મના હેતુઓને આત્માથી દૂર કરીને સંયમ અને તપમાં વિચરે. ગૃહસ્થોએ પોતાના માટે બનાવેલ ભોજનમાંથી પોતાના સંયમનિર્વાહ માટે આવશ્યકતાનુસાર ઉચિત માત્રામાં આહાર-પાણી લઈને વાપરે.

**સન્નિહિં ચ ન કુવિજ્જા, લેવમાયાએ સંજએ ।**
**પક્ખીપત્તં સમાદાય, નિરવેક્ખો પરિવ્વએ ॥૧૬॥**

સાધુ-સંયતિ લેશમાત્ર પણ અન્નનો સંચય કરે નહિ. જેવી રીતે પક્ષી પોતાની પાંખોની સાથે ચાલે છે, એવી રીતે પોતાના ઉપકરણ લઈને અનાસક્ત થઈને ભિક્ષાટન કરે (ભિક્ષા માટે ફરે).

**એસણાસમિઈઓ લજ્જૂ, ગામે અણિયઓ ચરે ।**
**અપ્પમત્તો પમત્તેહિં, પિંડવાયં ગવેસએ ॥૧૭॥**

સંયમી સાધુ એષણા સમિતિનું પાલન કરતો કરતો લજ્જાવાન સંયમી સાધુ ગ્રામમાં અનિયત વૃત્તિથી (નિયત નિવાસરહિત) અપ્રમાદી થઈને ગૃહસ્થોને ત્યાંથી નિર્દોષ ભિક્ષાની શોધ કરે.

**એવં સે ઉદાહુ અણુત્તર નાણી, અણુત્તરદંસી અણુત્તરનાણદંસણધરે, ।**
**અરહા નાયપુત્તે, ભગવં વેસાલિએ વિયાહિએ ॥૧૮॥**

**॥ ત્તિબેમિ ॥**

આવી રીતે ક્ષુલ્લક નિર્ગ્રંથોને માટે અપ્રમાદનો ઉપદેશ સર્વજ્ઞ, સર્વદર્શી, પરમોત્કૃષ્ટ જ્ઞાન, દર્શન ધારક અરિહંત, જ્ઞાતપુત્ર, વૈશાલિક ભગવાન મહાવીરે કહ્યો છે.

# અધ્યયન - ૭ : એલયં

**જહા એસં સમુદ્દિસ્સ, કોઈ પોસેજ્જ એલયં ।**
**ઓયણં જવસં દેજ્જા, પોસેજ્જા વિ સયંગણે ॥૧॥**

જેવી રીતે મહેમાન માટે કેટલાક લોકો બોકડાને પાળે છે અને ભાત-જવ આદિ ખવડાવીને પોતાના ઘરમાં (ઘરના આંગણે) પોષે છે (પાળે છે).

**તઓ સે પુટ્ઠે પરિવૂઢે, જાયમેએ મહોદરે ।**
**પીણિએ વિઉલે દેહે, આએસં પરિકંખએ ॥૨॥**

આ બોકડો ખાઈ-પીને પુષ્ટ ચરબીયુક્ત મોટા અને સ્થૂળ દેહવાળો થઈ જાય છે. પછી તેનો પાલક મહેમાનની રાહ જુએ છે.

**જાવ ન એઈ આએસે, તાવ જીવઈ સે દુહી ।**
**અહ પત્તંમિ આએસે, સીસં છેત્તૂણ ભુંજઈ ॥૩॥**

જ્યાં સુધી એ મહેમાન આવતો નથી, ત્યાં સુધી એ બિચારો દુઃખી થઈને બોકડો જીવે છે. પરોણાના આવ્યા પછી બોકડાનું માથું કાપીને ખાઈ જાય છે. ત્યારે તે બોકડો દુઃખી થાય છે.

**જહા સે ખલુ ઉરબ્ભે, આએસાએ સમીહિએ ।**
**એવં બાલે અહમ્મિટ્ઠે, ઈહઈ નરયાઉયં ॥૪॥**

જેવી રીતે એ બોકડો પરોણાને માટે નિશ્ચિત છે, એવી રીતે અધર્મી, અજ્ઞાનીને નરકાયુ નિશ્ચિત છે.

**હિંસે બાલે મુસાવાઈ, અદ્ધાણમ્મિ વિલોવએ ।**
**અન્નદત્તહરે તેણે, માઈ કન્નુ હરે સઢે ॥૫॥**

અજ્ઞાની, હિંસા કરવાવાળા, અસત્યવાદી, માર્ગમાં બીજાને લૂંટનારા, આપ્યા વિનાની વસ્તુ લેવાવાળા ચોર, માયા કરનાર ક્યાંથી ધન હરણ કર્યું એવી વિચારણામાં મગ્ન.

**ઈત્થીવિસયગિદ્ધે ય, મહારંભ-પરિગ્ગહે ।**
**ભુંજમાણે સુરં મંસં, પરિવૂઢે પરંદમે ॥૬॥**

કપટી, દુષ્ટ અધ્યવસાયવાળા, લુચ્ચા-શઠ, સ્ત્રીઓના વિષયમાં ગૃદ્ધ-આસક્ત, મહારંભી, પરિગ્રહમાં ચકચૂર - દારૂ - માંસ ખાનાર, હૃષ્ટપુષ્ટ બીજાને સતાવનારો.

**અયકક્કરભોઈ ય, તુંડિલે ચિયલોહિએ ।**
**આઉયં નરએ કંખે, જહા એસં વ એલએ ॥૭॥**

બકરાંની જેમ કર્કર શબ્દ કરતાં થકા માંસાદિ અભક્ષ્ય ખાનાર મોટી ફાંદવાળો અને પ્રચુર લોહીવાળો નરકાયુને ઇચ્છે છે, જેવી રીતે બકરાનો પાલક પરોણા-મહેમાનને ઇચ્છે છે.

**આસણં સયણં જાણં, વિત્તં કામે ય ભુંજિયા ।**
**દુસ્સાહડં ધણં હિચ્ચા, બહુ સંચિણીયા રયં ॥૮॥**

અજ્ઞાની બાલજીવ, વર્તમાનકાળનો જ વિચાર કરવાવાળો ભારેકર્મી પ્રાણી, આસન, શય્યા, ભુવન, વાહન, ધન અને -

**તઓ કમ્મગુરુ જંતૂ, પચ્ચુપન્નપરાયણે ।**
**અય વ્વ આગયાએસે, મરણંતમ્મિ સોયઈ ॥૯॥**

કામભોગો તથા દુઃખથી એકઠો કરેલ પશુ આદિનો પરિગ્રહ છોડીને મરણ વખતે કર્મરજથી ખૂબ દબાયેલો પેલા બકરાની જેમ ખેદ કરે છે.

**તઓ આઉ પરિક્ખીણે, ચુયા દેહ વિહિંસગા ।**
**આસુરીયં દિસં બાલા, ગચ્છન્તિ અવસા તમં ॥૧૦॥**

પછી આયુષ્ય પૂરું થવાથી હિંસક અજ્ઞાની જીવ શરીરને છોડીને કર્મ વિવશ થઈને અંધકારપૂર્ણ આસુરી નરક ગતિમાં જાય છે.

**જહા કાગિણિએ હેઉં, સહસ્સં હારએ નરો ।**
**અપત્થં અમ્બગં ભોચ્ચા, રાયા રજ્જં તુ હારએ ॥૧૧॥**

જેવી રીતે કોઈ માણસ એક કાચના ટુકડા માટે હજાર સુવર્ણમુદ્રા હારી બેસે છે. અથવા જેવી રીતે કોઈ રાજા અપથ્ય કેરી ખાઈને રાજ્ય ગુમાવી નાખે છે, તેવી જ રીતે જે વ્યક્તિ મનુષ્યસંબંધી ભોગોમાં લુબ્ધ બનીને તે દિવ્ય ભોગોને હારી જાય છે.

**એવં માણુસ્સગા કામા, દેવકામાણ અન્તિએ ।**
**સહસ્સ ગુણિયા ભુજ્જો, આઉં કામા ય દિવ્વિયા ॥૧૨॥**

આવી રીતે દેવોના કામભોગ આગળ મનુષ્યોના કામભોગ તુચ્છ છે અને દેવોના કામભોગ અને આયુષ્ય, મનુષ્યના કામભોગ અને આયુષ્ય કરતાં હજાર ગુણા અધિક છે.

**અણેગવાસાનઉયા, જા સા પન્નવઓ ઠિઈ ।**
**જાઈ જીયન્તિ દુમ્મેહા, ઊણેવાસસયાઉએ ॥૧૩॥**

પ્રજ્ઞાવાનની સ્થિતિ દેવગતિમાં અનેક નયુત વર્ષ(અસંખ્ય કાળ)ની હોય છે. આ સ્થિતિને દુર્બુદ્ધિ મનુષ્ય વિષયોથી પરાજિત માનવ સો વર્ષથી પણ ઓછાં આયુષ્યમાં હારી જાય છે.

**જહા ય તિન્નિ વાણિયા, મૂલં ઘેત્તૂણ નિગ્ગયા ।**
**એગો અત્થ લહએ લાભં, એગો મૂલેણ આગઓ ॥૧૪॥**

જેવી રીતે ત્રણ વણિક વેપારી મૂલપૂંજી લઈને નીકળ્યા. એકે નફો-લાભ મેળવ્યો અને બીજો મૂલ દ્રવ્ય લઈને આવ્યો.

**એગો મૂલં પિ હારિત્તા, આગઓ તત્થ વાણિઓ ।**
**વવહારે ઉવમા એસા, એવં ધમ્મે વિયાણહ ॥૧૫॥**

આમાંથી ત્રીજો મૂલ મૂડી પણ હારી ગયો. આ વ્યવહારનું ઉદાહરણ છે. આવી રીતે ધર્મમાં પણ સમજો.

**માણુસત્તં ભવે મૂલં, લાભો દેવગઈ ભવે ।**
**મૂલચ્છેએણ જીવાણં, નરગતિરિક્ખત્તણં ધુવં ॥૧૬॥**

મનુષ્યભવ મૂલપૂંજી સમાન છે. દેવગતિ લાભ સમાન છે, મૂલપૂંજી અથવા મનુષ્યભવને ખોઈ નાંખવાથી જીવને નિશ્ચયથી નરક અને તિર્યંચગતિ મળે છે.

**દુહઓ ગઈ બાલસ્સ, આવઈ વહમૂલિયા ।**
**દેવત્તં માણુસત્તં ચ, જં જિએ લોલયા સઢે ॥૧૭॥**

અજ્ઞાનીને બે પ્રકારની દુર્ગતિ પ્રાપ્ત થાય છે નરક અને તિર્યંચની. જ્યાં તેને વધમૂલક કષ્ટ પ્રાપ્ત થાય છે. કારણ કે મૂર્ખ અને લોલુપી જીવ દેવત્વ અને મનુષ્યત્વ હારી બેસે છે.

**તઓ જિએ સઈ હોઇ, દુવિહં દોગ્ગઈં ગએ ।**
**દુલ્લહા તસ્સ ઉમ્મગ્ગા, અદ્ધાએ સુચિરાદવિ ॥૧૮॥**

મનુષ્યત્વ, દેવત્વ હારેલો નરક અને તિર્યંચ ગતિમાં ઘણો લાંબો વખત દુઃખ પામે છે. જ્યાંથી બહાર નીકળવું દુર્લભ છે.

**એવં જિયં સપેહાએ, તુલિયા બાલં ચ પંડિયં ।**
**મૂલિયં તે પવેસંતિ, માણુસ્સં જોણિમેન્તિ જે ॥૧૯॥**

આવી રીતે હારેલા અજ્ઞાની જીવની, સમ્યક્ વિચારણા કરીને અજ્ઞાનીની પંડિત પુરુષથી સરખામણી કરીએ તો જે જીવ મનુષ્ય યોનિ પ્રાપ્ત કરે છે. એ મૂલપૂંજીની સાથે પાછા ફરેલા વણિક સમાન છે.

**વેમાયાહિં સિક્ખાહિં, જે નરા ગિહિસુવ્વયા ।**
**ઉવેન્તિ માણુસં જોણિં, કમ્મસચ્ચા હુ પાણિણો ॥૨૦॥**

જે મનુષ્ય ગૃહસ્થપણામાં વિવિધ જાતની શિક્ષાઓ દ્વારા સુવ્રતો પાળે છે. એ મનુષ્ય યોનિ પ્રાપ્ત કરે છે, કારણ કે પ્રાણીના કર્મ સત્ય હોય છે. અર્થાત્ સ્વકૃત કર્મોનું ફળ અવશ્ય પામે છે.

**જેસિં તુ વિઉલા સિક્ખા, મૂલિયં તે અઇચ્છિયા ।**
**સીલવન્તા સવિસેસા, અદીણા જન્તિ દેવયં ॥૨૧॥**

જેઓ વિપુલ શિક્ષા, (ગ્રહણ અને આસેવન શિક્ષા) વિરતિ (દેશવિરતિ - સર્વવિરતિવાળા છે) અને ઉત્તરોત્તર ગુણોવાળા છે, એ પુરુષો મૂળ મૂડીને વધારીને દીનતા રહિત થઈને દેવગતિને પ્રાપ્ત કરે છે.

**એવમદીણવં ભિક્ખૂ, આગારિં ચ વિયાણિયા ।**
**કહણ્ણુ જિચ્ચમેલિક્ખં, જિચ્ચમાણે ન સંવિદે ? ॥૨૨॥**

અદીન સાધુ અને ગૃહસ્થને દેવગતિરૂપ લાભથીયુક્ત જાણીને કોઈ વિવેકી પુરુષ કેવી રીતે આ લાભને ગુમાવે ? વિષય-કષાયાદિથી પરાજિત થયેલ તે શું નથી જાણતો કે હું પરાજિત થઈ રહ્યો છું ! દેવગતિરૂપ ધનલાભને હારી રહ્યો છું.

**જહા કુસગ્ગે ઉદગં, સમુદ્દેણ સમં મિણે ।**
**એવં માણુસ્સગા કામા, દેવકામાણ અંતિએ ॥૨૩॥**

જેવી રીતે ડાભ ઉપર રહેલું જળબિંદુ સમુદ્રની સરખામણીમાં કિંચિત્ માત્ર નથી. એવી રીતે મનુષ્ય જીવનનાં કામભોગ, દેવોનાં કામભોગની આગળ તુચ્છ છે.

**કુસગ્ગમેત્તા ઇમે કામા, સન્નિરુદ્ધમ્મિ આઉએ ।**
**કસ્સ હેઉં પુરાકાઉં, જોગક્ખેમં ન સંવિદે ॥૨૪॥**

માનવીનું આયુષ્ય સંક્ષિપ્ત અને વિઘ્નોથી પૂર્ણ છે. કામભોગ તો દાભની અણી ઉપર રહેલા જળબિંદુ સમાન છે. તો પછી આ જીવ ક્યા કારણે પોતાને માટે લાભપ્રદ યોગ-ક્ષેમને નથી સમજતો !

**ઇહ કામાનિયટ્ટસ્સ, અત્તટ્ઠે અવરજ્ઝઈ ।**
**સોચ્ચા નેયાઉયં મગ્ગં, જં ભુજ્જો પરિભસ્સઇ ॥૨૫॥**

આ લોકમાં શબ્દાદિ વિષયોથી નિવૃત્ત નહિ થનારનું આત્માર્થીપણું નષ્ટ થઈ જાય છે, કારણ કે ન્યાયયુક્ત મોક્ષમાર્ગને સાંભળે છે, છતાં ભારે કર્મી મનુષ્ય માર્ગથી ભ્રષ્ટ થઈ જાય છે.

**ઇહ કામનિયટ્ટસ્સ, અત્તટ્ઠે નાવરજ્ઝઈ ।**
**પૂઈ દેહનિરોહેણં, ભવે દેવે ત્તિ મે સુયં ॥૨૬॥**

આ મનુષ્ય લોકમાં કામભોગથી નિવૃત્ત થનાર આત્માર્થી ભ્રષ્ટ થતો નથી, તે લઘુકર્મી હોવાથી અશુચિમય આ દેહને છોડીને દેવ થાય છે. એમ મેં સાંભળ્યું છે.

**ઈઢ્ઢી જુઈ જસો વન્નો, આઉં સુહમણુત્તરં ।**
**ભુજ્જો જત્થ મણુસ્સેસુ, તત્થ સે ઉવ્વજ્જઇ ॥૨૭॥**

દેવત્વમાંથી ચ્યવીને એ આત્મા મનુષ્ય ભવમાં જ્યાં સર્વોત્તમ ઋદ્ધિ, દ્યુતિ, યશ, વર્ણ, આયુ, અને પ્રચુર સુખ હોય ત્યાં જન્મ લે છે.

**બાલસ્સ પસ્સ બાલત્તં, અહમ્મં પડિવજ્જિયા ।**
**ચિચ્ચા ધમ્મં અહમ્મિટ્ઠે, નરએ ઉવવજ્જઈ ॥૨૮॥**

અજ્ઞાનીનું અજ્ઞાનપણું તો જુઓ, એ અધર્મને સ્વીકારે છે અને ધર્મનો ત્યાગ કરે છે અને અત્યંત અધર્મી થઈને નરકમાં ઊપજે છે.

**ધીરસ્સ પસ્સ ધીરત્તં, સચ્ચ ધમ્માણુવત્તિણો ।**
**ચિચ્ચા અધમ્મં ધમ્મિટ્ઠે, દેવેસુ ઉવવજ્જઈ ॥૨૯॥**

ધીર પુરુષનું ધૈર્યપણું તો જુઓ. જે બધા ધર્મ-ક્ષમાદિ સત્ય ધર્મોનું પાલન કરે છે અને અધર્મનો ત્યાગ કરી ધર્માત્મા થઈને દેવોમાં ઉત્પન્ન થાય છે.

**તુલિયાણ બાલભાવં, અબાલં ચેવ પંડિએ ।**
**ચઈઊણ બાલભાવં, અબાલં સેવએ મુણી ॥૩૦॥**

**॥ ત્તિબેમિ ॥**

પંડિત મુનિએ મિથ્યાત્વ અને સમ્યક્ત્વની તુલના કરીને ગુણ-દોષની સમ્યક્ સમીક્ષા મિથ્યાત્વનો ત્યાગ કરવો અને સમ્યક્ ચારિત્રનું સેવન કરવું.

## અધ્યયન - ૮ : કપિલ

**અધુવે અસાસયમ્મિ, સંસારમ્મિ દુક્ખપઉરાએ ।**
**કિં નામ હોજ્જ તં કમ્મયં, જેણાહં દોગ્ગઈં ન ગચ્છેજ્જા ॥૧॥**

હે ભગવાન ! આ અસાર, અસ્થિર, ક્ષણિક અને દુ:ખથી ભરેલા સંસારમાં એવું કયું કર્મ છે કે જેનાથી હું દુર્ગતિમાં ન જાઉં ?

**વિજહિત્તુ પુવ્વસંજોગં, ન સિણેહં કહિંચિ કુવ્વેજ્જા ।**
**અસિણેહ સિણેહકરેહિં, દોસ પઓસેહિં મુચ્ચએ ભિક્ખૂ ॥૨॥**

ભિક્ષુ પૂર્વ સંયોગોનો ત્યાગ કરીને કોઈને વિશે પણ સ્નેહ ન કરે અને પોતાના ઉપર સ્નેહ કરનાર વિશે પણ સ્નેહ ન રાખે તો તે દોષોથી મુક્ત થઈ જાય છે.

**તો નાણદંસણસમગ્ગો, હિયનિસેસ્સાય સવ્વ જીવાણં ।**
**તેસિં વિમોક્ખણટ્ઠાએ, ભાસઇ મુણિવરો વિગયમોહો ॥૩॥**

પૂર્ણ જ્ઞાન અને દર્શનયુક્ત વીતરાગ, મહામુનિ બધા જીવોના તથા તે પાંચસો ચોરોના હિત કલ્યાણને માટે મોક્ષને માટે તેઓને કર્મોથી છોડાવવા માટે કહે છે :

**સવ્વં ગંથં કલહં ચ, વિપ્પજહે તહાવિહં ભિક્ખૂ ।**
**સવ્વેસુ કામજાએસુ, પાસમાણો ન લિપ્પઈ તાઈ ॥૪॥**

ભિક્ષુ કર્મ બંધ કરાવવાવાળા બધી જાતના (બાહ્ય અને આભ્યંતર) પરિગ્રહ અને કલેશને છોડી દે. જીવોનો રક્ષક મુનિ ઈન્દ્રિયોના બધા વિષયોમાં બંધન જોતાં છતાં એમાં લેપાતો નથી.

**ભોગામિસદોસવિસન્ને, હિયનિસ્સેયસબુદ્ધિવોચ્ચત્થે ।**
**બાલે ય મન્દિએ મૂઢે, બજ્ઝઈ મચ્છિયા વ ખેલમ્મિ ॥૫॥**

આત્માને દૂષિત કરનારા ભોગરૂપી માંસના દોષોથી લેપાયેલો અને હિતકારી એવા મોક્ષથી વિપરીત બુદ્ધિવાળો આળસુ, મૂર્ખ અને અજ્ઞાની જીવ બળખામાં લપેટાયેલી માખીની જેમ સંસારમાં ફસાય છે.

**દુપરિચ્ચયા ઈમે કામા, નો સુજહા અધીરપુરિસેહિં ।**
**અહ સન્તિ સુવ્વયા સાહુ, જે તરન્તિ અતરં વણિયા વ ॥૬॥**

આ કામભોગોનો ત્યાગ કરવો મહા કઠિન છે. અધિર-કાયર પુરુષો એને સહેલાઈથી ત્યાગી શકતા નથી અને જેઓ સુવ્રતી સાધુ છે, તેઓ કામભોગને એવી રીતે તરી જાય છે જેમ વેપારી જહાજ દ્વારા સમુદ્ર તરી જાય છે.

**સમણા મુ એગે વયમાણા, પાણવહં મિયા અયાણંતા ।**
**મન્દા નિરયં ગચ્છન્તિ, બાલા પાવિયાહિં દિટ્ઠિહીં ॥૭॥**

હું શ્રમણ સાધુ છું એવું કહેતો પ્રાણીવધને ન જાણતો મૃગ જેવો જડ-મંદબુદ્ધિ જીવ પોતાની પાપ-બુદ્ધિ-દષ્ટિથી નરકમાં જાય છે.

**ન હુ પાણવહં અણુજાણે, મુચ્ચેજ્જ કયાઇ સવ્વદુક્ખાણં ।**
**એવં આયરિએહિં અક્ખાયં, જેહિં ઈમો સાહુ ધમ્મોપન્નત્તો ॥૮॥**

જેણે આ સાધુધર્મની પ્રરૂપણા કરી છે તે તીર્થંકરોએ કહ્યું છે કે -જે પ્રાણીવધનું અનુમોદન કરે છે, એ કદાપિ સર્વ જાતના દુઃખથી મુક્ત થઈ શકતો નથી.

**પાણે ય નાઇવાએજ્જા, સે સમિઇ ત્તિ વુચ્ચઈ તાઈ ।**
**તઓ સે પાવયં કમ્મં, નિજ્જાઇ ઉદગં વ થલાઓ ॥૯॥**

જે પ્રાણીઓની હિંસા (અતિપાત) કરતો નથી, તે છકાયનો રક્ષક અને પાંચ સમિતિનો પાલક કહેવાય છે. તેના જીવનમાંથી પાપકર્મ એવી રીતે નીકળી જાય છે, જેવી રીતે ઊંચી જગ્યા ઉપરથી નીચે પડેલું પાણી.

**જગનિસ્સિએહિં ભૂએહિં, તસનામેહિં થાવરેહિં ચ ।**
**નો તેસિમારભે દંડ, મણસા વયસા કાયસા ચેવ ॥૧૦॥**

મુનિ જગતમાં રહેતા ત્રસ અને સ્થાવર જીવોનો મન, વાણી અને કાયાથી હિંસારંભ કરે નહિ.

**સુદ્ધેસણાઓ નચ્ચાણં, તત્થ ઠવેજ્જ ભિક્ખૂ અપ્પાણં ।**
**જાયાએ ઘાસમેસેજ્જા, રસગિદ્ધે ન સિયા ભિક્ખાએ ॥૧૧॥**

સાધુ શુદ્ધ એષણાને જાણીને એમાં પોતાના આત્માને સ્થાપે = શુદ્ધ આહારમાં પ્રવૃત્તિ કરે, ભિક્ષામાં રસગૃદ્ધ ન થતાં સંયમ યાત્રાના નિર્વાહ માટે શુદ્ધ આહારની ગવેષણા કરે.

**પંતાણિ ચેવ સેવેજ્જા, સીયપિંડં પુરાણકુમ્માસં ।**
**અદુ બુક્કસં પુલાગં વા, જવણટ્ઠાએ નિસેવએ મંથું ॥૧૨॥**

મુનિ (પ્રાંત) નીરસ, ઠંડા, જૂના અડદના બાકુળા, કોરમા, નીરસ ચણા અને બોર આદિનું ચૂર્ણ મળે તો સંયમ યાત્રા પાળવા માટે સેવે.

**જે લક્ખણં ચ સુમિણં ચ, અંગવિજ્જં ચ જે પઉંજંતિ ।**
**ન હુ તે સમણા વુચ્ચન્તિ, એવં આયરિએહિં અક્ખાયં ॥૧૩॥**

આચાર્યોએ કહ્યું છે કે, જે સાધુ (શ્રમણ) લક્ષણ વિદ્યા, સ્વપ્ન વિદ્યા, અંગ વિદ્યાનો પ્રયોગ કરે તેને સાધુ કહેવાય નહિ.

**ઈહ જીવીયં અણિયમેત્તા, પબ્ભટ્ઠા સમાહિજોગેહિં ।**
**તે કામભોગરસગિદ્ધા, ઉવવજ્જન્તિ આસુરે કાએ ॥૧૪॥**

જેઓ જીવનને અનિયમિત રાખે છે, તેઓ સમાધિ અને યોગથી ભ્રષ્ટ થઈ ગયા છે, તેથી કામભોગ અને રસમાં આસક્ત થઈને અસુર કાયમાં ઉત્પન્ન થાય છે.

**તત્તો વિ ય ઉવ્વટ્ટિત્તા, સંસારં બહું અણુપરિયટ્ટન્તિ ।**
**બહુકમ્મલેવલિત્તાણં, બોહી હોઈ સુદુલ્લહા તેસિં ॥૧૫॥**

અસુર કાયમાંથી નીકળીને સંસારમાં ઘણો વખત પરિભ્રમણ કરે છે. કર્મ લેપથી અતિશય લેપાયેલાં પ્રાણીઓને સમ્યગ્જ્ઞાનની - બોધિધર્મની પ્રાપ્તિ થવી બહુ દુર્લભ છે.

**કસિણં પિ જો ઈમં લોયં, પડિપુન્નં દલેજ્જ ઈક્કસ્સ ।**
**તેણાવિ સે ન સંતુસ્સે, ઈઈ દુપ્પૂરએ ઈમે આયા ॥૧૬॥**

ધન-ધાન્યથી ભરેલો આ બધો લોક જો એક જ માણસને આપી દો તો પણ તેને સંતોષ થતો નથી. આ આત્માને તૃપ્ત કરવો કઠિન છે.

**જહા લાહો તહા લોહો, લાહા લોહો પવડ્ઢઈ ।**
**દોમાસ કયં કજ્જં, કોડીએ વિ ન નિટ્ઠિયં ॥૧૭॥**

જેમ જેમ લાભ થાય છે તેમ તેમ લોભ વધે છે. લાભથી લોભની વૃદ્ધિ થાય છે. બે માસા સોનાથી થવાનું કાર્ય કરોડ સોનામહોરથી પણ થતું નથી.

**નો રક્ખસીસુ ગિજ્ઝેજ્જા, ગંડવચ્છાસુ અણેગચિત્તાસુ ।**
**જાઓ પુરિસં પલોભિત્તા, ખેલન્તિ જહા વ દાસેહિં ॥૧૮॥**

પીનસ્તનવાલી ચંચલ ચિત્તવાળી, રાક્ષસીરૂપ સ્ત્રીઓમાં મૂર્ચ્છા ન પામે, જે પુરુષોને લોભાવીને સેવકની જેમ કામ કરાવે છે.

**નારીસુ નોવગિજ્ઝેજ્જા, ઈત્થી વિપ્પજહે અણગારે ।**
**ધમ્મં ચ પેસલં નચ્ચા, તત્થ ઠવેજ્જ ભિક્ખૂ અપ્પાણં ॥૧૯॥**

અણગાર ભિક્ષુ સ્ત્રીમાં આસક્ત ન થાય, સ્ત્રીસંગ ત્યાગીને ધર્મને જાણીને તેમાં આત્માને સ્થાપે.

**ઈઈ એસ ધમ્મે અક્ખાએ, કવિલેણં ચ વિસુદ્ધપન્નેણં ।**
**તરિહિન્તિ જે ઉ કાહિન્તિ, તેહિં આરાહિયા દુવે લોગ ॥૨૦॥**

**॥ ત્તિબેમિ ॥**

આવી રીતે વિશુદ્ધ પ્રજ્ઞાવાળા કપિલ મુનિએ આ ધર્મ કહ્યો છે. જેઓ આ ધર્મ પાળશે એ લોકો સંસાર તરી જશે. આ ધર્મની આરાધના કરનારાઓએ બંને લોકની આરાધના કરી છે.

## અધ્યયન - ૯ : નમિ પ્રવ્રજ્યા

**ચઈઊણ દેવલોગાઓ, ઉવવન્નો માણુસમ્મિ લોગંમિ ।**
**ઉવસન્તમોહણિજ્જો, સરઈ પોરાણિયં જાઈ ॥૧॥**

નમિરાજાનો જીવ દેવલોકમાંથી ચ્યવીને, મનુષ્યલોકમાં ઉત્પન્ન થયો અને મોહનીયના ઉપશાન્ત થવાથી જાતિસ્મરણ જ્ઞાન દ્વારા પૂર્વ ભવને યાદ કરે છે.

**જાઈ સરિત્તુ ભયવં, સયંસંબુદ્ધો અણુત્તરે ધમ્મે ।**
**પુત્તં ઠવેત્તુ રજ્જે, અભિનિક્ખમઈ નમી રાયા ॥૨॥**

ભગવાન નમિરાજાએ જાતિસ્મરણ પ્રાપ્ત કરીને (પૂર્વભવનું સ્મરણ) સ્વયંબોધ પ્રાપ્ત કર્યો અને પુત્રને રાજગાદી ઉપર સ્થાપી સર્વોત્કૃષ્ટ ચારિત્રધર્મના પાલન માટે ગૃહસ્થાવાસનો ત્યાગ કર્યો. પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

**સે દેવલોગસરિસે, અંતેઉર વરગઓ વરે ભોએ ।**
**ભુંજિત્તુ નમી રાયા, બુદ્ધો ભોગે પરિચ્ચયઇ ॥૩॥**

પ્રવ્રજ્યા સ્વીકાર્યા પહેલા નમિરાજાએ અંતઃપુરના દેવલોક જેવા ઉત્તમ ભોગો ભોગવીને બોધને પ્રાપ્ત કરીને ભોગોનો પરિત્યાગ કર્યો.

**મિહિલં સપુરજણવયં, બલમોરોહં ચ પરિયણં સવ્વં ।**
**ચિચ્ચા અભિનિક્ખન્તો, એગંતમહિટ્ઠિઓ ભયવં ॥૪॥**

નગરો અને જનપદો સહિત, મિથિલા નગરી, સેના, રાણીઓ અને દાસ-દાસીઓ આ બધાનો ત્યાગ કરીને ભગવાન નમિરાજાએ દીક્ષા ધારણ કરી અને એકાંત મોક્ષનો આશ્રય લીધો.

**કોલાહલગભૂયં, આસી મિહિલાએ પવ્વયંતમ્મિ ।**
**તઈયા રાયરિસિમ્મિ, નમિમ્મિ અભિનિક્ખમન્તમ્મિ ॥૫॥**

જ્યારે નમિ રાજર્ષિ ગૃહત્યાગ કરીને દીક્ષિત થયા ત્યારે મિથિલા નગરીમાં સર્વત્ર કોલાહલ થવા લાગ્યો.

**અબ્ભુટ્ઠિયં રાયરિસિં, પવ્વજ્જાઠાણમુત્તમં ।**
**સક્કો માહણરુવેણ, ઈમં વયણમબ્બવી ॥૬॥**

સર્વોત્તમ પ્રવ્રજ્યા(દીક્ષા)ને માટે તૈયાર થયેલ રાજર્ષિને શક્રેન્દ્રે બ્રાહ્મણ રૂપે આવીને આ વચન કહ્યું.

**કિણ્ણુ ભો અજ્જ મિહિલાએ, કોલાહલગ-સંકુલા ।**
**સુવ્વન્તિ દારુણા સદ્દા, પાસાએસુ ગિહેસુ ય ॥૭॥**

હે નમિરાજ ! આજે મિથિલાના મહેલોમાં અને ગૃહોમાં કોલાહલથી વિલાપ અને ક્રંદન વ્યાપ્ત અને આટલો હૃદયવિદારક દારુણ શબ્દ શાથી સાંભળવામાં આવે છે ?

**એયમટ્ઠં નિસામિત્તા, હેઉ-કારણ ચોઈઓ ।**
**તઓ નમી રાયરિસી, દેવિન્દં ઇણમબ્બવી ॥૮॥**

ઈન્દ્રનો પ્રશ્ન સાંભળીને એના હેતુ અને કારણથી પ્રેરિત થયેલ નમિ-રાજર્ષિ દેવેન્દ્રને નીચે પ્રમાણે કહેવા લાગ્યા :

**મિહિલાએ ચેઈએ વચ્છે, સીયચ્છાએ મણોરમે ।**
**પત્તપુપ્ફફલોવેએ, બહૂણં બહુગુણે સયા ॥૯॥**

મિથિલા નગરીના ચૈત્ય-બગીચામાં પત્ર, પુષ્પો અને ફળોથી યુક્ત શીતલ છાયાવાળું, ઘણાં પ્રાણીઓને સદા લાભ પહોંચાડવાવાળું એક મનોહર ઝાડ હતું.

**વાએણ હીરમાણંમિ, ચેઈયંમિ મણોરમે ।**
**દુહિયા અસરણા અત્તા, એએ કન્દન્તિ ભો ! ખગા ॥૧૦॥**

આ મનોહર ઝાડ એક વખત પ્રચંડ આંધીથી ઊખડી ગયું, આથી પક્ષીઓ આદિ દુઃખી અશરણ અને પીડિત થઈને આક્રંદ કરે છે.

**એયમટ્ઠં નિસામિત્તા, હેઉ-કારણ ચોઈઓ ।**
**તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઈણમબ્બવી ॥૧૧॥**

નમિ રાજર્ષિના ભાવવાહી ઉત્તરને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા ઈન્દ્રરાજે કહ્યું કે -

**એસ અગ્ગી ય વાઉ ય, એયં ડજ્ઝઈ મન્દિરં ।**
**ભયવં અન્તેઉરં તેણં, કીસ ણં નાવપેક્ખહ ॥૧૨॥**

હે ભગવાન ! વાયુથી પ્રેરિત આ અગ્નિ આપના મહેલને બાળી રહેલ છે. આપશ્રી આપના અંતઃપુર તરફ કેમ જોતા નથી !

**એયમટ્ઠં નિસામિત્તા, હેઉ-કારણ ચોઈઓ ।**
**તઓ નમી રાયરિસી, દેવિન્દં ઈણમબ્બવી ॥૧૩॥**

ઈન્દ્રનો પ્રશ્ન સાંભળીને એના હેતુ અને કારણથી પ્રેરિત થયેલ નમિ-રાજર્ષિ દેવેન્દ્રને નીચે પ્રમાણે કહેવા લાગ્યા :

**સુહં વસામો જીવામો, જેસિં મો નત્થિ કિંચણં ।**
**મિહિલાએ ડજ્ઝમાણીએ, ન મે ડજ્ઝઈ કિંચણં ॥૧૪॥**

જેની પાસે પોતાનું કાંઈપણ નથી એવો હું સુખેથી રહું છું અને સુખેથી જીવું છું. મિથિલાના બળવાથી મારું કાંઈપણ બળતું નથી.

**ચત્તપુત્તકલત્તસ્સ નિવ્વાવારસ્સ ભિક્ખુણો ।**
**પિયં ન વિજ્જઈ કિંચિ, અપ્પિયં પિ ન વિજ્જઈ ॥૧૫॥**

ગૃહ, પુત્ર અને સ્ત્રીઓ વગેરેનો ત્યાગ કરેલ, ઘર, ખેતી વગેરે સાવદ્ય વ્યાપારથી મુક્ત ભિક્ષુ-સાધુને ન તો કોઈ પ્રિય છે તેમજ ન તો કોઈ અપ્રિય છે.

**બહું ખુ મુણિણો ભદ્દં, અણગારસ્સ ભિક્ખુણો ।**
**સવ્વઓ વિપ્પમુક્કસ્સ, એગન્તમણુપસ્સઓ ॥૧૬॥**

બાહ્ય અને આભ્યંતર સર્વ બંધનોથી મુક્ત થઈને હું એકલો જ આ રીતે એકત્વ ભાવમાં રહેનાર ગૃહ-ઘર રહિત ભિક્ષુને નિશ્ચયથી ઘણું સુખ છે. આનંદમંગલ છે.

**એયમટ્ઠં નિસામિત્તા, હેઉ-કારણ ચોઈઓ ।**
**તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઈણમબ્બવી ॥૧૭॥**

નમિ રાજર્ષિના ભાવવાહી ઉત્તરને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા ઈન્દ્રરાજે કહ્યું કે -

**પાગારં કારઈત્તાણં, ગોપુરટ્ટાલગાણિ ય ।**
**ઉસ્સૂલગ સયગ્ઘીઓ, તઓ ગચ્છસિ ખત્તિયા ॥૧૮॥**

હે ક્ષત્રિય ! કિલ્લા, દરવાજા, અટ્ટાલિકા ખાઈ, શતઘ્ની (સેંકડો શત્રુઓને મારનારી તોપ) વગેરે કરાવીને પછી તમે દીક્ષા લેજો.

**એયમટ્ઠં નિસામિત્તા, હેઉ-કારણ ચોઈઓ ।**
**તઓ નમી રાયરિસી, દેવિન્દં ઈણમબ્બવી ॥૧૯॥**

ઈન્દ્રનો પ્રશ્ન સાંભળીને એના હેતુ અને કારણથી પ્રેરિત થયેલ નમિ-રાજર્ષિ દેવેન્દ્રને નીચે પ્રમાણે કહેવા લાગ્યા :

**સદ્ધં નગરં કિચ્ચા, તવસંવરમગ્ગલં ।**
**ખન્તિં નિઉણપાગારં, તિગુત્તં દુપ્પધંસયં ॥૨૦॥**

શ્રદ્ધારૂપી નગર, ક્ષમારૂપ કિલ્લા અને તપ-સંવરરૂપ અર્ગલા (ભોગલ) બનાવીને ત્રિગુપ્તિરૂપ શસ્ત્રો દ્વારા દુર્જય કર્મ શત્રુઓથી આત્મરક્ષણ કરવું જોઈએ.

**ધણું પરક્કમં કિચ્ચા, જીવં ચ ઈરિયં સયા ।**
**ધિઈં ચ કેયણં કિચ્ચા, સચ્ચેણ પલિમન્થએ ॥૨૧॥**

પછી પરાક્રમરૂપી ધનુષ્યની ઈર્યાસમિતિ રૂપ દોરી બનાવીને ધૈર્યરૂપી મૂઠથી સત્ય દ્વારા એને બાંધવી જોઈએ.

**તવનારાયજુત્તેણ, ભિત્તૂણં કમ્મકંચુયં ।**
**મુણી વિગયસંગામો, ભવાઓ પરિમુચ્ચએ ॥૨૨॥**

આ ધનુષ્ય ઉપર તપરૂપી બાણ ચઢાવીને, કર્મરૂપી કવચને ભેદે, આવી રીતે સંગ્રામથી નિવૃત્ત થઈને ભવભ્રમણથી મુક્ત થઈ જાય છે.

**એયમટ્ઠં નિસામિત્તા, હેઉ-કારણ ચોઈઓ ।**
**તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઈણમબ્બવી ॥૨૩॥**

નમિ રાજર્ષિના ભાવવાહી ઉત્તરને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા ઈન્દ્રરાજે કહ્યું કે -

**પાસાએ કારઈત્તાણં, વદ્ધમાણગિહાણિ ય ।**
**બાલગ્ગપોઈયાઓ ય, તઓ ગચ્છસિ ખત્તિયા ॥૨૪॥**

હે ક્ષત્રિય ! મહેલ અને અનેક પ્રકારનાં ઘર બનાવીને તથા ક્રીડાનાં સ્થળોનું નિર્માણ કરીને પછી સાધુ બનજો.

**એયમટ્ઠં નિસામિત્તા, હેઉ-કારણ ચોઈઓ ।**
**તઓ નમી રાયરિસી, દેવિન્દં ઈણમબ્બવી ॥૨૫॥**

ઈન્દ્રનો પ્રશ્ન સાંભળીને એના હેતુ અને કારણથી પ્રેરિત થયેલ નમિ-રાજર્ષિ દેવેન્દ્રને નીચે પ્રમાણે કહેવા લાગ્યા :

**સંસયં ખલુ સો કુણઈ, જો મગ્ગે કુણઈ ઘરં ।**
**જત્થેવ ગન્તુમિચ્છેજ્જા, તત્થ કુવ્વિજ્જ સાસયં ॥૨૬॥**

માર્ગમાં ઘર બનાવે છે તે ખરેખર જ સંશયશીલ રહે છે ખબર નથી ક્યારે તેને છોડીને જવું પડશે. જે બુદ્ધિમાન છે તે તો ઈચ્છિત સ્થાન ઉપર પહોંચીને શાશ્વત ઘર બનાવે છે.

**એયમટ્ઠં નિસામિત્તા, હેઉ-કારણ ચોઈઓ ।**
**તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઈણમબ્બવી ॥૨૭॥**

નમિ રાજર્ષિના ભાવવાહી ઉત્તારને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા ઈન્દ્રરાજે કહ્યું કે -

**આમોસે લોમહારે ય, ગંઠિભેએ ય તક્કરે ।**
**નગરસ્સ ખેમં કાઉણં, તઓ ગચ્છસિ ખત્તિયા ॥૨૮॥**

હે ક્ષત્રિય ! પહેલા ડાકુઓ, લૂંટારા, ગઠિયા, ચોરોને વશ કરીને નગરમાં શાંતિ સ્થાપિત કરીને પછી ત્યાગી બનજો.

**એયમટ્ઠં નિસામિત્તા, હેઉ-કારણ ચોઈઓ ।**
**તઓ નમી રાયરિસી, દેવિન્દં ઈણમબ્બવી ॥૨૯॥**

ઈન્દ્રનો પ્રશ્ન સાંભળીને એના હેતુ અને કારણથી પ્રેરિત થયેલ નમિ-રાજર્ષિ દેવેન્દ્રને નીચે પ્રમાણે કહેવા લાગ્યા :

**અસઈં તુ મણુસ્સેહિં, મિચ્છા દંડો પજુંજઈ ।**
**અકારિણોત્થ બજ્ઝન્તિ, મુચ્ચઈ કારઓ જણો ॥૩૦॥**

માણસ અનેક વખત ખોટો દંડ આપે છે, અજ્ઞાનથી નિરપરાધી દંડાય છે અને અપરાધી છૂટી જાય છે.

**એયમટ્ઠં નિસામિત્તા હેઉ-કારણ ચોઈઓ ।**
**તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઈણમબ્બવી ॥૩૧॥**

નમિ રાજર્ષિના ભાવવાહી ઉત્તારને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા ઈન્દ્રરાજે કહ્યું કે -

**જે કેઈ પત્થિવા તુજ્ઝં, નાનમંતિ નરાહિવા ।**
**વસે તે ઠાવઈત્તાણં, તઓ ગચ્છસિ ખત્તિયા ॥૩૨॥**

હે ક્ષત્રિય નમિરાજા ! જે રાજાઓ તમને નમતા નથી, આપની આજ્ઞા માનતા નથી. તેમને વશ કરી પછી તમે દીક્ષા લો.

**એયમટ્ઠં નિસામિત્તા, હેઉ-કારણ ચોઈઓ ।**
**તઓ નમી રાયરિસી, દેવિન્દં ઈણમબ્બવી ॥૩૩॥**

ઈન્દ્રનો પ્રશ્ન સાંભળીને એના હેતુ અને કારણથી પ્રેરિત થયેલ નમિ-રાજર્ષિ દેવેન્દ્રને નીચે પ્રમાણે કહેવા લાગ્યા :

**જો સહસ્સં સહસ્સાણં, સંગામે દુજ્જએ જિએ ।**
**એગં જિણેજ્જ અપ્પાણં, એસ સે પરમો જઓ ॥૩૪॥**

જે પુરુષ દુર્જય (જ્યાં વિજય પ્રાપ્તિ દુષ્કર હોય) સંગ્રામમાં દશ લાખ સુભટ ઉપર વિજય મેળવે છે અને એક મહાત્મા પોતાના આત્માને જીતે છે. તે બંનેમાં આત્મ વિજય કરનારો શ્રેષ્ઠ છે.

**અપ્પાણમેવ જુજ્ઝાહિ, કિં તે જુજ્ઝેણ બજ્ઝઓ ।**
**અપ્પાણમેવમપ્પાણં, જઈત્તા સુહમેહએ ॥૩૫॥**

આત્માની સાથે જ યુદ્ધ કરવું જોઈએ. બહારના યુદ્ધથી શો લાભ છે ? આત્મા વડે જ આત્માને (વિષય કષાયમાં પ્રવૃત્ત આત્માને) જીતવાથી સાચું સુખ પ્રાપ્ત થાય છે.

**પંચિન્દિયાણિ કોહં, માણં માયં તહેવ લોહં ચ ।**
**દુજ્જયં ચેવ અપ્પાણં, સવ્વં અપ્પે જિએ જિયં ॥૩૬॥**

પાંચ ઈન્દ્રિયો ક્રોધ, માન, માયા, લોભ અને દુર્જય આત્મા (મન) આ બધા એક આત્માને જીતવાથી સ્વતઃ જીતાઈ જાય છે.

**એયમટ્ઠં નિસામિત્તા હેઉ-કારણ ચોઈઓ ।**
**તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઈણમબ્બવી ॥૩૭॥**

નમિ રાજર્ષિના ભાવવાહી ઉત્તરને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા ઈન્દ્રરાજે કહ્યું કે -

**જઈત્તા વિઉલે જન્ને, ભોઈત્તા સમણમાહણે ।**
**દત્તા ભોચ્ચા ય જિટ્ઠા ય, તઓ ગચ્છસિ ખત્તિયા ॥૩૮॥**

હે રાજા ! મોટા મોટા મહાયજ્ઞ કરાવીને, શ્રમણ તથા બ્રાહ્મણોને ભોજન કરાવીને તથા બ્રાહ્મણ આદિને ગાય-ભૂમિ સુવર્ણ આદિનું દાન, ભોગ - મનોજ્ઞ શબ્દાદિ અને યજ્ઞ કરીને પછી દીક્ષા લો.

**એયમટ્ઠં નિસામિત્તા, હેઉકારણ ચોઈઓ ।**
**તઓ નમી રાયરિસી, દેવિન્દં ઈણમબ્બવી ॥૩૯॥**

ઈન્દ્રનો પ્રશ્ન સાંભળીને એના હેતુ અને કારણથી પ્રેરિત થયેલ નમિ-રાજર્ષિ દેવેન્દ્રને નીચે પ્રમાણે કહેવા લાગ્યા :

**જો સહસ્સં સહસ્સાણં, માસે માસે ગવં દએ ।**
**તસ્સ વિ સંજમો સેઓ, અદિન્તસ્સ વિ કિંચણ ॥૪૦॥**

જે માણસ પ્રતિમાસ દશ લાખ ગાયોનું દાન કરે છે એની સરખામણીમાં કંઈ પણ દાન ન આપનાર મુનિનો સંયમ અધિક શ્રેયસ્કર-કલ્યાણકર છે.

**એયમટ્ઠં નિસામિત્તા, હેઉ-કારણ ચોઈઓ ।**
**તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઈણમબ્બવી ॥૪૧॥**

નમિ રાજર્ષિના ભાવવાહી ઉત્તરને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા ઈન્દ્રરાજે કહ્યું કે -

**ઘોરાસમં ચઈત્તાણં, અન્નં પત્થેસિ આસમં ।**
**ઈહેવ પોસહરઓ, ભવાહિ મણુયાહિવા ॥૪૨॥**

હે મનુષ્ય અધિપતિ ! આપ ઘોર ગૃહસ્થાશ્રમને છોડીને સંન્યાસનો આશ્રય લેવા ઈચ્છો છો, તે ઉચિત નથી. પરંતુ આપે સંસારમાં જ રહીને પૌષધમાં રત રહેવું જોઈએ.

**એયમટ્ઠં નિસામિત્તા, હેઉ-કારણ ચોઈઓ ।**
**તઓ નમી રાયરિસી, દેવિન્દં ઈણમબ્બવી ॥૪૩॥**

ઈન્દ્રનો પ્રશ્ન સાંભળીને એના હેતુ અને કારણથી પ્રેરિત થયેલ નમિ-રાજર્ષિ દેવેન્દ્રને નીચે પ્રમાણે કહેવા લાગ્યા :

**માસે માસે તુ જો બાલો, કુસગ્ગેણ તુ ભુંજએ ।**
**ન સો સુયક્ખાયધમ્મસ્સ, કલં અગ્ઘઈ સોલસિં ॥૪૪॥**

જે અજ્ઞાની માસ-માસક્ષમણનું તપ કરે છે અને કુશાગ્ર (કુશના અગ્રભાગ પર આવે તેટલો) પરિમાણ આહારથી પારણું કરે છે એ તીર્થંકરે ભાખેલા ધર્મની સમ્યક્ ચારિત્રરૂપ મુનિ સોળમી કળાની પણ બરાબર નથી.

**એયમટ્ઠં નિસામિત્તા, હેઉ-કારણ ચોઈઓ ।**
**તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઈણમબ્બવી ॥૪૫॥**

નમિ રાજર્ષિના ભાવવાહી ઉત્તરને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા ઈન્દ્રરાજે કહ્યું કે -

**હિરણ્ણં સુવણ્ણં મણિમુત્તં, કંસં દૂસં ચ વાહણં ।**
**કોસં વડ્ઢાવઈત્તાણં, તઓ ગચ્છસિ ખત્તિયા ॥૪૬॥**

હે ક્ષત્રિય રાજા ! તમે સોનું, ચાંદી, મણિ, મોતી, કાંસુ, વસ્ત્ર, વાહન તથા ભંડાર-કોશની વૃદ્ધિ કરીને પછી ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરો.

**એયમટ્ઠં નિસામિત્તા, હેઉ-કારણ ચોઈઓ ।**
**તઓ નમી રાયરિસી, દેવિન્દં ઈણમબ્બવી ॥૪૭॥**

ઈન્દ્રનો પ્રશ્ન સાંભળીને એના હેતુ અને કારણથી પ્રેરિત થયેલ નમિ-રાજર્ષિ દેવેન્દ્રને નીચે પ્રમાણે કહેવા લાગ્યા :

**સુવણ્ણરુવ્વસ્સ ઉ પવ્વયા ભવે, સિયા હુ કેલાસસમા અસંખયા ।**
**નરસ્સ લુદ્ધસ્સ ન તેહિં કિંચિ, ઈચ્છા હુ આગાસસમા અણન્તિયા ॥૪૮॥**

જો કૈલાસ પર્વતની સમાન સોના અને ચાંદીના અસંખ્ય પર્વતો થઈ જાય તો પણ લોભી માણસને સંતોષ થતો નથી. કારણ કે ઈચ્છા તો આકાશની સમાન અનંત છે.

**પુઢવી સાલી જવા ચેવ, હિરણ્ણં પસુભિસ્સહ ।**
**પડિપુન્નં નાલમેગસ્સ ઈઈ વિજ્જા તવં ચરે ॥૪૯॥**

ચાવલ, જવ, ચાંદી, સોનું તથા પશુઓથી ભરપૂર પૃથ્વી જો એક માણસને આપે તો તેને સંતોષ નથી, એમ જાણીને તપને સેવો.

**એયમટ્ઠં નિસામિત્તા, હેઉ-કારણ ચોઈઓ ।**
**તઓ નમિં રાયરિસિં, દેવિન્દો ઈણમબ્બવી ॥૫૦॥**

નમિ રાજર્ષિના ભાવવાહી ઉત્તરને સાંભળીને હેતુ અને કારણથી પ્રેરિત થયેલા ઈન્દ્રરાજે કહ્યું કે -

**અચ્છેરગં અબ્ભુદએ, ભોએ ચયસિ પત્થિવા ।**
**અસન્તે કામે પત્થેસિ, સંકપ્પેણ વિહન્નસિ ॥૫૧॥**

હે રાજા ! આશ્ચર્ય છે કે આપ પ્રાપ્ત ભોગોને છોડી રહ્યા છો અને અપ્રાપ્ત કામભોગોની ઈચ્છા કરો છો, પરંતુ આથી આપને સંકલ્પ-વિકલ્પ થઈને પશ્ચાત્તાપ કરવો પડશે.

**એયમટ્ઠં નિસામિત્તા, હેઉ-કારણ ચોઈઓ ।**
**તઓ નમી રાયરિસી, દેવિન્દં ઈણમબ્બવી ॥૫૨॥**

ઈન્દ્રનો પ્રશ્ન સાંભળીને એના હેતુ અને કારણથી પ્રેરિત થયેલ નમિ-રાજર્ષિ દેવેન્દ્રને નીચે પ્રમાણે કહેવા લાગ્યા :

**સલ્લં કામા વિસં કામા, કામા આસીવિસોવમા ।**
**કામે ય પત્થેમાણા, અકામા જન્તિ દોગ્ગઈ ॥૫૩॥**

કામભોગ શલ્ય છે, વિષ છે, આશીવિષ સર્પ છે. કામભોગની અભિલાષા કરનાર કામભોગને નહિ ભોગવે તો પણ દુર્ગતિમાં પડે છે.

**અહે વયન્તિ કોહેણં, માણેણં અહમા ગઈ ।**
**માયા ગઈપડિગ્ઘાઓ, લોભાઓ દુહઓ ભયં ॥૫૪॥**

ક્રોધથી જીવ નરકમાં જાય છે. માનથી નીચ ગતિ થાય છે. માયાથી શુભ ગતિનો નાશ થાય છે અને લોભથી આ લોકમાં અને પરલોકમાં ભય થાય છે.

**અવઉજ્ઝિઊણ માહણરૂવં, વિઉવ્વિઊણ ઈન્દત્તં ।**
**વંદઈ અભિત્થુણંતો, ઈમાહિં મહુરાહિં વગ્ગૂહિં ॥૫૫॥**

દેવેન્દ્રે બ્રાહ્મણ રૂપ છોડ્યું અને વૈક્રિયશક્તિથી મૂળ ઈન્દ્ર રૂપ પ્રકટ કર્યું અને મધુર વચનોથી શ્રી નમિરાજની વંદના અને સ્તુતિ કરવા લાગ્યો.

**અહો તે નિજ્જિઓ કોહો, અહો માણો પરાજિઓ ।**
**અહો નિરક્કિયા માયા, અહો લોભો વસીકઓ ॥૫૬॥**

અહો આશ્ચર્ય છે કે હે નમિરાજા ! અહો ! આપે ક્રોધને જીત્યો અને માનને પરાજિત કર્યો છે, માયાને બહાર હાંકી કાઢીને લોભને વશ કર્યો છે.

**અહો તે અજ્જવં સાહુ, અહો તે સાહુ મદ્દવં ।**
**અહો તે ઉત્તમા ખન્તી, અહો તે મુત્તિ ઉત્તમા ॥૫૭॥**

અહો ! આપની સરલતા અદ્‌ભુત છે, અહો ! આપની મૃદુતા શ્રેષ્ઠ છે, અહો ! આપની ક્ષમા અને અહો ! નિર્લોભતા ઉત્તમ અને આશ્ચર્યકારી છે.

**ઈહં સિ ઉત્તમો ભન્તે ! પચ્છા હોહિસિ ઉત્તમો ।**
**લોગુત્તમુત્તમં ઠાણં, સિદ્ધિં ગચ્છસિ નીરઓ ॥૫૮॥**

હે ભગવાન ! આપ અહીં પણ ઉત્તમ છો અને હવે પછીના ભવમાં પણ ઉત્તમ થશો અને આપ કર્મરજથી રહિત થઈને લોકોત્તમ સિદ્ધગતિને પ્રાપ્ત કરશો.

**એવં અભિત્થુણંતો, રાયરિસિં, ઉત્તમાએ સદ્ધાએ ।**
**પયાહિણં કરેન્તો, પુણો પુણો વન્દઈ સક્કો ॥૫૯॥**

આવી રીતે ઉત્તમ શ્રદ્ધા અને ભક્તિપૂર્વક રાજર્ષિ નમિરાજની સ્તુતિ અને પ્રદક્ષિણા કરતા શક્રેન્દ્ર વારંવાર વંદના નમસ્કાર કરવા લાગ્યા.

**તો વન્દિઉણ પાએ, ચક્કંકુસલક્ખણે મુણિવરસ્સ ।**
**આગાસેણુપ્પઈઓ, લલિય-ચવલ-કુંડલ-તિરીડી ॥૬૦॥**

પછીથી સુંદર અને ચપલ તેજસ્વી કુંડલ અને મુકુટયુક્ત ઈન્દ્ર, મુનિવર નમિના ચક્ર અને અંકુશ લક્ષણવાળા પાદમાં વંદન કરીને આકાશમાર્ગથી દેવલોકમાં ચાલ્યો ગયો.

**નમી નમેઈ અપ્પાણં, સક્ખં સક્કેણ ચોઈઓ ।**
**ચઈઉણ ગેહં ચ વઈદેહી, સામણ્ણે પજ્જુવટ્ઠિઓ ॥૬૧॥**

ગૃહત્યાગ કરીને શ્રમણ વૈદેહી નમિરાજાએ ઈન્દ્ર દ્વારા સ્તુતિ-વંદના કરવા પર ગર્વ ત્યાગ કરીને ભાવથી પોતાના આત્માને આત્મતત્ત્વ ભાવનાથી વિશેષ નમ્ર કર્યો. સાક્ષાત્ ઈન્દ્રે પરીક્ષા કરી, પરંતુ એ શ્રમણ ધર્મથી ચલિત ન થયા. ઘર અને મિથિલાનગરી છોડી શ્રમણભાવની સાધનામાં તત્પર થઈ ગયા.

**એવં કરેન્તિ સંબુદ્ધા, પંડિયા પવિયક્ખણા ।**
**વિણિયટ્ટન્તિ ભોગેસુ, જહા સે નમી રાયરિસિ ॥૬૨॥**

**॥ ત્તિબેમિ ॥**

તત્ત્વજ્ઞ, સંબુદ્ધ, પંડિત અને વિચક્ષણ પુરુષ નમિરાજર્ષિની જેમ કામભોગોથી નિવૃત્ત થાય છે અને સંયમમાં નિશ્ચલ રહે છે.

# અધ્યયન - ૧૦ : દુમપત્તયં

**દુમપત્તએ પંડુયએ જહા, નિવડઈ રાઈગણાણ અચ્ચએ ।**
**એવં મણુયાણ જીવિયં, સમયં ગોયમ ! મા પમાયએ ॥૧॥**

જેવી રીતે રાત્રિઓ અતિત-વીત્યા પછી વૃક્ષનાં પાંદડાં પીળાં થઈને પડી જાય છે, એવું મનુષ્યનું જીવન છે. તેથી હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ ન કર.

**કુસગ્ગે જહ ઓસબિંદુએ, થોવં ચિટ્ઠઈ લંબમાણએ ।**
**એવં મણુયાણ જીવિયં, સમયં ગોયમ ! મા પમાયએ ॥૨॥**

જેવી રીતે ઘાસના અગ્ર ભાગ ઉપર રહેલું ઝાકળ બિંદુ થોડો વખત જ રહે છે, એવું મનુષ્યનું જીવન છે, માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ ન કર.

**ઈઈ ઈત્તરિયમ્મિ આઉએ, જીવિયએ બહુપચ્ચવાયએ ।**
**વિહુણાહિ રયં પુરે કડં, સમયં ગોયમ ! મા પમાયએ ॥૩॥**

આમ જરા જેટલું આયુષ્ય અને અનેક વિઘ્નવાળા વિષ - અગ્નિ - જલ - શસ્ત્ર અત્યંત હર્ષ - શોક આદિ જીવનનાશક કારણોથી સોપક્રમ આયુષ્યવાળા આ જીવનમાં પૂર્વે કરેલા કર્મરજને દૂર કરવામાં હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ કરીશ નહિ.

**દુલ્લહે ખલુ માણુસે ભવે, ચિરકાલેણ વિ સવ્વપાણિણં ।**
**ગાઢા ય વિવાગ કમ્મુણો, સમયં ગોયમ ! મા પમાયએ ॥૪॥**

બધાં પ્રાણીઓને માટે મનુષ્ય જન્મ ઘણા લાંબા સમયે પણ મળવો દુર્લભ છે, કારણ કે કર્મોનો વિપાક અત્યંત તીવ્ર હોય છે. માટે હે ગૌતમ! તું સમય માત્રનો પ્રમાદ ન કર.

**પુઢવિકાયમઈગઓ, ઉક્કોસં જીવો ઉ સંવસે ।**
**કાલં સંખાઈયં, સમયં ગોયમ ! મા પમાયએ ॥૫॥**

પૃથ્વીકાયમાં ગયેલો જીવ ત્યાં ઉત્કૃષ્ટ અસંખ્યાત કાલ સુધી રહે છે, માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**આઉકાયમઈગઓ, ઉક્કોસં જીવો ઉ સંવસે ।**
**કાલં સંખાઈયં, સમયં ગોયમ ! મા પમાયએ ॥૬॥**

અપ્‌કાયમાં ગયેલો જીવ ત્યાં ઉત્કૃષ્ટ અસંખ્યાત કાલ સુધી રહે છે. ત્યાં જન્મ-મરણ કરે છે. માટે હે ગૌતમ ! તું ધર્મારાધન કરવામાં સમય માત્રનો પ્રમાદ ન કર.

**તેઉકાયમઇગઓ, ઉક્કોસં જીવો ઉ સંવસે ।**
**કાલં સંખાઈયં, સમયં ગોયમ ! મા પમાયએ ॥૭॥**

તેઉકાયમાં ગયેલો જીવ ત્યાં ઉત્કૃષ્ટ અસંખ્યાત કાલ સુધી રહે છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**વાઉકાયમઇગઓ, ઉક્કોસં જીવો ઉ સંવસે ।**
**કાલં સંખાઈયં, સમયં ગોયમ ! મા પમાયએ ॥૮॥**

વાયુકાયમાં ગયેલો જીવ ત્યાં ઉત્કૃષ્ટ અસંખ્યાત વર્ષ સુધી રહે છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ ન કર.

**વણસ્સઈકાયમઈગઓ, ઉક્કોસં જીવો ઉ સંવસે ।**
**કાલમણન્ત દુરન્તયં, સમયં ગોયમ ! મા પમાયએ ॥૯॥**

વનસ્પતિકાયમાં ગયેલો - પ્રવેશેલો જીવ ત્યાં ઉત્કૃષ્ટ દુઃખથી સમાપ્ત થનારા અનંતકાલ સુધી રહે છે. વનસ્પતિકાયમાં જ જન્મ-મરણ કરે છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ ન કર.

**બેઈંદિયકાયમઈગઓ, ઉક્કોસં જીવો ઉ સંવસે ।**
**કાલં સંખિજ્જ સન્નિયં, સમયં ગોયમ ! મા પમાયએ ॥૧૦॥**

બે ઈન્દ્રિયવાળી કાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટ (અધિકમાં અધિક) સંખ્યાત કાલ સુધી રહે છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**તેઇન્દિકાયમઇગઓ, ઉક્કોસં જીવો ઉ સંવસે ।**
**કાલં સંખિજ્જ સન્નિયં, સમયં ગોયમ ! મા પમાયએ ॥૧૧॥**

ત્રણ ઈન્દ્રિય-કાયમાં પ્રવેશેલો જીવ ઉત્કૃષ્ટ સંખ્યાત કાલ સુધી રહે છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**ચઉરિન્દિયકાયમઈગઓ, ઉક્કોસં જીવો ઉ સંવસે ।**
**કાલં સંખિજ્જ સન્નિયં, સમયં ગોયમ ! મા પમાયએ ॥૧૨॥**

ચાર ઈન્દ્રિયમાં ગયેલો જીવ ત્યાં ઉત્કૃષ્ટ સંખ્યાત કાલ સુધી રહે છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**પંચિન્દિયકાયમઈગઓ, ઉક્કોસં જીવો ઉ સંવસે ।**
**સત્તટ્ઠભવગ્ગહણે, સમયં ગોયમ ! મા પમાયએ ॥૧૩॥**

પંચેન્દ્રિય જાતિમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટ સાત-આઠ ભવ સુધી રહે છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**દેવે નેરઈએ ય ગઓ, ઉક્કોસં જીવો ઉ સંવસે ।**
**ઈક્કેક્ક ભવગહણે, સમયં ગોયમ ! મા પમાયએ ॥૧૪॥**

દેવ અને નારકીમાં ગયેલો જીવ વધુમાં વધુ ત્યાં એક જ ભવ રહે છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**એવં ભવસંસારે, સંસરઈ-સુહાસુહેહિં કમ્મેહિં ।**
**જીવો પમાય બહુલો, સમયં ગોયમ ! મા પમાયએ ॥૧૫॥**

આ પ્રમાણે પ્રમાદની વિપુલતાથી જીવ પોતાનાં શુભાશુભ કર્મોથી આ ભવ-સંસારમાં ભમે છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**લદ્ધૂણ વિ માણુસત્તણં, આરિયતણં પુણરાવિ દુલ્લહં ।**
**બહવે દસુયા મિલક્ખુયા, સમયં ગોયમ ! મા પમાયએ ॥૧૬॥**

મનુષ્ય જન્મ મળ્યા પછી આર્યત્વ પ્રાપ્ત કરવું કઠિન છે. કારણ કે મનુષ્યોમાં ઘણા જ ચોર અને મલેચ્છ-અનાર્ય-અસંસ્કારી છે, માટે તું સમયમાત્રનો પ્રમાદ ન કર.

**લદ્ધૂણ વિ આરિયત્તણં, અહીણ પંચેન્દિયયા હુ દુલ્લહા ।**
**વિગલિંદિયયા હુ દીસઈ, સમયં ગોયમ ! મા પમાયએ ॥૧૭॥**

મનુષ્યભવ અને આર્યત્વ પ્રાપ્ત કરીને પાંચે ઈન્દ્રિયોનું પૂર્ણ હોવું દુર્લભ છે, કારણકે ઘણા માણસોમાં ઈન્દ્રિયોની વિકલતા જોવામાં આવે છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ ન કર.

**અહીણ પંચેન્દિયત્તં વિ સે લહે, ઉત્તમ ધમ્મસુઈ હુ દુલ્લહા ।**
**કુતિત્થિ નિસેવએ જણે, સમયં ગોયમ ! મા પમાયએ ॥૧૮॥**

પાંચે ઈન્દ્રિય અક્ષીણ-પૂર્ણ રૂપથી મળ્યા પછી પણ ઉત્તમ ધર્મનું શ્રવણ નિશ્ચય દુર્લભ છે. કારણ કે ઘણા મનુષ્યો કુતીર્થિની સેવા કરવાવાળા હોય છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ ન કર.

**લદ્ધૂણ વિ ઉત્તમં સુઈં, સદ્દહણા પુણરાવિ દુલ્લહા ।**
**મિચ્છત્ત નિસેવએ જણે, સમયં ગોયમ ! મા પમાયએ ॥૧૯॥**

જો ઉત્તમ ધર્મનું શ્રવણ પ્રાપ્ત થાય તો પણ તેના ઉપર શ્રદ્ધા થવી અત્યંત કઠિન છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**ધમ્મં પિ હુ સદ્દહંતયા, દુલ્લહયા કાએણ ફાસયા ।**
**ઈહ કામ ગુણેહિં મુચ્છિયા, સમયં ગોયમ ! મા પમાયએ ॥૨૦॥**

ધર્મ ઉપર શ્રદ્ધા થયા પછી પણ એમનું કાયાથી આચરણ કરવું અત્યંત દુર્લભ છે. કારણ કે, આ દુનિયાના લોકો શબ્દાદિ કામભોગોમાં આસક્ત છે. મૂર્ચ્છિત છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**પરિજૂરઈ તે સરીરયં, કેસા પંડુરયા હવંતિ તે ।**
**સે સોયબલે ય હાયઈ, સમયં ગોયમ ! મા પમાયએ ॥૨૧॥**

હે ગૌતમ ! તારું શરીર જીર્ણ થઈ જાય છે, વાળ શ્વેત (પાંડુ) થઈ જાય છે અને શ્રવણબલ હાનિ પામે છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**પરિજૂરઈ તે સરીરયં, કેસા પંડુરયા હવંતિ તે ।**
**સે ચક્ખુબલે ય હાયઈ, સમયં ગોયમ ! મા પમાયએ ॥૨૨॥**

હે ગૌતમ ! તારું શરીર પ્રતિસમય ઉંમર ઘટવાથી ક્ષીણ થાય છે. તારા વાળ પાંડુ (શ્વેત) થયા છે અને તારું ચક્ષુબળ-નેત્ર જ્યોતિ ક્ષીણ થઈ રહી છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ ન કર.

**પરિજૂરઈ તે સરીરયં, કેસા પંડુરયા હવંતિ તે ।**
**સે ઘાણબલે ય હાયઈ, સમયં ગોયમ ! મા પમાયએ ॥૨૩॥**

હે ગૌતમ ! તારું શરીર ક્ષીણ થાય છે, કેશ સફેદ થઈ જાય છે અને સૂંઘવાની શક્તિ નષ્ટ થઈ રહી છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ના કર.

**પરિજૂરઈ તે સરીરયં, કેસા પંડુરયા હવંતિ તે ।**
**સે જિબ્ભબલે ય હાયઈ, સમયં ગોયમ ! મા પમાયએ॥૨૪॥**

તારું શરીર જીર્ણ થાય છે, વાળ શ્વેત થાય છે અને તારું જીભનું બળ ક્ષીણ થાય છે. માટે હે ગૌતમ ! તું ક્ષણ માત્રનો પણ પ્રમાદ ન કર.

**પરિજૂરઈ તે સરીરયં, કેસા પંડુરયા હવંતિ તે ।**
**સે ફાસબલે ય હાયઈ, સમયં ગોયમ ! મા પમાયએ ॥૨૫॥**

હે ગૌતમ ! તારું શરીર જીર્ણ થયું છે. તારા કેશ શ્વેત થયા છે અને તારું સ્પર્શબળ ક્ષીણ થઈ રહ્યું છે. માટે હે ગૌતમ ! તું ક્ષણ માત્રનો પણ પ્રમાદ ન કર.

**પરિજૂરઈ તે સરીરયં, કેસા પંડુરયા હવંતિ તે ।**
**સે સવ્વબલે ય હાયઈ, સમયં ગોયમ ! મા પમાયએ ॥૨૬॥**

હે ગૌતમ ! તારું શરીર જીર્ણ થાય છે, તારા વાળ પાંડુ થાય છે, તારું સર્વ બળ ક્ષીણ પામે છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**અરઈ ગંડં વિસૂઈયા, આયંકા વિવિહા ફુસંતિ તે ।**
**વિહડઈ વિદ્ધંસઈ તે સરીરયં, સમયં ગોયમ ! મા પમાયએ ॥૨૭॥**

અરતિ, (ઉદ્વેગ) ગડગૂમડ, (ફોડલા-ગૂમડાં) ઝાડા, મરડો, અજીર્ણ અને વિવિધ પ્રકારના શીઘ્રઘાત કરવાવાળા રોગો લાગુ પડે છે. જે શરીરને અશક્ત અને નષ્ટ કરી નાખે છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**વોચ્છિન્દ સિણેહમપ્પણો, કુમુયં સારઈયં વ પાણિયં ।**
**સે સવ્વસિણેહ વજ્જિએ, સમયં ગોયમ ! મા પમાયએ ॥૨૮॥**

શરદ કાળનું કમલ, જલથી અલિપ્ત રહે છે, એવી રીતે પોતાના સર્વ સ્નેહને ત્યાગી દે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**ચિચ્ચાણ ધણં ચ ભારિયં, પવ્વઈઓ હિ સિ અણગારિયં ।**
**મા વંતં પુણો વિ આવિએ, સમયં ગોયમ ! મા પમાયએ ॥૨૯॥**

ધન અને સ્ત્રીનો ત્યાગ કરીને તે અણગારવૃત્તિ ગ્રહણ કરી છે. આથી વમન કરેલા પાંચ ઈન્દ્રિયોના વિષયથી દૂર રહે. અણગાર ધર્મ આરાધનામાં હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**અવઉજ્જિઝય મિત્તબંધવં, વિઉલં ચેવ ધણોહ સંચયં ।**
**મા તં બિઈયં ગવેસએ, સમયં ગોયમ ! મા પમાયએ ॥૩૦॥**

મિત્ર, બાંધવ તથા વિપુલ ધનરાશિને છોડીને ફરીથી એની ઈચ્છા તું ના કર. સ્વીકારેલ શ્રમણધર્મમાં હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**ન હુ જિણે અજ્જ દિસ્સઈ, બહુમએ દિસ્સઈ મગ્ગદેસિએ ।**
**સંપઈ નેયાઉએ પહે, સમયં ગોયમ ! મા પમાયએ ॥૩૧॥**

ખરેખર વર્તમાન સમયમાં શ્રી જિનેશ્વર દેવ દેખાતા નથી, પરંતુ એમનો બતાવેલો મોક્ષ માર્ગ જોવામાં આવે છે. આવી રીતે ભવિષ્યમાં આત્માર્થી જનો કહેશે. તો હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**અવસોહિય કંટગાપહં, ઓઈન્નો સિ પહં મહાલયં।**
**ગચ્છસિ મગ્ગં વિસોહિયા, સમયં ગોયમ ! મા પમાયએ ॥૩૨॥**

કુતીર્થરૂપ કંટકમય માર્ગને છોડી તું મોક્ષના વિશાળ માર્ગમાં આવ્યો છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**અબલે જહ ભારવાહએ , મા મગ્ગે વિસમે વગાહિયા ।**
**પચ્છા પચ્છાણુતાવએ, સમયં ગોયમ ! મા પમાયએ ॥૩૩॥**

જેવી રીતે નિર્બળ ભારવાહક વિષમમાર્ગમાં જઈને ધૈર્ય ગુમાવે છે અને ભારને છોડીને પાછળથી પસ્તાય છે. માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**તિણ્ણો હુ સિ અણ્ણવં મહં, કિં પુણ ચિટ્ઠસિ તીર માગઓ ।**
**અભિતુર પારં ગમિત્તએ, સમયં ગોયમ ! મા પમાયએ ॥૩૪॥**

તું નિશ્ચયથી સંસાર મહોદધિ તરી ગયો છે, પછી કિનારા પાસે આવીને કેમ ઊભો છે ? સંસાર પાર કરવાને માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**અકલેવરસેણિં ઉસ્સિયા, સિદ્ધિં ગોયમ ! લોયં ગચ્છસિ ।**
**ખેમં ચ સિવં અણુત્તરં, સમયં ગોયમ ! મા પમાયએ ॥૩૫॥**

હે ગૌતમ ! સિદ્ધ પદની શ્રેણી ઉપર ચઢીને શાંતિપૂર્વક આ કલ્યાણકારી સર્વોત્તમ સિદ્ધ લોકને પ્રાપ્ત કરીશ માટે હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**બુદ્ધે પરિનિવ્વુડે ચરે, ગામ ગએ નગરે વ સંજએ ।**
**સંતિમગ્ગં ચ બુહએ, સમયં ગોયમ ! મા પમાયએ ॥૩૬॥**

હે ગૌતમ ! ગામ, નગર અથવા જંગલમાં ગયેલો તું તત્ત્વજ્ઞ, ઉપશાંત અને સંયત થઈને મુનિધર્મનું પાલન કર અને મોક્ષ માર્ગની વૃદ્ધિ કરવામાં સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

**બુદ્ધસ્સ નિસમ્મ ભાસિયં, સુકહિયમટ્ઠપઓવસોહિયં ।**
**રાગં દોસં ચ છિન્દિયા, સિદ્ધિગઈ ગએ ગોયમે ॥૩૭॥**

**॥ ત્તિબેમિ ॥**

સર્વજ્ઞ પ્રભુના ફરમાવેલા અર્થ અને પદોથી સુશોભિત વાણી સાંભળીને શ્રી ગૌતમ સ્વામી રાગ-દ્વેષનો નાશ કરીને સિદ્ધ ગતિને પ્રાપ્ત થયા.

# અધ્યયન - ૧૧ : બહુશ્રુત પૂજા

**સંજોગા વિપ્પમુક્કસ્સ, અણગારસ્સ ભિક્ખુણો ।**
**આયારં પાઉકરિસ્સામિ, આણુપુવ્વિં સુણેહ મે ॥૧॥**

હવે હું સંયોગોથી મુક્ત અણગાર ભિક્ષુનો આચાર પ્રકટ કરીશ, તે અનુક્રમથી સાંભળો.

**જે યાવિ હોઇ નિવ્વિજ્જે, થદ્ધે લુદ્ધે અણિગ્ગહે ।**
**અભિક્ખણં ઉલ્લવઈ, અવિણીએ અબહુસ્સુએ ॥૨॥**

જે વિદ્યા જ્ઞાન રહિત છે. અથવા વિદ્યા સહિત છે પરંતુ અભિમાની, વિષયોમાં ગૃદ્ધ, ઈન્દ્રિયોનો અસંયમી, અવિનીત છે, અને વારંવાર વિચાર કર્યા વિના બોલે છે, તે અબહુશ્રુત છે.

**અહ પંચહિં ઠાણેહિં, જેહિં સિક્ખા ન લબ્ભઈ ।**
**થંભા કોહા પમાએણં, રોગેણાલસ્સએણ ય ॥૩॥**

પાંચ કારણોથી જીવને શિક્ષા-બોધ પ્રાપ્ત થતો નથી. માન, ક્રોધ, પ્રમાદ, રોગ અને આળસ.

**અહ અટ્ઠહિં, ઠાણેહિં, સિક્ખાસીલે ત્તિ વુચ્ચઈ ।**
**અહસ્સિરે સયા દંતે, ન ય મમ્મ - મુદાહરે ॥૪॥**

આઠ કારણોથી જીવ શિક્ષાપાત્ર કહેવાય છે. ૧. જે સદા હસી-મજાક ન કરે. ૨. ઈન્દ્રિયોનું સદા દમન કરનાર. ૩. માર્મિક વચન ન બોલનાર -

**નાસીલે ન વિસીલે, ન સિયા અઈલોલુએ ।**
**અકોહણે સચ્ચરએ, સિક્ખાસીલે ત્તિ વુચ્ચઈ ॥૫॥**

૪. શુદ્ધાચારી, ૫. અખંડિત આચારી (અતિચારોથી વ્રતને કલંકિત ન કરેલ હોય. ૬. અત્યંત લોલુપતા રહિત, ૭. ક્રોધ રહિત, ૮. સત્યાનુરાગી - આ શિક્ષાશીલ છે.

**અહ ચઉદસહિં ઠાણેહિં, વટ્ટમાણે ઉ સંજએ ।**
**અવિણીએ વુચ્ચઈ સો ઉ, નિવ્વાણં ચ ન ગચ્છઈ ॥૬॥**

આ ચૌદ સ્થાનમાં વર્તતો સંયતિ અવિનીત કહેવાય છે અને તે નિર્વાણ પ્રાપ્ત કરતો નથી.

**અભિક્ખણં કોહી ભવઇ, પબન્ધં ચ પકુવ્વઈ ।**
**મેત્તિજ્જમાણો વમઈ, સુયં લદ્ધૂણ મજ્જઈ ॥૭॥**

વારંવાર ક્રોધ કરનાર, ક્રોધનો પ્રબંધ કરનાર, (લાંબા સમય સુધી ક્રોધ ધારણ કરે) મિત્રભાવ છોડનાર અને શ્રુતજ્ઞાનનો અહંકાર કરનાર.

**અવિ પાવ પરિક્ખેવી, અવિ મિત્તેસુ કુપ્પઈ ।**
**સુપ્પિયસ્સાવિ મિત્તસ્સ, રહે ભાસઈ પાવયં ॥૮॥**

ગુરુની કોઈ પ્રકારની સ્ખલનાથી આચાર્યાદિનો તિરસ્કાર કરનાર, મિત્રો ઉપર ક્રોધ કરનાર, અત્યંત પ્રિય મિત્રની પાછળ પણ નિંદા કરનાર.

**પઈન્નવાઈ દુહિલે, થદ્ધે લુદ્ધે અનિગ્ગહે ।**
**અસંવિભાગી અવિયત્તે, અવિણીએ ત્તિ વુચ્ચઈ ॥૯॥**

અસંબદ્ધ વચન બોલનાર, દ્રોહી, અભિમાની, લોલુપી, અસંયમી, અસંવિભાગી, અસમાન દષ્ટિવાળો અને અપ્રીતિ રાખનાર અવિનીત કહેવાય છે.

**અહ પન્નરસહિં ઠાણેહિં, સુવિણીએ ત્તિ વુચ્ચઈ ।**
**નીયાવત્તી અચવલે, અમાઈ અકુઊહલે ॥૧૦॥**

આ પંદર ગુણવાળા સુવિનીત કહેવાય છે. નમ્રવૃત્તિવાળો, ચપલતા રહિત, માયા રહિત અને કુતૂહલતા રહિત -

**અપ્પં ચ અહિખિવઈ, પબન્ધં ચ ન કુવ્વઈ ।**
**મેત્તિજ્જમાણો ભયઈ, સુયં લદ્ધું ન મજ્જઈ ॥૧૧॥**

કોઈનો પણ તિરસ્કાર નહિ કરનારો, ક્રોધાદિનો પ્રબંધ નહિ કરનાર, મિત્રતા નિભાવનાર, શ્રુત-શાસ્ત્ર ભણીને અહંકાર નહિ કરનાર -

**ન ય પાવપરિક્ખેવી, ન ય મિત્તેસુ કુપ્પઈ ।**
**અપ્પિયસ્સાવિ મિત્તસ્સ, રહે કલ્લાણ ભાસઈ ॥૧૨॥**

ગુરુ આદિની સ્ખલના થાય તો તિરસ્કાર નહિ કરનાર, મિત્રો ઉપર ક્રોધ નહિ કરનાર અને અપ્રિય મિત્રનું પણ ભલું બોલે છે. ગુણાનુવાદ કરે.

**કલહડમરવજ્જિએ, બુદ્ધે અભિજાઈએ ।**
**હિરિમં પડિસંલીણે, સુવિણીએ ત્તિ વુચ્ચઈ ॥૧૩॥**

કલેશ, હિંસા અને મારામારી વર્જનાર, સંયમનો નિર્વાહ કરનાર, કુલીન અને ઈન્દ્રિયોને વશમાં કરનાર, તત્ત્વજ્ઞ, લજ્જાવંત સુવિનીત કહેવાય છે.

**વસે ગુરુકુલે નિચ્ચં, જોગવં ઉવહાણવં ।**
**પિયંકરે પિયંવાઈ, સે સિક્ખં લદ્ધુમરિહઈ ॥૧૪॥**

જે સદા ગુરુકુલમાં રહે, = ગુરુઆજ્ઞામાં રહે, સમાધિભાવમાં રહે, ઉપધાન કરે, શાસ્ત્રાધ્યયન માટે તપ કરે, પ્રિય કરે અને પ્રિય બોલે, તે આસેવનશિક્ષા અને ગ્રહણ શિક્ષા ગ્રહણ કરવાને યોગ્ય છે.

**જહા સંખમ્મિ પયં, નિહિયં દુહઓ, વિ વિરાયઇ ।**
**એવં બહુસ્સુએ ભિક્ખુ, ધમ્મો કિત્તી તહા સુયં ॥૧૫॥**

જેમ શંખમાં દૂધ પોતાની અને પોતાના આધારના ગુણને કારણે બે રીતે શોભે છે એમ બહુશ્રુતમાં ધર્મ, કીર્તિ અને શ્રુત શોભે છે.

**જહા સે કમ્બોયાણં, આઇન્ને કંથએ સિયા ।**
**આસે જવેણ પવરે, એવં હવઇ બહુસ્સુએ ॥૧૬॥**

જેવી રીતે કંબોજ દેશના ઘોડાઓમાં કંથક ઘોડા ગુણયુક્ત અને શ્રેષ્ઠ હોય છે અને ગતિ-ચાલમાં પણ પ્રધાન હોય છે. એવી રીતે બહુશ્રુત શ્રુતશીલાદિ ગુણોથી નીતિમાન અને સ્ફૂર્તિમાં શ્રેષ્ઠ હોય છે.

**જહાઈન્નસમારુઢે, સૂરે દઢપરક્કમે ।**
**ઉભઓ નન્દિઘોસેણં, એવં હવઇ બહુસ્સુએ ॥૧૭॥**

જેવી રીતે ઉત્તમ અશ્વ ઉપર ચઢેલો દઢ અને પરાક્રમવાળો સુભટ બંને બાજુ નંદિઘોષથી વિજય વાદ્યો અથવા જયજયકારથી શોભા પામે છે. તેમ બહુશ્રુત સ્વાધ્યાયના માંગલિક સ્વરોથી શોભા પામે છે.

**જહા કરેણુપરિકિન્ને, કુંજરે સટ્ઠિહાયણે ।**
**બલવન્તે અપ્પડિહએ, એવં હવઇ બહુસ્સુએ ॥૧૮॥**

જેમ હાથિણીઓથી ઘેરાયેલો સાઠ વર્ષનો બળવાન અપરાજિત હાથી શોભા પામે છે. એવી રીતે બહુશ્રુત બુદ્ધિરૂપી હાથિણીઓથી તથા વિવિધ વિદ્યાઓથી યુક્ત થઈ કોઈથી પરાજય ન પામે.

**જહા સે તિક્ખસિંગે, જાયખંધે વિરાયઈ ।**
**વસહે જૂહા હિવઇ, એવં હવઇ બહુસ્સુએ ॥૧૯॥**

જેવી રીતે તીક્ષ્ણ સીંગ અને પુષ્ટ કાંધવાળો વૃષભ પોતાના જૂથનો અધિપતિ થઈને શોભા પામે છે. તેવી રીતે બહુશ્રુત પણ સ્વશાસ્ત્ર અને પરશાસ્ત્રરૂપ તીક્ષ્ણ શૃંગોથી ગચ્છના અનેક કાર્યોનો ભાર ઉઠાવવામાં સમર્થ સ્કંધથી સાધુ આદિ સંઘના અધિપતિ આચાર્યના રૂપમાં શોભા પામે છે.

**જહા સે તિક્ખદાઢે, ઉદગ્ગે દુપ્પહંસએ ।**
**સીહે મિયાણ પવરે, એવં હવઈ બહુસ્સુએ ॥૨૦॥**

જેવી રીતે તીક્ષ્ણ દાઢવાળો પૂર્ણવયસ્ક (યુવાન) અને કોઈનાથી નહિ દબાવા-વાળો પરાજય નહિ પામનાર સિંહ મૃગોમાં શ્રેષ્ઠ છે. એવી રીતે બહુશ્રુત નૈગમાદિ નયસ્વરૂપ દાઢોથી તથા પ્રતિભાદિ ગુણોનાં કારણે દુર્જેય તેમજ શ્રેષ્ઠ હોય છે.

**જહા સે વાસુદેવે, સંખચક્કગયાધરે ।**
**અપ્પડિહયબલે જોહે, એવં હવઈ બહુસ્સુએ ॥૨૧॥**

જેવી રીતે શંખ, ચક્ર અને ગદાને ધારણ કરનાર વાસુદેવ અપ્રતિહત બલવાન યોદ્ધો છે, એવી રીતે બહુશ્રુત જ્ઞાન - દર્શન - ચારિત્રરૂપ વિવિધ શસ્ત્રોથી યુક્ત તેમજ કર્મરિપુઓને પરાજિત કરવામાં અપરાજેય યોદ્ધાની જેમ સમર્થ હોય છે.

**જહા સે ચાઉરન્તે, ચક્કવટ્ટી મહિડ્ઢિએ ।**
**ચોદ્દસરયણાહિવઈ, એવં હવઈ બહુસ્સુએ ॥૨૨॥**

જેવી રીતે ભરતક્ષેત્રમાં ચારે દિશાઓના છેડા સુધી રાજ્ય કરનાર ચક્રવર્તી મહાઋદ્ધિશાળી અને ચૌદ રત્નોના સ્વામી હોય છે, તેવી રીતે બહુશ્રુત આમર્ષોષધિ આદિ ઋદ્ધિઓ તથા પુલાકાદિ લબ્ધિઓથી યુક્ત ચારે દિશાઓમાં વ્યાપ્ત કીર્તિવાળા ચૌદ પૂર્વોનો સ્વામી હોય છે.

**જહા સે સહસ્સક્ખે, વજ્જપાણી પુરન્દરે ।**
**સક્કે દેવાહિવઈ, એવં હવઈ બહુસ્સુએ ॥૨૩॥**

જેમ સહસ્ત્ર નેત્રવાળો વજ્રધારી પુરન્દર-પુરનો દારણ કરનાર દેવાધિપતિ ઈન્દ્ર શોભા પામે છે. એમ બહુશ્રુત પણ દેવો દ્વારા પૂજ્ય હોવાથી દેવોનો સ્વામી હોય છે.

**જહા સે તિમિરવિદ્ધંસે, ઉચ્ચિટ્ઠંતે દિવાયરે ।**
**જલન્તે ઈવ તેએણં, એવં હવઈ બહુસ્સુએ ॥૨૪॥**

જેવી રીતે અંધકારનો નાશ કરનાર ઊગતો સૂર્ય પોતાના તેજથી શોભા પામે છે. એવી રીતે બહુશ્રુત અજ્ઞાન અંધકાર નાશક હોવાથી તપના તેજથી શોભા પામે છે.

**જહા સે ઉડુવઈ ચન્દે, નક્ખત્તપરિવારિએ ।**
**પડિપુન્ને પુન્નમાસીએ, એવં હવઈ બહુસ્સુએ ॥૨૫॥**

જેવી રીતે નક્ષત્રોનો સ્વામી ચંદ્રમા નક્ષત્રોથી ઘેરાયેલા પૂર્ણમાસીને દિવસે પૂર્ણ રૂપથી શોભિત થાય છે. એવી રીતે બહુશ્રુત જિજ્ઞાસુ સાધકોથી પરિવૃત્ત, સાધુઓના અધિપતિ તેમજ જ્ઞાનાદિ સકલ કલાઓથી પરિપૂર્ણ થાય છે.

**જહા સે સામાઈયાણં, કોટ્ઠાગારે સુરક્ખિએ ।**
**નાણાધન્નપડિપુણ્ણે, એવં હવઈ બહુસ્સુએ ॥૨૬॥**

જેમ સંગ્રહ કરનારાઓને ધાન્યાદિનો કોઠાર સુરક્ષિત છે. અનેક પ્રકારનાં ધાન્યોથી પરિપૂર્ણ હોય છે તેમ બહુશ્રુત ગચ્છવાસીજનોને માટે સુરક્ષિત જ્ઞાન ભંડારની જેમ અંગ-ઉપાંગ-મૂળ-છેદ આદિ વિવિધ શ્રુત જ્ઞાનથી પરિપૂર્ણ હોય છે.

**જહા સા દુમાણ પવરા, જમ્બૂ નામ સુદંસણા ।**
**અણાઢિયસ્સ દેવસ્સ, એવં હવઇ બહુસ્સુએ ॥૨૭॥**

જેમ અનાહત દેવથી અધિષ્ઠિત સુદર્શન નામનું જમ્બૂવૃક્ષ શ્રેષ્ઠ છે. તેમ બહુશ્રુત સાધુ પણ બધા સાધુઓમાં શ્રેષ્ઠ છે.

**જહા સા નઈણ પવરા, સલિલા સાગરંગમા ।**
**સીયા નીલવંતપવહા, એવં હવઇ બહુસ્સુએ ॥૨૮॥**

જેવી રીતે નીલવંત પર્વતમાંથી નીકળેલી સીતા નામની નદી સમુદ્રમાં મળવાવાળી બધી નદીઓમાં શ્રેષ્ઠ છે. તેમ બહુશ્રુત વીર હિમાચલથી નિઃસૃત, નિર્મળ શ્રુતજ્ઞાનરૂપ જળથી પૂર્ણ મોક્ષરૂપ મહાસમુદ્રગામી તેમ જ સમસ્ત શ્રુતજ્ઞાની સાધુઓમાં શ્રેષ્ઠ છે.

**જહા સે નગાણ પવરે, સુમહં મંદરે ગિરી ।**
**નાણોસહિ પજ્જલિએ, એવં હવઇ બહુસ્સુએ ॥૨૯॥**

જેમ બધા પર્વતોમાં ઊંચો અને નાના પ્રકારની ઔષધિઓથી શોભતો સુમેરુ પર્વત શ્રેષ્ઠ છે. તેમ બહુશ્રુત સાધુ આમર્ષઔષધિ આદિ લબ્ધિઓથી યુક્ત તેમજ સર્વ સાધુઓમાં શ્રેષ્ઠ છે.

**જહા સે સયંભૂરમણે, ઉદહી અક્ખઓદએ ।**
**નાણારયણપડિપુન્ને, એવં હવઇ બહુસ્સુએ ॥૩૦॥**

જેવી રીતે સ્વયંભૂરમણ સમુદ્ર અક્ષય જલ અને નાના પ્રકારનાં રત્નોથી ભરેલો છે. તેવી રીતે બહુશ્રુત અક્ષય સમ્યગ્જ્ઞાનરૂપ જલનિધિ = અનેક પ્રકારના જ્ઞાનાદિ રત્નોથી પરિપૂર્ણ હોય છે.

**સમુદગંભીરસમા દુરાસયા, અચક્કિયા કેણઇ દુપ્પહંસયા ।**
**સુયસ્સ પુન્ના વિઉલસ્સ તાઇણો, ખવિત્તુ કમ્મં ગઈમુત્તમં ગયા ॥૩૧॥**

સમુદ્રની સમાન ગંભીર, દુર્જય, નિર્ભય, કોઈથી દબાય નહિ, પરિષહાદિથી અવિચલિત , વિપુલ શ્રુત જ્ઞાનથી પૂર્ણ અને છકાયનો રક્ષક થઈને કર્મનો ક્ષય કરીને ઉત્તમ ગતિ- મોક્ષને પામે છે.

**તમ્હા સુયમહિટ્ઠિજ્જા, ઉત્તમટ્ઠ ગવેસએ ।**
**જેણપ્પાણં પરં ચેવ, સિદ્ધિં સંપાઉણેજ્જાસિ ॥૩૨॥**

**॥ ત્તિબેમિ ॥**

બહુશ્રુતતા મુક્તિ પ્રાપ્ત કરાવનારી છે. આ માટે મોક્ષનો ગવેષક સાધુ શ્રુત જ્ઞાનનો અભ્યાસ કરે. તે પોતાના અને બીજાંના આત્માને નિશ્ચયથી મોક્ષ પહોંચાડે છે.

# અધ્યયન - ૧૨ : હરિકેશીમુનિ

**સોવાગકુલસંભૂઓ, ગુણુત્તરધરો મુણી ।**
**હરિએસબલો નામ, આસિ ભિક્ખૂ જિઈન્દિઓ ॥૧॥**

ચાંડાલ કુલમાં જન્મેલા ઉત્તમોત્તમ ગુણધારક હરિકેશીબલ નામના જિતેન્દ્રિય ભિક્ષુ મુનિ હતા.

**ઈરિએસણભાસાએ, ઉચ્ચારસમિઈસુ ય ।**
**જઓ આયાણનિક્ખેવે, સંજઓ સુસમાહિઓ ॥૨॥**

આ મુનિ ઈર્યા, ભાષા, એષણા, આદાન-ભંડ-માત્ર નિક્ષેપ, ઉચ્ચાર પ્રશ્રવણ ખેલ પરિસ્થાપન, એવી પાંચ સમિતિમાં યત્ના કરનાર, શ્રેષ્ઠ સમાધિવાળા હતા.

**મણગુત્તો વયગુત્તો, કાયગુત્તો જિઈન્દિઓ ।**
**ભિક્ખટ્ઠા બમ્ભઈજ્જમ્મિ, જન્નવાડઉવટ્ઠિઓ ॥૩॥**

મન, વચન અને કાયગુપ્તિયુક્ત, જિતેન્દ્રિય મુનિ ભિક્ષાર્થે જ્યાં બ્રાહ્મણ યજ્ઞશાળામાં યજ્ઞ કરતા હતા ત્યાં આવ્યા.

**તં પાસિઉણં એજ્જન્તં, તવેણ પરિસોસિયં ।**
**પન્તોવહિઉવગરણં, ઉવહસન્તિ અણારિયા ॥૪॥**

તપથી જેમનું શરીર શુષ્ક થઈ ગયું છે, જેમનાં ઉપકરણ જીર્ણ અને મલિન થઈ ગયાં છે. તે મુનિને આવતા જોઈને અનાર્ય જેવા બ્રાહ્મણો અનાર્યવૃત્તિવાળા તેમની હાંસી કરે છે.

**જાઈમયપડિથદ્ધા, હિંસગા અજિઈન્દિયા ।**
**અબંભચારિણો બાલા, ઈમં વયણમબ્બવી ॥૫॥**

જાતિમદથી ઘમંડી, અભિમાની, હિંસક, અજિતેન્દ્રિય, અબ્રહ્મચારી, અજ્ઞાની લોકો એ મુનિ પ્રત્યે આ પ્રમાણે બોલવા લાગ્યા.

**કયરે આગચ્છઇ દિત્તરૂવે, કાલે વિકરાલે ફોક્કનાસે ।**
**ઓમચેલએ પંસુપિસાયભૂએ, સંકરદૂસં પરિહરિય કંઠે ॥૬॥**

ઘૃણા ઊપજે એવું રૂપ, કાળા રંગવાળો, વિકરાળ, ચપટા નાકવાળો, પિશાચ જેવો આ કોણ આવી રહ્યો છે ? જેણે ગળામાં અત્યંત જીર્ણ અને ગંદા વસ્ત્ર પહેર્યાં છે.

**કયરે તુમં ઈય અદંસણિજ્જે, કાએ વ આસા ઈહ માગઓ સિ ? ।**
**ઓમચેલયા પંસુપિસાયભૂયા, ગચ્છક્ખલાહિ કિમિહં ઠિઓ સિ ? ॥૭॥**

જીર્ણ વસ્ત્રવાળો, પિશાચ જેવો અદર્શનીય એવો તું કોણ છે ? અહીંયાં કેમ ઊભો છે ? અહીંથી જતો રહે.

**જક્ખો તહિં તિન્દુયરુક્ખવાસી, અણુકંપઓ તસ્સ મહામુણિસ્સ ।**
**પચ્છાયઈત્તા નિયગં સરીરં, ઈમાઈ વયણાઈમુદાહરિત્થા ॥૮॥**

આ સમયે આ મુનિની ઉપર અનુકંપા રાખનાર, તિંદુક વૃક્ષ ઉપર રહેનાર યક્ષ પોતાનું શરીર છુપાવીને મુનિઓના શરીરમાં પ્રવેશ કરીને આ વચનો કહેવા લાગ્યો.

**સમણો અહં સંજઓ બંભયારી, વિરઓ ધણપયણપરિગ્ગહાઓ ।**
**પરપ્પવિત્તસ્સ ઉ ભિક્ખકાલે, અન્નસ્સ અટ્ઠા ઈહ માગઓ મિ ॥૯॥**

હું શ્રમણ છું, હું સંયતિ છું, હું બ્રહ્મચારી છું, હું ધનપરિગ્રહ રહિત છું. પચન (રાંધવું) થી હું વિરક્ત છું. આ ભિક્ષાકાળે હું બીજાઓથી એના માટે બનાવેલી ભિક્ષા લેવા આવ્યો છું.

**વિયરિજ્જઈ ખજ્જઈ ભુજ્જઈ ય, અન્નં પભૂયં ભવયાણમેયં ।**
**જાણાહિ મે જાયણજીવિણો ત્તિ, સેસાવસેસં લભઉ તવસ્સી ॥૧૦॥**

અહીં વિશેષ અન્ન વહેંચાય છે, ખવાય છે, ભોગવાય છે. તમે જાણો છો કે હું કેવળ ભિક્ષાથી જ આજીવિકા કરવાવાળો છું. આ માટે બીજાઓએ ભોજન કરી લીધા પછી જે બચ્યું હોય તે મને તપસ્વીને આહાર આપીને લાભ પ્રાપ્ત કરો.

**ઉવક્ખડં ભોયણ માહણાણં, અત્તટ્ઠિયં સિદ્ધમિહેગપક્ખં ।**
**ન ઉ વયં એરિસમન્નપાણં, દાહામુ તુજ્ઝં કિમિહં ઠિઓ સિ ? ॥૧૧॥**

બ્રાહ્મણો બોલ્યા : બ્રાહ્મણોના જ માટે બનાવેલું આ ઉત્તમ ભોજન તેમના જ માટે છે ! એટલા માટે આવું અન્ન અમે તને આપીશું નહિ. તું અહીં શા માટે ઊભો છે ?

**થલેસુ બીયાઈ વવન્તિ કાસગા, તહેવ નિન્નેસુ ય આસસાએ ।**
**એયાએ સદ્ધાએ દલાહ મજ્ઝં, આરાહએ પુન્નમિણં ખુ ખિત્તં ॥૧૨॥**

ભિક્ષુ શરીરમાં સ્થિત યક્ષે કહ્યું કે - જેવી રીતે ફળની આશાએ ખેડૂતો ઊંચી અને નીચી ભૂમિમાં બી વાવે છે. તેવી રીતની શ્રદ્ધાથી તું મને ભિક્ષા આપ. તને ખરેખર પુણ્ય થશે.

**ખેત્તાણિ અમ્હં વિઈયાણિ લોએ, જહિં પકિન્ના વિરુહંતિ પુન્ના ।**
**જે માહણા જાઈ-વિજ્જોવવેયા, તાઈં તુ ખેત્તાઈં સુપેસલાઈં ॥૧૩॥**

બ્રાહ્મણો બોલ્યા : લોકમાં જે પુણ્યક્ષેત્ર છે, તે અમે જાણીએ છીએ. જ્યાં વાવેલું બીજ પૂર્ણ રીતે ઊગે છે. જેમાં ઘણું જ પુણ્ય છે એવા જાતિ અને વિદ્યાથી સંપન્ન બ્રાહ્મણ છે, એ ખરેખર ઉત્તમ ક્ષેત્ર છે.

**કોહો ય માણો ય વહો ય જેસિં, મોસં અદત્તં ચ પરિગ્ગહં ચ ।**
**તે માહણા જાઈ-વિજ્જાવિહુણા, તાઈં તુ ખેત્તાઈં સુપાવયાઈં ॥૧૪॥**

યક્ષે કહ્યું - જેનામાં ક્રોધ, માન, હિંસા, વધ, જૂઠ, અદત્ત અને પરિગ્રહ છે, તે બ્રાહ્મણો જાતિહીન અને વિદ્યાવિહીન છે, અને તે ક્ષેત્રો ખરેખર પાપકારી ક્ષેત્રો છે.

**તુબ્ભેત્થ ભો ભારધરા ગિરાણં, અટ્ઠં ન જાણેહ અહિજ્જવેએ ।**
**ઉચ્ચાવયાઈં મુણિણો ચરંતિ, તાઈં તુ ખેત્તાઈં સુપેસલાઈં ॥૧૫॥**

અહો ! તમે શબ્દોના શાસ્ત્રવાણીના ભાર ઉપાડનારા છો, વેદ ભણ્યા છો, પરંતુ વેદના ખરા અર્થ-ભાવને જાણતા નથી. મુનિઓ ઊંચ-નીચ કુલમાંથી સમભાવપૂર્વક ભિક્ષા લે છે, તે જ દાન માટે સુંદર ક્ષેત્ર છે.

**અજ્ઝાવયાણં પડિકૂલભાસી, પભાસસે કિં તુ સગાસિ અમ્હં ।**
**અવિ એયં વિણસ્સઉ અન્નપાણં, ન ય ણં દાહામુ તુમં નિયંઠા ॥૧૬॥**

છાત્રો બોલ્યા : તું અમારી સામે અમારા અધ્યાપક વિરુદ્ધ શું બોલબોલ કરે છે ? હે નિર્ગ્રંથ ! આ આહાર પાણી ભલે નાશ પામે, પરંતુ અમે તને આપવાના નથી.

**સમઈ હિ મજ્ઝં સુસમાહિયસ્સ, ગુત્તીહિ ગુત્તસ્સ જિઈન્દિયસ્સ ।**
**જઈ મે ન દાહિત્થ અહેસણિજ્જં, કિમજ્જ જન્નાણ લહિત્થ લાહં ॥૧૭॥**

યક્ષ બોલ્યો : હે આર્યો ! મારા જેવા પાંચ સમિતિઓથી સુસમાધિયુક્ત, ગુપ્તિથી ગુપ્ત, જિતેન્દ્રિયને જો આ એષણિક આહાર નહિ આપો તો તમો યજ્ઞનું શું ફળ પામશો ?

**કે ઈત્થ ખત્તા ઉવજોઈયા વા, અજ્ઝાવયા વા સહ ખંડિએહિં ।**
**એયં ખુ દંડેણ ફલેણ હંતા, કંઠમ્મિ ઘેત્તૂણ ખલેજ્જ જો ણં ॥૧૮॥**

અધ્યાપકે કહ્યું : અહીં કોઈ ક્ષત્રિય, રસોઈયા, છાત્ર કે અધ્યાપક છે ? આ સાધુને દંડ-મુષ્ઠિ મારીને ગળું પકડીને બહાર કાઢી મૂકે.

**અજ્ઝાવયાણં વયણં સુણેત્તા, ઉદ્ધાઈયા તત્થ બહુ કુમારા ।**
**દંડેહિં વિત્તેહિં કસેહિં ચેવ, સમાગયા તં ઈસિ તાલયન્તિ ॥૧૯॥**

અધ્યાપકની વાત સુણીને ઘણા રાજકુમારો દોડી આવ્યા ને દંડ, સોટી તથા ચાબુકથી તેને મારવા લાગ્યા.

**રન્નો તહિં કોસલિયસ્સ ધૂયા, ભદ્દ ત્તિ નામેણ અણિંદિયંગી ।**
**તં પાસિયા સંજય હમ્માણં, કુદ્ધે કુમારે પરિનિવ્વવેઈ ॥૨૦॥**

આ સંયતિને મારતા જોઈને કોશલ દેશના રાજાની ભદ્રા નામની સુંદરી - રાજકુમારી ક્રોધિષ્ઠ થયેલા કુમારોને શાંત કરવા લાગી.

**દેવાભિઓગેણ નિઓઈએણં, દિન્નામુ રન્ના મણસા ન ઝાયા ।**
**નરિન્દ દેવિન્દ અભિવંદિએણં, જેણામિ વંતા ઈસિણા સએસો ॥૨૧॥**

રાજકુમારી કહે છે : દેવના અભિયોગથી બલવતી પ્રેરણાથી પ્રેરાયેલા મારા પિતા કૌશાલિક રાજાએ મને મુનિને દાનમાં આપી હતી, પરંતુ આ મુનિએ મને મનથી પણ ન ઈચ્છી. આ મુનિ નરેન્દ્ર દેવેન્દ્રથી પૂજિત છે. જેમણે મને વમી દીધી છે, ત્યાગી છે.

**એસો હુ સો ઉગ્ગતવો મહપ્પા, જિઈન્દિઓ સંજઓ બંભયારી ।**
**જો મે તયા નેચ્છઈ દિજ્જમાણિં, પિઉણા સયં કોસલિએણ રન્ના ॥૨૨॥**

આ મુનિ એજ ઉગ્ર તપસ્વી મહાત્મા છે, એ જિતેન્દ્રિય, સંયતિ અને બ્રહ્મચારી છે, જેને મારા પિતા-કોશલ દેશના રાજાએ મને દાનમાં આપેલી, છતાં મારી ઈચ્છા પણ ન કરી.

**મહાજસો એસ મહાણુભાગો, ઘોરવ્વઓ ઘોરપરક્કમો ય ।**
**મા એયં હીલેહ અહીલણિજ્જં, મા સવ્વે તેએણ ભે નિદ્દહેજ્જા ॥૨૩॥**

આ મુનિ મહા યશસ્વી, મહા પ્રભાવશાળી, ઘોર વ્રતી, ઘોર પરાક્રમી છે. તેમની નિંદા ન કરો, નિંદા પાત્ર એ નથી. પોતાના તેજથી તે તમો બધાને ભસ્મ કરશે.

**એયાઈ તીસે વયણાઈ સોચ્ચા, પત્તીઈ ભદ્દાઈ સુભાસિયાઈ ।**
**ઈસિસ્સ વેયાવડિયટ્ઠયાએ, જક્ખા કુમારે વિણિવારયન્તિ ॥૨૪॥**

એ બ્રહ્મપત્ની ભદ્રાના આ સુભાષિત વચનો સાંભળીને ઋષિની વૈયાવૃત્ય કરવા માટે યક્ષ, કુમારોને રોકવા લાગ્યો.

**તે ઘોરરુવા ઠિય અંતલિક્ખે, અસુરા તહિં તં જણ તાલયન્તિ ।**
**તે ભિન્નદેહે રુહિરં વમન્તે, પાસિત્તુ ભદ્દા ઈણમાહુ ભુજ્જો ॥૨૫॥**

આકાશમાં રહેલો રૌદ્રરૂપ યક્ષ, કુમારોને મારવા લાગ્યો. ભાંગેલ શરીર અને લોહી ઓકતા કુમારોને જોઈને ભદ્રા ફરીથી બોલી :

**ગિરિં નહેહિં ખણહ, અયં દંતેહિં ખાયહ ।**
**જાયતેયં પાએહિં હણહ, જે ભિક્ખું અવમન્નહ ॥૨૬॥**

તમો આ ભિક્ષુકનું અપમાન કરો છો, તે પર્વતને નખથી ખોદવા સમાન છે, લોખંડને દાંતથી ખાવા સમાન છે અને અગ્નિને પગથી ખોદવા સમાન છે.

**આસીવિસો ઉગ્ગતવો મહેસી, ઘોરવ્વઓ ઘોરપરક્કમો ય ।**
**અગણિં વ પક્ખંદ પયંગસેણા, જે ભિક્ખુયં ભત્તકાલે વહેહ ॥૨૭॥**

આ મહર્ષિ આશીવિષ લબ્ધિવાળા, ઘોર તપસ્વી, દુષ્કર વ્રત અને ઘોર પરાક્રમવાળા છે. તમો ભિક્ષા સમયે ભિક્ષુકને મારો છો તે પતંગિયાના સમૂહની જેમ અગ્નિમાં પડો છો.

**સીસેણ એયં સરણં ઉવેહ, સમાગયા સવ્વજણેણ તુબ્ભે ।**
**જઇ ઇચ્છહ જીવિયં વા ધણં વા, લોગં પિ એસો કુવિઓ ડહેજ્જા ॥૨૮॥**

જો તમે જીવન અને ધનને ઈચ્છો છો તો તમે બધા જન ભેગા થઈને માથું નમાવીને એમનું શરણ ગ્રહણ કરો, ક્રોધિત થયેલ એ, ઋષિ સમગ્ર લોકોને પણ ભસ્મ કરી શકે છે.

**અવહેડિય પિટ્ઠિસઉત્તમંગે, પસારિયા બાહુ અકમ્મચિટ્ઠે ।**
**નિબ્ભેરિયચ્છે રુહિરં વમન્તે, ઉઙ્ઢંમુહે નિગ્ગયજીહનેત્તે ॥૨૯॥**

આ કુમારોનાં મુખ પીઠની બાજુ નમી ગયા, ઉગામેલા હાથ નિષ્ક્રિય થઈ ગયા, આંખો ફાટી ગયેલી અને જીભ બહાર નીકળી ગઈ હતી અને મોં લોહી ઓકતું હતું.

**તે પાસિયા ખંડિય કટ્ઠભૂએ, વિમણો વિસન્નો અહ માહણો સો ।**
**ઇસિં પસાએઇ સભારિયાઓ, હીલં ચ નિંદં ચ ખમાહ ભંતે ! ॥૩૦॥**

મુનિને પ્રતાડિત કરનારા શિષ્યોને કાષ્ટભૂત જોઈને આ બ્રાહ્મણો ખેદ કરતા, પોતાની સ્ત્રી સાથે ઋષિને પ્રસન્ન કરતા તથા પોતાની નિંદા અને હિલના કરતા થકા બોલ્યા કે હે પ્રભો ! અમને ક્ષમા કરો.

**બાલેહિ મૂઢેહિ અયાણએહિં, જં હીલિયા તસ્સ ખમાહ ભન્તે ! ।**
**મહપ્પસાયા ઇસિણો હવન્તિ, ન હુ મુણી કોવપરા હવન્તિ ॥૩૧॥**

હે પ્રભો ! અજ્ઞાની મૂઢ બાળકોએ આપની જે અવહેલના કરી તેને માટે ક્ષમા આપો. ઋષિ એ તો મહાકૃપાળુ હોય છે, તેઓ કોપ કરતા નથી.

**પુવ્વિં ચ ઈણ્હિં ચ અણાગયં ચ, મણપ્પદોસો ન મે અત્થિ કોઈ ।**
**જક્ખા હુ વેયાવડિયં કરેન્તિ, તમ્હા હુ એએ નિહયા કુમારા ॥૩૨॥**

મુનિએ કહ્યું કે મારા મનમાં પહેલાં કે અત્યારે કે ભવિષ્યકાળમાં પ્રદોષ-ક્રોધ હતો નહિ કે થશે પણ નહિ, પરંતુ યક્ષ મારી સેવા કરે છે, તેણે ખરેખર આ કુમારોને માર્યા છે.

**અત્થં ચ ધમ્મં ય વિયાણમાણા, તુબ્ભં ન વિ કુપ્પહ ભૂઈપન્ના ।**
**તુબ્ભં તુ પાએ સરણં ઉવેમો, સમાગયા સવ્વજણેણ અમ્હે ॥૩૩॥**

બ્રાહ્મણ કહેવા લાગ્યો કે આપ ધર્મ તથા તેના ભાવને જાણનાર છો. વળી આપશ્રી ભૂતિપ્રજ્ઞ એટલે ઉત્તમ બુદ્ધિવાળા છો, તેથી તમે ક્રોધ કરતા નથી, અમે તમારા શરણે આવ્યા છીએ.

**અચ્ચેમુ તે મહાભાગ, ન તે કિંચિ ન અચ્ચિમો ।**
**ભુંજાહિ સાલિમં કૂરં, નાણાવંજણસંજુયં ॥૩૪॥**

હે મહાભાગ્યવાન ! અમે આપને પૂજીએ છીએ. આપનું કોઈ અંગ અપૂજય નથી. અનેક પ્રકારના વ્યંજનવાળા શાલિથી બનાવેલા ભાતનું આપ ભોજન કરો.

**ઈમં ચ મે અત્થિ પભૂયમન્નં, તં ભુંજસુ અમ્હ અણુગ્ગહટ્ઠા ।**
**બાઢં તિ પડિચ્છઈ ભત્તપાણં, માસસ્સ ઉ પારણએ મહપ્પા ॥૩૫॥**

આ પ્રભુત-પુષ્કળ ભોજન છે. અમારા ઉપર કૃપા કરીને-રાજી થઈને આપ ભિક્ષા લો, મુનિશ્રી 'ઠીક' - સારું એમ કહીને માસક્ષમણના પારણામાં આહાર-પાણી વહોરે છે.

**તહિયં ગન્ધોદગપુપ્ફવાસં, દિવ્વા તહિં વસુહારા ય વુટ્ઠા ।**
**પહયાઓ દુન્દુહીઓ સુરેહિં, આગાસે અહો દાણં ચ ઘુટ્ઠં ॥૩૬॥**

દેવોએ ત્યાં દિવ્ય સુગંધિત જલ અને સુગંધિત પુષ્પ તથા ધનની ધારાબદ્ધ વર્ષા વરસાવી અને દુન્દુભિઓ વગાડી અને આકાશમાં અહો દાનં ! અહો દાનં ! એમ ઘોષણા કરી.

**સક્ખં ખુ દીસઈ તવોવિસેસો, ન દીસઈ જાઈવિસેસુ કોઈ ।**
**સોવાગપુત્તં હરિએસસાહું, જસ્સેરિસા ઈડ્ઢિ મહાણુભાગા ॥૩૭॥**

આ સાક્ષાત્ તપનો વિશેષ પ્રભાવ દેખાય છે. તેનાથી કંઈપણ વિશેષ દેખાતું નથી. ચાંડાલ પુત્ર હરિકેશ સાધુને તો જુઓ. જેની મહાપ્રભાવશાળી ઋદ્ધિ છે.

**કિં માહણા ! જોઈસમારભંતા, ઉદએણ સોહિં બહિયા વિમગ્ગહા ।**
**જં મગ્ગહા બાહિરિયં વિસોહિં, ન તં સુઈટ્ઠં કુસલા વયન્તિ ॥૩૮॥**

હે બ્રાહ્મણો ! જાણી જોઈને અગ્નિનો શા માટે આરંભ કરો છો ? જલથી બાહ્ય શુચિ કેમ ઈચ્છો છો ? જેઓ બહારની શુદ્ધિ ઈચ્છે છે, તેઓ સુદષ્ટિવાળા નથી. એમ તત્ત્વજ્ઞો કહે છે.

**કુસં ચ જૂવં તણકટ્ઠમગ્ગિ, સાયં ચ પાયં ઉદગં ફુસન્તા ।**
**પાણાઈ ભુયાઈ વિહેડયંતા, ભુજ્જો વિ મંદા પકરેહ પાવં ॥૩૯॥**

કુશ, યૂપ, તૃણ, કાષ્ટ, અગ્નિ તથા સવાર-સાંજ જલનો સ્પર્શ કરતા પ્રાણીઓની હિંસા કરે છે. તે મંદ બુદ્ધિવાળા વારંવાર પાપનો સંચય કરે છે.

**કહં ચરે ભિક્ખુ વયં જયામો, પાવાઈ કમ્માઈ પુણોલ્લયામો ।**
**અક્ખાહિ નો સંજય જક્ખપૂઈયા, કહં સુઈટ્ઠં કુસલા વયન્તિ ॥૪૦॥**

હે ભિક્ષુ ! અમે શું કરીએ, કેવો યજ્ઞ કરીએ કે જેથી અમે પાપકર્મને દૂર કરી શકીએ ? હે યક્ષ પૂજિત સંયતિ ! તત્ત્વજ્ઞ પુરુષોએ સુંદર યજ્ઞનું પ્રતિપાદન સુંદર રીતે કર્યું છે.

**છજ્જીવકાએ અસમારભંતા, મોસં અદત્તં ચ અસેવમાણા ।**
**પરિગ્ગહં ઈત્થિઓ માણ માયં, એયં પરિન્નાય ચરન્તિ દંતા ॥૪૧॥**

ઈન્દ્રિયોને દમનારા છકાય જીવની હિંસા નથી કરતા, મૃષા, અદત્તાનું સેવન નથી કરતા, પરિગ્રહ, સ્ત્રી, માન, માયાને જાણીને ત્યાગે છે.

**સુસંવુડા પંચહિં સંવરેહિં, ઈહ જીવિયં અણવકંખમાણા ।**
**વોસટ્ઠકાયા સુઈચત્તદેહા, મહાજયં જયઈ જન્નસિટ્ઠં ॥૪૨॥**

પાંચ સંવરથી સંવૃત્ત, અસંયમી જીવનને નહિ ચાહવાવાળો, શરીરનો ત્યાગ કરનાર, નિર્મળ વ્રતવાળો, શરીરના મમત્વના ત્યાગરૂપ મહાન જપવાળો શ્રેષ્ઠ યજ્ઞનું અનુષ્ઠાન કરે છે.

**કે તે જોઈ કે વ તે જોઈઠાણે, કા તે સુયા કિં વ તે કારિસંગં ।**
**એહા ય તે કયરા સન્તિ ભિક્ખૂ, કયરેણ હોમેણ હુણાસિ જોઈ ॥૪૩॥**

હે ભિક્ષુ ! આપની અગ્નિ કઈ છે ? અગ્નિકુંડ કેવો છે ? કડછી, છાણાં, લાકડાં કયા છે ? શાંતિપાઠ કયો છે ? અને આપ કયા હોમથી અગ્નિને પ્રસન્ન કરો છો ?

**તવો જોઈ જીવો જોઈઠાણં, જોગા સુયા સરીરં કારિસંગં ।**
**કમ્મેહા સંજમજોગ સન્તી, હોમં હુણામિ ઈસિણં પસત્થં ॥૪૪॥**

તપ રૂપ અગ્નિ, જીવ રૂપ અગ્નિકુંડ અને મન, વચન, કાયાના યોગ રૂપ કડછી, શરીર છાણાં છે, આઠ કર્મ લાકડાં રૂપ છે, સંયમચર્યા શાંતિ પાઠ છે, હું ઋષિઓ દ્વારા પ્રશંસિત એવો યજ્ઞ કરું છું.

**કે તે હરએ કે ય તે સંતિતિત્થે, કહિં સિણાઓ વ રયં જહાસિ ।**
**આઈક્ખ ણે સંજય જક્ખપૂઈયા, ઈચ્છામો નાઉં ભવઓ સગાસે ॥૪૫॥**

હે યજ્ઞાપૂજિત ! આપનું જલાશય કોણ છે ? આપનું શાંતિતીર્થ કોણ છે ? આપ ક્યાં સ્નાન કરીને કર્મરજને દૂર કરો છો ? આ બધું હે સંયતિ ! અમે જાણવા ઈચ્છીએ છીએ, આપ બતાવો.

**ધમ્મે હરએ બમ્ભે સંતિતિત્થે, અણાવિલે અત્તપસન્નલેસે ।**
**જહિં સિણાઓ વિમલો વિસુદ્ધો, સુસીઈભૂઓ પજહામિ દોસં ॥૪૬॥**

અકલુષિત, આત્માને પ્રસન્ન કરવાવાળો શુભ લેશ્યા રૂપ ધર્મ, મારું જલાશય અને બ્રહ્મચર્ય રૂપ શાંતિતીર્થ છે. જ્યાં સ્નાન કરીને વિશુદ્ધ અને શીતલ થઈને પાપને હું દૂર કરું છું.

**એયં સિણાણં કુસલેહિ દિટ્ઠં, મહાસિણાણં ઈસિણં પસત્થં ।**
**જહિં સિણાયા વિમલા વિસુદ્ધા, મહારિસી ઉત્તમં ઠાણં પત્તા ॥૪૭॥**
**॥ ત્તિબેમિ ॥**

તત્ત્વજ્ઞોએ આ સ્નાન સાચું જોયું છે. આ જ મહા સ્નાન છે, જેની ઋષિઓએ પ્રશંસા કરી છે. આ જ સ્થાનેથી મહર્ષિ લોક વિમલ અને વિશુદ્ધ થઈને ઉત્તમ સ્થાનને પ્રાપ્ત થયા છે.

## અધ્યયન-૧૩ : ચિત્ત-સંભૂતિ

**જાઈપરાજિઓ ખલુ, કાસિ નિયાણં તુ હત્થિણપુરમ્મિ ।**
**ચુલણીએ બમ્ભદત્તો, ઉવવન્નો પઉમગુમ્માઓ ॥૧॥**

સંભૂતિનો જીવ જાતિથી અપમાનિત થઈને હસ્તિનાપુરમાં નિદાન કરેલા અને પદ્મગુલ્મ વિમાનથી ચ્યવીને ચુલણીરાણીની કુક્ષિએ બ્રહ્મદત્તપણે ઉત્પન્ન થયો.

**કમ્પિલ્લે સંભૂઓ ચિત્તો, પુણ જાઓ પુરિમતાલમ્મિ ।**
**સેટ્ઠિકુલમ્મિ વિસાલે, ધમ્મં સોઉણ પવ્વઈઓ ॥૨॥**

સંભૂત કામ્પિલ્ય નગરમાં અને ચિત્તનો જીવ પુરિમતાલ નગરમાં વિશાલ શ્રેષ્ઠી કુલમાં ઉત્પન્ન થયો અને ચિત્તે ધર્મ સાંભળીને પ્રવ્રજ્યા-દીક્ષા લીધી.

**કમ્પિલ્લમ્મિ ય નયરે, સમાગયા દો વિ ચિત્તસંભૂયા ।**
**સુહદુક્ખ ફલવિવાગં, કહેન્તિ તે ઈક્કમિક્કસ્સ ॥૩॥**

કામ્પિલ્ય નગરમાં ચિત્ત અને સંભૂતિ મળ્યા અને એક બીજાને સુખ-દુ:ખરૂપ ફલ વિપાકની વાત કરવા લાગ્યા.

**ચક્કવટ્ટી મહિડ્ઢીઓ, બમ્ભદત્તો મહાયસો ।**
**ભાયરં બહુમાણેણં, ઈમં વયણમબ્બવી ॥૪॥**

મહાઋદ્ધિ અને મહાયશસ્વી ચક્રવર્તી બ્રહ્મદત્તે બહુમાનપૂર્વક પોતાના પૂર્વજન્મના ભાઈને આ વચન કહ્યું.

**આસિમો ભાયરા દો વિ, અન્નમન્નવસાણુગા ।**
**અન્નમન્નમણુરત્તા, અન્નમન્નહિએસિણો ॥૫॥**

આપણે બે ભાઈઓ હતા. એક બીજાની સેવામાં રહેનાર, (એકબીજાના વશવર્તી) એક બીજાને ચાહનાર અને એક બીજાના હિતસ્વી હતા.

**દાસા દસન્ને આસી, મિયા કાલિંજરે નગે ।**
**હંસા મયંગતીરાએ, સોવાગા કાસિભૂમિએ ॥૬॥**

આપણે બંને દશાર્ણ દેશમાં સેવક-દાસ હતા. કાલિંજર પર્વત ઉપર મૃગો હતા અને મૃતગંગાના કિનારે હંસો હતા અને કાશી ક્ષેત્રમાં ચાંડાલ હતા.

**દેવા ય દેવલોગમ્મિ, આસિ અમ્હે મહિડ્ઢિયા ।**
**ઈમા નો છટ્ઠિયા જાઈ, અન્નમન્નેણ જા વિણા ॥૭॥**

આપણે બે દેવલોકમાં મહર્દ્ધિક દેવતા હતા, આ આપણો છટ્ઠો ભવ છે. જેમાં આપણે એકબીજાથી છૂટા પડ્યા છીએ.

**કમ્મા નિયાણપયડા, તુમે રાય વિચિન્તિયા ।**
**તેસિં ફલવિવાગેણ, વિપ્પઓગમુવાગયા ॥૮॥**

હે રાજા ! તમે મનમાં નિદાન કર્યું હતું, એ કર્મનું ફલ ઉદય આવવાથી આપણો વિયોગ થયો છે.

**સચ્ચસોયપ્પગડા, કમ્મા મએ પુરા કડા ।**
**તે અજ્જ પરિભુંજામો, કિં નુ ચિત્તે વિ સે તહા ॥૯॥**

બ્રહ્મદત્ત ચક્રવર્તીએ કહ્યું કે - હે ચિત્ત ! મેં ગયા ભવમાં સત્ય અને શૌચયુક્ત કર્મ કર્યાં હતાં. એનું ફળ આજે અહીં ભોગવું છું. શું તમે પણ એવું જ ફળ ભોગવી રહ્યા છો ?

**સવ્વં સુચિણ્ણં સફલં નરાણં, કડાણ કમ્માણ ન મોક્ખ અત્થિ ।**
**અત્થેહિ કામેહિ ય ઉત્તમેહિં, આયા મમં પુણ્ણફલોવવેએ ॥૧૦॥**

મનુષ્યોનું સર્વ સદાચરણ સફળ છે. કરેલાં કર્મો તો ભોગવ્યાં વિના મોક્ષ નથી. મારો આત્મા પણ પુણ્ય ફળે કરીને ઉત્તમ દ્રવ્ય (અર્થ-ધન) અને કામભોગોથી યુક્ત હતો.

**જાણાસિ સંભૂય મહાણુભાગં, મહિડ્ઢિયં પુણ્ણફલોવવેયં ।**
**ચિત્તં પિ જાણાહિ તહેવ રાયં, ઈડ્ઢી જુઈ તસ્સ વિ ય પ્પભૂયા ॥૧૧॥**

હે સંભૂત ! જેવી રીતે તમે પોતાને મહાન ઋદ્ધિવાળા, મહા ભાગ્યવાન અને પુણ્ય ફળયુક્ત જાણો છો. તેવી રીતે ચિત્તને પણ જાણો. મારી પણ પુષ્કળ ઋદ્ધિ અને દ્યુતિ હતી.

**મહત્થરૂવા વયણપ્પભૂયા, ગાહાણુગીયા નરસંઘમજ્ઝે ।**
**જં ભિક્ખુણો સીલગુણોવવેયા, ઈહ જયન્તે સમણો મિ જાઓ ॥૧૨॥**

જે ગાથાને સાંભળીને ભિક્ષુ લોક જ્ઞાનપૂર્વક ચારિત્રથી યુક્ત થઈને જિનશાસનમાં પ્રયત્નશીલ થાય છે. એ અલ્પાક્ષર અને મહાન અર્થવાળી ગાથાને પરિષદમાં સાંભળીને હું શ્રમણ થયો છું.

**ઉચ્ચોયએ મહુ કક્કે ય બમ્ભે, પવેઈયા આવસહા ય રમ્મા ।**
**ઈમં ગિહં ચિત્ત ધણપ્પભુયં, પસાહિ પંચાલગુણોવવેયં ॥૧૩॥**

હે ચિત્ત ! ઉચ્ચ, ઉદય, મધુ, કર્ક અને બ્રહ્મ આ પાંચ પ્રકારનાં મુખ્ય પ્રાસાદ અને બીજાં પણ રમણીય ભવન, પ્રચુર ધન તથા પાંચાલ દેશના રૂપાદિ ગુણ સહિત મહેલોનો તમે ઉપભોગ કરો.

**નટ્ટેહિં ગીએહિં ય વાઈએહિં, નારીજણાહિં પરિવારયન્તો ।**
**ભુંજાહિ ભોગાઈ ઈમાઈ ભિક્ખૂ, મમ રોયઈ પવ્વજ્જા હુ દુક્ખં ॥૧૪॥**

હે ભિક્ષુ ! નૃત્ય, ગીત અને વાજિંત્રોથી યુક્ત સ્ત્રીઓના પરિવાર સાથે એ ભોગોને ભોગવો. આ પ્રવ્રજ્યા તો મને ખરેખર દુઃખકારી લાગે છે.

**તં પુવ્વનેહેણ કયાણુરાગં, નરાહિવં કામગુણેસુ ગિદ્ધં ।**
**ધમ્મસ્સિઓ તસ્સ હિયાણુપેહી, ચિત્તો ઈમં વયણમુદાહરિત્થા ॥૧૫॥**

પૂર્વ સ્નેહના વશ અનુરાગ કરનાર અને કામગુણોમાં આસક્ત એ ચક્રવર્તીને ધર્મમાં સ્થિત અને જેનું હિત ઈચ્છનાર ચિત્તમુનિ નીચે પ્રમાણે કહેવા લાગ્યા.

**સવ્વં વિલવિયં ગીયં, સવ્વં નટ્ટં વિડમ્બિયં ।**
**સવ્વે આભરણા ભારા, સવ્વે કામા દુહાવહા ॥૧૬॥**

સર્વ ગીત વિલાપરૂપ છે, સર્વ નૃત્ય વિડંબના છે, સર્વ આભરણ ભારરૂપ છે અને સર્વ કામ દુઃખદાયક છે.

**બાલાભિરામેસુ દુહાવહેસુ, ન તં સુહં કામગુણેસુ રાયં ।**
**વિરત્તકામાણ તવોધણાણં, જં ભિક્ખુણં સીલગુણે રયાણં ॥૧૭॥**

હે રાજા ! અજ્ઞાનીઓને પ્રિય પરંતુ અંતમાં દુઃખદાતા કામગુણોને વિશે એ સુખ નથી. જે સુખ કામોથી વિરક્ત, તપ એ જ ધન માનનાર અને શીલગુણમાં રત રહેનારા ભિક્ષુઓને હોય છે.

**નરિંદ જાઈ અહમા નરાણં, સોવાગજાઈ દુહઓ ગયાણં ।**
**જહિં વયં સવ્વજણસ્સ વેસ્સા, વસી ય સોવાગનિવેસણેસુ ॥૧૮॥**

હે નરેન્દ્ર ! આપણે બંને પૂર્વ ભવમાં મનુષ્યોમાં અધમ એવી ચાંડાલ જાતિમાં જન્મ્યા હતા. ત્યાં આપણે લોકોના દ્વેષપાત્ર થઈને ચાંડાલોની વસ્તીમાં રહેતા હતા.

**તીસે ય જાઈઇ ઉ પાવિયાએ, વુચ્છામુ સોવાગ નિવેસણેસુ ।**
**સવ્વસ્સ લોગસ્સ દુગુંછણિજ્જા, ઈહં તુ કમ્માઈ પુરે કડાઈ ॥૧૯॥**

આ પાપરૂપ જાતિમાં આપણે જન્મ્યા હતા. આપણે બંને ચાંડાલના ઘરમાં રહેતા હતા અને બધા લોકોના નિંદનીય હતા. અહીં આપણે પૂર્વકૃત શુભ કર્મનું ફળ ભોગવી રહ્યા છીએ.

**સો દાણિ સિં રાય મહાણુભાગો, મહિડ્ઢિઓ પુન્નફલોવવેઓ ।**
**ચઈત્તુ ભોગાઈ અસાસયાઈ, આદાણહેઉં અભિનિક્ખમાહિ ॥૨૦॥**

હે રાજા ! ચાંડાલના ભવમાં ધર્માચરણના શુભ ફળથી અહીં તમે મહાઋદ્ધિવાળા અને પુણ્ય ફળયુક્ત રાજા થયા છો. હવે આ અશાશ્વત-નાશવંત ભોગોને ત્યાગીને ચારિત્રને માટે નીકળી પડો=પ્રવ્રજ્યા ગ્રહણ કરો.

**ઈહ જીવિએ રાય અસાસયમ્મિ, ધણિયં તુ પુણ્ણાઈ અકુવ્વમાણો ।**
**સે સોયઈ મચ્ચુમુહોવણીએ, ધમ્મં અકાઉણ પરમ્મિ લોએ ॥૨૧॥**

હે રાજા ! આ અશાશ્વત જીવનમાં અતિશય પુન્ય કર્મ શુભધર્મ-આચરણ જે નથી કરતો તે, ધર્મ કર્યા વિના મૃત્યુના મુખમાં પડ્યા પછી પશ્ચાત્તાપ કરે છે અને પરલોકમાં ખેદ કરે છે.

**જહેહ સીહો વ મિયં ગહાય, મચ્ચૂ નરં નેઇ હુ અંતકાલે ।**
**ન તસ્સ માયા વ પિયા વ ભાયા, કાલમ્મિ તમ્મંસહરા ભવંતિ ॥૨૨॥**

જેવી રીતે સિંહ મૃગને પકડી લઈ જાય છે, તેવી રીતે મૃત્યુ માણસને ઉપાડી લે છે. તે વખતે માતા, પિતા અને બંધુ તેને અંશ માત્ર પણ બચાવી શકતાં નથી. તે દુઃખમાં ભાગીદાર બનતાં નથી.

**ન તસ્સ દુક્ખં વિભયંતિનાઇઓ, ન મિત્તવગ્ગા ન સુયા ન બંધવા ।**
**એક્કો સયં પચ્ચણુહોઇ દુક્ખં, કત્તારમેવ અણુજાઇ કમ્મં ॥૨૩॥**

એના દુઃખમાં તેના જ્ઞાતિજનો કે મિત્રવર્ગ કે પુત્ર કે ભાઈઓ ભાગ પડાવી શકતાં નથી. એ પોતે એકલો જ દુઃખ ભોગવે છે, કારણ કે કર્મ કર્તાને અનુસરે છે.

**ચિચ્ચા દુપયં ચ ચઉપ્પયં ચ, ખેત્તં ગિહં ધણધન્નં ચ સવ્વં ।**
**સકમ્મબીઓ અવસો પયાઈ, પરં ભવં સુંદર પાવગં વા ॥૨૪॥**

આ આત્મા દ્વિપદ, ચતુષ્પદ, ક્ષેત્ર, ઘર, ધન, ધાન્ય અને વસ્ત્રાદિ બધું છોડીને પોતાના કર્મને વિવશ થઈને સ્વર્ગ અથવા નરકમાં જાય છે.

**તં એક્કગં તુચ્છસરીરગં સે, ચિઈગયં દહિય ઉ પાવગેણં ।**
**ભજ્જા ય પુત્તો વિ ય નાયઓ વા, દાયારમન્નં અણુસંકમન્તિ ॥૨૫॥**

એના નિર્જીવ શરીરને ચિતામાં નાંખીને બાળી મૂકે છે. જ્ઞાતિજન તથા સ્ત્રી-પુત્રાદિ બીજા દાતાનું અનુસરણ કરે છે. તેના સ્વજનાદિ બીજાનાં આશ્રયી થઈ જાય છે.

**ઉવણિજ્જઇ જીવિયમપ્પમાયં, વણ્ણં જરા હરઇ નરસ્સ રાયં ।**
**પંચાલરાયા વયણં સુણાહિ, મા કાસિ કમ્માઈ મહાલયાઈ ॥૨૬॥**

હે રાજા ! કર્મ કોઈપણ પ્રકારનો પ્રમાદ-ભૂલ કર્યા વિના આ જીવનને સતત મૃત્યુની સમીપ લઈ જઈ રહ્યું છે. વૃદ્ધાવસ્થા મનુષ્યનો રંગ-કાંતિ હરી લે છે. હે પાંચાલ રાજા ! મારું વચન સાંભળ. તું મહાન આરંભ કરવાવાળો ન થા.

**અહં પિ જાણામિ જહેહ સાહૂ, જં મે તુમં સાહસિ વક્કમેયં ।**
**ભોગા ઇમે સંગકરા હવંતિ, જે દુજ્જયા અજ્જો અમ્હારિસેહિં ॥૨૭॥**

હે સાધુ ! આપશ્રી જે રીતે મને સંસારની અનિત્યતા, અશરણતાદિ જે મને કહો તે હું સમજું છું. હે આર્ય ! આ ભોગ સંગ-બંધનકર્તા થઈ રહ્યા છે. જે અમારા જેવા માટે દુર્જય છે.

**હત્થિણપુરમ્મિ ચિત્તા, દટ્ઠૂણં નરવઈં મહિડ્ઢિયં ।**
**કામભોગેસુ ગિદ્ધેણં, નિયાણમસુહં કડં ॥૨૮॥**

હે ચિત્ત મુનિ ! મેં હસ્તિનાપુરમાં મહાઋદ્ધિવાળા નરપતિ(સનત્-કુમાર)ને જોઈને કામભોગમાં આસક્ત થઈને અશુભ નિદાન કર્યું હતું.

**તસ્સ મે અપડિકંતસ્સ, ઈમં એયારિસં ફલં ।**
**જાણમાણો વિ જં ધમ્મં, કામભોગેસુ મુચ્છિઓ ॥૨૯॥**

એ નિયાણાનું મેં પ્રતિક્રમણ આલોચના નહિ કરવાથી એના જેવું આ ફલ મને મળ્યું છે કે હું ધર્મને જાણતો હોવા છતાં પણ કામભોગમાં મૂર્ચ્છિત-આસક્ત થયો છું. તેને છોડી નથી શકતો.

**નાગો જહા પંકજલાવસન્નો, દટ્ઠું થલં નાભિસમેઈ તીરં ।**
**એવં વયં કામગુણેસુ ગિદ્ધા, ન ભિક્ખુણો મગ્ગમણુવ્વયામો ॥૩૦॥**

જેવી રીતે કીચડમાં ફસાયેલો હાથી સ્થલને સૂકી ભૂમિ જોતો હોવા છતાં પણ કિનારે આવી શકતો નથી, તેવી રીતે અમો કામ-ગુણોમાં આસકત છીએ અને સંત-સાધુઓના માર્ગને જાણતા છતાં તેને અનુસરી શકતા નથી.

**અચ્ચેઈ કાલો તરંતિ રાઈઓ, ન યાવિ ભોગા પુરિસાણ નિચ્ચા ।**
**ઉવિચ્ચ ભોગા પુરિસં ચયંતિ, દુમં જહા ખીણફલં વ પક્ખી ॥૩૧॥**

સમય વેગથી વીતતો જાય છે, રાત્રિઓ પણ ઝડપથી ચાલી જાય છે. પુરુષોના ભોગો નિત્ય નથી. ભોગો આવે છે અને સ્વતઃ પુરુષને છોડી ચાલ્યા જાય છે. જેવી રીતે પક્ષીઓ ફળવિહીન વૃક્ષને છોડીને ચાલ્યાં જાય છે.

**જઈ તં સિ ભોગે ચઈઉં અસત્તો, અજ્જાઈં કમ્માઈં કરેહિ રાયં ।**
**ધમ્મે ઠિઓ સવ્વપયાણુકંપી, તો હોહિસિ દેવો ઈઓ વિઉવ્વી ॥૩૨॥**

હે રાજા ! જો તું ભોગોને છોડવાને અશક્ત છે, તો ધર્મમાં સ્થિર થઈને બધાં પ્રાણીઓ ઉપર અનુકંપાવાળાં આર્ય કર્મ કર. એનાથી તું વૈક્રિય શરીરધારી દેવ થઈશ.

**ન તુજ્ઝ ભોગે ચઈઉણ બુદ્ધિ, ગિદ્ધો સિ આરંભપરિગ્ગહેસુ ।**
**મોહં કઓ એત્તિઉ વિપ્પલાવો, ગચ્છામિ રાયં આમંતિઓ સિ ॥૩૩॥**

હે રાજા ! તમારી બુદ્ધિ ભોગો છોડવાની નથી, તમો આરંભ અને પરિગ્રહમાં ગૃદ્ધ છો, મેં આટલો તમારી સાથે વિપ્રલાપ-બકવાદ વ્યર્થ કર્યો, ધર્મારાધના માટે આમંત્રિત કર્યા પણ તેની કાંઈ અસર ન થઈ, માટે હવે હું જાઉં છું.

**પંચાલરાયા વિ ય બંભદત્તો, સાહુસ્સ તસ્સ વયણં અકાઉં ।**
**અણુત્તરે ભુંજિય કામભોગે, અણુત્તરે સો નરએ પવિટ્ઠો ॥૩૪॥**

તે સાધુના વચનનું પાલન ન કરીને પંચાલ દેશનો રાજા બ્રહ્મદત્ત અનુત્તર-શ્રેષ્ઠ કામભોગો ભોગવીને સાતમી નરકમાં ઉત્પન્ન થયો.

**ચિત્તો વિ કામેહિ વિરત્તકામો, ઉદગ્ગચારિત્ત તવો મહેસી ।**
**અણુત્તરં સંજમ પાલઈત્તા, અણુત્તરં સિદ્ધિગઈ ગઓ ॥૩૫॥**
**॥ ત્તિબેમિ ॥**

મહર્ષિ ચિત્ત કામભોગોથી વિરકત થયા, ઉત્કૃષ્ટ ચારિત્ર, તપ અને સર્વ શ્રેષ્ઠ એવા સંયમનું પાલન કરીને સિદ્ધિગતિને પ્રાપ્ત થયા.

## અધ્યયન-૧૪ : ઇક્ષુકાર રાજા

**દેવા ભવિત્તાણ પુરે ભવમ્મિ, કેઈ ચુયા એગવિમાણવાસી ।**
**પુરે પુરાણે ઉસુયારનામે, ખાએ સમિદ્ધે સુરલોગરમ્મે ॥૧॥**

દેવલોકની સમાન રમણીય, પ્રાચીન પ્રસિદ્ધ અને સમૃદ્ધ 'ઈષુકાર' નામના નગરમાં પૂર્વજન્મમાં દેવ થઈને એક જ વિમાનમાં રહેનારા કેટલાક જીવ દેવતાનું આયુષ્ય પૂર્ણ કરી જન્મ્યા.

**સકમ્મસેસેણ પુરાકએણં, કુલેસુદગ્ગેસુ ય તે પસૂયા ।**
**નિવ્વિણ સંસારભયા જહાય, જિણિંદમગ્ગં સરણં પવન્ના ॥૨॥**

બાકી રહેલાં પૂર્વ કર્મો ભોગવવાને માટે તેઓ ઉત્તમ કુલમાં જન્મ્યા. પછી સંસારના ભયથી નિર્વેદ પામીને કામભોગો છોડીને જિનેન્દ્રના માર્ગનું શરણ ગ્રહણ કર્યું.

**પુમત્તમાગમ્મ કુમાર દો વિ, પુરોહિઓ તસ્સ જસા ય પત્તી।**
**વિસાલકિત્તી ય તહેસુયારો, રાયત્થ દેવી કમલાવઈ ય ॥૩॥**

એ છ જીવ વિશાલ કીર્તિવાળા ઈક્ષુકાર રાજા અને તેની કમલાવતીદેવી, પુરોહિત અને તેની જશા નામની પત્ની તથા આ ભવમાં પુરુષત્વ પ્રાપ્ત કરીને બે જીવ (દેવભદ્ર-યશોભદ્ર) પુરોહિતના કુમાર થયા.

**જાઈજરામચ્ચુભયાભિભૂયા, બહિં વિહારાભિનિવિટ્ઠચિત્તા ।**
**સંસારચક્કસ્સ વિમોક્ખણટ્ઠા, દટ્ઠૂણ તે કામગુણેવિરત્તા ॥૪॥**

જન્મ, જરા અને મૃત્યુથી ભયભીત, સંસારથી પર, મોક્ષના ઇચ્છુક આ બે કુમારો સંસાર ચક્રથી વિમુખ થવા માટે કામભોગથી વિરક્ત થયા.

**પિયપુત્તગા દોન્નિ વિ માહણસ્સ સકમ્મસીલસ્સ પુરોહિયસ્સ ।**
**સરિત્તુ પોરાણિય તત્થ જાઈં, તહા સુચિણ્ણં તવ સંજમં ચ ॥૫॥**

બ્રાહ્મણને યોગ્ય કર્મ કરનાર તે પુરોહિતના બે પ્રિય પુત્રોને, ત્યાં મુનિને જોઈને જાતિસ્મરણ જ્ઞાન થયું. જેનાથી પૂર્વ ભવમાં પાળેલા-સારી રીતે પાળેલા તપ અને સંયમનું સ્મરણ કરવા લાગ્યા.

**તે કામભોગેસુ અસજ્જમાણા, માણુસ્સએસું જે યાવિ દિવ્વા ।**
**મોક્ખાભિકંખી અભિજાયસઢ્ઢા, તાયં ઉવાગમ્મ ઈમં ઉદાહુ ॥૬॥**

આ પુત્રો, દેવ અને મનુષ્ય સંબંધી કામભોગમાં આસક્ત ન થતાં, મોક્ષની ઈચ્છા અને ધર્મની શ્રદ્ધાવાળા થઈને પિતા પાસે આવીને નીચે પ્રમાણે કહેવા લાગ્યા :

**અસાસયં દટ્ઠુ ઈમં વિહારં, બહુઅંતરાયં ન ય દીહમાઉં ।**
**તમ્હા ગિહંસિ ન રઈ લભામો, આમંતયામો ચરિસ્સામુ મોણં ॥૭॥**

આ વિહાર-જીવન અનિત્ય છે, આયુષ્ય અલ્પ અને તેમાં અંતરાયો ઘણી છે, તેથી અમને ગૃહવાસમાં આનંદ નથી. અમને આજ્ઞા આપો, જેથી અમે મૌનપણે મુનિ થઈને વિચરીશું.

**અહ તાયગો તત્થ મુણીણ તેસિં, તવસ્સ વાઘાયકરં વયાસી ।**
**ઈમં વયં વેયવિઓ વયન્તિ, જહા ન હોઈ અસુયાણ લોગો ॥૮॥**

પુત્રો દ્વારા વિરક્તિની વાતને સાંભળીને તેમના પિતા ભાવ મુનિઓને તપ સંયમમાં વ્યાઘાત-વિઘ્ન કરનાર વચન કહેવા લાગ્યા. વેદવિદ્ એમ કહે છે કે પુત્રરહિત એવા મનુષ્યની ઉત્તમ ગતિ થતી નથી.

**અહિજ્જ વેએ પરિવિસ્સ વિપ્પે, પુત્તે પરિટ્ઠપ્પ ગિહંસિ જાયા ।**
**ભોચ્ચાણ ભોએ સહ ઈત્થિયાહિં, આરણ્ણગા હોઈ મુણી પસત્થા ॥૯॥**

હે પુત્રો ! તમે વેદોને ભણો, વિપ્ર-બ્રાહ્મણોને બ્રહ્મભોજન જમાડો. ગૃહવાસમાં સ્ત્રીઓથી ભોગ ભોગવીને, પોતાના પુત્રોને ગૃહભાર સોંપીને પછી અરણ્યવાસી-વનવાસી ઉત્તમ મુનિ થાઓ.

**સોયગ્ગિણા આયગુણિન્ધણેણં, મોહાણિલા પજ્જલણાહિએણં ।**
**સંતત્તભાવં પરિતપ્પમાણં, લાલપ્પમાણં બહુહા બહું ચ ॥૧૦॥**

પછી જેનું અંતઃકરણ પોતાના રાગાદિગુણરૂપ ઈંધન(લાકડી)થી મોહવાયુથી અત્યંત પ્રજ્વલિત શોકરૂપ અગ્નિથી સંતાપ તથા પરિતાપ પામેલો અનેક પ્રકારથી ખૂબજ દીનહીન વચન બોલવા લાગ્યા.

**પુરોહિયં તં કમસો અણુણંતં, નિમંતયંતં ચ સુએ ધણેણં ।**
**જહક્કમં કામગુણેહિં ચેવ, કુમારગા તે પસમિક્ખ વક્કં ॥૧૧॥**

પુરોહિત, જે અત્યંત અનુનયની સાથે આલાપ-પ્રલાપ કરતો, તે પોતાના પુત્રોને કામભોગ અને ધનનું નિમંત્રણ કરતો હતો, પરંતુ કુમારો પોતાના પિતાનો વિચાર કરીને નીચે પ્રમાણે કહેવા લાગ્યા :

**વેયા અહીયા ન ભવંતિ તાણં, ભુત્તા દિયા નિંતિ તમં તમેણં ।**
**જાયા ય પુત્તા ન હવંતિ તાણં, કો ણામ તે અણુમન્નેજ્જ એયં ॥૧૨॥**

વેદો ભણવાથી એ વેદો શરણભૂત થતા નથી. બ્રાહ્મણોને ભોજન આપવાથી એ ઘણું અંધકારમાં લઈ જાય છે, પુત્ર પણ શરણરૂપ નથી, તો આપનું કથન કેવી રીતે માનું ?

**ખણમિત્તસુક્ખા બહુકાલદુક્ખા, પગામદુક્ખા અણિગામસુક્ખા ।**
**સંસારમોક્ખસ્સ વિપક્ખભૂયા, ખાણી અણત્થાણ ઉ કામભોગા ॥૧૩॥**

કામભોગ ક્ષણમાત્ર સુખ અને ઘણા કાળ સુધી દુઃખ આપે છે. થોડું સુખ અને ઘણું દુઃખ એને સુખ કેવી રીતે કહેવાય ? આ કામભોગ સંસારવર્ધક, મોક્ષવિરોધી અને અનર્થોની ખાણ છે.

**પરિવ્વયંતે અનિયત્તકામે, અહો ય રાઓ પરિતપ્પમાણે ।**
**અન્નપ્પમત્તે ધણમેસમાણે, પપ્પોતિ મચ્ચું પુરિસે જરં ચ ॥૧૪॥**

કામભોગથી અનિવૃત્ત પુરુષ દિવસ અને રાત્રિ અતૃપ્તિની જ્વાલાથી પરિતપ્ત થઈને પરિભ્રમણ કરે છે. સ્વજનો માટે દૂષિત પ્રવૃત્તિથી ધન સંગ્રહિત કરતો થકો જરા અને મૃત્યુ પ્રાપ્ત કરે છે.

**ઈમં ચ મે અત્થિ ઈમં ચ નત્થિ, ઈમં ચ મે કિચ્ચં ઈમં અકિચ્ચં ।**
**તં એવમેવં લાલપ્પમાણં, હરા હરંતિ ત્તિ કહં પમાઓ ? ॥૧૫॥**

આ મારું છે, આ મારું નથી. આ મેં કર્યું, આ મેં ન કર્યું, આમ નિરર્થક બકવાસ કરનાર પુરુષને કાળ હરી લે છે. આવી સ્થિતિમાં પ્રમાદ કેમ થાય?

**ધણં પભૂયં સહ ઈત્થિયાહિં, સયણા તહા કામગુણા પગામા ।**
**તવં કએ તપ્પઈ જસ્સ લોગો, તં સવ્વસાહીણમિહેવ તુબ્ભં ॥૧૬॥**

હે પુત્રો ! જે ધન અને સ્ત્રીઓ માટે લોકો તપ કરે છે તે પ્રચુર ધન છે. સ્ત્રીઓ છે, માતાપિતાદિ સ્વજન પણ છે, ઈન્દ્રિયોના મનોજ્ઞ વિષયભોગ પણ છે, તે બધું અહીં સ્વાધીનરૂપથી પ્રાપ્ત છે. તો પછી તમે સર્વવિરતિ કેમ થાઓ છો ?

**ધણેણં કિં ધમ્મધુરાહિગારે, સયણેણ વા કામગુણેહિં ચેવ ।**
**સમણા ભવિસ્સામુ ગુણોહધારી, બહિંવિહારા અભિગમ્મ ભિક્ખં ॥૧૭॥**

પિતાજી ! ધર્માચરણમાં ધન, સ્વજન અને કામગુણોનું શું પ્રયોજન ? અમે ગુણશીલ શ્રમણ થઈશું અને ભિક્ષુક બનીને અપ્રતિબદ્ધ વિહારી થઈશું.

**જહા ય અગ્ગી અરણી અસન્તો, ખીરે ઘયં તેલ્લ મહાતિલેસુ ।**
**એમેવ જાયા સરીરંસિ સત્તા, સંમુચ્છઈ નાસઈ નાવચિટ્ઠે ॥૧૮॥**

પુત્રો ! જેવી રીતે અરણીમાં અગ્નિ, દૂધમાં ઘી અને તલમાં તેલ દેખાતું નથી, છતાં તેમાં હોય છે, એવી રીતે શરીરમાં જીવ પણ પહેલાં અસત્ હતો પછી ઉત્પન્ન થાય છે અને શરીરના નાશ થયા પછી જીવનો નાશ થાય છે, પછી જીવ રહેતો નથી.

**નો ઈન્દિયગ્ગેજ્ઝ અમુત્તભાવા, અમુત્તભાવા વિ ય હોઈ નિચ્ચો ।**
**અજ્ઝત્થહેઉં નિયયસ્સ બન્ધો, સંસારહેઉં ચ વયંતિ બન્ધં ॥૧૯॥**

આ આત્મા અમૂર્ત હોવાથી ઈન્દ્રિયગ્રાહ્ય નથી અને આત્મા હોવાથી એ નિત્ય છે. મહાપુરુષોએ કહ્યું છે કે આત્માને આંતરિક રાગાદિ દોષો જ નિશ્ચયથી બંધનું કારણ છે અને બંધ ને જ સંસારનો હેતુ જ્ઞાનીઓ કહે છે.

**જહા વયં ધમ્મમજાણમાણા, પાવં પુરા કમ્મમકાસિ મોહા ।**
**ઓરુબ્ભમાણા પરિરક્ખિયંતા, તં નેવ ભુજ્જો વિ સમાયરામો ॥૨૦॥**

હે પિતાજી ! અમે મોહવશ અને ધર્મને ન જાણવાથી પૂર્વે પાપ કર્મ કર્યાં અને આપના રોકયા રોકાયા. હવેથી અમે ફરીથી પાપનું સેવન કરીશું નહિ.

**અબ્ભાહયંમિ લોગમ્મિ, સવ્વઓ પરિવારિએ ।**
**અમોહાહિં પડન્તીહિં, ગિહંસિ ન રઈ લભે ॥૨૧॥**

આ લોક બધી રીતે પીડિત અને ચારે બાજુથી ઘેરાયેલો છે, અમોઘ શસ્ત્રધારાઓ પડી રહી છે. એવી અવસ્થામાં ગૃહસ્થાવાસમાં રહેવાથી જરા પણ સુખ મળતું નથી.

**કેણ અબ્ભાહઓ લોગો, કેણ વા પરિવારિઓ ।**
**કા વા અમોહા વુત્તા, જાયા ! ચિંતાવરો હુમે ॥૨૨॥**

હે પુત્રો ! આ લોક કોનાથી પીડિત છે ? કોનાથી ઘેરાયેલો છે ? કઈ અમોઘ શસ્ત્રધારા છે ? તે હું જાણવા માટે ચિંતાતુર છું.

**મચ્ચુણા અબ્ભાહઓ લોગો, જરાએ પરિવારિઓ ।**
**અમોહા રયણી વુત્તા, એવં તાય વિયાણહ ॥૨૩॥**

હે પિતાજી ! આ લોક મૃત્યુથી પીડિત છે, જરાથી ઘેરાયેલો છે. અને રાત્રિ-દિવસ શસ્ત્રધારાથી ત્રુટિત છે એવું સમજો.

**જા જા વચ્ચઇ રયણી, ના સા પડિનિયત્તઈ ।**
**અહમ્મં કુણમાણસ્સ, અફલા જંતિ રાઈઓ ॥૨૪॥**

જે રાત્રિ પસાર થાય છે તે ફરી આવતી નથી. અધર્મ અને પાપ કરવાવાળાની રાત્રિઓ નિષ્ફળ જાય છે,

**જા જા વચ્ચઇ રયણી, ન સા પડિનિયત્તઈ ।**
**ધમ્મં ચ કુણમાણસ્સ, સફલા જન્તિ રાઈઓ ॥૨૫॥**

જે જે રાત્રિઓ વ્યતીત થાય છે, તે પાછી ફરતી નથી. ધર્મ કરનારની રાત્રિ સફલ છે.

**એગઓ સંવસિત્તાણં, દુહઓ સમ્મત્તસંજુયા ।**
**પચ્છા જાયા ગમિસ્સામો, ભિક્ખમાણા કુલે કુલે ॥૨૬॥**

હે પુત્રો ! પહેલાં આપણે બધાં - તમે બંને અને અમે બંને એકસાથે ગૃહસ્થાવાસમાં જ સમ્યક્ત્વની સાથે શ્રાવક બનીને રહીએ. પછી પાછલી અવસ્થામાં અણગાર બનીને જુદા જુદા કુલમાં ભિક્ષા ગ્રહણ કરીને વિચરીશું.

**જસ્સત્થિ મચ્ચુણા સક્ખં, જસ્સ વત્થિ પલાયણં ।**
**જો જાણઈ ન મરિસ્સામિ, સો હુ કંખે સુએ સિયા ॥૨૭॥**

જેને મૃત્યુની સાથે મૈત્રી હોય, જેનામાં મૃત્યુથી ભાગી છૂટવાની શક્તિ હોય, જે જાણતો હોય કે હું નહિ મરું, તે માણસ ભલે સુખેથી સૂવે, તે જ માણસ કાલની ઈચ્છા કરી શકે છે.

**અજ્જેવ ધમ્મં પડિવજ્જયામો, જહિં પવન્ના ન પુણબ્ભવામો ।**
**અણાગયં નેવ ય અત્થિ કિંચિ, સદ્ધાખમં ણે વિણઈત્તુ રાગં ॥૨૮॥**

અમે તો આજે જ રાગને દૂર કરીને, શ્રદ્ધાથી સક્ષમ થઈને મુનિધર્મ સ્વીકારીશું. કોઈપણ ભોગ અમારે માટે અભુક્ત નથી કારણ અનંતવાર ભોગવેલ છે.

**પહીણપુત્તસ્સ હુ નત્થિ વાસો, વાસિટ્ઠિ ! ભિક્ખાયરિયાઈ કાલો ।**
**સાહાહિ રુક્ખો લહઈ સમાહિં, છિન્નાહિ સાહાહિ તમેવ ખાણું ॥૨૯॥**

હે વાશિષ્ટિ ! જેવી રીતે શાખાઓથી જ વૃક્ષની શોભા છે, વૃક્ષની શાખાઓ કપાઈ ગયા પછી તે વૃક્ષ ઠૂંઠું થઈ જાય છે. પુત્રથી ઘર છે, પુત્ર વિના મારે ઘરમાં રહેવું વૃથા છે, હવે મારા માટે ભિક્ષાચારી સંયતિ થવું ઉચિત છે.

**પંખાવિહૂણો વ્વ જહેવ પક્ખી, ભિચ્ચાવિહૂણો વ્વ રણે નરિન્દો ।**
**વિવન્નસારો વણિઓ વ્વ પોએ, પહીણપુત્તો મિ તહા અહં પિ ॥૩૦॥**

જેવી રીતે પાંખો વિનાના પક્ષીની, સંગ્રામમાં સેના વિનાના રાજાની, વહાણમાં દ્રવ્ય (ધન) વિનાના વણિકની દશા થાય છે. તેવી રીતે પુત્ર વિનાની મારી દશા છે. હું દુઃખી થાઉં છું.

**સુસંભિયા કામગુણા ઈમે તે, સંપિંડિયા અગ્ગ-રસપ્પભૂયા ।**
**ભુંજામુ તા કામગુણે પગામં, પચ્છા ગમિસ્સામુ પહાણમગ્ગં ॥૩૧॥**

યશા કહેવા લાગી : પ્રધાન રસવાળા આ ઉત્તમ કામભોગ પર્યાપ્ત મળ્યા છે. એને સારી રીતે ભોગવીને પછી મોક્ષ માર્ગમાં જઈશું.

**ભુત્તા રસા ભોઈ જહાઈ ણે વઓ, ન જીવિયટ્ઠા પજહામિ ભોએ ।**
**લાભં અલાભં ચ સુહં ચ દુક્ખં, સંચિક્ખમાણો ચરિસ્સામિ મોણં ॥૩૨॥**

અમે રસો ભોગવ્યા, યુવાવસ્થા અમને છોડી રહી છે. હવે હું ખુદ ભોગને છોડું છું. સ્વર્ગીય અથવા અસંયમી જીવન જીવવાને માટે નહિ પરંતુ હું લાભ-અલાભ અને સુખ-દુઃખ આ બધાંને સમજીને માત્ર મોક્ષ માટે જ મુનિપણું અંગીકાર કરું છું.

**મા હુ તુમં સોયરિયાણ સમ્મરે, જુણ્ણો વ હંસો પડિસોત્તગામી ।**
**ભુંજાહિ ભોગાઈ મએ સમાણં, દુક્ખં ખુ ભિક્ખાયરિયાવિહારો ॥૩૩॥**

જેવી રીતે ઊલટા પૂરમાં જનાર વૃદ્ધ હંસને પસ્તાવું પડે છે, એવી રીતે તમે સંસાર ત્યાગનો માર્ગ આદરો છે તે ઊલટા પૂરનો રસ્તો છે. પોતાના સંબંધીઓ અને ભોગનું સ્મરણ ન કરવું પડે ! માટે મારી સાથે ભોગો ભોગવો તો પાછળથી પસ્તાવું નહિ પડે. આ ભિક્ષાચર્યા અને ગ્રામાનુગ્રામ વિહાર વાસ્તવમાં દુઃખરૂપ જ છે.

**જહા ય ભોઈ તણુયં ભુયંગો, નિમ્મોયણિં હિચ્ચ પલેઇ મુત્તો ।**
**એમેવ જાયા પયહન્તિ ભોએ, તે હં કહં નાણુગમિસ્સમેક્કો ? ॥૩૪॥**

પુરોહિત કહે છે કે - જેવી રીતે સાપ કાંચળી છોડીને નિરપેક્ષભાવથી નાશી જાય છે, એવી રીતે આ બે પુત્રો કામભોગને છોડીને જાય છે. એવી દશામાં હું એકલો શા માટે રહું ? એમની પાછળ (સાથે) કેમ ન ચાલી નીકળું ?

**છિન્દિત્તુ જાલં અબલં વ રોહિયા, મચ્છા જહા કામગુણે પહાય ।**
**ધોરેયસીલા તવસા ઉદારા, ધીરા હુ ભિક્ખાયરિયં ચરન્તિ ॥૩૫॥**

જેવી રીતે રોહિત મચ્છ જીર્ણ જાલ છેદીને નીકળી જાય છે, એવી રીતે આ કુમારો બધા કામભોગોને છોડીને નીકળી જાય છે. જાતિવાન બળદની જેમ ઉદાર અને ધીર પુરુષ ભિક્ષાચર્યા સ્વીકારે છે.

**નહેવ કુંચા સમઈક્કમંતા, તયાણિ જાલાણિ દલિત્તુ હંસા ।**
**પલેન્તિ પુત્તા ય પઈ ય મજ્ઝં, તે હં કહં નાણુગમિસ્સમેક્કા ॥૩૬॥**

જેવી રીતે ક્રૌંચ પક્ષી આકાશમાં ઊડી જાય છે અને હંસ જાળોને કાપીને ઊડી જાય છે. એવી રીતે મારા પતિ અને પુત્રો મને છોડીને જાય છે, તો હું એકલી શા માટે રહું ? હું પણ તેમની સાથે કેમ ન નીકળી પડું ?

**પુરોહિયં તં સસુયં સદારં, સોચ્ચા અભિનિક્ખમ્મ પહાય ભોએ ।**
**કુડુમ્બસારં વિઉલુત્તમં ચ, રાયં અભિક્ખં સમુવાય દેવી ॥૩૭॥**

પુરોહિત પોતાની સ્ત્રી અને પોતાના પુત્રો સાથે કામભોગોને છોડીને દીક્ષિત થઈ ગયા. પુરોહિતની સંપત્તિ રાજાને ત્યાં જાય છે, આ વાત સાંભળીને રાજાની રાણી રાજાને વારંવાર સમજાવે છે.

**વંતાસી પુરિસો રાયં, ન સો હોઈ પસંસિઓ ।**
**માહણેણ પરિચ્ચત્તં, ધણં આયાઉમિચ્છસિ ॥૩૮॥**

હે રાજા ! વમન કરેલા પદાર્થને ખાનાર પુરુષની સ્તુતિ થતી નથી, તે પ્રશંસનીય નથી. તેવી રીતે આ બ્રાહ્મણનું ત્યાગેલું ધન આપ લેવાને ઈચ્છો છો તે બરાબર નથી.

**સવ્વં જગં જઈ તુહં, સવ્વં વાવિ ધણં ભવે ।**
**સવ્વં પિ તે અપ્પજ્જત્તં, નેવ તાણાય તં તવ ॥૩૯॥**

જો સર્વ જગત અને જગતનું બધું ધન તમારું થઈ જાય તો પણ તે તમારા માટે અપર્યાપ્ત છે, અને તે તમારું રક્ષણ કદાપિ નહિ કરે.

**મરિહિસિ રાયં જયા તયા વા, મણોરમે કામગુણે પહાય ।**
**એક્કો હુ ધમ્મો નરદેવ તાણં, ન વિજ્જઈ અન્નમિહેહ કિંચિ ॥૪૦॥**

હે રાજા ! જ્યારે આપ મરશો ત્યારે કામભોગો આપને અવશ્ય છોડવા પડશે. આ સંસારમાં ધર્મ જ એક માત્ર શરણરૂપ છે. એના સિવાય બીજું કોઈ રક્ષક નથી.

**નાહં રમે પક્ખિણિ પંજરે વા, સંતાણછિન્ના ચરિસ્સામિ મોણં ।**
**અકિંચણા ઉજ્જુકડા નિરામિસા, પરિગ્ગહારંભનિયત્ત દોસા ॥૪૧॥**

જેવી રીતે પિંજરમાં રહેલી પંખિણી પ્રસન્ન રહેતી નથી, એવી રીતે હું પણ આનંદ માનતી નથી, હું સ્નેહને - બંધનને છેદીને આરંભ પરિગ્રહથી નિવૃત્ત થઈને વાસના રહિત સરળ સંયમી બનવા ઈચ્છું છું.

**દવગ્ગિણા જહા રન્ને, ડજ્ઝમાણેસુ જંતુસુ ।**
**અન્ને સત્તા પમોયન્તિ, રાગદોસવસં ગયા ॥૪૨॥**

જેવી રીતે જંગલમાં અગ્નિ લાગવાથી બળતા જીવોને જોઈને બીજા જીવો રાગ-દ્વેષને વશ થઈને પ્રસન્ન થાય છે.

**એવમેવ વયં મૂઢા, કામભોગેસુ મુચ્છિયા ।**
**ડજ્ઝમાણં ન બુજ્ઝામો, રાગદોસગ્ગિણા જગં ॥૪૩॥**

એવી રીતે આપણે મૂઢ લોકો કામભોગમાં મૂર્ચ્છા પામ્યા છીએ અને રાગદ્વેષની અગ્નિમાં બળતા છતાં બુઝતા નથી, ધર્મ પામતા નથી.

**ભોગે ભોચ્ચા વમિત્તા ય, લહુભૂય વિહારિણો ।**
**આમોયમાણા ગચ્છન્તિ, દિયા કામકમા ઈવ ॥૪૪॥**

જે વિવેકી છે તે ભોગવેલા ભોગને ત્યાગીને પ્રસન્નતા સાથે પ્રવ્રજ્યા લે છે. તથા પક્ષી અને વાયુની પેઠે અપ્રતિબદ્ધ વિહાર કરે છે.

**ઈમે ય બદ્ધા ફન્દન્તિ, મમહત્થજ્જમાગયા ।**
**વયં ચ સત્તા કામેસુ, ભવિસ્સામો જહા ઈમે ॥૪૫॥**

હે આર્ય ! આપણે પ્રાપ્ત કામભોગને વિશે ગૃદ્ધ બન્યા છીએ, જે અનેક ઉપાય કર્યા પછી પણ રહેવાના નથી. આ માટે અમે પણ ભૃગુ આદિની જેમ સંસાર ત્યાગીને સંયમ લઈશું.

**સામિસં કુલલં દિસ્સ, બજ્ઝમાણં નિરામિસં ।**
**આમિસં સવ્વમુજ્ઝિત્તા, વિહરિસ્સામિ નિરામિસા ॥૪૬॥**

એક પક્ષીના મોંમાં માંસનો ટુકડો જોઈને બીજું પક્ષી તેના ઉપર ઝડપ મારે છે, પરંતુ માંસનો ટુકડો છોડ્યા પછી તે સુખી થાય છે. એવી રીતે હું પણ માંસ સમાન સમસ્ત પરિગ્રહ કામભોગ છોડીશ અને નિરામિષ-અનાસક્ત થઈને વિચરીશ.

**ગિદ્ધોવમે ઉ નચ્ચાણં, કામે સંસારવદ્ધણે ।**
**ઉરગો સુવણ્ણપાસે વ્વ, સંકમાણો તણું ચરે ॥૪૭॥**

ગીધ પક્ષીની ઉપમાને જાણીને અને કામભોગ સંસાર વૃદ્ધિના કારણ જાણીને એ પ્રમાણે એને છોડી દે. જેવી રીતે ગરુડની સામે શંકિત સાપ ધીરે ધીરે નીકળીને ચાલ્યો જાય છે.

**નાગો વ્વ બન્ધણં છિત્તા, અપ્પણો વસહિં વએ ।**
**એયં પત્થં મહારાયં, ઉસુયારિ ત્તિ મે સુયં ॥૪૮॥**

હે મહારાજા ! જેવી રીતે હાથી બંધનને તોડીને પોતાના સ્થાને ચાલ્યો જાય છે. એવી રીતે આપણે આત્માના વાસ્તવિક સ્થાન મોક્ષમાં ચાલવું જોઈએ એ જ એકમાત્ર આત્માને માટે હિતકારી છે. એવું મેં જ્ઞાનીઓ પાસેથી સાંભળ્યું છે.

**ચઈત્તા વિઉલં રજ્જં, કામભોગે ય દુચ્ચએ ।**
**નિવ્વિસયા નિરામિસા, નિન્નેહા નિપ્પરિગ્ગહા ॥૪૯॥**

રાજા અને રાણી બંને વિપુલ રાજ્ય તથા દુઃખે કરીને ત્યાગવા યોગ્ય કામભોગને છોડીને વિષયોથી નિવૃત્ત-અનાસક્ત થયા. સ્નેહ અને પરિગ્રહ રહિત થયા.

**સમ્મં ધમ્મં વિયાણિત્તા, ચિચ્ચા કામગુણે વરે ।**
**તવં પગિજ્ઝ અહક્ખાયં, ઘોરં ઘોરપરક્કમ્મા ॥૫૦॥**

સમ્યક્ ધર્મને જાણીને, કામગુણને ત્યાગીને બંને જણાએ તીર્થંકરે ઉપદેશેલા ઘોર તપનો સ્વીકાર કર્યો, અને ઘોર પરાક્રમ આદર્યું.

**એવં તે કમસો બુદ્ધા, સવ્વે ધમ્મપરાયણા ।**
**જમ્મમચ્ચુભઉવ્વિગ્ગા, દુક્ખસ્સંતગવેસિણો ॥૫૧॥**

એમ આ છએ જણા ક્રમશઃ સુબોધ પામીને ધર્મપરાયણ થયા અને જન્મ-મરણના ભયથી ઉદ્વિગ્ન થઈને દુઃખોનો નાશ કરવા લાગ્યા.

**સાસણે વિગયમોહાણં, પુવ્વિં ભાવણભાવિયા ।**
**અચિરેણેવ કાલેણ, દુક્ખસ્સંતમુવાગયા ॥૫૨॥**

વીતરાગના શાસનમાં પૂર્વની ભાવનાથી ભાવિત થયેલ છએ જીવોએ થોડા જ વખતમાં દુઃખોનો અંત કર્યો. મોક્ષપદને પામ્યા.

**રાયા સહ દેવીએ, માહણો ય પુરોહિઓ ।**
**માહણી દારગા ચેવ, સવ્વે તે પરિનિવ્વુડા ॥૫૩॥**

**॥ ત્તિબેમિ ॥**

રાજા અને સાથે તેની રાણી, પુરોહિત બ્રાહ્મણ તથા બ્રાહ્મણી અને બે કુમારો આ બધા પરિનિર્વાણ પદને પામ્યા.

# અધ્યયન-૧૫ : તે ભિક્ષુ કહેવાય ?

**મોણં ચરિસ્સામિ સમિચ્ચ ધમ્મં, સહિએ ઉજ્જુકડે નિયાણછિન્ને ।**
**સંથવં જહિજ્જ અકામકામે, અન્નાયએસી પરિવ્વએ સ ભિક્ખૂ ॥૧॥**

"શ્રુતચારિત્રરૂપ ધર્મને અંગીકાર કરીને હું મુનિભાવનું આચરણ કરીશ." જે એવો સંકલ્પ કરે છે, જે બીજા સ્થવિર સાધુઓની સાથે રહે છે. સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ રત્નત્રયવાળો ધર્મ આરાધે છે, સરલ છે, કામ-ભોગ પદાર્થોથી નિઃસ્પૃહ છે, નિદાન-વાસના વિનાનો છે, સંસારીઓના પરિચયોને છોડનાર છે અને જે અજ્ઞાત કુલોની ગોચરી કરે છે, તે ભિક્ષુ છે.

**રાઓવરયં ચરેજ્જ લાઢે, વિરએ વેયવિયાયરક્ખિએ ।**
**પન્ને અભિભૂય સવ્વદંસી જે, કમ્હિ વિ ન મુચ્છિએ સ ભિક્ખૂ ॥૨॥**

ભિક્ષુ તે છે, જે રાગથી વિરક્ત છે, જે દઢતાપૂર્વક સંયમમાં વિચરે છે, જે અસંયમથી વિરત છે. જે વેદ-શાસ્ત્રનો જાણકાર છે, જે આત્મરક્ષક છે, જે બુદ્ધિમાન છે, જે પરિષહ વિજયી છે, જે સમદર્શી છે, જે કોઈપણ વસ્તુમાં મૂર્ચ્છા વિનાનો છે, તે ભિક્ષુ છે.

**અક્કોસવહં વિઈત્તુ ધીરે મુણી, ચરે લાઢે નિચ્ચમાયગુત્તે ।**
**અવ્વગ્ગમણે અસંપહિટ્ઠે જે, કસિણં અહિયાસએ સ ભિક્ખૂ ॥૩॥**

કઠોર વચન અને પ્રહાર પૂર્વકર્મનું ફળ છે એમ જાણીને ધીરજથી સહન કરે, સદાચરણમાં પ્રવૃત્તિ કરે, સદા અસંયમ સ્થાનોથી આત્મ ગુપ્ત રહે, અવ્યગ્ર મનવાળો હર્ષથી રહિત અને સંયમ માર્ગમાં આવતાં કષ્ટોને સહન કરે છે તે મુનિ છે.

**પંતં સયણાસણં, ભઈત્તા, સીઉણ્હં વિવિહં ચ દંસમસગં ।**
**અવ્વગ્ગમણે અસંપહિટ્ઠે જે, કસિણં અહિયાસએ સ ભિક્ખૂ ॥૪॥**

જીર્ણ પથારી અને આસન તથા શીત, ઉષ્ણ, ડાંસ, મચ્છર આદિ અનેક પ્રકારના અનુકૂળ પ્રતિકૂળ ઉપસર્ગોને અવ્યગ્ર મને જે સહન કરે છે, તે ભિક્ષુ છે.

**નો સક્કઈમિચ્છઈ ન પૂયં, નો વિ ય વંદણગં કુઓ પસંસં ।**
**સે સંજએ સુવ્વએ તવસ્સી, સહિએ આયગવેસએ સ ભિક્ખૂ ॥૫॥**

ભિક્ષુ તે છે જે સત્કાર નથી ઈચ્છતો, જે પૂજા નથી ઈચ્છતો, જે વંદન નથી ઈચ્છતો, જે પ્રશંસા નથી ઈચ્છતો, જે સંયત છે, જે વ્રતોનો પૂરો પાલક છે, જે તપસ્વી છે, જે સમ્યગ્જ્ઞાન-ક્રિયાથી યુક્ત છે. જે આત્મગવેષી છે અને જે સ્વહિત-આત્મહિત કરનાર છે.

**જેણ પુણો જહાઈ જીવિયં, મોહં વા કસિણં નિયચ્છઈ ।**
**નરનારિં પજહે સયા તવસ્સી, ન ય કોઊહલં ઉવેઈ સ ભિક્ખૂ ॥૬॥**

જેની સોબતથી સંયમી જીવનનો નાથ થાય અને કષાય-નોકષાયાદિ રૂપ પૂર્ણ મોહનો બંધ થાય, એવા સ્ત્રી-પુરુષોની સંગતિ જે સદાને માટે છોડે છે, જે સદા તપસ્વી છે. જે કુતૂહલને પ્રાપ્ત થતો નથી, તે ભિક્ષુ છે.

**છિન્નં સરં ભોમમંતલિક્ખં, સુમિણં લક્ખણદંડવત્થુવિજ્જં ।**
**અંગવિયારં સરસ્સ વિજયં જે, વિજ્જાહિં ન જીવઈ સ ભિક્ખૂ ॥૭॥**

ભિક્ષુ એ છે કે જે, છેદનવિદ્યા, સ્વરવિદ્યા, ભૂકમ્પવિદ્યા, અંતરિક્ષ-વિદ્યા, સ્વપ્ન શાસ્ત્ર, લક્ષણ, દંડ, વાસ્તુ, અંગવિચાર, પશુ-પક્ષીઓની બોલી જાણવી. આ બધી વિદ્યાઓનો ઉપયોગ આજીવિકા માટે કરતો નથી.

**મંતં મૂલં વિવિહં વેજ્જચિન્તં, વમણવિરેયણ ધૂમણેત્તસિણાણં ।**
**આઉરે સરણં તિગિચ્છિયં ચ, તં પરિન્નાય પરિવ્વએ સ ભિક્ખૂ ॥૮॥**

મંત્ર, જડીબુટ્ટી, વિવિધ વૈદ્ય પ્રયોગ-વમન, વિરેચન, ધૂમ્રયોગ, આંખનું અંજન, સ્નાન, રોગાદિથી પીડિત થવા પર, માતાપિતાદિનું શરણ રોગની ચિકિત્સા આ બધાંને જ્ઞાનથી હેય જાણીને છોડી દે, છે તે જ ભિક્ષુ છે.

**ખત્તિયગણ ઉગ્ગરાયપુત્તા માહણ, ભોઈય વિવિહા ય સિપ્પિણો ।**
**નો તેસિં વયઈ સિલોગપૂયં, તં પરિન્નાય પરિવ્વએ સ ભિક્ખૂ ॥૯॥**

ક્ષત્રિય, ગણ, મલ્લ, લિચ્છવી આદિ ઉગ્રકુલ, રાજપુત્ર, બ્રાહ્મણ, ભોગિક, સામંતાદિ અને જુદી જુદી જાતના શિલ્પીઓની પ્રશંસા અને પૂજા નથી કરતો, આની સદોષતા જાણીને જે ત્યાગે છે, તે જ ભિક્ષુ છે.

**ગિહિણો જે પવ્વઈએણ દિટ્ઠા, અપ્પવઈએણ વ સંથુયા હવિજ્જા ।**
**તેસિં ઈહલોઈયફલટ્ઠા, જો સંથવં ન કરેઈ સ ભિક્ખૂ ॥૧૦॥**

જે દીક્ષા લીધા પછી અથવા પહેલા જે ગૃહસ્થોને જોયા હોય, પરિચય કર્યો હોય, એમની સાથે આલોકના ફલની પ્રાપ્તિ માટે વિશેષ પરિચય નથી કરતો, તે ભિક્ષુ છે.

**સયણાસણ પાણભોયણં, વિવિહં ખાઈમસાઈમં પરેસિં ।**
**અદએ પડિસેહિએ નિયંઠે, જે તત્થ ન પઉસ્સઈ સ ભિક્ખૂ ॥૧૧॥**

ગૃહસ્થોને ત્યાં આહાર, પાણી, શય્યા, આસન તથા અનેક જાતના ખાદિમ સ્વાદિમ હોવા છતાં પણ સ્વયં આપે નહિ અને માંગવા છતાં ઈન્કાર કરે, છતાં તેના પર દ્વેષ કરે નહિ, તે જ ભિક્ષુ છે.

**જં કિંચિ આહારપાણગં, વિવિહં ખાઈમસાઈમં પરેસિં લદ્ધું ।**
**જો તં તિવિહેણ નાણુકમ્પે, મણવયકાયસુસંવુડે સ ભિક્ખૂ ॥૧૨॥**

ગૃહસ્થોને ત્યાંથી જે કંઈ આહાર-પાણી અને અનેક પ્રકારના ખાદિમ-સ્વાદિમ પ્રાપ્ત કરીને જે બાલ-વૃદ્ધાદિ ઉપર અનુકંપા આશીર્વાદ પ્રદાન ન કરે, મન, વચન, કાયાને વશ રાખે છે, તે સાધુ છે.

**આયામગં ચેવ જવોદણં ચ, સિયં સોવીર જવોદગં ચ ।**
**ન હીલએ પિંડં નીરસં તુ, પંતકુલાઈં પરિવ્વએ સ ભિક્ખૂ ॥૧૩॥**

ભિક્ષામાં ઓસામણ, જવનું ભડકું, ઠંડો આહાર, કાંજીનું પાણી, જવનું પાણી અને નીરસ આહારાદિ મળે. તો પણ જે સાધુ નિંદા નથી કરતો, પરંતુ ભિક્ષા માટે સામાન્ય ઘરોમાં જાય છે તે સાધુ છે.

**સદ્દા વિવિહા ભવન્તિ લોએ, દિવ્વા માણુસ્સગા તિરિચ્છા ।**
**ભીમા ભયભેરવા ઉદારા, જો સોચ્ચા ન વિહિજ્જઈ સભિક્ખૂ ॥૧૪॥**

લોકમાં દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી અનેક જાતના રૌદ્ર મહાન ભયોત્પાદક અત્યંત કર્ણભેદી બહુ જોરથી શબ્દ થાય છે. એ સાંભળીને જે ચલાયમાન ભયભીત નથી થતો, તે ભિક્ષુ છે.

**વાદં વિવિહં સમિચ્ચ લોએ, સહિએ ખેયાણુગએ ય કોવિયપ્પા ।**
**પન્ને અભિભૂય સવ્વદંસી, ઉવસન્તે અવિહેડએ સ ભિક્ખૂ ॥૧૫॥**

લોકમાં પ્રચલિત અનેક જાતના વાદોને જાણીને જે વિદ્વાન સાધુ પોતાના આત્મહિતમાં સ્થિત રહીને સંયમમાં દૃઢ રહે છે, શાસ્ત્રના પરમાર્થને જાણે છે. પરિષહોને સહન કરે છે તથા બધા જીવોને પોતાના સમાન જુએ છે અને ઉપશાંત રહીને કોઈને પીડારૂપ નથી થતો, તે ભિક્ષુ છે.

**અસિપ્પજીવી અગિહે અમિત્તે, જિઈન્દિએ સવ્વઓ વિપ્પમુક્કે ।**
**અણુક્કસાઈ લહુઅપભક્ખી, ચિચ્ચા ગિહં એગચરે સ ભિક્ખૂ ॥૧૬॥**
**॥ ત્તિબેમિ ॥**

જે ચિત્ર આદિ અશિલ્પ જીવી, ગૃહ રહિત, મિત્ર અને શત્રુથી રહિત, જિતેન્દ્રિય, સર્વથા મુક્ત, અલ્પકષાયી, અલ્પાહારી, બધાં પ્રકારના પરિગ્રહ ત્યાગી થઈને એકાકી રાગ-દ્વેષ રહિત વિચરે છે. તે સાધુ છે.

# અધ્યયન-૧૬ : બ્રહ્મચર્ય સમાધિસ્થાન

**સુયં મે આઉસં ! તેણં ભગવયા એવમક્ખાયં ।**

હે આયુષ્યમાન ! તે ભગવાન મહાવીર પાસેથી જે મેં સાંભળ્યું તે હું કહું છું.

**ઈહ ખલુ થેરેહિં ભગવંતેહિં દસ બમ્ભચેર સમાહિઠાણા પન્નત્તા, જે ભિક્ખૂ સોચ્ચા નિસમ્મ સંજમબહુલે, સંવરબહુલે, સમાહિબહુલે, ગુત્તે ગુત્તિન્દિએ ગુત્તબમ્ભયારી સયા અપ્પમત્તે વિહરેજ્જા ।**

આ સંસારમાં ખરેખર સ્થવીર ભગવંતોએ બ્રહ્મચર્યનાં દશ સમાધિસ્થાન ફરમાવ્યાં છે. જે ભિક્ષુ સાંભળીને અર્થરૂપથી નિશ્ચિત કરીને - વિચારીને સંયમમાં, સંવરમાં અને સમાધિમાં બહુ દૃઢ થાય અને મન, વચન, કાયાથી ગુપ્ત-ગુપ્તેન્દ્રિય, ઈન્દ્રિયોને પોતાના વિષયોમાં પ્રવૃત્ત થવાથી બચાવે. ગુપ્ત બ્રહ્મચારી થઈને હંમેશાં અપ્રમત્ત થઈને વિચરે.

**કયરે ખલુ તે થેરેહિં ભગવન્તેહિં દસ બમ્ભચેરસમાહિઠાણા પન્નત્તા, જે ભિક્ખૂ સોચ્ચા નિસમ્મ સંજમબહુલે સંવરબહુલે સમાહિબહુલે ગુત્તે ગુત્તિન્દિએ ગુત્તબમ્ભયારી સયા અપ્પમત્તે વિહરેજ્જા ?**

સ્થવીર ભગવંતોએ બ્રહ્મચર્યનાં દશ સ્થાન કયા કયા બતાવ્યાં છે, જેને સાંભળીને-ચિંતવીને સંયમ, સંવર અને સમાધિમાં દૃઢ ગુપ્ત-ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી બ્રહ્મચર્યને ગુપ્તિઓના માધ્યમથી સુરક્ષિત રાખે. સદા અપ્રમત્ત થઈને વિચરે.

**ઈમે ખલુ તે થેરેહિં ભગવન્તેહિં દસ બમ્ભચેરઠાણા પન્નત્તા, જે ભિક્ખૂ સોચ્ચા નિસમ્મ સંજમબહુલે સંવરબહુલે સમાહિબહુલે ગુત્તે ગુત્તિન્દિએ ગુત્તબમ્ભયારી સયા અપ્પમત્તે વિહરેજ્જા ।**

સ્થવીર ભગવંતોએ નિશ્ચયથી બ્રહ્મચર્યનાં દશ સમાધિસ્થાન ફરમાવ્યાં છે, જેને સાંભળીને-ધારણ કરીને સંયમ, સંવર અને સમાધિમાં દૃઢ, ગુપ્ત-ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી સદા અપ્રમત્ત વિચરે.

**તં જહા-વિવિત્તાઈ સયણાસણાઈ સેવિત્તા હવઈ સે નિગ્ગન્થે નો ઈત્થીપસુપંડગસંસત્તાઈ સયણાસણાઈ સેવિત્તા હવઈ સે નિગ્ગન્થે । તં કહમિતિ ચે ? આયરિયાહ - નિગ્ગંથસ્સ ખલુ ઈત્થિપસુપંડગ-સંસત્તાઈ સયણાસણાઈ સેવમાણસ્સ બમ્ભયારિસ્સ બમ્ભચેરે સંકા વા કંખા વા વિતિગિચ્છા વા સમુપજ્જિજ્જા, ભેદં વા લભેજ્જા, ઉમ્માયં**

**વા પાઉણિજ્જા, દીહકાલિયં વા રોગાયંકં હવેજ્જા, કેવલિપન્નત્તાઓ ધમ્માઓ ભંસેજ્જા । તમ્હા નો ઈત્થિપસુપંડગસંસત્તાઈં સયણાસણાઈ સેવિત્તા હવઈ સે નિગ્ગંથે ।**

જેમ કે તે નિર્ગ્રન્થ સાધુઓ એકાંત શયન, આસનાદિ કરે છે, જેઓ સ્ત્રી, પશુ, નપુંસક આદિથી સેવાતાં શયન આસનાદિ સાધનો સેવતો નથી તે નિર્ગ્રન્થ છે. એમ શા માટે કહ્યું ? તો આચાર્ય કહે છે કે, નિર્ગ્રન્થ નિશ્ચયે કરી સ્ત્રી, પશુઓ, નપુસંકથી સેવાતાં શયનાસનો (બ્રહ્મચારી) સેવે તો એના બ્રહ્મચર્યમાં શંકા, ભોગેચ્છા અને બ્રહ્મચર્યના ફળમાં સંદેહ ઉત્પન્ન થાય છે અથવા સંયમનો ભંગ અને ઉન્માદ થઈ જાય છે. લાંબા વખત સુધી ટકનાર રોગ થાય છે અને કેવળી ભગવંતોએ ફરમાવેલા ધર્મથી ભ્રષ્ટ થાય છે. આ માટે નિશ્ચયપૂર્વક નિર્ગ્રન્થોએ સ્ત્રી, પશુ અને નપુંસક યુક્ત શય્યા-આસનાદિનું સેવન ન કરવું જોઈએ.

**નો ઈત્થીણં કહં કહિત્તા હવઈ સે નિગ્ગંથે । તં કહમિતિ ચે ? આયરિયાહ-નિગ્ગંથસ્સ ખલુ ઈત્થિણં કહં કહેમાણસ્સ બમ્ભયારિસ્સ બમ્ભચેરે સંકા વા કંખા વા વિતિગિચ્છા વા સમુપજ્જિજ્જા ભેદં વા લભેજ્જા ઉમ્માયં વા પાઉણિજ્જા દીહકાલિયં વા રોગાયંકં હવેજ્જા, કેવલિપન્નત્તાઓ ધમ્માઓ ભંસેજ્જા । તમ્હા નો ઈત્થીણં કહં કહેજ્જા ।**

જે સ્ત્રીઓની કથા નથી કરતો તે નિર્ગ્રન્થ છે. એમ શા માટે ? આચાર્ય કહે છે - જે સ્ત્રીઓની વાતો કરે છે તે બ્રહ્મચારી નિર્ગ્રન્થને બ્રહ્મચર્યમાં શંકા, કાંક્ષા અથવા વિચિકિત્સા ઉત્પન્ન થાય છે અથવા બ્રહ્મચર્યનો નાશ થાય છે અથવા ઉન્માદ થાય છે અથવા દીર્ઘકાલિક રોગ અથવા આતંક થાય છે અથવા તે કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે, તેથી નિર્ગ્રન્થે સ્ત્રીઓની વાત ન કરવી.

**નો ઈત્થીણં સદ્ધિં સન્નિસેજ્જાગએ વિહરિત્તા હવઈ સે નિગ્ગંથે । તં કહમિતિ ચે ? આયરિયાહ - નિગ્ગંથસ્સ ખલુ ઈત્થીહિં સદ્ધિં સન્નિસેજ્જાગયસ્સ બમ્ભયારિયસ્સ બમ્ભચેરે સંકા વા કંખા વા વિતિગિચ્છા વા સમુપજ્જિજ્જા ભેદં વા લભેજ્જા, ઉમ્માયં વા પાઉણિજ્જા દીહકાલિયં વા રોગાયંકં હવેજ્જા, કેવલિપન્નત્તાઓ ધમ્માઓ ભંસેજ્જા । તમ્હા ખલુ નો નિગ્ગંથે ઈત્થીહિં સદ્ધિં સન્નિસેજ્જાગએ વિહરેજ્જા ।**

જે સ્ત્રીઓની સાથે એક આસન ઉપર નથી બેસતો તે નિર્ગ્રન્થ કહેવાય છે. એમ શા માટે ? આચાર્ય કહે છે - જે સ્ત્રીઓ સાથે એક આસન પર બેસે છે તે બ્રહ્મચારીને બ્રહ્મચર્ય વિશે શંકા, કાંક્ષા, વિચિકિત્સા થાય છે, યા બ્રહ્મચર્યનો નાશ થાય છે, અથવા ઉન્માદ થાય છે. દીર્ઘકાલિક રોગ અને આતંક થાય છે, અથવા તે કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે, તેથી નિર્ગ્રન્થે સ્ત્રીઓ સાથે એક આસને ન બેસવું.

**નો ઇત્થીણં ઇન્દિયાઈં મણોહરાઈં મણોરમાઈં આલોઇત્તા નિજ્ઝાઇત્તા હવઇ સે નિગ્ગંથે । તં કહમિતિ ચે ? આયરિયાહ નિગ્ગંથસ્સ ખલુ ઇત્થીણં ઇન્દિયાઈં મણોહરાઈં મણોરમાઈં આલોએમાણસ્સ નિજ્ઝાયમાણસ્સ બમ્ભયારિસ્સ બમ્ભચેરે સંકા વા કંખા વા વિઇગિચ્છા વા સમુપજ્જિજ્જા ભેદં વા લભેજ્જા, ઉમ્માયં વા પાઉણિજ્જા દીહકાલિયં વા રોગાયંકં હવેજ્જા, કેવલિપન્નત્તાઓ ધમ્માઓ ભંસેજ્જા । તમ્હા ખલુ નો નિગ્ગંથે ઇત્થીણં ઇન્દિયાઈં મણોહરાઈં મણોરમાઈં આલોએજ્જા નિજ્ઝાએજ્જા ।**

જે સ્ત્રીઓની મનોહર સુંદર ઇન્દ્રિયોને તાકીતાકીને એકી નજરે નથી જોતો, એનું ચિંતન નથી કરતો એ નિર્ગ્રન્થ છે. એમ શા માટે ? આચાર્ય કહે છે - જે સ્ત્રીઓની મનોહર ઇન્દ્રિયો જુએ છે અને તેનો વિચાર કરે છે, તે બ્રહ્મચારી નિર્ગ્રન્થને બ્રહ્મચર્ય વિશે શંકા, કાંક્ષા, યા વિચિકિત્સા થાય છે. બ્રહ્મચર્યનો નાશ થાય અથવા ઉન્માદ થાય અથવા દીર્ઘકાલિક રોગ અને આતંક થાય અથવા કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય, તેથી નિર્ગ્રન્થે સ્ત્રીઓના સૌન્દર્યને ઇન્દ્રિયોને જોવું કે વિચારવું નહિ.

**નો નિગ્ગંથે ઇત્થીણં કુડ્ડન્તરંસિ વા દૂસન્તરંસિ વા ભિત્તન્તરંસિ વા કૂઇયસદ્દં વા રુઇયસદ્દં વા ગીયસદ્દં વા હસિયસદ્દં વા થણિયસદ્દં વા કન્દિયસદ્દં વા વિલવિયસદ્દં વા સુણેતા હવઇ સે નિગ્ગંથે તં કહમિતિ ચે ? આયરિયાહ - નિગ્ગંથસ્સ ખલુ ઇત્થીણં કુડ્ડન્તરંસિ વા દૂસન્તરંસિ વા ભિત્તન્તરંસિ વા કૂઇયસદ્દં વા રુઇયસદ્દં વા ગીયસદ્દં વા હસિયસદ્દં વા થણિયસદ્દં વા કન્દિયસદ્દં વા વિલવિયસદ્દં વા સુણેમાણસ્સ બમ્ભયારિયસ્સ બમ્ભચેરે સંકા વા કંખા વા વિતિગિચ્છા વા સમુપજ્જિજ્જા ભેદં વા લભેજ્જા ઉમ્માયં વા પાઉણિજ્જા દીહકાલિયં વા રોગાયંકં હવેજ્જા, કેવલિપન્નત્તાઓ ધમ્માઓ ભંસેજ્જા । તમ્હા નો ઇત્થીણં કુડુન્તરં સિ વા દુસન્તરંસિ વા ભિત્તન્તરંસિ વા કૂઇયસદ્દં વા રુઇયસદ્દં વા ગીયસદ્દં વા હસિયસદ્દં વા થણિયસદ્દં વા કન્દિયસદ્દં વા વિલવિયસદ્દં વા સુણેમાણે વિહરેજ્જા ।**

જે માટીની દીવાલના અંતરથી પડદા પાછળથી અથવા ભીંતના અંતરથી સ્ત્રીઓના મધુર શબ્દો, વિરહ વિલાપ, ગીત, હાસ્ય, સિસકારી, આક્રંદ, વિલાપ પ્રેમાલાપ વગેરેને નથી સાંભળતો એ નિર્ગ્રન્થ છે. એમ શા માટે ? આચાર્ય કહે છે - માટીની ભીંતમાંથી, પરદામાંથી, કે પાકી દીવાલમાંથી સ્ત્રીઓના અવાજ, રડવું, ગીત, હાસ્ય, ગર્જન, આક્રન્દ કે વિલાપના શબ્દ સાંભળે છે, તે બ્રહ્મચારી નિર્ગ્રન્થને બ્રહ્મચર્ય વિશે શંકા, કાંક્ષા કે વિચિકિત્સા થાય છે અથવા બ્રહ્મચર્ય નષ્ટ થાય છે અથવા ઉન્માદ થાય છે અથવા દીર્ઘકાલિક રોગ અને આતંક થાય છે. તે કેવલીકથિત ધર્મથી ભ્રષ્ટ થાય છે, તેથી નિર્ગ્રન્થે માટીની ભીંતમાંથી, પરદામાંથી પાકી દીવાલમાંથી સ્ત્રીઓના અવાજ, ગીત, રડવું, હાસ્ય, ગર્જન, આક્રન્દ, વિલાપ સાંભળવા નહિ.

**નો નિગ્ગંથે ઇત્થીણં પુવ્વરયં પુવ્વકીલિયં અણુસરિત્તા હવઇ સે નિગ્ગંથે । તં કહમિતિ ચે ? આયરિયાહ - નિગ્ગંથસ્સ ખલુ ઇત્થીણં પુવ્વરયં પુવ્વકીલિયં અણુસરેમાણસ્સ બમ્ભયારિસ્સ બમ્ભચેરે સંકા વા કંખા વા વિઇગિચ્છા વા સમુપજ્જિજ્જા ભેદં વા લભેજ્જા ઉમ્માયં વા પાઉણિજ્જા દીહકાલિયં વા રોગાયંકં હવેજ્જા, કેવલિપન્નત્તાઓ ધમ્માઓ ભંસેજ્જા । તમ્હા નો ઇત્થીણં પુવ્વરયં પુવ્વકીલિયં અણુસરેજ્જા ।**

સ્ત્રીઓની સાથે ભોગવેલા ભોગ અને સ્ત્રીઓ સાથે પૂર્વાવસ્થામાં કરેલી ક્રીડાનું સ્મરણ નથી કરતો તે નિર્ગ્રન્થ છે. એમ શા માટે ? આચાર્ય કહે છે - જે સંયમ ગ્રહણ કરતાં પહેલાંની રતિ-ક્રીડા યાદ કરે છે, તે બ્રહ્મચારી નિર્ગ્રન્થને બ્રહ્મચર્ય વિશે શંકા, કાંક્ષા યા વિચિકિત્સા ઉત્પન્ન થાય છે અથવા બ્રહ્મચર્ય નષ્ટ થાય છે, ઉન્માદ થાય છે, અથવા દીર્ઘકાલિક રોગાતંક થાય છે. તે કેવલીકથિત ધર્મથી ભ્રષ્ટ થાય છે, તેથી નિર્ગ્રન્થ સંયમ ગ્રહણ પૂર્વના રતિક્રીડાનું સ્મરણ ન કરે.

**નો નિગ્ગંથે પણીયં આહારં આહરિત્તા હવઇ સે નિગ્ગંથે । તં કહમિતિ ચે ? આયરિયાહ - નિગ્ગંથસ્સ ખલુ પણીયં આહારં આહારેમાણસ્સ બમ્ભયારિસ્સ બમ્ભચેરે સંકા વા કંખા વા વિઇગિચ્છા વા સમુપજ્જિજ્જા ભેદં વા લભેજ્જા ઉમ્માયં વા પાઉણિજ્જા દીહકાલિયં વા રોગાયંકં હવેજ્જા, કેવલિપન્નત્તાઓ ધમ્માઓ ભંસેજ્જા । તમ્હા નો પણીયં આહારેજ્જા ।**

જે ગરિષ્ટ રસયુક્ત પૌષ્ટિક ભોજન નથી કરતો એ નિર્ગ્રન્થ છે. એમ શા માટે ? આચાર્ય કહે છે - જે રસયુક્ત ભોજન પાન કરે છે, તે બ્રહ્મચારી

નિર્ગ્રન્થને બ્રહ્મચર્ય વિશે શંકા, કાંક્ષા કે વિચિકિત્સા થાય છે અથવા બ્રહ્મચર્ય નષ્ટ થાય છે, ઉન્માદ થાય છે, અથવા દીર્ઘકાલિક રોગાતંક થાય છે. તે કેવલી પ્રતિપાદિત ધર્મથી ભ્રષ્ટ થાય છે, તેથી નિર્ગ્રન્થ પ્રણીત સરસ આહાર ન કરે.

**નો અઈમાયાએ પાણભોયણં આહારેત્તા હવઈ સે નિગ્ગંથે । તં કહમિતિ ચે ? આયરિયાહ - નિગ્ગંથસ્સ ખલુ અઈમાયાએ પાણભોયણં આહારેમાણસ્સ બમ્ભયારિસ્સ બમ્ભચેરે સંકા વા કંખા વા વિઈગિચ્છા વા સમુપજ્જિજ્જા ભેદં વા લભેજ્જા ઉમ્માયં વા પાઉણિજ્જા દીહકાલિયં વા રોગાયંકં હવેજ્જા, કેવલિપન્નત્તાઓ ધમ્માઓ ભંસેજ્જા; તમ્હા નો અઈમાયાએ પાણભોયણં આહારેજ્જા ।**

જે પ્રમાણથી અધિક આહાર પાણી કરતો નથી તે નિર્ગ્રન્થ છે. એમ શા માટે ? આચાર્ય કહે છે - જે પ્રમાણથી વધારે ખાય છે તે બ્રહ્મચારી નિર્ગ્રન્થને બ્રહ્મચર્ય વિશે શંકા, કાંક્ષા કે વિચિકિત્સા થાય છે, અથવા બ્રહ્મચર્ય નષ્ટ થાય છે, ઉન્માદ થાય છે, અથવા દીર્ઘકાલિક રોગાતંક થાય છે. તે કેવલીકથિત ધર્મથી ભ્રષ્ટ થાય છે, તેથી નિર્ગ્રન્થ પ્રમાણથી વધારે ન ખાય પીએ.

**નો વિભૂસાણુવાદી હવઈ સે નિગ્ગંથે । તં કહમિતિ ચે ? આયરિયાહ - વિભૂસાવત્તિએ વિભૂસિયસરીરે ઇત્થિજણસ્સ અભિલસણિજ્જે હવઈ। તઓ ણં તસ્સ ઇત્થિજણેણં અભિલસિજ્જમાણસ્સ બમ્ભચેરે સંકા વા કંખા વા વિઈગિચ્છા વા સમુપજ્જિજ્જા ભેદં વા લભેજ્જા ઉમ્માયં વા પાઉણિજ્જા દીહકાલિયં વા રોગાયંકં હવેજ્જા, કેવલિપન્નત્તાઓ ધમ્માઓ ભંસેજ્જા । તમ્હા નો વિભૂસાણુવાદી હવિજ્જા ।**

જે શરીરની વિભૂષા નથી કરતો એ નિર્ગ્રન્થ છે. એમ શા માટે ? આચાર્ય કહે છે - જેની મનોવૃત્તિ શણગાર કરવાની હોય છે, તે શરીર શણગારે છે, પરિણામે તેને સ્ત્રીઓ ઇચ્છે છે. તેથી સ્ત્રીઓ જેને ચાહે તેને બ્રહ્મચર્ય વિશે શંકા, કાંક્ષા, વિચિકિત્સા થાય છે, અથવા બ્રહ્મચર્ય નષ્ટ થાય છે, ઉન્માદ થાય છે, અથવા દીર્ઘકાલિક રોગાતંક થાય છે. તે કેવલિકથિત ધર્મથી ભ્રષ્ટ થાય છે, તેથી નિર્ગ્રન્થ શણગારી ન બને.

**નો સદ્દરૂવરસગંધફાસાણુવાદી હવઈ સે નિગ્ગંથે । તં કહમિતિ ચે ? આયરિયાહ - નિગ્ગંથસ્સ ખલુ સદ્દરૂવરસગંધફાસાણુવાદિસ્સ બમ્ભયારિસ્સ બમ્ભચેરે સંકા વા કંખા વા વિઈગિચ્છા વા સમુપજ્જિજ્જા, ભેદં વા લભેજ્જા ઉમ્માયં વા પાઉણિજ્જા, દીહકાલિયં**

**વા રોગાયંકં હવેજ્જા, કેવલિપન્નત્તાઓ ધમ્માઓ ભંસેજ્જા । તમ્હા નો સદરૂવરસગંધફાસાણુવાદી ભવેજ્જા સે નિગ્ગંથે । દસમે બમ્ભચેરસમાહિઠાણે ભવતિ ॥**

જે મનોજ્ઞ શબ્દ રૂપ, રસ, ગંધ, સ્પર્શાદિમાં આસક્તિ કરતો નથી તે નિર્ગ્રન્થ છે. એમ શા માટે ? આચાર્ય કહે છે- જે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં આસક્ત રહે છે, તે બ્રહ્મચારીને બ્રહ્મચર્યમાં શંકા, કાંક્ષા કે વિચિકિત્સા થાય છે, અથવા બ્રહ્મચર્ય નષ્ટ થાય છે, ઉન્માદ થાય છે અથવા દીર્ઘકાલિક રોગાતંક થાય છે. તે કેવલિકથિત ધર્મથી ભ્રષ્ટ થાય છે. તેથી નિર્ગ્રન્થે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં આસક્તિ રાખવી નહિ. આ બ્રહ્મચર્યસમાધિનું દસમું સ્થાન છે.

**ભવન્તિ ઈત્થ સિલોગા, તં જહા :** આ વિષયમાં અહીં કેટલાક શ્લોકો છે જેમ કે -

**જં વિવિત્તમણાઈન્નં, રહિયં ઈત્થિજણેણ ય ।**
**બમ્ભચેરસ્સ રક્ખટ્ઠા, આલયં તુ નિસેવએ ॥૧॥**

નિર્ગ્રન્થ સાધુ બ્રહ્મચર્યની રક્ષા માટે એવા સ્થાનમાં રહે જે એકાંત, અનાકીર્ણ સ્ત્રીઆદિથી અવ્યાપ્ત અને સ્ત્રીઓ રહિત સ્થાનમાં રહે.

**મણપલ્હાયજણણી, કામરાગવિવઢ્ઢણી ।**
**બમ્ભચેરરઓ ભિક્ખુ, થીકહં તુ વિવજ્જએ ॥૨॥**

બ્રહ્મચર્યમાં પ્રીતિવાળો ભિક્ષુ મનને આનંદ ઉપજાવનારી, કામરાગ વધારનારી સ્ત્રી કથાને છોડી દે.

**સમં ચ સંથવં થીહિં, સંકહં ચ અભિક્ખણં ।**
**બમ્ભચેરરઓ ભિક્ખૂ, નિચ્ચસો પરિવજ્જએ ॥૩॥**

બ્રહ્મચર્યમાં પ્રીતિવાળો ભિક્ષુ સ્ત્રીઓનો પરિચય અને સાથે વારંવાર બેસવાનું તથા વાર્તાલાપ સદાને માટે છોડી દે.

**અંગપચ્ચંગસંઠાણં, ચારુલ્લવિયપેહિયં ।**
**બમ્ભચેરરઓ થીણં, ચક્ખુગિજ્ઝં વિવજ્જએ ॥૪॥**

બ્રહ્મચર્યરત સાધુ સ્ત્રીઓના અંગ પ્રત્યંગ-સંસ્થાન (આકાર) અને એના મધુર ભાષણના ઢંગને તથા કટાક્ષને જોવાનું છોડી દે.

**કૂઈયં રુઈયં ગીયં, હસિયં થણિયકન્દિયં ।**
**બમ્ભચેરરઓ થીણં, સોયગિજ્ઝં વિવજ્જએ ॥૫॥**

બ્રહ્મચર્યપ્રેમી સાધુ સ્ત્રીઓનાં મીઠાં કૂજન, રુદન, ગીત, હાસ્ય, સિસકારી, વિલાપ આદિ કાનગ્રાહ્ય વિષયનો ત્યાગ કરે.

**હાસં કિડ્ડું રઈં દપ્પં, સહસાવિત્તાસિયાણિ ય ।**
**બમ્ભચેરરઓ થીણં, નાણુચિન્તે કયાઈ વિ ॥૬॥**

બ્રહ્મચર્યરત સાધુ દીક્ષાગ્રહણથી પૂર્વના જીવનમાં સ્ત્રીઓ સાથેના હાસ્ય, ક્રીડા, રતિ, દર્પ, સાથે કરેલ ભોજન, ભોગાદિનું સ્મરણ કદાપિ ન કરે.

**પણીયં ભત્તપાણં તુ, ખિપ્પં મયવિવડ્ઢણં ।**
**બમ્ભચેરરઓ ભિક્ખૂ, નિચ્ચસો પરિવજ્જએ ॥૭॥**

શીઘ્ર કામવાસનાને વધારનાર, સ્નિગ્ધ ભોજન-પાણીનો બ્રહ્મચર્યરત સાધુ સદાને માટે ત્યાગ કરે.

**ધમ્મલદ્ધં મિયં કાલે, જત્તત્થં પણિહાણવં ।**
**નાઈમત્તં તુ ભુંજિજ્જા, બમ્ભચેરરઓ સયા ॥૮॥**

બ્રહ્મચર્યરત ચિત્તસમાધિથી સંપન્ન સાધુ હંમેશાં ઉચિત-યોગ્ય કાળે શુદ્ધ એષણા દ્વારા પ્રાપ્ત કરેલો આહાર સંયમ યાત્રાના નિર્વાહ અંગે પરિમિત માત્રામાં લે, પ્રમાણથી અધિક આહાર કરે નહિ.

**વિભૂસં પરિવજ્જેજ્જા, સરીરપરિમંડણં ।**
**બમ્ભચેરરઓ ભિક્ખૂ, સિંગારત્થં ન ધારએ ॥૯॥**

બ્રહ્મચર્ય પ્રેમી ભિક્ષુ શરીરની વિભૂષા અને શોભા વધારવાનું છોડી દે. (દેહ પર વસ્ત્રો) શૃંગારાર્થે ધારણ ન કરે.

**સદ્દે રૂવે ય ગન્ધે ય, રસે ફાસે તહેવ ય ।**
**પંચવિહે કામગુણે, નિચ્ચસો પરિવજ્જએ ॥૧૦॥**

પાંચ પ્રકારના કામગુણો શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શને સદાને માટે ત્યાગે.

**આલઓ થીજણાઈણ્ણો, થી કહા ય મણોરમા ।**
**સંથવો ચેવ નારીણં, તાસિં ઈન્દિયદરિસણં ॥૧૧॥**

૧. સ્ત્રીઓથી પરિચિત સ્થાન, ૨. સ્ત્રીઓની મનોરથ કથાઓ, ૩. સ્ત્રીઓનો પરિચય, ૪. સ્ત્રીઓની ઈન્દ્રિયોનું રાગભાવથી જોવું-

**કૂઈયં રુઈયં ગીયં, હાસં ભુત્તાસિયાણિ ય ।**
**પણીયં ભત્તપાણં ચ, અઈમાયં પાણભોયણં ॥૧૨॥**

૫. સ્ત્રીઓના મીઠા શબ્દ, રુદન, ગીત, હાસ્યાદિ સાંભળવું, ૬. પૂર્વે ભોગવેલા ભોગોનું સ્મરણ કરવું, ૭. ગરિષ્ટ આહારાદિ કરવો, ૮. અધિક આહાર-પાણી કરવા.

**ગત્તભૂસણમિટ્ઠં ચ, કામભોગા ય દુજ્જયા ।**
**નરસ્સત્તગવેસિસ્સ, વિસં તાલઉડં જહા ॥૧૩॥**

૯. શરીરની શોભા કરવી, ૧૦. મનોજ્ઞ શબ્દાદિ વિષય અને દુર્જય કામ એ આત્મગવેષી પુરુષોને માટે તાલપુટ વિષ સમાન છે.

**દુજ્જએ કામભોગે ય, નિચ્ચસો પરિવજ્જએ ।**
**સંકાઠાણાણિ સવ્વાણિ, વજ્જેજ્જા પણિહાણવં ॥૧૪॥**

એકાગ્ર મન રાખનાર બ્રહ્મચારી દુર્જેય કામભોગને સદાને માટે ત્યાગે, બધા પ્રકારનાં શંકાસ્થાનો છોડી દે.

**ધમ્મારામે ચરે ભિક્ખૂ, ધિઈમં ધમ્મસારહી ।**
**ધમ્મારામે રતે દંતે, બમ્ભચેરસમાહિએ ॥૧૫॥**

ધર્મરૂપ બાગમાં રમણ કરનાર, ધર્મ રથનો સારથી, ધૈર્યવાન, ઈન્દ્રિયોને દમનાર અને બ્રહ્મચર્ય સમાધિનો ધારક સાધુ હંમેશાં ધર્મરૂપ બગીચામાં જ વિહાર કરે.

**દેવદાણવગંધવ્વા, જક્ખરક્ખસ કિન્નરા ।**
**બંભયારિં નમંસન્તિ, દુક્કરં જે કરન્તિ તં ॥૧૬॥**

દુષ્કર બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરનાર બ્રહ્મચારીને દેવો, દાનવો, ગંધર્વો, યક્ષો, રાક્ષસો, કિન્નરો નમસ્કાર કરે છે.

**એસ ધમ્મે ધુવે નિચ્ચે, સાસએ જિણદેસિએ ।**
**સિદ્ધા સિજ્ઝન્તિ ચાણેણ, સિજ્ઝિસ્સંતિ તહાવરે ॥૧૭॥**

**॥ ત્તિબેમિ ॥**

આ બ્રહ્મચર્ય સ્વરૂપ ધર્મ ધ્રુવ, નિત્ય, શાશ્વત, જિનેશ્વરોએ ઉપદેશેલો છે, એનું પાલન કરનાર અનેક જીવ સિદ્ધ થયા છે, થાય છે અને થશે.

# અધ્યયન - ૧૭ : પાપ શ્રમણ

**જે કેઇ ઉ પવ્વઈએ નિયંઠે, ધમ્મં સુણિત્તા વિણઓવવન્ને ।**
**સુદુલ્લહં લહિઉં બોહિલાભં, વિહરેજ્જ પચ્છા ય જહાસુહં તુ ॥૧॥**

કેટલાક નિર્ગ્રન્થો પહેલા ધર્મ સાંભળીને અત્યંત દુર્લભ બોધિલાભ પ્રાપ્ત કરીને વિનયશીલ થઈને નિર્ગ્રન્થ ધર્મમાં પ્રવર્તે છે, પરંતુ પાછળથી સ્વચ્છંદે વિહરે છે.

**સેજ્જા દઢા પાઉરણં મિ અત્થિ, ઉપ્પજ્જઈ ભોત્તું તહેવ પાઉં ।**
**જાણામિ જં વટ્ટઇ આઉસુ ત્તિ, કિં નામ કાહામિ સુએણ ભન્તે ! ॥૨॥**

ગુરુ દ્વારા શાસ્ત્રાધ્યયનની પ્રેરણા મળવા પર આ સ્વચ્છંદી શિષ્ય ગુરુને કહે છે કે હે ભગવાન ! મને રહેવા માટે દઢ આવાસ મળી ગયો છે, વસ્ત્ર છે, ભોજન-પાણી છે, અને શાસ્ત્રમાં જીવ-અજીવાદિ જે તત્ત્વો વર્તે છે, તે હું જાણું છું, તો હે આયુષ્યમાન ! હું શ્રુત ભણીને શું કરું ?

**જે કેઇ પવ્વઈએ, નિદ્દાસીલે પગામસો ।**
**ભોચ્ચા પેચ્ચા સુહં સુવઇ, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥૩॥**

કેટલાક સાધુઓ દીક્ષિત થઈને ખૂબ નિદ્રાવાળા-આળસુ થઈ જાય છે અને (ખૂબ) ખાય છે, પીએ છે અને સૂવે છે, તેઓ પાપ શ્રમણ કહેવાય છે.

**આયરિયઉવજ્ઝાએહિં, સુયં વિણયં ચ ગાહિએ ।**
**તે ચેવ ખિંસઈ બાલે, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥૪॥**

જે આચાર્ય, ઉપાધ્યાયથી શ્રુત અને વિનય ધર્મ પ્રાપ્ત કર્યો છે તે આચાર્યોને અજ્ઞાની નિંદે છે. તે વિવેકભ્રષ્ટ પાપ શ્રમણ કહેવાય છે.

**આયારિયઉવજ્ઝાયાણં, સમ્મં ન પડિતપ્પઇ ।**
**અપ્પડિપૂયએ થદ્ધે, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥૫॥**

જે ઘમંડી-અક્કડ થઈને આચાર્યો-ઉપાધ્યાયોની સુસેવા કરતો નથી અને ગુણીજનોની પૂજા-બહુમાન કરતો નથી, પરંતુ તેનાથી પરાઙ્મુખ થાય છે. તે પાપ શ્રમણ કહેવાય છે.

**સમ્મદ્દમાણે પાણાણિ, બીયાણિ હરિયાણિ ય ।**
**અસંજએ સંજયમન્નમાણો, પાવસમણે ત્તિવુચ્ચઈ ॥૬॥**

પાણી, બીજ અને લીલોતરીનું મર્દન કરનારો અને ખુદ પોતે અસંયતિ થઈને સંયતિ માનનારો પાપ શ્રમણ છે.

**સંથારં ફલગં પીઢં, નિસેજ્જં પાયકમ્બલં ।**
**અપ્પમજ્જિયમારુહઇ, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥૭॥**

તૃણની પથારી, પાટ, આસન, સ્વાધ્યાયભૂમિ, પગ લૂંછણિયું વગેરેને પૂંજ્યા વિના ઉપયોગ કરે, તે પાપ શ્રમણ છે.

**દવદવસ્સ ચરઈ, પમત્તે ય અભિક્ખણં ।**
**ઉલ્લંઘણે ય ચંડે ય, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥૮॥**

જે ઝડપથી અયત્નાથી ચાલે છે, જે વારે વારે પ્રમાદાચરણ કરે છે. જે મર્યાદાઓને ઉલ્લંઘે છે, જે ક્રોધી છે, તે પાપ શ્રમણ કહેવાય છે.

**પડિલેહેઇ પમત્તે, અવઉજ્ઝઈ પાયકમ્બલં ।**
**પડિલેહાઅણાઉત્તે, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥૯॥**

જે પ્રતિલેખનમાં પ્રમાદ કરે છે, જે પાત્રને અને કંબલને અહીં તહીં વેરવિખેર રાખે છે, પ્રતિલેખનમાં અનુપયોગ સેવે છે, તે પાપ શ્રમણ છે.

**પડિલેહેઇ પમત્તે, સે કિંચિ હુ નિસામિયા ।**
**ગુરુપારિભાવએ નિચ્ચં, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥૧૦॥**

જે અહીં-તહીંની તુચ્છ વાતો સાંભળતો થકો પ્રતિલેખન કરે છે, અને શિખામણ આપનાર ગુરુની સદા અવહેલના કરે છે, સામે બોલે છે, તે પાપ શ્રમણ છે.

**બહુમાઈ પમુહરે, થદ્ધે લુદ્ધે અણિગ્ગહે ।**
**અસંવિભાગી અવિયત્તે, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥૧૧॥**

જે બહુ માયાવી, કપટી, અતિ વાચાળ, ઘમંડી, લુબ્ધ, અસંયમી, સ્વાર્થી, વસ્તુનો સંવિભાગ ન કરનાર એકલપેટો, જેને ગુરુ આદિ પ્રત્યે પ્રેમ નથી, તે પાપ શ્રમણ છે.

**વિવાદં ચ ઉદીરેઇ, અહમ્મે અત્તપન્નહા ।**
**વુગ્ગહે કલહે રત્તે, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥૧૨॥**

જે શાંત થયેલ વિવાદના પ્રસંગો ઊભા કરે છે, જે અધર્મી છે, જે આત્મબુદ્ધિ વિનાનો છે, જે લડાઈ અને કલહમાં આસક્તિવાળો છે, તે પાપ શ્રમણ કહેવાય છે.

**અથિરાસણે કુકુઇએ, જત્થ તત્થ નિસીયઈ ।**
**આસણમ્મિ અણાઉત્તે, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥૧૩॥**

જે અસ્થિર આસનવાળો છે, હાથ-પગ આદિની કુચેષ્ટા કરનાર છે, જે ગમે ત્યાં બેસી જાય છે, જે આસનાદિના વિષયમાં અનુપયોગી છે, તે પાપ શ્રમણ છે.

**સસરક્ખપાએ સુવઈ, સેજ્જં ન પડિલેહઈ ।**
**સંથારએ અણાઉત્તે, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥૧૪॥**

જે સચિત્ત રજવાળા પગને પૂંજ્યા વિના સૂઈ જાય છે, જે પથારીનું પડિલેહણ કરતો નથી, જે સંથારાના વિષયમાં અનુપયોગી છે, તે પાપ શ્રમણ છે.

**દુદ્ધ-દહી-વિગઈઓ, આહારેઈ અભિક્ખણં ।**
**અરએ ય તવોકમ્મે, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥૧૫॥**

જે દૂધ, દહીં આદિ વિગયનું વારંવાર સેવન કરે છે, જે તપકર્મમાં પ્રીતિ વિનાનો છે, તે પાપ શ્રમણ છે.

**અત્થંતમ્મિ ય સૂરમ્મિ, આહારેઈ અભિક્ખણં ।**
**ચોઈઓ પડિચોએઈ, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥૧૬॥**

જે સૂર્યોદયથી સૂર્ય અસ્ત સુધી ખા-ખા કરે છે. એવું ન કરવાનો ઉપદેશ પ્રેરણા આપનારની સામે બોલે, તે પાપ શ્રમણ છે.

**આયરિયપરિચ્ચાઈ, પરપાસંડસેવએ ।**
**ગાણંગણિએ દુબ્ભૂએ, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥૧૭॥**

જે આચાર્યનો ત્યાગ કરે છે, પર પાખંડને સેવે છે. જે છ છ માસમાં ગચ્છને બદલે છે, તે બીજાઓથી નિંદિત પાપ શ્રમણ છે.

**સયં ગેહં પરિચ્ચજ્જ, પરંગેહંસિ વાવરે ।**
**નિમિત્તેણ ય વવહરઈ, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥૧૮॥**

જે પોતાનું ઘર સાધુ-સંઘ છોડીને બીજાને ઘેર ફરે છે, જે શુભ-અશુભ નિમિત્ત બતાવીને દ્રવ્ય ઉપાર્જે છે, તે પાપ શ્રમણ છે.

**સન્નાઈપિંડં જેમેઈ, નેચ્છઈ સામુદાણિયં ।**
**ગિહિનિસેજ્જં ચ વાહેઈ, પાવસમણે ત્તિ વુચ્ચઈ ॥૧૯॥**

જે પોતાની જ્ઞાતિનો પૂર્વપરિચિત સ્વજનો આહાર લે અને બધાં ઘરોથી સામુદાનિકની ભિક્ષા લેતો નથી, જે ગૃહસ્થની પથારી ઉપર બેસે છે, તે પાપ શ્રમણ કહેવાય છે.

**એયારિસે પંચકુસીલસંવુડે, રૂવંધરે મુણિપવરાણ હેટ્ઠિમે ।**
**અયંસિ લોએ વિસમેવ ગરહિએ, ન સે ઈહં નેવ પરત્થલોએ ॥૨૦॥**

આ પ્રકારનું આચરણ કરે છે તે પાંચ પ્રકારના કુશીલ(પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત અને સ્વચ્છંદ)ની સમાન સંવર રહિત વેષધારી, શ્રેષ્ઠ મુનિઓની અપેક્ષાએ તુચ્છ છે, આવા માણસો વિષની માફક ગર્હાપાત્ર છે, તેનો આ લોક કે પરલોક સુધરતો નથી.

**જે વજ્જએ એતે સયા ઉ દોસે, સે સુવ્વએ હોઇ મુણીણ મજ્ઝે ।**
**અયંસિ લોએ અમયં વ પૂઈએ, આરાહએ લોગમિણં તહા પરં ॥૨૧॥**
**॥ ત્તિબેમિ ॥**

જે મુનિ આ દોષોને સદાને માટે છોડે છે, એ મુનિઓમાં સુવ્રતી થાય છે. આવા મુનિ આ લોકમાં અમૃત સમાન પૂજનીય થઈને આ લોક અને પરલોકની આરાધના કરે છે.

## અધ્યયન - ૧૮ : સંયતિ રાજા

**કમ્પિલ્લે નયરે રાયા, ઉદિણ્ણબલવાહણે ।**
**નામેણં સંજએ નામં, મિગવ્વં ઉવણિગ્ગએ ॥૧॥**

કંપિલપુર નગરમાં 'સંજય' નામનો રાજા હતો ચતુરંગિણી સેના અને વાહનથી સુસંપન્ન. મૃગયાને માટે એક દિવસ ગામ બહાર નીકળ્યો.

**હયાણીએ ગયાણીએ, રહાણીએ તહેવ ય ।**
**પાયત્તાણીએ મહયા, સવ્વઓ પરિવારિએ ॥૨॥**

એ ઘોડા ઉપર સવાર થઈને ઘોડા, હાથી, રથ અને પાયદલ એ ચારે જાતની મોટી સેનાથી ઘેરાયેલો હતો.

**મિએ છુભિત્તા હયગઓ, કંપિલ્લુજ્જાણ કેસરે ।**
**ભીએ સન્તે મિએ તત્થ, વહેઈ રસમુચ્છિએ ॥૩॥**

તે અશ્વ પર આરૂઢ હતો - કાંપિલ્યનગરના કેસર નામના ઉદ્યાનમાં ત્યાં રસ મૂર્ચ્છિત થઈને, હરણોને ક્ષોભ પમાડતો ભયભીત અને થાકેલા કેટલાક મૃગને મારવા લાગ્યો.

**અહ કેસરમ્મિ ઉજ્જાણે, અણગારે તવોધણે ।**
**સજ્ઝાયજ્ઝાણસંજુત્તે, ધમ્મજ્ઝાણં ઝિયાયઈ ॥૪॥**

હવે આ કેસર બાગમાં એક તપોધની અણગાર સ્વાધ્યાય અને ધ્યાનથી યુક્ત હતા. ધર્મધ્યાનમાં એકાકાર થઈ રહ્યા હતા.

**અપ્ફોવમંડવમ્મિ, ઝાયઈ કૃખવિયાસવે ।**
**તસ્સાગએ મિગે પાસં, વહેઈ સે નરાહિવે ॥૫॥**

આશ્રવોનો ક્ષય કરનાર એ મહાત્મા વૃક્ષ-લતાઓના મંડપમાં ધ્યાન ધરી રહ્યા હતા. એની પાસે આવેલા મૃગને રાજાએ માર્યો.

**અહ આસગઓ રાયા, ખિપ્પમાગમ્મ સો તહિં ।**
**હએ મિએ ઉ પાસિત્તા, અણગારં તત્થ પાસઈ ॥૬॥**

હવે અશ્વારૂઢ રાજા ત્યાં જલદી આવે છે અને પોતાના મારેલા મૃગને જુએ છે અને ત્યાં અણગારને પણ જુએ છે.

**અહ રાયા તત્થ સંભન્તો, અણગારો મણાહઓ ।**
**મએ ઉ મંદપુણ્ણેણં, રસગિદ્ધેણ ઘંત્તુણા ॥૭॥**

ત્યાં મુનિને જોઈને રાજા ભયભીત થયો અને વિચારવા લાગ્યો કે 'હું રસલોલુપ હતભાગી છું ! હિંસાપરાયણ છું. અને અણગારને પણ દુઃખી કર્યા.'

**આસં વિસજ્જઈત્તાણં અણગારસ્સ સો નિવો ।**
**વિણએણ વન્દએ પાએ, ભગવં ! એત્થ મે ખમે ॥૮॥**

રાજા ઘોડા ઉપરથી નીચે ઊતર્યો અને મુનિરાજનાં ચરણોમાં સવિનય નમસ્કાર કરીને કહેવા લાગ્યો કે, હે ભગવાન ! આ અપરાધને માટે મને ક્ષમા આપો.

**અહ મોણેણ સો ભગવં, અણગારે ઝાણમસ્સિએ ।**
**રાયાણં ન પડિમંતેઈ, તઓ રાયા ભયદ્દુઓ ॥૯॥**

અણગાર(ભગવાન) ધ્યાન મગ્ન હતા, એટલે મૌન રહ્યા અને રાજાને કોઈ પણ ઉત્તર આપ્યો નહિ, એટલે રાજા વિશેષ ભયભીત થયો.

**સંજઓ અહમમ્મીતિ, ભગવં ! વાહરાહિ મે ।**
**કુદ્ધે તેએણ અણગારે, ડહેજ્જ નરકોડિઓ ॥૧૦॥**

હે ભગવાન ! હું સંજય રાજા છું, મારી સાથે આપ બોલો, કારણ કે ક્રોધાન્વિત અણગાર પોતાના તેજથી કરોડો મનુષ્યને બાળી નાખે છે.

**અભઓ પત્થિવા ! તુબ્ભં, અભયદાયા ભવાહિ ય ।**
**અણિચ્ચે જીવલોગમ્મિ, કિં હિંસાએ પસજ્જસિ ? ॥૧૧॥**

હે પાર્થિવ રાજા, તને અભય છે. તું પણ અભયદાતા થા. અનિત્ય એવા આ સંસારમાં હિંસામાં તું કેમ રાચે છે ?

**જયા સવ્વં પરિચ્ચજ્જ, ગંતવ્વમવસસ્સ તે ।**
**અણિચ્ચે જીવલોગમ્મિ, કિં રજ્જમ્મિ પસજ્જસિ ? ॥૧૨॥**

જયારે બધું છોડીને (કર્મવશ) જવાનું છે, તો અનિત્ય સંસાર અને રાજયમાં તું શા માટે આસકત-લુબ્ધ થયો છે ?

**જીવિયં ચેવ રૂવં ચ, વિજ્જુસંપાય-ચંચલં ।**
**જત્થ તં મુજ્ઝસી રાયં, પેચ્ચત્થં નાવબુજ્ઝસિ ॥૧૩॥**

હે રાજા ! જેના પર તું મોહિત થાય છે તે આ જીવન અને રૂપ વીજળીના ચમકારા જેવું ચંચળ છે, પરભવ-મરણ પછીના પરલોકની તને ખબર નથી.

**દારાણિ ય સુયા ચેવ, મિત્તા ય તહ બન્ધવા ।**
**જીવન્ત-મણુજીવન્તિ, મયં નાણુવ્વયન્તિ ય ॥૧૪॥**

સ્ત્રી, પુત્રો, મિત્રો અને બાંધવો જીવિત છે ત્યાં સુધી જ સાથી છે, પરંતુ મર્યા પછી તે સાથી નથી. પરલોકમાં સાથે નથી આવતા.

**નીહરન્તિ મયં પુત્તા, પિતરં પરમદુક્ખિયા ।**
**પિતરો વિ તહા પુત્તે, બંધૂ રાયં ! તવં ચરે ॥૧૫॥**

હે રાજા ! પુત્રો મૃત પિતાને અતિ દુઃખિત થઈને બહાર કાઢે છે. એવી રીતે પિતા મૃત પુત્રને, બંધુ બંધુના મૃતકને બહાર કાઢી નાખે છે. માટે હે રાજા ! તું તપનું સેવન કર.

**તઓ તેણજ્જિએ દવ્વે, દારે ય પરિરક્ખિએ ।**
**કીલંતિન્ને નરા રાયં, હટ્ઠતુટ્ઠમલંકિયા ॥૧૬॥**

હે રાજન્ ! મૃત્યુ પછી તેનાં ઉપાર્જિત ધનનો અને સાચવેલી સ્ત્રીને મેળવીને બીજાહૃષ્ટ-પુષ્ટ અને વિભૂષિત (વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત થઈને) લોકો ઉપભોગ કરે છે.

**તેણાવિ જં કયં કમ્મં, સુહં વા જઈ વા દુહં ।**
**કમ્મુણા તેણ સંજુત્તો, ગચ્છઈ ઉ પરં ભવં ॥૧૭॥**

એ મૃતાત્માએ સુખફલદાતા અથવા દુઃખફલદાતા - જેવાં કર્મ કર્યાં છે એવાં કર્મોથી યુક્ત પરભવમાં જાય છે.

**સોઊણ તસ્સ સો ધમ્મં, અણગારસ્સ અંતિએ ।**
**મહયાસંવેગનિવ્વેદં, સમાવન્નો નરાહિવો ॥૧૮॥**

નરાધિપતિ એ ગર્દભાલી મુનિરાજ પાસેથી ધર્મ સાંભળીને મહાન સંવેગ અને નિર્વેદને પામ્યો.

**'સંજઓ' ચઇઉં રજ્જં, નિક્ખન્તોજિણસાસણે ।**
**'ગદ્દભાલિસ્સ' ભગવઓ, અણગારસ્સઅંતિએ ॥૧૯॥**

સંયતિ રાજા રાજ્યને છોડીને ભગવાન ગર્દભાલી અણગારની પાસે જિનશાસનમાં દીક્ષિત થયા.

**ચિચ્ચા રટ્ઠં પવ્વઇએ, ખત્તિએ પરિભાસઇ ।**
**જહા તે દીસઇ રૂવં, પસન્નં તે તહા મણો ॥૨૦॥**

રાજ્યનો ત્યાગ કરીને પ્રવ્રજિત ક્ષત્રિય રાજર્ષિએ સંજતિમુનિને કહ્યું કે જેવું આપનું રૂપ સુંદર છે તેવું આપનું મન પણ પ્રસન્ન છે.

**કિં નામે ? કિં ગોત્તે ? કસ્સટ્ઠાએ વ માહણે ।**
**કહં પડિયરસી બુદ્ધે, કહં વિણીએ ત્તિ વુચ્ચસી ॥૨૧॥**

આપનું નામ શું છે ? શું ગોત્ર છે ? શા માટે મહાન થયા ? ગુરુજનોની સેવા કેવી રીતે કરો છો ? અને કેવી રીતે વિનયવાન કહેવાઓ છો ?

**સંજઓ નામ નામેણં, તહા ગોત્તેણ ગોત્તમો ।**
**'ગદ્દભાલી' મમાયરિયા, વિજ્જાચરણપારગા ॥૨૨॥**

મારું નામ સંજય છે. મારું ગોત્ર ગૌતમ છે. મારા આચાર્ય ગર્દભાલી છે - જે વિદ્યા અને ચારિત્રના પારંગત છે.

**કિરિયં અકિરિયં વિણયં, અન્નાણં ચ મહામુણી ।**
**એએહિં ચઉહિં ઠાણેહિં, મેયન્ને કિં પભાસઈ ॥૨૩॥**

હે મહામુનિ ! ક્રિયાવાદ, અક્રિયાવાદ, વિનયવાદ અને અજ્ઞાનવાદ એ ચાર વાદોમાં રહેનાર કેટલાંક એકાંતવાદી લોકો એકાંત અસત્ય પ્રરૂપણા કરે છે.

**ઇઇ પાઉકરે બુદ્ધે, નાયએ પરિણિવ્વુએ ।**
**વિજ્જાચરણસંપન્ને, સચ્ચે સચ્ચપરક્કમે ॥૨૪॥**

હું મારા મનથી નહિ પરંતુ વિદ્યા અને ચારિત્ર સંપન્ન, તત્ત્વવેતા અને ઉપશાંત સત્યવાદી અને સત્યપરાક્રમી પરિનિવૃત્ત સર્વજ્ઞ ભગવાન મહાવીરે આ વાદોને પ્રકટ કર્યા છે.

**પડન્તિ નરએ ઘોરે, જે નરા પાવકારિણો ।**
**દિવ્વં ચ ગઈ ગચ્છન્તિ, ચરિત્તા ધમ્મમારિયં ॥૨૫॥**

પાપ કર્મ કરનાર ઘોર નરકમાં પડે છે અને ધર્મનું આચરણ કરનાર દિવ્ય ગતિમાં જાય છે.

**માયાવુઈયમેયં તુ, મુસાભાસા નિરત્થિયા ।**
**સંજમમાણો વિ અહં, વસામિ ઈરિયામિ ય ॥૨૬॥**

ક્રિયાવાદી આદિ એકાંતવાદીઓનું આ બધું કથન માયાપૂર્વક છે. એટલા માટે એની વાણી મિથ્યા અને નિરર્થક છે, એના કથનને સાંભળીને એકાંત વચનોથી બચીને હું સંયમમાં સ્થિત છું અને યત્નાપૂર્વક ચાલુ છું.

**સવ્વે તે વિઈયા મજ્ઝં, મિચ્છાદિટ્ઠી અણારિયા ।**
**વિજ્જમાણે પરે લોએ, સમ્મં જાણામિ અપ્પયં ॥૨૭॥**

મેં આ બધા વાદોને જાણ્યા છે. એ બધા વાદો મિથ્યાદૃષ્ટિ અને અનાર્ય છે. હું પરલોકનું અસ્તિત્વ અને આત્માનું અસ્તિત્વ સમ્યક્ પ્રકારે જાણું છું.

**અહમાસિ મહાપાણે, જુઈમં વરિસ સઓવમે ।**
**જા સા પાલિ-મહાપાલી, દિવ્વા વરિસસઓવમા ॥૨૮॥**

હું મહાપ્રાણ વિમાનમાં પ્રકાશવાન દેવ હતો. અહીનાં સો વર્ષના પૂર્ણાયુ સમાન ત્યાં દેવોનું પાલી-પલ્યોપમ, મહાપાલી-સાગરોપમ જેવું મારું વર્ષ શતોપમ આયુષ્ય હતું.

**સે ચુએ બમ્ભલોગાઓ, માણુસં ભવમાગએ ।**
**અપ્પણો ય પરેસિં ચ, આઉં જાણે જહા તહા ॥૨૯॥**

હું બ્રહ્મલોકમાંથી ચ્યવીને મનુષ્ય ભવમાં આવ્યો છું. હું પોતાના તથા બીજાના આયુષ્યને જેમ છે તેમ જાણું છું.

**નાણારુઈં ચ છન્દં ચ, પરિવજ્જેજ્જ સંજએ ।**
**અણટ્ઠા જે ય સવ્વત્થા, ઈઈ વિજ્જામણુસંચરે ॥૩૦॥**

ક્ષત્રિય રાજર્ષિએ કહ્યું - સંયત-સાધુ જુદી જુદી જાતના રુચિ અને અભિપ્રાય તથા સમસ્ત અનર્થોનો સર્વથા ત્યાગ કરે અને સમ્યગ્ જ્ઞાનપૂર્વક સંયમનું આચરણ કરે.

**પડિક્કમામિ પસિણાણં, પરમન્તેહિં વા પુણો ।**
**અહો ઉટ્ઠિએ અહોરાયં, ઈઈ વિજ્જા તવં ચરે ॥૩૧॥**

હું સાવદ્ય શુભાશુભ સૂચક પ્રશ્નો અને ગૃહકાર્યથી નિવૃત્ત થઈ ગયો છું, અહો ! રાત-દિવસ સંયમમાં સાવધાન મહાત્મા કોઈ વિરલ હોય છે. આ રીતે જાણીને વિદ્વાનોએ તપાચરણ કરવું જોઈએ.

**જં ચ મે પુચ્છસી કાલે, સમ્મં સુદ્ધેણ ચેયસા ।**
**તાઈં પાઉકરે બુદ્ધે, તં નાણં જિણસાસણે ॥૩૨॥**

હે મુનિ ! આપ મને શુદ્ધ ચિત્તાથી કાળના વિષયમાં સમ્યક્ પ્રશ્ન પૂછો છો, જિનશાસનમાં એવું જ્ઞાન છે જે સર્વજ્ઞોનું કહેલું છે.

**કિરિયં ચ રોયઈ ધીરે, અકિરિયં પરિવજ્જએ ।**
**દિટ્ઠીએ દિટ્ઠિસંપન્ને, ધમ્મં ચર સુદુચ્ચરં ॥૩૩॥**

ધીર પુરુષને ક્રિયા ગમવી જોઈએ અને અક્રિયા ત્યજવી જોઈએ અને દષ્ટિથી સમ્યગ્ દષ્ટિ સંપન્ન થઈને દુષ્કર ધર્મનું આચરણ કરવું જોઈએ.

**એયં પુણ્ણપયં સોચ્ચા, અત્થધમ્મોવસોહિયં ।**
**'ભરહો વિ' ભારહં વાસં, ચિચ્ચા કામાઈ પવ્વએ ॥૩૪॥**

આ મોક્ષરૂપ અર્થના આપનાર ધર્મથી સુશોભિત પુણ્યપદોને પવિત્ર ઉપદેશ વચન સાંભળીને ભરત ચક્રવર્તીએ ભારતવર્ષ અને કામભોગ છોડીને પ્રવ્રજ્યા લીધી.

**'સગરો વિ' સાગરંતં, ભરહવાસં નરાહિવો ।**
**ઈસ્સરિયં કેવલં હિચ્ચા, દયાઈ પરિનિવ્વુડે ॥૩૫॥**

સગર ચક્રવર્તી, સાગર સુધી ભારતવર્ષ અને ઐશ્વર્યને છોડીને દયાધર્મરૂપ સંયમ પાળીને મોક્ષમાં ગયા-પરિનિર્વાણ પામ્યા.

**ચઈત્તા ભારહં વાસં, ચક્કવટ્ટી મહિડ્ઢિઓ ।**
**પવ્વજ્જમબ્ભુવગઓ, મઘવંનામ મહાજસો ॥૩૬॥**

મહા યશસ્વી અને મોટી રિદ્ધિવાળા મઘવ નામના ચક્રવર્તીએ ભારત-વર્ષને છોડીને પ્રવ્રજ્યા ધારણ કરી.

**'સણંકુમારો' મણુસ્સિન્દો, ચક્કવટ્ટી મહિડ્ઢિઓ ।**
**પુત્તં રજ્જે ઠવેઊણં, સો વિ રાયા તવં ચરે ॥૩૭॥**

મનુષ્યમાં ઈન્દ્ર સમાન, મહારિદ્ધિવાળા ચક્રવર્તી સનત્કુમારે પુત્રને રાજ્ય ઉપર સ્થાપીને તપાચરણ કર્યું.

**ચઈત્તા ભારહં વાસં, ચક્કવટ્ટી મહિડ્ઢિઓ ।**
**'સંતી' સંતિકરે લોએ, પત્તો ગઈમણુત્તરં ॥૩૮॥**

મહારિદ્ધિવાળા અને લોકમાં શાંતિ કરનાર શાંતિનાથ ચક્રવર્તીએ ભારતવર્ષને ત્યાગીને મુક્તિ મેળવી.

**ઈક્ખાગરાયવસભો, 'કુંથુ'નામ નરાહિવો ।**
**વિક્ખાયકિત્તી ભગવં, પત્તો ગઈમણુત્તરં ॥૩૯॥**

ઈક્ષ્વાકુવંશના રાજાઓમાં શ્રેષ્ઠ અને વિખ્યાત કીર્તિવાળા ભગવાન કુંથુ નામના નરેશ્વરે મોક્ષગતિ-અનુત્તર ગતિ પ્રાપ્ત કરી.

**સાગરંતં ચઈત્તાણં, ભરહં નરવરીસરો ।**
**'અરો' ય અરયં પત્તો, પત્તો ગઈમણુત્તરં ॥૪૦॥**

સમુદ્ર પર્યંત ભારતવર્ષને ત્યાગીને અર નામના નરેન્દ્રે કર્મરજને ઉડાવીને મોક્ષગતિને પ્રાપ્ત કરી.

**ચઈત્તા ભારહં વાસં, ચઈતા બલ-વાહણં ।**
**ચઈત્તા ઉત્તમે ભોએ, 'મહાપઉમે' તવં ચરે ॥૪૧॥**

મહા સમૃદ્ધિવાળા મહાપદ્મ નામના ચક્રવર્તીએ ભારતવર્ષ અને ઉત્તમ ભોગોને ત્યાગીને તપ સ્વીકાર્યું.

**એગચ્છત્તં પસાહિત્તા, મહિં માણનિસૂરણો ।**
**'હરિસેણો' મણુસ્સિન્દો, પત્તો ગઈમણુત્તરં ॥૪૨॥**

દુશ્મનોના માનનું મર્દન કરનાર, પૃથ્વી ઉપર એક છત્ર રાજ્ય કરનાર નરેન્દ્ર હરિસેણ ચક્રવર્તીએ દીક્ષા લઈ મોક્ષ પ્રાપ્ત કર્યો.

**અણ્ણિઓ રાયસહસ્સેહિં, સુપરિચ્ચાઈ દમં ચરે ।**
**'જય' નામો જિણક્ખાયં, પત્તો ગઈમણુત્તરં ॥૪૩॥**

હજારો રાજાઓની સાથે જય નામના નરેન્દ્રે ભોગોને ત્યાગી જિનેશ્વર પ્રરૂપિત તપ-સંયમનું આચરણ કરી અનુત્તર ગતિ પ્રાપ્ત કરી હતી.

**દસણ્ણં રજ્જં મુદિયં, ચઈત્તા ણં મુણી ચરે ।**
**'દસણ્ણભદ્દો' નિક્ખંતો, સક્ખં સક્કેણચોઈઓ ॥૪૪॥**

સાક્ષાત્ ઈન્દ્રથી પ્રેરિત થયેલ દશાર્ણભદ્ર રાજા દશાર્ણ પ્રદેશનું મોટું રાજ્ય છોડીને મુનિ થઈને નીકળી પડ્યા.

**'નમી' નમેઇ અપ્પાણં, સક્ખં સક્કેણ ચોઈઓ ।**
**ચઈઊણ ગેહં વઈદેહી, સામણ્ણે પજ્જુવટ્ઠિઓ ॥૪૫॥**

સાક્ષાત્ ઈન્દ્રથી પ્રેરિત થયેલ નમિરાજાએ આત્માને નમ્ર બનાવીને વિદેહી નગરી અને ગૃહને છોડીને શ્રમણપણાને-સંયમને અંગીકાર કર્યો.

**'કરકંડૂ' કલિંગેસુ, પંચાલેસુ ય 'દુમ્મુહો' ।**
**'નમી રાયા' વિદેહેસુ, ગંધારેસુ ય 'નગ્ગઈ' ॥૪૬॥**

કલિંગ દેશમાં કરકંડુ, પંચાલ દેશમાં દુર્મુખ, વિદેહમાં નમિ રાજા અને ગંધાર દેશમાં નગ્ગઈ રાજા થયા.

**એએ નરિંદવસભા, નિક્ખંતા જિણસાસણે ।**
**પુત્તે રજ્જે ઠવેઊણં, સામન્ને પજ્જુવટ્ઠિયા ॥૪૭॥**

રાજાઓમાં વૃષભ સમાન શ્રેષ્ઠ, એવા આ ચાર રાજાઓએ પોતાના પુત્રોને રાજ્ય ગાદી ઉપર સ્થાપીને જિનશાસનમાં દીક્ષિત થઈને શ્રમણપણું ધારણ કર્યું.

**સોવીરરાયવસભો, ચઈત્તા ણ મુણી ચરે ।**
**'ઉદાયણો' પવ્વઈઓ, પત્તો ગઈમણુત્તરં ॥૪૮॥**

સૌવીર દેશના રાજાઓમાં શ્રેષ્ઠ ઉદાયન રાજાએ રાજ્ય છોડીને દીક્ષા લીધી અને સંયમ પાળીને મોક્ષે પહોંચ્યા.

**તહેવ 'કાસિરાયા' વિ, સેઓ સચ્ચ પરક્કમે ।**
**કામભોગે પરિચ્ચજ્જ, પહણે કમ્મ મહાવણં ॥૪૯॥**

આવી રીતે કામભોગોને છોડીને શ્રેય અને સત્યમાં પરાક્રમી એવા કાશી દેશના રાજાએ કર્મરૂપ મહાવનને બાળી નાખ્યું.

**તહેવ 'વિજઓ' રાયા, અણટ્ઠા કિત્તિ પવ્વએ ।**
**રજ્જં તુ ગુણસમિદ્ધં, પયહિત્તુ મહાજસો ॥૫૦॥**

આવી રીતે નિર્મળ કીર્તિવાળા મહાયશસ્વી વિજય રાજાએ રાજ્યને છોડીને ગુણ સમૃદ્ધ દીક્ષા લીધી.

**તહેવુગ્ગં તવં કિચ્ચા, અવ્વક્ખિત્તેણ ચેયસા ।**
**'મહબ્બલો' રાયરિસી, આદાય સિરસા સિરિં ॥૫૧॥**

મહાબલ રાજવીએ અવિક્ષિપ્ત અનાકુળ ચિત્તે એકાગ્ર ચિત્તે ઉગ્ર તપ કરીને મોક્ષરૂપ લક્ષ્મી પ્રાપ્ત કરી.

**કહં ધીરો અહેઊહિં, ઉમ્મત્તો વ મહિં ચરે ।**
**એતે વિસેસમાદાય, સૂરા દઢપરક્કમા ॥૫૨॥**

એ ભરત આદિ પૂર્વોક્ત શૂરવીર અને દઢ પરાક્રમી રાજાઓએ જિનશાસનમાં વિશેષતા જોઈને તેનો સ્વીકાર કર્યો હતો. આવા ધીરપુરુષો કુહેતુઓમાં પડીને ઉન્મત્તની માફક પૃથ્વી ઉપર કેવી રીતે વિચરે ? વિચરતા નથી.

**અચ્ચન્તનિયાણખમા, સચ્ચા મે ભાસિયા વઈ ।**
**અતરિંસુ તરન્તેગે, તરિસ્સન્તિ અણાગયા ॥૫૩॥**

કર્મરૂપી મળનો નાશ કરવામાં અત્યંત સમર્થ, આ સત્યવાણી મેં કહી છે. આ વાણીથી ભૂતકાળમાં અનેક તરી ગયા, વર્તમાનમાં તરે છે અને ભવિષ્યકાળમાં તરી જશે.

**કહં ધીરે અહેઊહિં, અત્તાણં પરિયાવસે ।**
**સવ્વસંગવિનિમ્મુક્કે, સિદ્ધે ભવઈ નીરએ ॥૫૪॥**

**॥ ત્તિબેમિ ॥**

કયો ધીરપુરુષ કુહેતુઓને એકાંતવાદને ગ્રહણ કરીને આત્માને દુઃખ-પરિતાપ આપે ? કોઈ ન આપે. પરંતુ ધીરપુરુષ તો સર્વ સંગ છોડીને સિદ્ધ થાય છે.

## અધ્યયન-૧૯ : મૃગાપુત્ર

**સુગ્ગીવે નયરે રમ્મે, કાણણુજ્જાણસોહિએ ।**
**રાયા બલભદ્દિ ત્તિ, મિયા તસ્સગ્ગ માહિસી ॥૧॥**

સુગ્રીવ નામના નગરમાં જેની અંદર અનેક પ્રકારનાં સુશોભિત રમણીય ઉદ્યાનો અને વનો હતાં, તે નગરમાં બલભદ્ર નામનો રાજા અને મૃગા નામની તેની પટ્ટરાણી હતી.

**તેસિં પુત્તે બલસિરી, મિયાપુત્તે ત્તિ વિસ્સુએ ।**
**અમ્માપિઊણ દઈએ, જુવરાયા દમીસરે ॥૨॥**

એને બલશ્રી નામનો પુત્ર હતો, જે મૃગાપુત્ર નામથી વિખ્યાત હતો. માતા-પિતાને તે પ્યારો હતો. તે યુવરાજ (ઉદ્ધતોનો) દમીશ્વર-દમનાર હતો.

**નન્દણે સો ઉ પાસાએ, કીલએ સહ ઈત્થિહિ ।**
**દેવે દોગુન્દગે ચેવ, નિચ્ચં મુઈય માણસો ॥૩॥**

આ યુવરાજ પ્રસન્નચિત્તથી નંદનવન જેવા પ્રાસાદ-મહેલમાં દોગુન્દક દેવની જેમ પોતાની પત્નીઓ સાથે ક્રીડા કરતો હતો.

**મણિરયણકોટ્ટિમતલે, પાસાયાલોયણટ્ટિઓ ।**
**આલોઈએ નગરસ્સ, ચઉક્કત્તિયચચ્ચરે ॥૪॥**

જે મહેલના આંગણામાં મણિ અને રત્ન જડ્યાં છે એવા મહેલના ઝરૂખામાં રહીને આ નગરના ત્રણ-ચાર અને ઘણા રસ્તાવાળા બજારને જોઈ રહ્યા હતા.

**અહ તત્થ અઇચ્છન્તં, પાસઈ સમણસંજયં ।**
**તવનિયમસંજમધરં, સીલડ્ઢં ગુણઆગરં ॥૫॥**

આ મૃગાપુત્રે ત્યાં રાજમાર્ગ પર તપ, નિયમ અને સંયમના ધારક, શીલવાન અને જ્ઞાનાદિ ગુણોના ભંડાર જેવા એક શ્રમણ-સંયતિને ત્યાંથી જતાં જોયા.

**તં દેહઈ મિયાપુત્તે, દિટ્ઠીએ અણિમિસાએ ઉ ।**
**કહિં મન્નેરિસં રૂવં, દિટ્ઠપુવ્વં મએ પુરા ॥૬॥**

એ મુનિને મૃગાપુત્ર અનિમેષ દૃષ્ટિથી જોવા લાગ્યો. એને વિચાર થયો કે મેં આ જાતનું રૂપ પહેલાં ક્યાંક જોયું છે.

**સાહુસ્સ દરિસણે તસ્સ, અજ્ઝવસાણમ્મિ સોહણે ।**
**મોહંગયસ્સ સન્તસ્સ, જાઈસરણં સમુપ્પન્નં ॥૭॥**

તે સાધુના દર્શનથી મોહનીય કર્મનો ક્ષયોપશમ થવાથી તથા આંતરિક ભાવોની શુદ્ધિથી મૃગાપુત્રને જાતિસ્મરણ જ્ઞાન થયું.

**દેવલોગ ચુઓ સંતો, માણુસં ભવમાગઓ ।**
**સન્નિનાણે સમુપ્પન્ને, જાઈ સરઈ પુરાણયં ॥૮॥**

સંજ્ઞી જ્ઞાન ઉત્પન્ન થવાથી પૂર્વ જન્મનું સ્મરણ કર્યું. હું દેવલોક-માંથી ચ્યવીને મનુષ્ય ભવમાં આવ્યો છું.

**જાઈસરણે સમુપ્પન્ને, મિયાપુત્તે મહિડ્ઢિએ ।**
**સરઈ પોરાણિયં જાંઈ, સામન્નં ચ પુરા કયં ॥૯॥**

જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થવાથી મહારિદ્ધિવાળો મૃગાપુત્ર પોતાના પૂર્વ જન્મને અને એમાં પાળેલા શ્રમણપણાને યાદ કરવા લાગ્યો.

**વિસએહિં અરજ્જન્તો, રજ્જન્તો સંજમમ્મિ ય ।**
**અમ્માપિયરમુવાગમ્મ, ઈમં વયણમબ્બવી ॥૧૦॥**

મૃગાપુત્રને વિષયો પ્રત્યે વિરક્તિ અને તેને સંયમમાં આનંદ થયો. તેઓ માતાપિતા પાસે આવીને આ પ્રમાણે બોલ્યા :

**સુયાણિ મે પંચમહવ્વયાણિ, નરએસુ દુક્ખં ચ તિરિક્ખજોણિસુ ।**
**નિવ્વિણકામો મિ મહન્નવાઓ, અણુજાણહ પવ્વઈસ્સામિ અમ્મો ॥૧૧॥**

હે માતા ! મેં પાંચ મહાવ્રતોને જાણ્યાં છે (સાંભળ્યાં છે) નરક અને તિર્યંચ યોનિને વિશે ભોગવેલાં દુઃખો જાણ્યાં છે. હું સંસારસમુદ્રથી કામ ભોગથી વિરક્ત થવાનો અભિલાષી છું. હું દીક્ષા લેવા ઈચ્છું છું, મને આજ્ઞા આપો.

**અમ્મ તાય મએ ભોગા, ભુત્તા વિસફલોવમા ।**
**પચ્છા કડુયવિવાગા, અણુબન્ધદુહાવહા ॥૧૨॥**

હે માતા-પિતા ! મેં કામ ભોગ ભોગવ્યા, એ વિષફલ સમાન છે. એના વિપાક કટુક છે અને નિરંતર દુઃખદાયક છે.

**ઈમં સરીરં અણિચ્ચં, અસુઈ અસુઈસંભવં ।**
**અસાસયાવાસમિણં, દુક્ખં કેસાણ ભાયણં ॥૧૩॥**

આ શરીર અનિત્ય છે, અપવિત્ર છે, અશુચિથી ઉત્પન્ન થયું છે, આ શરીરમાં જીવનું રહેવાનું અશાશ્વત છે અને આ દુઃખો તથા ક્લેશોનું ભાજન (પાત્ર) છે.

**અસાસએ સરીરમ્મિ રઈં નોવ લભામહં ।**
**પચ્છા પુરા વ ચઈયવ્વે, ફેણબુબ્બુય સન્નિભે ॥૧૪॥**

પાણીના પરપોટા સમાન આ અશાશ્વત શરીરમાં મને પ્રેમ નથી, કારણ કે વહેલું-મોડું એને છોડવું જ પડશે.

**માણુસત્તે અસારમ્મિ, વાહીરોગાણ આલએ ।**
**જરામરણઘત્થમ્મિ, ખણં પિ ન રમામહં ॥૧૫॥**

વ્યાધિ અને રોગનું નિવાસસ્થાન, જરા અને મરણથી ઘેરાયેલા આ અસાર મનુષ્યજન્મમાં હું એક ક્ષણભર પણ આનંદ માનતો નથી.

**જમ્મં દુક્ખં જરા દુક્ખં, રોગાણિ મરણાણિ ય ।**
**અહો દુક્ખો હુ સંસારો, જત્થ કીસન્તિ જન્તવો ॥૧૬॥**

જન્મ દુઃખરૂપ છે, જરા દુઃખ છે, રોગ અને મરણ દુઃખરૂપ છે. અરે ! આ આખો સંસાર દુઃખરૂપ છે. આમાં જીવ ક્લેશ પામે છે.

**ખેત્તં વત્થું હિરણ્ણં ચ, પુત્તદારં ચ બન્ધવા ।**
**ચઈત્તાણં ઈમં દેહં, ગંતવ્વમવસસ્સ મે ॥૧૭॥**

ક્ષેત્ર, ઘર, સોનું, ચાંદી, પુત્ર, સ્ત્રી, બંધુઓ અને આ શરીરને છોડીને મારે અવશ્ય જવું પડશે.

**જહા કિમ્પાગફલાણ, પરિણામો ન સુન્દરો ।**
**એવં ભુત્તાણ ભોગાણં, પરિણામો ન સુન્દરો ॥૧૮॥**

જેવી રીતે કિંપાક ફળનું અંતિમ પરિણામ સુંદર નથી તેવી રીતે ભોગવેલા ભોગોનું પરિણામ સુંદર નથી.

**અદ્ધાણં જો મહન્તં તુ, અપ્પાહેઓ પવજ્જઈ ।**
**ગચ્છન્તો સો દુહી હોઈ, છુહા તણ્હાએ પીડિઓ ॥૧૯॥**

જે મનુષ્ય ભાતું લીધા વિના લાંબી મુસાફરી કરે છે, તે આગળ જતાં ભૂખ-તરસથી પીડા પામીને દુઃખી થાય છે.

**એવં ધમ્મં અકાઊણં, જો ગચ્છઇ પરં ભવં ।**
**ગચ્છન્તો સો દુહી હોઈ, વાહીરોગેહિ પીડિઓ ॥૨૦॥**

આવી રીતે ધર્મ ન કરનારો પરભવમાં જતાં વ્યાધિ અને રોગથી પીડિત થઈને દુઃખી થાય છે.

**અદ્ધાણં જો મહંતં તુ, સપાહેઓ પવજ્જઈ ।**
**ગચ્છન્તો સો સુહી હોઈ, છુહાતન્હાવિવજ્જિઓ ॥૨૧॥**

જે મનુષ્ય ભાતું સાથે લઈને લાંબી સફર કરે છે, એ માર્ગમાં ભૂખ-પ્યાસથી રહિત થઈને સુખી થાય છે.

**એવં ધમ્મં પિ કાઊણં, જો ગચ્છઈ પરં ભવં ।**
**ગચ્છન્તો સો સુહી હોઈ, અપ્પકમ્મે અવેયણે ॥૨૨॥**

આવી રીતે ધર્મનું પાલન કરીને પરભવમાં જાય છે, એ અલ્પ કર્મ અને વેદનારહિત થઈને સુખી થાય છે.

**જહા ગેહે પલિત્તમ્મિ, તસ્સ ગેહસ્સ જો પહૂ ।**
**સારભંડાણિ નીણેઈ, અસારં અવઉજ્ઝઈ ॥૨૩॥**

જેવી રીતે ઘરમાં આગ લાગ્યા પછી ઘરનો માલિક મૂલ્યવાન વસ્તુઓને બહાર કાઢે છે અને અસાર વસ્તુઓને છોડી દે છે.

**એવં લોએ પલિત્તમ્મિ, જરાએ મરણેણ ય ।**
**અપ્પાણં તારઈસ્સામિ, તુબ્ભેહિ અણુમન્નિઓ ॥૨૪॥**

જરા અને મૃત્યુથી બળતા આ લોકમાંથી હું આપની આજ્ઞા મેળવીને મારા આત્માને તારીશ.

**तं बिंतं अम्मापियरो, सामन्नं पुत्त दुच्चरं ।**
**गुणाणं तु सहस्साई, धारेयव्वाई भिक्खुणो ॥२५॥**

માતા-પિતા કહેવા લાગ્યાં : હે પુત્ર ! શ્રમણપણું દુષ્કર છે, તેમાં સાધુએ હજારો ગુણો ધારણ કરવા પડે છે.

**સમયા સવ્વભૂએસુ, સત્તુમિત્તેસુ વા જગે ।**
**પાણાઈવાયવિરઈ, જાવજ્જીવાએ દુક્કરં ॥૨૬॥**

સંસારમાં સર્વ પ્રાણીમાત્રમાં સમતા-સરખું વાત્સલ્ય રાખવું અને ભલે કોઈ મિત્ર હોય કે દુશ્મન હોય તો પણ જીવનપર્યંત હિંસાથી વિરામ થવું દુષ્કર છે.

**નિચ્ચકાલપ્પમત્તેણં, મુસાવાયવિવજ્જણં ।**
**ભાસિયવ્વં હિયં સચ્ચં, નિચ્ચાઉત્તેણ દુક્કરં ॥૨૭॥**

સર્વ કાળ માટે અપ્રમત્ત થઈને મૃષા-અસત્ય ત્યાગવું અને નિત્ય ઉપયોગપૂર્વક હિતકારી સત્ય વચન બોલવું દુષ્કર છે.

**દંતસોહણમાઈસ્સ, અદત્તસ્સ વિવજ્જણં ।**
**અણવજ્જેસણિજ્જસ્સ, ગિણ્હણા અવિ દુક્કરં ॥૨૮॥**

દાંત સાફ કરવા તણખલું પણ આપ્યા વિના લેવું નહિ અને નિર્વદ્ય અને એષણીય વસ્તુ જ લેવી અતિ દુષ્કર છે.

**વિરઈ અબમ્ભચેરસ્સ, કામભોગરસન્નુણા ।**
**ઉગ્ગં મહવ્વયં બમ્ભં, ધારેયવ્વં સુદુક્કરં ॥૨૯॥**

કામભોગના રસના જાણનાર માટે મૈથુનથી નિવૃત્ત થવું અને ઉગ્ર બ્રહ્મચર્ય મહાવ્રત પાળવું અતિ દુષ્કર છે.

**ધણધન્નપેસવગ્ગેસુ, પરિગ્ગહવિવજ્જણં ।**
**સવ્વારમ્ભપરિચ્ચાઓ, નિમ્મમત્તં સુદુક્કરં ॥૩૦॥**

બધા પ્રકારના આરંભ-પરિગ્રહનો અને ધન-ધાન્ય અને નોકર-ચાકરનો ત્યાગ કરીને નિર્મમત્વ થવું મહા કઠિન છે.

**ચઉવ્વિહે વિ આહારે, રાઈભોયણવજ્જણા ।**
**સન્નિહીસંચઓ ચેવ, વજ્જેયવ્વો સુદુક્કરં ॥૩૧॥**

રાત્રિમાં ચાર આહારનો ત્યાગ કરવો અને ધનાદિના સંચયનો ત્યાગ કરવો અતિ દુષ્કર છે.

**છુહા તણ્હા ય સીઉણ્હં, દંસમસગવેયણા ।**
**અક્કોસા દુક્ખસેજ્જા ય, તણફાસા જલ્લમેવ ય ॥૩૨॥**

ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, ડાંસ, મચ્છરથી થતી વેદના, આક્રોશ વચન, દુઃખદ પથારી, તૃણસ્પર્શ, મેલ પરિષહ તેમજ

**તાલણા તજ્જણા ચેવ, વહબન્ધપરીસહા ।**
**દુક્ખં ભિક્ખાયરિયા જાયણા ય અલાભયા ॥૩૩॥**

તાડન, તર્જન, વધ, બંધનનો પરિષહ, યાચના અને અલાભપરિષહોનું સહન કરવું દુષ્કર છે.

**કાવોયા જા ઈમા વિત્તી, કેસલોઓ ય દારુણો ।**
**દુક્ખં બમ્ભવ્વયં ઘોરં, ધારેઉં, ય મહપ્પણો ॥૩૪॥**

કાપોતવૃત્તિ અને કેશલુંચન દુઃખદાયી છે. જે મહાન આત્મા છે તેના માટે પણ ઘોર બ્રહ્મચર્ય વ્રત કઠિન છે.

**સુહોઈઓ તુમં પુત્તા, સુકુમાલો સુમજ્જિઓ ।**
**ન હુ સી પભૂ તુમં પુત્તા, સામન્નમણુપાલિયા ॥૩૫॥**

હે પુત્ર ! તું સુખ ભોગવવા યોગ્ય છે, સુકુમાલ છે, સદા અલંકૃત રહેવા યોગ્ય છે. તું સંયમ પાળવા યોગ્ય નથી.

**જાવજ્જીવ-મવિસ્સામો, ગુણાણં તુ મહબ્ભરો ।**
**ગુરુઓ લોહભારુ વ્વ, જો પુત્તા હોઈ દુવ્વહો ॥૩૬॥**

જેવી રીતે લોખંડના મોટા ભારને કાયમ ઉપાડી રાખવો દુષ્કર છે, તેમ ઉક્ત ગુણોના મોટા ભારને જીવનભર વિશ્રામ લીધા વિના ધારણ કરવો ખૂબ અઘરો છે.

**આગાસે ગંગસોઉ વ્વ, પડિસોઉ વ્વ દુત્તરો ।**
**બાહાહિં સાગરો ચેવ, તરિયવ્વો ગુણોદહી ॥૩૭॥**

જેમ આકાશ ગંગાની ધારાને તરવું અને વહેણની સામે પૂર તરવું કઠિન છે અને ભુજાથી સાગરને તરવો અઘરો છે, તેમ ગુણોના સમુદ્રને પાર કરવો કઠિન છે.

**વાલુયાકવલો ચેવ, નિરસ્સાએ ઉ સંજમે ।**
**અસિધારાગમણં ચેવ, દુક્કરં ચરિઉં તવો ॥૩૮॥**

રેતીના કોળિયા જેવો સંયમ નીરસ છે. અને તલવારની ધાર જેવું તપનું આચરણ કરવું દુષ્કર છે.

**અહી વેગન્તદિટ્ઠીએ, ચરિત્તે પુત્ત દુક્કરે ।**
**જવા લોહમયા ચેવ, ચાવેયવ્વા સુદુક્કરં ॥૩૮॥**

હે પુત્ર ! જેવી રીતે સાપ એકાગ્ર દષ્ટિ રાખે છે તેવી રીતે મનને એકાગ્ર રાખીને ચારિત્ર પાળવું અઘરું છે, અને લોખંડના ચણા ચાવવા જેવો સંયમ પાળવો અતિ કઠિન છે.

**જહા અગ્ગિસિહા દિત્તા, પાઉં હોઈસુદુક્કરા ।**
**તહ દુક્કરં કરેઉં જે, તારુન્ને, સમણત્તણં ॥૩૯॥**

જેમ બળતી અગ્નિશિખાને પીવી અતિ દુષ્કર છે, તેમ તરુણ અવસ્થામાં શ્રમણપણું અતિ દુષ્કર છે.

**જહા દુક્ખં ભરેઉં જે, હોઈ વાયસ્સ કોત્થલો ।**
**તહા દુક્કરં કરેઉં જે, કીવેણ સમણત્તણં ॥૪૦॥**

જેવી રીતે કપડાંની થેલીમાં પવન ભરવો કઠિન છે, એવી રીતે કાયર પુરુષોને સંયમ પાળવો કઠિન છે.

**જહા તુલાએ તોલેઉં, દુક્કરો મન્દરો ગિરી ।**
**તહા નિહુયં નીસંકં, દુક્કરં સમણત્તણં ॥૪૧॥**

જેવી રીતે સુમેરુ પર્વત ત્રાજવામાં તોલવો દુષ્કર છે, એવી રીતે નિશ્ચલ અને નિઃશંક થઈને સાધુપણું પાળવું દુષ્કર છે.

**જહા ભુયાહિં તરિઉં, દુક્કરં રયણાયરો ।**
**તહા અણુવસન્તેણં, દુક્કરં દમસાગરો ॥૪૨॥**

જેમ સમુદ્રને ભુજાથી તરવો અઘરો છે, તેમ કષાયોને ઉપશાંત કર્યા વિના સંયમરૂપ સમુદ્ર તરવો અઘરો છે.

**ભુંજ માણુસ્સએ ભોગે, પંચલક્ખણએ તુમં ।**
**ભુત્તભોગી તઓ જાયા, પચ્છા ધમ્મં ચરિસ્સસિ ॥૪૩॥**

હે પુત્ર ! તું આ શબ્દાદિ પાંચ લક્ષણવાળા ભોગોને ભોગવ. ભુક્ત ભોગી થયા પછી તું ધર્મનું સેવન કર.

**તં બિંતં અમ્માપિયરો, એવમેયં જહા ફૂડં ।**
**ઇહ લોએ નિપ્પિવાસસ્સ, નત્થિ કિંચિ વિ દુક્કરં ॥૪૪॥**

મૃગાપુત્રે કહ્યું કે હે માતા-પિતા ! આપનું કહેવું ઠીક છે, પરંતુ આ લોકમાં નિઃસ્પૃહ પુરુષને કોઈ વસ્તુ દુષ્કર નથી.

**સારીરમાણસા ચેવ, વેયણાઓ અણન્તસો ।**
**મએ સોઢાઓ ભીમાઓ, અસઈ દુક્ખભયાણિ ય ॥૪૫॥**

મેં શરીર અને મનની ભયંકર વેદના અનંતવાર સહન કરી અને અનેકવાર દુઃખ અને ભયનો અનુભવ કર્યો.

**જરામરણકાન્તારે, ચાઉરન્તે ભયાગરે ।**
**મએ સોઢાણિ ભીમાણિ, જમ્માણિ મરણાણિ ય ॥૪૬॥**

ચાર ગતિવાળી જન્મ-મરણરૂપ અટવીમાં મેં જન્મ-મરણનાં ભીષણ સંકટ સહન કર્યાં.

**જહા ઈહં અગણી ઉણ્હો, ઈત્તો અણંતગુણો તહિં ।**
**નરએસુ વેયણા ઉણ્હા, અસ્સાયા વેઈયા મએ ॥૪૭॥**

અહીં અગ્નિમાં જેટલી ઉષ્ણતા છે એનાથી અનંતગણી ઉષ્ણ વેદના નરકમાં છે. આવી અસાતા-વેદના મેં સહન કરી છે.

**જહા ઈહં ઈમં સીયં, ઈત્તો અણંતગુંણો તહિં ।**
**નરએસુ વેયણા સીયા, અસ્સાયા વેઈયા મએ ॥૪૮॥**

અહીં જેવી ઠંડી છે, એનાથી અનંતગણી ઠંડી નરકમાં છે, એ અસાતા વેદનાને મેં સહન કરી છે.

**કન્દન્તો કન્દુકુમ્ભીસુ, ઉઢ્ઢપાઓ અહોસિરો ।**
**હુયાસણે જલન્તમ્મિ, પક્કપુવ્વો અણન્તસો ॥૪૯॥**

મને નરકની કન્દુકુંભીમાં ઊંચા પગ અને નીચે માથું કરીને પ્રજ્વલિત અગ્નિમાં આક્રંદ કરતો અનંતવાર પકવવામાં આવ્યો.

**મહાદવગ્ગિસંકાસે, મરુમ્મિ વઈરવાલુએ ।**
**કલમ્બવાલુયાએ ય, દઢ્ઢપુવ્વો અણન્તસો ॥૫૦॥**

મહાદાવાગ્નિ સમાન તથા મરુદેશની વાલુકા સમાન વજ્ર વાલુકામાં અને કદંબ નદીની રેતમાં મને અનંતવાર શેકવામાં આવ્યો.

**રસન્તો કન્દુકુમ્ભીસુ, ઉઢ્ઢં બદ્ધો અબન્ધવો ।**
**કરવત્તકરકયાઈ હિં, છિન્નપુવ્વો અણન્તસો ॥૫૧॥**

સ્વજનોથી રહિત, આક્રંદ કરતા અને કંદુકુંભીમાં ઊંચા બાંધીને કરવત વતી અને કરકચોથી પૂર્વ ભવોમાં મને અનંતવાર છેદન-ભેદન કર્યો.

**અઈતિક્ખકંટગાઈણ્ણે, તુંગે સિમ્બલિપાયવે ।**
**ખેવિયં પાસબદ્ધેણં, કઢ્ઢોકઢ્ઢાહિં દુક્કરં ॥૫૨॥**

અત્યંત તીક્ષ્ણ કાંટાવાળા શાલ્મલી વૃક્ષ ઉપર મને પાશ-દોરડાથી બાંધ્યો, મને કાંટા ઉપર અહીં-તહીં ખેંચ્યો, જેથી મેં અસહ્ય કષ્ટો સહન કર્યાં.

**મહાજન્તેસુ ઉચ્છૂ વા, આરસન્તો સુભેરવં ।**
**પીડિઓ મિ સકમ્મેહિં, પાવકમ્મો અણન્તસો ॥૫૩॥**

ભયાનક આક્રંદ કરતા મને-પાપકર્મીને મારાં અશુભ કર્મોને લીધે અત્યંત ક્રૂરતાથી મોટા યંત્રમાં ફેંકીને શેરડીની માફક વારંવાર પીલ્યો.

**કૂવન્તો કોલસુણએહિં, સામેહિં સબલેહિ ય ।**
**પાડિઓ ફાલિઓ છિન્નો, વિપ્ફુરન્તો અણેગસો ॥૫૪॥**

આક્રંદ કરતા અને અહીં-તહીં દોડતા મારા ઉપર કૂતરાઓ અને સૂવરોરૂપી શ્યામ અને સબલ પરમાધામીઓએ મને નીચે પાડ્યો, ફાડ્યો અને છેદ્યો.

**અસીહિ અયસિવણ્ણાહિં, ભલ્લેહિં પટ્ટિસેહિ ય ।**
**છિન્નો ભિન્નો વિભિન્નો ય, ઓઈણ્ણો પાવકમ્મુણા ॥૫૫॥**

પાપ કર્મોથી નરકમાં ઉત્પન્ન થયેલ મને અલસીના રંગ જેવી તલવારો, ભાલા અને પટ્ટીશ શસ્ત્રોથી છેદન-ભેદન કર્યો અને મારા ટુકડે ટુકડા કરવામાં આવ્યા.

**અવસો લોહરહે જુત્તો, જલન્તે સમિલાજુએ ।**
**ચોઈઓ તોત્તજુત્તેહિં, રોજ્ઝો વા જહ પાડિઓ ॥૫૬॥**

પરવશ થયેલ મને, જ્વલંત સમિલા(ધૂંસરા)વાળા લોખંડના રથમાં જોડતા અને પછી ચાબુક અને જોડાથી મારીને હાંકતાં તથા રોઝની માફક મને જમીન ઉપર પાડી નાંખતાં.

**હુયાસણે જલન્તમ્મિ, ચિયાસુ મહિસો વિવ ।**
**દઢ્ઢો પક્કો ય અવસો, પાવકમ્મેહિ પાવિઓ ॥૫૭॥**

પાપ કર્મથી પરવશ મને પાપીને અગ્નિથી જલતી ચિતામાં મહિષ(પાડા)ની માફક શેક્યો અને પકાવ્યો.

**બલા સંડાસતુંડેહિં, લોહતુણ્ડેહિં પક્ખિહિં ।**
**વિલુત્તો વિલવન્તો હં, ઢંકગિદ્ધેહિં અણન્તસો ॥૫૮॥**

હું રોઉં તો પણ બળપૂર્વક સાણસી જેવા લોખંડના કઠોર મોંવાળા ઢંક અને ગીધ પક્ષીઓ મારફત મારા અનંતવાર ટુકડે ટુકડા કરવામાં આવ્યા.

**તણ્હાકિલન્તો ધાવન્તો, પત્તો વેયરિણિં નદિં ।**
**જલં પાહિં તિ ચિન્તન્તો, ખુરધારાહિં વિવાઈઓ ॥૫૯॥**

તૃષાથી પીડાતો જલ પીવાની ઈચ્છાથી હું દોડતો વૈતરણી નદી પહોંચ્યોં. ત્યાં અસ્ત્રાની ધારથી મારો નાશ થયો.

**ઉણ્હાભિતત્તો સંપત્તો, અસિપત્તં મહાવણં ।**
**અસિપત્તેહિં પડન્તેહિં, છિન્નપુવ્વો અણેગસો ॥૬૦॥**

ગરમીથી ડરતો હું અસિપત્ર મહાવનમાં પહોંચ્યો. ત્યાં તલવાર જેવા પાંદડાના પડવાથી હું અનેકવાર છિન્ન-ભિન્ન થઈ ગયો.

**મુગ્ગરેહિં મુસંઢીહિં, સૂલેહિં મુસલેહિ ય ।**
**ગયા સંભગ્ગગત્તેહિં, પત્તં દુક્ખં અણન્તસો ॥૬૧॥**

મુદ્ગરો, મુસંઢીઓ, ત્રિશૂળો, મૂસલો અને ગદાથી મારાં ગાત્રો ભાંગી નાંખવામાં આવ્યાં, મને આવું દુઃખ અનંત વખત થયું.

**ખુરેહિં તિક્ખધારાહિં, છુરિયાહિં કપ્પણીહિય ।**
**કપ્પિઓ ફાલિઓ છિન્નો, ઉક્કિત્તો ય અણેગસો ॥૬૨॥**

મને અનેક વખત કાતરોથી કાપવામાં આવ્યો, છરીથી ચીરવામાં આવ્યો, તીક્ષ્ણ ધારવાળા અસ્ત્રાથી છેદવામાં આવ્યો, મારી ચામડી ઉતારવામાં આવી.

**પાસેહિં કૂડજાલેહિં, મિઓ વા અવસો અહં ।**
**વાહિઓ બદ્ધરુદ્ધો વા, બહુસો ચેવ વિવાઈઓ ॥૬૩॥**

મૃગની માફક પરવશ પડેલા મને ફાંસો અને કપટજાળમાં બાંધવામાં આવ્યો અને ઘણી વખત મારવામાં આવ્યો.

**ગલેહિં મગરજાલેહિં, મચ્છો વા અવસો અહં ।**
**ઉલ્લિઓ ફાલિઓ ગહિઓ, મારિઓ ય અણન્તસો ॥૬૪॥**

પરવશ થયેલ મને મોટા યંત્રાથી, મગર પકડવાની જાળથી; માછલીની માફક ખેંચ્યો, ફાડ્યો અને માર માર્યો.

**વિદંસએહિં જાલેહિં, લેપ્પાહિં સઉણો વિવ ।**
**ગહિઓ લગ્ગો બદ્ધો ય, મારિઓ ય અણન્તસો ॥૬૫॥**

મને બાજ પક્ષીઓથી, જાળથી, લેપથી પક્ષીની માફક અનંતવાર પકડવામાં આવ્યો, જતરડાથી ખેંચ્યો, બાંધ્યો, માર્યો.

**કુહાડફરસુમાઈહિં, વઢ્ઢઈહિં દુમો વિવ ।**
**કુટ્ટિઓ ફાલિઓ છિન્નો, તચ્છિઓ ય અણન્તસો ॥૬૬॥**

સુથાર રૂપી દેવોએ મને કુહાડા, ફરશી વગેરેથી વૃક્ષની માફક અનંતવાર ફાડ્યો, છોલ્યો અને ટુકડે ટુકડા કર્યા.

**ચવેડમુટ્ઠિમાઈહિં, કુમારેહિં અયં પિવ ।**
**તાડિઓ કુટ્ટિઓ ભિન્નો, ચુણ્ણિઓ ય અણન્તસો ॥૬૭॥**

જેવી રીતે લુહાર લોઢાને કૂટે છે, એવી રીતે હું પણ અનંત વખત થપ્પડ-મૂઠી વગેરેથી કુટાયો, પિટાયો, ભેદાયો અને ચૂર્ણની માફક પિસાયો.

**તત્તાઈં તમ્બલોહાઈં, તઉયાઈં સીસયાણિય ।**
**પાઈઓ કલકલન્તાઈં, આરસન્તો સુભેરવં ॥૬૮॥**

ખૂબ મોટી બૂમ પાડવા છતાં અને ચીસો પાડવા છતાં મને તાંબું, લોઢું, કથીર અને સીસાનો ધગધગતો રસ પીવડાવ્યો.

**તુહં પિયાઈં મંસાઈં, ખંડાઈં સોલ્લગાણિ ય ।**
**ખાઈઓ મિ સમંસાઈં, અગ્ગિવણ્ણાઈં અણેગસો ॥૬૯॥**

તને માંસ પ્રિય હતું એવું કહીને મારા શરીરનું માંસ કાપીને, એને શેકીને, અગ્નિ જેવું તપાવીને મને અનેકવાર ખવરાવ્યું.

**તુહં પિયા સુરા સીહૂ, મેરઓ ય મહૂણિ ય ।**
**પાઈઓ મિ જલન્તીઓ, વસાઓ રુહિરાણિ ય ॥૭૦॥**

તને તાડ વૃક્ષથી, ગોળથી અને મહુડાં વગેરેમાંથી બનાવેલી મદિરા પ્રિય હતી - એમ કહીને મને મારી પોતાની જ ધગધગતી ચરબી અને રુધિર પિવરાવવામાં આવ્યાં.

**નિચ્ચં ભીએણ તત્થેણ, દુહિએણ વહિએણ ય ।**
**પરમા દુહસંબદ્ધા, વેયણા વેદિત્તા મએ ॥૭૧॥**

સદા ભયભીત, ઉદ્વિગ્ન દુ:ખિત અને વ્યથિત થયેલા મેં અત્યંત દુ:ખપૂર્ણ વેદના સહન કરી.

**તિવ્વચંડપ્પગાઢાઓ, ઘોરાઓ અઈદુસ્સહા ।**
**મહબ્ભયાઓ ભીમાઓ, નરએસુ વેઈયા મએ ॥૭૨॥**

તીવ્ર, પ્રચંડ, ગાઢ, ઘોર, અત્યંત દુસ્સહ ભયંકર અને અતિ ભયંકર વેદનાઓ મેં સહન કરી.

**જારિસા માણુસે લોએ, તાયા દીસન્તિ વેયણા ।**
**એત્તો અણન્તગુણિયા, નરએસુ દુક્ખવેયણા ॥૭૩॥**

હે માતા-પિતા ! મનુષ્યલોકમાં જેવી વેદના જોવામાં આવે છે, તેનાથી અનંતગણી દુઃખરૂપ વેદના નરકમાં છે.

**સવ્વભવેસુ અસાયા, વેયણા વેઈયા મએ ।**
**નિમેસન્તરમિત્ત પિ, જં સાતા નત્થિ વેયણા ॥૭૪॥**

મેં બધા ભવોમાં અસાતા વેદના વેદી, ત્યાં ક્ષણ માત્ર પણ શાંતિ નથી.

**તં બિન્તમ્માપિયરો; છન્દેણં પુત્ત પવ્વયા ।**
**નવરં પુણ સામન્ને દુક્ખં નિપ્પડિકમ્મયા ॥૭૫॥**

માતા-પિતાએ કહ્યું : હે પુત્ર ! તારી ઈચ્છા છે તો દીક્ષા લે. પરંતુ શ્રમણપણામાં દુઃખનો પ્રતિકાર ન કરવો (રોગ આવે તો પણ ચિકિત્સા ન કરવી) તે કષ્ટપ્રદ છે.

**સો બેઈ અમ્માપિયરો, એવમેયં જહા ફુડં ।**
**પડિકમ્મં કો કુણઈ, અરણ્ણે મિયપક્ખિણં ॥૭૬॥**

પુત્ર કહે છે કે માતા-પિતા ! આપનું કહેવું ઠીક છે, પરંતુ જંગલમાં રહેતા મૃગ અને અન્ય પક્ષીઓનો ઈલાજ કોણ કરે છે ?

**એગબ્ભૂએ અરણ્ણે વ, જહા ઉ ચરઈ મિગે ।**
**એવં ધમ્મં ચરિસ્સામિ, સંજમેણ તવેણ ય ॥૭૭॥**

જેમ જંગલમાં મૃગ એકલો વિહરે છે, તેમ હું પણ સંયમ અને તપની સાથે એકાકી થઈને નિર્ગ્રન્થ ધર્મનુ પાલન કરીશ

**જહા મિગસ્સ આયંકો, મહારણ્ણમ્મિ જાયઈ ।**
**અચ્ચન્તં રુક્ખમૂલમ્મિ, કો ણં તાહે તિગિચ્છઈ ॥૭૮॥**

જેમ મહા વનમાં મૃગને કોઈ રોગ થાય છે, તો વૃક્ષ નીચે બેઠેલા તે મૃગની કોણ ચિકિત્સા કરે છે ? કોઈ નહિ.

**કો વા સે ઓસહં દેઈ, કો વા સે પુચ્છઈ સુહં ।**
**કો સે ભત્તં ચ પાણં વા, આહરિત્તુ પણામએ ॥૭૯॥**

આ મૃગને કોણ ઓસડ આપે છે ? કોણ તેને સાતા પૂછે છે ? તેને કોણ ભાત, પાણી, આહાર લાવી આપે છે ?

**જયા સે સુહી હોઈ, તયા ગચ્છઈ ગોયરં ।**
**ભત્તપાણસ્સ અટ્ઠાએ, વલ્લરાણિ સરાણિ ય ॥૮૦॥**

જયારે તે મૃગ નીરોગી થાય છે ત્યારે તે આહાર-પાણી માટે લતાઓ અને સરોવર ઉપર જાય છે.

**ખાઈત્તા પાણિયં પાઉં, વલ્લરેહિં સરેહિ ય ।**
**મિગચારિયં ચરિત્તાણં, ગચ્છઈ મિગચારિયં ॥૮૧॥**

વનમાં લત્તા-નિકુંજોમાં ઘાસ આદિ ખાઈને અને સરોવરમાં પાણી પીને મૃગચર્યા કરતો તે પોતાના સ્થાનમાં જાય છે.

**એવં સમુટ્ઠિઓ ભિક્ખૂ, એવમેવ અણેગએ ।**
**મિગચારિયં ચરિત્તાણં, ઉડ્ઢં પક્કમઈ દિસં ॥૮૨॥**

આવી રીતે સંયમમાં સાવધાન અને મૃગની જેમ રોગ થવા પર દવા નહિ કરાવનાર તથા અનેક સ્થાનોમાં ભ્રમણ કરનાર ભિક્ષુ મૃગચર્યાનું આચરણ કરીને મોક્ષમાં જાય છે.

**જહા મિગે એગ અણેગચારી અણેગવાસે ધુવગોયરે ય ।**
**એવં મુણી ગોયરિયં પવિટ્ઠે, નો હીલએ નો વિ ય ખિંસએજ્જા ॥૮૩॥**

જેમ મૃગ એકલો કોઈ એક સ્થાનમાં રહેતો નથી, અનેક સ્થાનોમાં ઘૂમે છે અને સદા ગોચરીથી નિર્વાહ કરે છે, એમ ગોચરી માટે ગયેલ મુનિ આહાર ન મળે તો કોઈની અવહેલના ન કરે - કોઈની અવજ્ઞા ન કરે.

**મિગચારિયં ચરિસ્સામિ, એવં પુત્તા જહા સુહં ।**
**અમ્માપિઉહિંણુન્નાઓ, જહાઈ ઉવહિં તહા ॥૮૪॥**

મૃગાપુત્ર કહે છે કે - હું મૃગચર્યાનું પાલન કરીશ. માતા પિતાએ કહ્યું કે - હે પુત્ર ! જેમ સુખ ઊપજે તેમ કરો, માતા-પિતાની આજ્ઞા મળ્યા પછી મૃગાપુત્ર ઉપધિનો ગૃહસ્થનો સમસ્ત પરિગ્રહ ત્યાગ કરે છે.

**મિગચારિયં ચરિસ્સામિ, સવ્વદુક્ખવિમોક્ખણિં ।**
**તુબ્ભેહિં અબ્ભણુન્નાઓ, ગચ્છ પુત્ત જહાસુહં ॥૮૫॥**

મૃગાપુત્રે કહ્યું : આપની આજ્ઞાથી હું સર્વ દુઃખોથી મુકત કરનારી મૃગચર્યાનું પાલન કરીશ. માતા-પિતાએ કહ્યું : પુત્ર ! જા, જેમ તને સુખ ઊપજે તેમ કર.

**એવં સો અમ્માપિયરો, અણુમાણિત્તાણ બહુવિહં ।**
**મમત્તં છિન્દઈ તાહે, મહાનાગો વ્વ કંચુયં ॥૮૬॥**

આમ મૃગાપુત્ર અનેક રીતિએ સમજાવીને માતા-પિતાની આજ્ઞા લઈને, મમત્વને છેદે છે, જેમ મહાનાગ કાંચળી ત્યાગે છે.

**ઈઢ્ઢી વિત્તં ય મિત્તે ય, પુત્તદારં ચ નાયઓ ।**
**રેણુયં વ પડે લગ્ગં, નિદ્ધુણિત્તાણ નિગ્ગઓ ॥૮૭॥**

વસ્ત્ર ઉપર લાગેલી ધૂળ ખંખેરી નાંખીએ તેની માફક રિદ્ધિ, પૈસો, મિત્ર, પુત્ર, સ્ત્રી અને સંબંધીઓને છોડીને મૃગાપુત્ર બહાર નીકળી ગયા.

**પંચમહવ્વયજુત્તો, પંચહિં સમિઓ તિગુત્તિગુત્તો ય ।**
**સબ્ભિન્તરબાહિરઓ, તવોકમ્મંસિ ઉજ્જુઓ ॥૮૮॥**

પાંચ મહાવ્રતયુક્ત, પાંચ સમિતિ સહિત, ત્રિગુપ્તિથી ગુપ્ત થઈ મૃગાપુત્ર બાહ્ય અને અભ્યંતર તપ કર્મમાં ઉદ્યત થયા.

**નિમ્મમો નિરહંકારો, નિસ્સંગો ચત્તગારવો ।**
**સમો ય સવ્વભૂએસુ, તસેસુ થાવરેસુ ય ॥૮૯॥**

મૃગાપુત્ર મમત્વ રહિત, અહંકાર રહિત, સર્વ સંગ રહિત, રસગારવ, રિદ્ધિગારવ અને સાતાગારવ ત્યાગીને બધાં ત્રસ અને સ્થાવર પ્રાણીઓ ઉપર સમભાવ રાખવા લાગ્યા.

**લાભાલાભે સુહે દુક્ખે, જીવિએ મરણે તહા ।**
**સમો નિન્દાપસંસાસુ, તહા માણાવમાણઓ ॥૯૦॥**

મૃગાપુત્ર લાભ-અલાભ, સુખ દુઃખ, જીવન-મરણ, નિંદા-પ્રશંસા તથા માન-અપમાનમાં સમભાવ રાખવા લાગ્યા.

**ગારવેસુ કસાએસુ, દંડસલ્લભએસુય ।**
**નિયત્તો હાસસોગાઓ, અનિયાણો અબન્ધવો ॥૯૧॥**

નિદાન અને બંધનથી રહિત થઈને મૃગાપુત્ર ત્રણ ગારવ, ચાર કષાય, ત્રણ દંડ, ત્રણ શલ્ય, સાત ભયથી તથા હાસ્ય અને શોકથી નિવૃત્ત થઈ ગયા.

**અણિસ્સિઓ ઈહં લોએ, પરલોએ અણિસ્સિઓ ।**
**વાસીચન્દણકપ્પો ય, અસણે અણસણે તહા ॥૯૨॥**

મૃગાપુત્ર આલોક અને પરલોકની આકાંક્ષાઓથી વિરક્ત થયા. આહાર મળે કે ન મળે તેમાં સમભાવ રાખતા હતા. લોકો, ચંદનથી પૂજે કે તલવારથી છેદે(શૂળો ભોંકતા) તો પણ તેઓ, સમભાવ રાખતા.

**અપ્પસત્થેહિં, દારેહિં, સવ્વઓ પિહિયાસવે ।**
**અજ્ઝપ્પજ્ઝાણજોગેહિં, પસત્થ દમસાસણે ॥૯૩॥**

મૃગાપુત્ર અપ્રશસ્ત દ્વારો કર્મબંધના હેતુ અને બધા આશ્રવોનો નિરોધ કરીને આધ્યાત્મિક ધ્યાનના યોગથી પ્રશસ્ત સંયમમય શાસનમાં લીન થયા.

**એવં નાણેણ ચરણેણ, દંસણેણ તવેણ ય ।**
**ભાવણા હિય સુદ્ધાહિં, સમ્મં ભાવિત્તુ અપ્પયં ॥૯૪॥**

આવી રીતે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપથી તથા શુદ્ધ ભાવનાથી સમ્યક્ પ્રકારે આત્માને ભાવતા -

**બહુયાણિ ઉ વાસાણિ, સામણ્ણમણુપાલિયા ।**
**માસિએણ ઉ ભત્તેણ, સિદ્ધિં પત્તો અણુત્તરં ॥૯૫॥**

ઘણાં વર્ષો સુધી શ્રમણપણાનું પાલન કર્યું અને માસક્ષમણનો સંથારો કરી સર્વશ્રેષ્ઠ સિધ્ધિગતિને પામ્યા.

**એવં કરન્તિ સંબુદ્ધા પંડિયા પવિયક્ખણા ।**
**વિણિયટ્ટન્તિ ભોગેસુ, મિયાપુત્તે જહારિસી ॥૯૬॥**

જે પુરુષો બુદ્ધિમાન, તત્વજ્ઞ અને વિચક્ષણ હોય છે, તેઓ મૃગાપુત્રની માફક ભોગોથી નિવૃત્ત થઈ જાય છે.

**મહાપભાવસ્સ મહાજસસ્સ મિયાઈપુત્તસ્સ નિસમ્મ ભાસિયં ।**
**તવપ્પહાણંચરિયં ચ ઉત્તમં, ગતિપ્પહાણં ચ તિલોગવિસ્સુયં ॥૯૭॥**

મહા પ્રભાવશાલી, મહા યશસ્વી, શ્રી મૃગાપુત્રનું તપ પ્રધાન, ચારિત્ર પ્રધાન અને ગતિ પ્રધાન એવું ત્રણ લોકમાં પ્રસિદ્ધ કથનને સાંભળીને ધર્મ માં પુરુષાર્થ કરવો જોઈએ.

**વિયાણિયા દુક્ખવિવદ્ધણં ધણં, મમત્તબંધં ચ મહાભયાવહં ।**
**સુહાવહં ધમ્મધુરં અણુત્તરં, ધારેજ્જ નિવ્વાણગુણાવહં મહં ॥૯૮॥**

**॥ ત્તિબેમિ ॥**

હે ભવ્યો ! ધનને દુઃખનું વિવર્ધન કરનાર, મમતારૂપી બંધનું કારણ તથા મહા ભયાવહ જાણીને, સુખાવહ, અનુત્તર, ધર્મધુરાને ધારણ કરો, જે મહાન નિર્વાણ ગુણને મેળવી આપે છે.

# અધ્યયન - ૨૦ : અનાથીમુનિ

**સિદ્ધાણં નમો કિચ્ચા, સંજયાણં ચ ભાવઓ ।**
**અત્થધમ્મગઈં તચ્ચં, અણુસટ્ઠિં સુણેહ મે ॥૧॥**

સિદ્ધ અને સંયમીઓને ભાવપૂર્વક નમસ્કાર કરીને મારી પાસેથી ધર્મ (મોક્ષ) અને અર્થ એટલે કે રત્નત્રયરૂપ ધર્મના યથાર્થ સ્વરૂપનો બોધ કરાવનારી તથ્યપૂર્ણ શિક્ષાને કહું છું તે મારી પાસેથી સાંભળો.

**પભૂયરયણો રાયા, સેણિઓ મગહાહિવો ।**
**વિહારજજત્તં નિજ્જાઓ, મંડિકુચ્છિંસિ ચેઇએ ॥૨॥**

પ્રચુર રત્નોનો સ્વામી મગધાધિપતિ શ્રેણિક મંડિકુક્ષી નામના ચૈત્યમાં વિહાર યાત્રા અર્થે નીકળ્યા.

**નાણાદુમલયાઇણ્ણં, નાણાપક્ખિનિસેવિયં ।**
**નાણાકુસુમસંછન્નં, ઉજ્જાણં નંદણોવમં ॥૩॥**

આ બાગ વિવિધ પ્રકારના વૃક્ષ લતાઓ અને પુષ્પોથી આચ્છાદિત હતો. વિવિધ પ્રકારનાં પક્ષીઓથી સેવિત તથા નંદનવન જેવો હતો.

**તત્થ સો પાસઇ સાહું, સંજયં સુસમાહિયં ।**
**નિસન્નં રુક્ખમૂલમ્મિ, સુકુમાલં સુહોઇયં ॥૪॥**

ત્યાં શ્રેણિક રાજા એક સાધુને વૃક્ષની નીચે બેઠેલા જુએ છે. આ સાધુ સંયમશીલ, સમાધિશીલ, સુકુમાર અને સુખોપભોગને યોગ્ય હતા.

**તસ્સ રૂવં તુ પાસિત્તા, રાઇણો તમ્મિ સંજએ ।**
**અચ્ચન્તપરમો આસી, અઉલો રૂવવિમ્હઓ ॥૫॥**

આ મુનિનું અતિ ઉત્કૃષ્ટ રૂપ જોઈને તે સંયમી પ્રત્યે રાજા ખૂબ આશ્ચર્યમાં પડ્યા.

**અહો ! વણ્ણો અહો ! રૂવં, અહો ! અજ્જસ્સસોમયા ।**
**અહો ! ખન્તી અહો ! મુત્તી, અહો ! ભોગેઅસંગયા ॥૬॥**

તે વિચારવા લાગ્યા કેવું અદ્‌ભુત રૂપ, કેવી અદ્‌ભુત આકૃતિ, કેવી અદ્‌ભુત આર્યની દેહની કાંતિ, કેવી અદ્‌ભુત ક્ષમા, અદ્‌ભુત નિઃસ્પૃહતા અને ભોગ પ્રત્યે કેવી અદ્‌ભુત અનાસક્તિ છે !

**તસ્સ પાએ ઉ વન્દિત્તા, કાઊણ ય પયાહિણં ।**
**નાઈદૂરમણાસન્ને, પંજલી પડિપુચ્છઈ ॥૭॥**

રાજા એની પ્રદક્ષિણા અને ચરણોમાં વંદન કરીને ન અતિ દૂર અને ન અતિ પાસે બેસીને હાથ જોડીને પૂછવા લાગ્યા :

**તરુણો સિ અજ્જો પવ્વઈઓ, ભોગકાલમ્મિ સંજયા ।**
**ઉવટ્ઠિઓ સિ સામણ્ણે, એયમટ્ઠં સુણેમિ તા ॥૮॥**

હે આર્ય ! આપ તરુણ અવસ્થામાં પ્રવ્રજિત થયા છો, ભોગ ભોગવવાના વખતમાં સંયત થયા છો, આનું કારણ હું જાણવા ઈચ્છું છું.

**અણાહો મિ મહારાય, નાહો મજ્ઝ ન વિજ્જઈ ।**
**અણુકમ્પગં સુહિં વાવિ, કંચિ નાભિસમેમહં ॥૯॥**

મહારાજ ! હું અનાથ છું, મારો કોઈ નાથ નથી. મારા ઉપર કોઈ અનુકંપા કરનાર મિત્ર નથી. આ જ કારણ આપ જાણો.

**તઓ સો પહસિઓ રાયા, સેણિઓ મગહાહિવો ।**
**એવં તે ઈડ્ઢિમન્તસ્સ, કહં નાહો ન વિજ્જઈ ॥૧૦॥**

આ સાંભળીને મગધ નરેશ શ્રેણિક રાજા હસવા લાગ્યા. આટલી મોટી રિદ્ધિવાળાને પણ કોઈ નાથ નથી શું ?

**હોમિ નાહો ભયન્તાણં, ભોગે ભુંજાહિ સંજયા ।**
**મિત્તનાઈપરિવુડો, માણુસ્સં ખુ સુદુલ્લહં ॥૧૧॥**

હે સંયતિ ! હું તમારો નાથ થાઉં છું. આપ મિત્રજ્ઞાતિ યુક્ત થઈને ભોગોને ભોગવો. આ માનવ-જન્મ ખરેખર અતિ દુર્લભ છે.

**અપ્પણા વિ અણાહો સિ, સેણિયા મગહાહિવા ।**
**અપ્પણા અણાહો સન્તો, કસ્સ નાહો ભવિસ્સસિ ॥૧૨॥**

મુનિએ કહ્યું હે મગધાધિપ શ્રેણિક ! આપ પોતે જ અનાથ છો. જ્યાં તમે પોતે જ અનાથ છો, ત્યાં બીજાના નાથ કેવી રીતે થઈ શકશો ?

**એવં વુત્તો નરિન્દો સો, સુસંભન્તો સુવિમ્હિઓ ।**
**વયણં અસ્સુયપુવ્વં, સાહુણા વિમ્હયન્નિઓ ॥૧૩॥**

સાધુ પાસેથી પહેલાં નહિ સાંભળેલું એવું વચન સાંભળીને રાજા વિસ્મિત થયો, વ્યાકુળ થયો અને એને અત્યંત આશ્ચર્ય થયું.

**અસ્સા હત્થી મણુસ્સા મે, પુરં અન્તેઉરં ચ મે ।**
**ભુંજામિ માણુસે ભોગે, આણા ઈસ્સરિયં ચ મે ॥૧૪॥**

હે મુનિ ! મારી પાસે અશ્વો, હાથી, મનુષ્યો, નગર અને અન્તઃપુર છે. મારી આજ્ઞા બધે ચાલે છે, હું માનવ-ભોગો ભોગવું છું.

**એરીસે સમ્પયગ્ગમ્મિ, સવ્વકામસમપ્પિએ ।**
**કહં અણાહો ભવઈ, મા હુ ભન્તે ! મુસં વએ ॥૧૫॥**

આવી જાતની પ્રધાન સમૃદ્ધિ અને બધા પ્રકારના કામભોગો હોવા છતાં હું અનાથ કેવી રીતે છું ? હે પ્રભુ ! આપ અસત્ય તો નથી બોલતા !

**ન તુમં જાણે અણાહસ્સ, અત્થં પોત્થં ચ પત્થિવા ।**
**જહા અણાહો ભવઈ, સણાહો વા નરાહિવા ॥૧૬॥**

હે પાર્થિવ ! નરાધિપ ! તું અનાથ શબ્દનો અર્થ અને પરમાર્થ જાણતો નથી કે અનાથ અને સનાથ કોને કહે છે ?

**સુણેહ મે મહારાય, અવ્વક્ખિત્તેણ ચેયસા ।**
**જહા અણાહો ભવઈ, જહા મેયં પવત્તિયં ॥૧૭॥**

હે મહારાજ ! જે પ્રકારે જીવ અનાથ થાય છે અને જે આશયથી મેં કહ્યું છે તે એકાગ્ર ચિત્તે સાંભળો.

**કોસમ્બી નામ નયરી, પુરાણ પુરભેયણી ।**
**તત્થ આસી પિયા મજ્ઝ, પભૂયધણસંચઓ ॥૧૮॥**

પ્રાચીન નગરીઓમાં અસાધારણ શ્રેષ્ઠ કૌશામ્બી નામની નગરી છે. જ્યાં મારા પિતા રહે છે, જેનું નામ પ્રભૂતધન સંચય છે.

**પઢમે વએ મહારાય ! અઉલા મે અચ્છિવેયણા ।**
**અહોત્થા વિઉલો દાહો, સવ્વગત્તેસુ યપત્થિવા ॥૧૯॥**

હે પાર્થિવ રાજા ! મારી પ્રથમ અવસ્થામાં મારી આંખોમાં અતુલ પીડા થઈ. મને આખા શરીરમાં બળતરા થવા લાગી.

**સત્થં જહા પરમતિક્ખં, સરીરવિવરન્તરે ।**
**આવીલિજ્જ અરી કુદ્ધો, એવં મે અચ્છિવેયણા ॥૨૦॥**

જેવી રીતે ક્રોધી દુશ્મન શરીરના મર્મ ભાગમાં પરમ તીક્ષ્ણ શસ્ત્ર ભોંકી દે એવી વેદના મારી આંખોમાં થતી હતી.

**તિયં મે અંતરિચ્છં ચ, ઉત્તમંગં ચ પીડઈ ।**
**ઈંદાસણિસમા ઘોરા, વેયણા પરમ દારુણા ॥૨૧॥**

ઈન્દ્રનું વજ્ર વાગવાથી જેવી વેદના થાય તેવી ઘોર અને મહા દુઃખદાયી વેદના મારી કમ્મર, હૃદય અને માથામાં થતી હતી.

**ઉવટ્ઠિયા મે આયરિયા, વિજ્જામંત તિગિચ્છગા ।**
**અબીયા સત્થ કુસલા, મંતમૂલ વિસારયા ॥૨૨॥**

મારી ચિકિત્સા કરવા માટે વિદ્યા, મંત્ર, મૂલ અને શસ્ત્ર ચિકિત્સામાં કુશલ અને વિશારદ આયુર્વેદ આચાર્ય ઉપસ્થિત થયા.

**તે મે તિગિચ્છં કુવ્વંતિ, ચાઉપ્પાયં જહાહિયં ।**
**ન ય દુક્ખા વિમોયન્તિ, એસા મજ્ઝ અણાહયા ॥૨૩॥**

મારા હિતાર્થે આ વૈદ્યાચાર્યો ચતુષ્પાદ (વૈદ્ય - રોગી - ઔષધ અને પરિચારક રૂપ) ચિકિત્સા કરતા હતા. એ લોકો મને દુઃખથી મુક્ત ન કરી શક્યા. આવી મારી અનાથતા હતી.

**પિયા મે સવ્વસારં પિ, દિજ્જા હિ મમ કારણા ।**
**ન ય દુક્ખાવિમોયંતિ, એસા મજ્ઝ અણાહયા ॥૨૪॥**

મારા પિતા મારા માટે તે ચિકિત્સકોને ઉપહારરૂપ બહુમૂલ્ય વસ્તુઓ આપતા હતા, પરંતુ હું દુઃખથી વિમુક્ત ન થયો. આવી મારી અનાથતા છે.

**માયા વિ મે મહારાય, પુત્તસોગદુહટ્ટિયા ।**
**ન ય દુક્ખા વિમોયંતિ, એસા મજ્ઝ અણાહયા ॥૨૫॥**

હે મહારાજ ! મારી માતા પણ પુત્ર–શોકથી દુઃખી થતી. તેણે અનેક ઉપાય કર્યા, પરંતુ મને કષ્ટથી છોડાવી ન શકી, આવી મારી અનાથતા હતી.

**ભાયરો મે મહારાય, સગા જેટ્ઠકણિટ્ઠગા ।**
**ન ય દુક્ખા વિમોયન્તિ, એસા મજ્ઝઅણાહયા ॥૨૬॥**

હે નરેન્દ્ર ! મારા મોટા અને નાના સગા ભાઈઓએ પણ અનેક પ્રયત્નો કર્યા, પરંતુ મને દુઃખથી છોડાવી ન શક્યા. આ મારી અનાથતા છે.

**ભઈણીઓ મે મહારાય, સગા જેટ્ઠકણિટ્ઠગા ।**
**ન ય દુક્ખા વિમોયન્તિ, એસા મજ્ઝ અણાહયા ॥૨૭॥**

નરેદ્ર ! મારી નાની-મોટી સગી બહેનો પણ મને આ કષ્ટથી મુક્ત કરી શકી નહિ. આ મારી અનાથતા છે.

**ભારિયા મે મહારાય, અણુરત્તા અણુવ્વયા ।**
**અંસુપુણ્ણેહિં, નયણેહિં, ઉરં મે પરિસિંચઈ ॥૨૮॥**

હે મહારાજ ! મારા ઉપર અત્યંત પ્રેમ રાખનારી મારી પતિવ્રતા પત્ની મારી પાસે બેસીને અશ્રુપૂર્ણ નયનોથી મારા હૃદયને ભીંજવતી હતી.

**અન્નં પાણં ચ ણ્હાણં ચ, ગંધમલ્લવિલેવણં ।**
**મએ નાયમનાયં વા, સા બાલા નેવ ભુંજઇ ॥૨૯॥**

એ નવયૌવના પત્ની મારાથી જાણ્યે-અજાણ્યે પણ અન્ન-પાણી, સ્નાન, સુગંધ, વિલેપન, માલા આદિનું સેવન કરતી ન હતી.

**ખણં પિ મે મહારાય, પાસાઓ મે ન ફિટ્ટઇ ।**
**ન ય દુક્ખા વિમોએઇ, એસા મજ્ઝ અણાહયા ॥૩૦॥**

હે રાજા ! એ પત્ની મારાથી એક ક્ષણ પણ વિખૂટી પડતી ન હતી. પણ મને દુઃખથી છોડાવી ન શકી. આ મારી અનાથતા છે.

**તતો હં એવ માહંસુ, દુક્ખમા હુ પુણો પુણો ।**
**વેયણા અણુભવિઉં જે, સંસારમ્મિ અણંતએ ॥૩૧॥**

ત્યારે મેં મનમાં વિચાર્યું કે આ અનંત સંસારમાં અવશ્ય મેં આવી દુઃસહ વેદના વારંવાર સહન કરી છે.

**સઈ ચ જઈ મુચ્ચેજ્જા, વેયણા વિઉલા ઈઓ ।**
**ખન્તો દન્તો નિરારમ્ભો, પવ્વએ અણગારિયં ॥૩૨॥**

હવે એક વાર જો હું આ વિપુલ વેદનાથી મુક્ત થાઉં તો હું ક્ષાંત, દાંત, નિરારંભ પ્રવ્રજ્યા ધારણ કરું અને અણગાર થાઉં.

**એવં ચ ચિંતઈત્તાણં, પસુત્તો મિ નરાહિવા ।**
**પરિયત્તન્તીએ રાઈએ, વેયણા મે ખયં ગયા ॥૩૩॥**

હે નરાધિપ ! આમ ચિંતવીને હું સૂઈ ગયો, રાત્રિ વીતવાની સાથે મારી વેદના પણ નષ્ટ પામી.

**તઓ કલ્લે પભાયમ્મિ, આપુચ્છિત્તાણ બન્ધવે ।**
**ખન્તો દન્તો નિરારમ્ભો, પવ્વઈઓઅણગારિયં ॥૩૪॥**

બીજા દિવસે સવારે મેં બંધુજનોને પૂછીને ક્ષાંત, દાંત, નિરારંભ થઈને પ્રવ્રજ્યા ધારણ કરી અને અણગાર થયો.

**તતો હં નાહો જાઓ, અપ્પણો ય પરસ્સ ય ।**
**સવ્વેસિં ચેવ ભૂયાણં, તસાણ થાવરાણ ય ॥૩૫॥**

પ્રવ્રજ્યા સ્વીકાર્યા પછી હું પોતાનો અને બીજાનો અને બધાં ત્રસ તથા સ્થાવર પ્રાણીઓનો નાથ થયો છું.

**અપ્પા નઈ વેયરણી, અપ્પા મે કૂડસામલી ।**
**અપ્પા કામદુહા ધેણુ, અપ્પા મે નન્દણં વણં ॥૩૬॥**

મારો આત્મા જ વૈતરણી નદી, મારો આત્મા જ કૂટ શાલ્મલી વૃક્ષ છે. આત્મા કામધેનુ અને આત્મા નંદનવન છે.

**અપ્પા કત્તા વિકત્તા ય, દુહાણ ય સુહાણ ય ।**
**અપ્પા મિત્તમમિત્તં ચ, દુપટ્ઠિય સુપટ્ઠિઓ ॥૩૭॥**

આત્મા જ સુખોનો કર્તા અને આત્મા જ દુઃખોનો કર્તા છે. આત્મા જ કર્મથી વિમુક્ત થાય છે. સદાચારવાળો આત્મા મિત્ર છે અને દુરાચારી આત્મા અમિત્ર છે - દુશ્મન છે.

**ઈમા હુ અન્ના વિ અણાહયા નિવા, તમેગચિત્તો નિહુઓ સુણેહિ ।**
**નિયંઠધમ્મં લહિયાણ વી જહા, સીયન્તિ એગે બહુકાયરા નરા॥૩૮॥**

હે રાજા ! અનાથતાના બીજા પણ પ્રકાર છે, તે એક ચિત્તથી સ્થિર થઈને તમે સાંભળો. નિર્ગ્રન્થ ધર્મ પામીને પણ ઘણા કાયર જીવો શિથિલ થઈ જાય છે. દુઃખાનુભવ કરે છે.

**જો પવ્વઈત્તાણ મહવ્વયાઈં, સમ્મં ચ નો ફાસયઈ પમાયા ।**
**અનિગ્ગહપ્પા ય રસેસુ ગિદ્ધે, ન મૂલઓ છિન્નઈ બંધણં સે ॥૩૯॥**

જે પ્રવ્રજિત થઈને પ્રમાદવશ મહાવ્રતોનું સમ્યક્ પ્રકારે પાલન કરતા નથી અને ઈન્દ્રિયોને વશ થઈને રસોમાં ગૃદ્ધ રહે છે, એ (કર્મ) સમૂલ (રાગદ્વેષરૂપ) બંધનને છેદી શકતા નથી.

**આઉત્તયા જસ્સ ય નત્થિ કાઈ, ઈરિયાએ ભાસાએ તહેસણાએ ।**
**આયાણનિક્ખેવદુગુંછણાએ, ન વીરજાયં અણુજાઈ મગ્ગં ॥૪૦॥**

જેનો ઈર્યા, ભાષા, એષણા, આદાન નિક્ષેપ તથા ઉચ્ચાર પસ્ત્રવણાદિ પરિષ્ઠાપન દુગુંછા વિશે ઉપયોગ નથી, એ વીર પુરુષો દ્વારા સેવિત માર્ગને અનુસરતો નથી.

**ચિરં પિ સે મુંડરુઈ ભવિત્તા, અથિરવ્વએ તવનિયમેહિં ભટ્ઠે ।**
**ચિરં પિ અપ્પાણ કિલેસઈત્તા, ન પારએ હોઈ હુ સંપરાએ ॥૪૧॥**

જે (શ્રમણ) લાંબો સમય મુંડિત થઈને પણ વ્રતોમાં અસ્થિર અને તપ-નિયમમાં ભ્રષ્ટ છે, એ બહુ વખત સુધી આત્માને કલુષિત કરીને (લોચ આદિ કષ્ટ સહે) તો પણ સંસારથી પાર થઈ શકતો નથી.

**પોલ્લે વ મુટ્ઠી જહ સે અસારે, અયન્તિએ કૂડકહાવણે વા ।**
**રાઢામણી વેરુલિયપ્પગાસે, અમહગ્ઘએ હોઈ હુ જાણએસુ ॥૪૨॥**

જેવી રીતે પોલી મુટ્ઠી નિસ્સાર છે અને ખોટા સિક્કા અનાદરણીય છે તેમજ કાચ, વૈડુર્યમણિની જેમ પ્રકાશે, તો પણ જાણકારની પાસે તેનું અલ્પ મૂલ્ય છે, તેમ દ્રવ્યલિંગી પણ અનાથ છે. રત્નત્રય શૂન્ય હોવાથી તેની કોઈ કિંમત નથી.

**કુસીલલિંગં ઈહ ધારઈત્તા, ઈસિજ્ઝયં જીવિય બૂહઈત્તા ।**
**અસંજએ સંજયલપ્પમાણે, વિણિગ્ઘાયમાગચ્છઇ સે ચિરં પિ ॥૪૩॥**

કુશીલ (પાર્શ્વસ્થાદિ) અને આચારહીન વ્યક્તિ રજોહરણ, મુહપત્તી ધારણ કરીને જે વેષધારી સાધુ આજીવિકા મેળવે છે, અસંયમી હોવા છતાં તે પોતાને સંયતિ મનાવે છે, પરંતુ તે લાંબા સમય સુધી વિનાશને પામે છે.

**વિસં તુ પીયં જહ કાલકૂડં, હણાઈ સત્થં જહ કુગ્ગહીયં ।**
**એસો વિ ધમ્મો વિસઓવવન્નો, હણાઈ વેયાલ ઈવાવિવન્નો ॥૪૪॥**

જેમ કાલકૂટ વિષ, ખોટી રીતે પકડવાથી શસ્ત્ર સ્વયંનો ઘાતક થાય છે અને વશ કર્યા વિનાના પિશાચ(વૈતાલ)પણ વિનાશકારી થાય છે. તેમ શબ્દાદિ વિષયોના સેવનથી યુક્ત ધર્મ પણ વિનાશકારી બને છે.

**જે લક્ખણં સુવિણં પઉંજમાણે, નિમિત્તકોઊહલસંપગાઢે ।**
**કુહેડવિજ્જાસવદારજીવી, ન ગચ્છઈ સરણં તમ્મિ કાલે ॥૪૫॥**

જે શ્રમણ લક્ષણ શાસ્ત્ર, અને સ્વપ્ન શાસ્ત્રનો પ્રયોગ કરે છે અને નિમિત્ત શાસ્ત્ર અને કુતૂહલમાં અત્યંત આસક્ત છે, જે આશ્ચર્ય પેદા કરીને (જાદુગરોના તમાશા) આશ્રવ વધારવાવાળી વિદ્યાથી આજીવિકા ચલાવે છે તેને કર્મ ફલ ભોગવવાના સમયે કોઈપણ શરણ થતું નથી.

**તમં તમેણેવ ઉ સે અસીલે, સયા દુહી વિપ્પરિયામુવેઇ ।**
**સંધાવઈ નરગતિરિક્ખજોણિં, મોણં વિરાહેત્તુ અસાહુરુવે ॥૪૬॥**

શીલવિહીન તે દ્રવ્યસાધુ પોતાના ઘોર અજ્ઞાનના કારણે સદા દુ:ખી થઈને વિપરીત દૃષ્ટિ પામે છે. અસાધુરૂપ તે સાધુ મુનિધર્મની વિરાધના કરે છે અને નરક, તિર્યંચ ગતિમાં સતત આવાગમન કરતો રહે છે.

**ઉદ્દેસિયં કીયગડં નિયાગં, ન મુંચઈ કિંચિ અણેસણિજ્જં ।**
**અગ્ગી વિવા સવ્વભક્ખી ભવિત્તા, ઈત્તો ચુએ ગચ્છઇ કટ્ટુ પાવં ॥૪૭॥**

જે સાધુ ઉદ્દેશિક, ક્રીતકૃત, નિત્યપિંડ અને સદોષ આહાર જરા પણ છોડતો નથી અને અગ્નિની જેમ સર્વભક્ષી રહે છે, તે મરીને પાપકર્મોથી દુર્ગતિમાં જાય છે.

**ન તં અરી કંઠછેત્તા કરેઈ, જં સે કરે અપ્પણિયા દુરપ્પા ।**
**સે નાહઈ મચ્ચુમુહં તુ પત્તે, પચ્છાણુતાવેણ દયાવિહૂણો ॥૪૮॥**

દુષ્ટ આચારમાં પ્રવૃત્ત આત્મા પોતાનું જે બગાડે છે, તે ગળાનો કાપનાર દુશ્મન પણ બગાડતો નથી, એવા દયાવિહીન માણસ મૃત્યુના મુખમાં જઈને પોતાના દુરાચારને જાણશે અને પશ્ચાત્તાપ કરશે.

**નિરટ્ઠિયા નગ્ગરુઈ ઉ તસ્સ, જે ઉત્તમટ્ઠં વિવજ્જાસમેઈ ।**
**ઈમે વિ સે નત્થિ પરે વિ લોએ, દુહઓ વિ સે ઝિજ્જઈ તત્થ લોએ ॥૪૯॥**

એવા દ્રવ્યલિંગી અંતિમ સમયની આરાધનાના વિષયમાં વિપરીત દૃષ્ટિ રાખે છે તેની સંયમ રુચિ પણ વ્યર્થ છે. આવા આત્માને માટે આલોક નથી તેમજ પરલોક પણ નથી. એ લોકમાં બંને રીતે ચિંતિત થાય છે. બંને લોકના પ્રયોજનથી શૂન્ય હોવાથી તે બંનેલોકથી ભ્રષ્ટ ભિક્ષુ ચિંતાથી ક્ષીણ થઈ જાય છે.

**એમેવ હા છન્દકુસીલરૂવે, મગ્ગં વિરાહિત્તુ જિણુત્તમાણં ।**
**કુરરી વિવા ભોગરસાણુગિદ્ધા, નિરટ્ઠસોયા પરિયાવમેઈ ॥૫૦॥**

આ પ્રકારના સ્વચ્છંદાચારી કુશીલ લોકો જિનેન્દ્ર ભગવાનના ઉત્તમ માર્ગની વિરાધના કરીને તેવો જ પરિતાપ (ખેદ) પામે છે જેમ ભોગરસમાં ગૃદ્ધ થઈને નિરર્થક શોક કરનારી કુરરી પક્ષિણી પરિતાપ પામે છે.

**સોચ્ચાણ મેહાવિ સુભાસિયં ઈમં, અણુસાસણં નાણગુણોવવેયં ।**
**મગ્ગં કુસીલાણ જહાય સવ્વં, મહાનિયંઠાણ વએ પહેણં ॥૫૧॥**

આ જ્ઞાનમય અને સુભાષિતરૂપ શિખામણ સાંભળીને બુદ્ધિમાન સાધુ કુશીલ માર્ગનો સર્વથા ત્યાગ કરે અને મહાનિર્ગ્રન્થના માર્ગે ચાલે.

**ચરિત્તમાયારગુણન્નિએ તઓ, અણુત્તરં સંજમ પાલિયાણં ।**
**નિરાસવે સંખવિયાણ કમ્મં, ઉવેઈ ઠાણં વિઉલુત્તમં ધુવં ॥૫૨॥**

ચારિત્ર અને જ્ઞાનાદિ ગુણોથી યુક્ત નિર્ગ્રન્થ ઉત્કૃષ્ટ સંયમનું પાલન કરવાથી આશ્રવ રહિત થાય છે. પછી કર્મોનો ક્ષય કરીને વિપુલ ઉત્તમ ધ્રુવ સ્થાન-મોક્ષને પામે છે.

**એવુગ્ગદન્તે વિ મહાતવોધણે, મહામુણી મહાપઈન્ને મહાયસે ।**
**મહાનિયંઠિજ્જમિણં મહાસુયં, સે કહાએ મહયા વિત્થરેણં ॥૫૩॥**

આ રીતે કર્મો પ્રત્યે ઉગ્ર, ઈન્દ્રિય-મનનું દમન કરનાર, મહા તપોધની, મહામુનિ, દૃઢ પ્રતિજ્ઞ, મહા યશસ્વી, અનાથીમુનિએ આ મહાનિર્ગ્રન્થીય, મહાશ્રુતને શ્રેણિક રાજાને અતિ વિસ્તારથી કહ્યું.

**તુટ્ઠો ય સેણિઓ રાયા, ઈણમુદાહુ કયંજલી ।**
**અણાહત્તં જહાભૂયં, સુટ્ઠુ મે ઉવદંસિયં ॥૫૪॥**

(આ સાંભળીને) શ્રેણિક રાજા સંતુષ્ટ થયા અને બંને હાથની અંજલિ કરીને નીચે પ્રમાણે કહેવા લાગ્યા : મેં અનાથપણાનું સ્વરૂપ જેમ છે તેમ સારી રીતે આપના ઉપદેશથી જાણ્યું.

**તુજ્ઝં સુલદ્ધં ખુ મણુસ્સજમ્મં, લાભા સુલદ્ધા ય તુમે મહેસી ।**
**તુબ્ભે સણાહા ય સબંધવા ય, જં ભે ઠિયે મગ્ગે જિણુત્તમાણં ॥૫૫॥**

હે મહર્ષિ ! આપનો મનુષ્ય જન્મ સફળ છે. આપે જ મનુષ્યજન્મનો સારો લાભ ઉઠાવ્યો છે. આપ મહર્ષિ છો, આપ સનાથ છો, અને સબાંધવ છો. કારણ કે આપ જિનેશ્વરોના માર્ગમાં સ્થિત છો.

**તં સિ નાહો અણાહાણં, સવ્વભૂયાણ સંજયા ।**
**ખામેમિ તે મહાભાગ, ઈચ્છામિ અણુસાસિઉં ॥૫૬॥**

હે મહાભાગ ! આપ અનાથના નાથ છો. હે સંયતિ ! આપ સર્વ ભૂતોના નાથ છો. હું આપની ક્ષમા માગું છું અને આપની શિક્ષા-શિખામણ મેળવવા ઈચ્છું છું.

**પુચ્છિઊણ મએ તુબ્ભં, ઝાણવિગ્ઘાઓ જો કઓ ।**
**નિમન્તિયા ય ભોગેહિં, તં સવ્વં મરિસેહિ મે ॥૫૭॥**

મેં આપને પૂછીને ધ્યાનમાં વિઘ્ન કર્યું અને મેં ભોગોનું આમંત્રણ આપ્યું, આ બધા અપરાધોની મને માફી આપો.

**એવં થુણિત્તાણ સ રાયસીહો, અણગારસીહં પરમાઈ ભત્તીએ ।**
**સઓરોહો સપરિયણો સબંધવો, ધમ્માણુરત્તો વિમલેણ ચેયસા ॥૫૮॥**

આવી રીતે રાજર્ષિ રાજાઓમાં સિંહ સમાન શ્રેણિક એ (અણગારોમાં સિંહ સમાન) અણગાર મહર્ષિની પરમ ભક્તિથી સ્તુતિ કરીને પોતાના અન્તઃપુર અને પરિવાર તથા બાંધવો સાથે નિર્મળ ચિત્તથી ધર્મમાં અનુરક્ત થયા.

**ઊસસિયરોમકૂવો, કાઊણ ય પયાહિણં ।**
**અભિવન્દિઊણ સિરસા, અઈયાઓ નરાહિવો ॥૫૯॥**

નરાધિપ શ્રેણિક હર્ષથી રોમાંચિત થયા અને મુનિને પ્રદક્ષિણા કરીને મસ્તક નમાવીને વંદના કરીને પોતાના સ્થાને ચાલ્યા ગયા.

**ઈયરો વિ ગુણસમિદ્ધો, તિગુત્તિગુત્તો તિદંડવિરઓ ય ।**
**વિહગ ઈવ વિપ્પમુક્કો, વિહરઈ વસુહં વિગયમોહો ॥૬૦॥**

**॥ ત્તિબેમિ ॥**

અને તે મુનિપણ મુનિના સત્તાવીશ ગુણથી સમૃદ્ધ, ત્રિગુપ્તિ ગુપ્ત, ત્રિદંડ નિવૃત્ત, પ્રતિબંધમુક્ત તથા પક્ષીની જેમ મોહરહિત થઈને પૃથ્વી પર વિચરણ કરવા લાગ્યા.

# અધ્યયન - ૨૧ : સમુદ્રપાલ

**ચંપાએ પાલિએ નામ, સાવએ આસિ વાણિએ ।**
**મહાવીરસ્સ ભગવઓ, સીસે સો ઉ મહપ્પણો ॥૧॥**

ચંપા નામની નગરીમાં પાલિત નામના વૈશ્ય (વણિક) શ્રાવક હતા. તે મહાન આત્મા ભગવાન મહાવીરના (ગૃહસ્થ) શિષ્ય હતા.

**નિગ્ગન્થે પાવયણે, સાવએ સે વિ કોવિએ ।**
**પોએણ વવહરન્તે, પિહુંડં નગરમાગએ ॥૨॥**

તે શ્રાવક નિર્ગ્રન્થ પ્રવચનમાં વિશેષ પંડિત જ્ઞાતા હતા. તે એકવાર જહાજથી વેપાર કરતા-કરતા પિહુંડ નામના નગરમાં ગયા.

**પિહુંડે વવહરન્તસ્સ, વાણિઓ દેઈ ધૂયરં ।**
**તં સસત્તં પઈગિજ્ઝ, સદેસમહ પત્થિઓ ॥૩॥**

પિહુંડ નગરમાં વેપાર કરતા ત્યાંના વણિકે તેને પોતાની દીકરી આપી. સમય જતાં તે ગર્ભવતી થયેલી સ્ત્રીને લઈને પોતાના દેશ તરફ પ્રસ્થાન કર્યું.

**અહ પાલિયસ્સ ઘરિણિ, સમુદ્દમ્મિ પસવઈ ।**
**અહ બાલએ તહિં જાએ, સમુદ્દપાલિ ત્તિ નામએ ॥૪॥**

હવે પાલિતની સ્ત્રીએ સમુદ્રમાં બાળકને જન્મ આપ્યો. સમુદ્રમાં બાળકનો જન્મ થયો, તેથી તેનું નામ 'સમુદ્રપાલ' રાખ્યું.

**ખેમેણ આગએ ચમ્પં, સાવએ વાણિએ ઘરં ।**
**સંવડ્ઢઈ ઘરે તસ્સ, દારએ સે સુહોઇએ ॥૫॥**

તે વણિક શ્રાવક સકુશળ ચંપા નગરીમાં પોતાને ઘેર આવ્યા. તેના ઘેર સુકુમાર બાળક સુખપૂર્વક વધવા લાગ્યો.

**બાવત્તરી કલાઓ ય, સિક્ખઈ નીઇકોવિએ ।**
**જોવ્વણેણ ય સંપન્ને, સુરુવે પિયદંસણે ॥૬॥**

સમુદ્રપાલ બોંતેર કળા શીખ્યો, તે નીતિ પારંગત થયો, યુવાવસ્થા પ્રાપ્ત થવાથી એ સુરૂપ અને દેખાવમાં પ્રિય લાગવા લાગ્યો. (બધાંને આનંદ આપનાર)

**તસ્સ રૂવવઈ ભજ્જં, પિયા આણેઇ રૂવિણિં ।**
**પાસાએ કીલએ રમ્મે, દેવોદોગુન્દગો જહા ॥૭॥**

એના પિતા એના માટે રૂપિણી નામની ભાર્યા લાવ્યા. તે તેની સાથે રમણીય પ્રાસાદમાં દોગુંદક નામના દેવની માફક ક્રીડા કરવા લાગ્યો.

**અહ અન્નયા કયાઈ, પાસાયાલોયણે ઠિઓ ।**
**વજ્ઝમંડણસોભાગં, વજ્ઝં પાસઈ વજ્ઝગં ॥૮॥**

હવે ત્યારપછી એક વખતે મહેલની બારીમાં બેઠા-બેઠા તેણે કોઈ અપરાધી (ચોર)ને મૃત્યુ ચિહ્નોથી યુક્ત કરી વધસ્થાન ઉપર લઈ જતો જોયો.

**તં પાસિઊણ સંવેગં, સમુદ્દપાલો ઇણમબ્બવી ।**
**અહો અસુભાણ કમ્માણં, નિજ્જાણં પાવગં ઈમં ॥૯॥**

એને જોઈને સમુદ્રપાલને વૈરાગ્ય થયો અને તે આમ બોલ્યો : અહો ! અશુભ કર્મોનું અંતિમ ફળ પાપ જ (અશુભ-દુઃખદ) છે એમ પ્રત્યક્ષ દેખાય છે.

**સંબુદ્ધો સો તહિં ભગવં, પરમસંવેગમાગઓ ।**
**આપુચ્છમ્માપિયરો, પવ્વઈએ અણગારિયં ॥૧૦॥**

ભગવાન સમુદ્રપાલ ત્યાં જ ગવાક્ષમાં બેઠેલા બોધ પામીને પરમ સંવેગને પામ્યા અને માતાપિતાને પૂછીને પ્રવ્રજ્યા લઈને અણગાર થયા.

**જહિત્તુ સગ્ગન્થમહાકિલેસં, મહંતમોહં કસિણં ભયાવહં ।**
**પરિયાયધમ્મં ચ ડભિરોયએજ્જા, વયાણિ સીલાણિ પરીસહે ય ॥૧૧॥**

દીક્ષિત થવા પર મહાક્લેશકારી, મહાપાપ, અનેક ભય ઉત્પાદક એવા પરિગ્રહ અને સ્વજનાદિ સંબંધ છોડીને-પ્રવ્રજ્યા ધર્મમાં રુચિ રાખવા લાગ્યા. અને વ્રત-શીલનું પાલન કરીને પરિષહ સહન કરવા લાગ્યા.

**અહિંસ સચ્ચં ચ અતેણગં, તત્તો ય બંભં અપરિગ્ગહં ચ ।**
**પડિવજ્જિયા પંચ મહવ્વયાણિ, ચરિજ્જ ધમ્મં જિણદેસિયં વિઉ ॥૧૨॥**

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ રૂપ પાંચ મહાવ્રતોને અંગીકાર કરીને એ બુદ્ધિમાન મુનિ જિનોપદેશિત ધર્મ પાળવા લાગ્યા.

**સવ્વેહિં ભૂએહિં દયાણુકંપી, ખન્તિક્ખમે સંજય બંભયારી ।**
**સાવજ્જ જોગં પરિવજ્જયન્તો, ચરિજ્જ ભિક્ખૂ સુસમાહિઈન્દિએ ॥૧૩॥**

બધા જીવો ઉપર દયા અને અનુકંપા કરનાર, શાંતિ અને ક્ષમા સેવનાર, સંયતિ બ્રહ્મચારી સાવદ્ય યોગને ત્યાગતાં પૂર્ણ સમાધિવંત અને ઈન્દ્રિયોને દમતાં તે ભિક્ષુ વિચરવા લાગ્યા.

**કાલેણ કાલંવિહરેજ્જ રટ્ઠે, બલાબલં જાણિય અપ્પણો ય ।**
**સીહો વ સદ્દેણ ન સંતસેજ્જા, વયજોગ સુચ્ચા ન અસબ્ભમાહુ ॥૧૪॥**

યથાસમયે પ્રતિલેખનાદિ ક્રિયા કરતા થકા પોતાના બલાબલને જાણીને વિદેશમાં વિચરવા લાગ્યા અને ભયંકર શબ્દ સાંભળવા છતાં પણ સિંહની જેમ નીડર રહેતા અને અશુભ-અસભ્ય વચન સાંભળીને પણ કોઈને કઠોર વચન કહેતા નહિ.

**ઉવેહમાણો ઉ પરિવ્વએજ્જા, પિયમપ્પિયં સવ્વ તિતિક્ખએજ્જા ।**
**ન સવ્વ સવ્વત્થ ભિરોયએજ્જા, ન યાવિ પૂયં ગરહં ચ સંજએ ॥૧૫॥**

મુનિ પ્રતિકૂળતાની ઉપેક્ષા કરતાં થકા ઉદાસીનભાવે સંયમમાં વિહરતા હતા. પ્રિય-અપ્રિય અનુકૂળ-પ્રતિકૂળ બધાં પરિષહોને સહન કરતા, બધી જગ્યા અને બધી વસ્તુઓની અભિલાષા કરતા નહિ. પૂજા અને નિંદા એ બંને પર પણ ધ્યાન ન આપે.

**અણેગછન્દા મિહ માણવેહિં, જે ભાવઓ સંપગરેઈ ભિક્ખૂ ।**
**ભયભેરવા તત્થ ઉઈન્તિ ભીમા, દિવ્વા મણુસ્સા અદુવા તિરિચ્છા ॥૧૬॥**

આ લોકમાં મનુષ્યોમાં અનેક જાતના અભિપ્રાય હોય છે. સાધુઓના મનમાં પણ એવો અભિપ્રાયનો ભાવ હોઈ શકે, પરંતુ સાધુ સંયમમાં દૃઢ રહે અને દેવ, મનુષ્ય અને તિર્યંચના અતિ ભયંકર ઉપસર્ગ થાય તો તેને સમભાવે વેદે.

**પરીસહા દુવ્વિસહા અણેગે, સીયન્તિજત્થા બહુકાયરા નરા ।**
**સે તત્થ પત્તે ન વહિજ્જ ભિક્ખૂ, સંગામસીસે ઈવ નાગરાયા ॥૧૭॥**

અનેક જાતના દુર્જય દુઃખેથી સહન થઈ શકે તે એવા પરિષહ ઉત્પન્ન થાય ત્યારે ઘણા કાયર માણસો ડગી જાય છે, પરંતુ સંગ્રામમાં આગળ રહેતા શૂરવીર હાથીની માફક સંયમમાં દૃઢ રહેનાર સાધુ પરિષહોથી ગભરાતો નથી, તે રીતે સમુદ્રપાલ પણ પરિષહોને સમભાવે સહન કરે છે.

**સીઓસિણા દંસમસા ય ફાસા, આયંકા વિવિહા ફુસન્તિ દેહં ।**
**અકુક્કુઓ તત્થ અહિયાસએજ્જા, રયાઇ ખેવેજ્જ પુરે કયાઈ ॥૧૮॥**

શીત, ઉષ્ણતા, ડાંસ, મચ્છર, તૃણ, સ્પર્શ, દેહને સ્પર્શતા વિવિધ રોગોના ઉદયે તે આક્રંદ કરતો નથી, પરંતુ તેને સમભાવે વેદે છે અને પૂર્વકૃત કર્મરૂપી રજને ખેરવી નાંખે છે.

**પહાય રાગં ચ તહેવ દોસં, મોહં ચ ભિક્ખૂ સયયં વિયક્ખણો ।**
**મેરુવ્વ વાએણ અકંપમાણો, પરીસહે આયગુત્તે સહેજ્જા ॥૧૯॥**

વિચક્ષણ ભિક્ષુ (નિર્ગ્રન્થ મુનિ) રાગ-દ્વેષ અને મોહનો સતત ત્યાગ કરીને વાયુથી અકંપાયમાન મેરુની જેમ આત્મગુપ્ત થઈને પરિષહોને સહન કરે.

**અણુન્નએ નાવણએ મહેસી, ન યાવિ પૂયં ગરહં ચ સંજએ ।**
**સ ઉજ્જુભાવં પડિવજ્જ સંજએ, નિવ્વાણમગ્ગં વિરએ ઉવેઇ ॥૨૦॥**

જે મહર્ષિ પૂજા-સત્કારમાં ગર્વથી ઉન્નત થતો નથી અને ગર્હામાં અવનત અધોમુખ થતો નથી અને સરળ ભાવ રાખીને વિરત થાય છે, તે નિર્વાણ માર્ગ પામે છે.

**અરઈરઈસહે પહીણસંથવે, વિરએ આયહિએ પહાણવં ।**
**પરમટ્ઠપએહિં ચિટ્ઠઈ, છિન્નસોએ અમમે અકિંચણે ॥૨૧॥**

અરતિ અને રતિને સહન કરતો ગૃહસ્થોના પરિચયને છોડે અને આત્મ હિતાર્થે વિરત થઈને સંયમમાં લીન રહે. શોક અને મમતાથી રહિત થઈને અકિંચન ભાવથી મોક્ષ માર્ગમાં સ્થિર થાય.

**વિવિત્તલયણાઈ ભએજ્જ તાઈ, નિરોવલેવાઇ અસંથડાઈ ।**
**ઈસીહિં ચિણ્ણાઈં મહાયસેહિં, કાએણ ફાસેજ્જ પરીસહાઈં ॥૨૨॥**

પ્રાણીરક્ષક સાધુ, મહાયશસ્વી ઋષિઓએ સ્વીકારેલ લેપ અને બીજરહિત એકાંતસ્થાન સેવે અને ત્યાં પરિષહ આવે તો શરીરથી સહન કરે.

**સન્નાણનાણોવગએ મહેસી, અણુત્તરં ચરિઉં ધમ્મસંચયં ।**
**અણુત્તરે નાણધરે જસંસી, ઓભાસઇ સૂરિએ વંતલિક્ખે ॥૨૩॥**

સમુદ્રપાલ મુનિ શ્રુત જ્ઞાનથી સંપન્ન અને અનુત્તર ક્ષમાદિ ધર્મ સંચય કરીને અનુત્તર કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને તે આકાશમાં સૂર્યની માફક ધર્મસંઘમાં પ્રકાશવા લાગ્યા.

**દુવિહં ખવેઊણ ય પુન્નપાવં, નિરંગણે સવ્વઓ વિપ્પમુક્કે ।**
**તરિત્તા સમુદ્દં ચ મહાભવોઘં, સમુદ્દપાલે અપુણાગમં ગએ ॥૨૪॥**

**॥ ત્તિબેમિ ॥**

પુણ્ય-પાપને શુભ અશુભ બંને પ્રકારનાં કર્મનો ક્ષય કરીને સમુદ્રપાલ સર્વ બંધનોથી વિમુક્ત થઈને શૈલેશી અવસ્થા પ્રાપ્ત કરીને સંસારરૂપ મહાસમુદ્ર તરીને મોક્ષ-અપુનર્ગતિ પામ્યા.

## અધ્યયન - ૨૨ : રથનેમિ

**સોરિયપુરંમિ નયરે, આસિ રાયા મહિડ્ઢિએ ।**
**વસુદેવોત્તિ નામેણં, રાયલક્ખણસંજુએ ॥૧॥**

શૌર્યપુર નામના નગરમાં મહારિદ્ધિશાળી અને રાજાના લક્ષણથી યુક્ત મહાસમૃદ્ધ વસુદેવ નામના રાજા રાજ્ય કરતા હતા.

**તસ્સ ભજ્જા દુવે આસી, રોહિણી દેવઈ તહા ।**
**તાસિં દોણ્હં દુવે પુત્તા, ઈટ્ઠા રામકેસવા ॥૨॥**

એ રાજાને રોહિણી અને દેવકી નામની બે સ્ત્રીઓ હતી. એ બંને સ્ત્રીઓને સર્વને પ્રિય એવા રામ (બલદેવ) અને કેશવ (કૃષ્ણ) નામના બે પુત્ર હતા.

**સોરિયપુરંમિ નયરે, આસિ રાયા મહિડ્ઢિએ ।**
**સમુદ્દવિજએ નામં, રાયલક્ખણસંજુએ ॥૩॥**

શૌર્યપુર નગરમાં સમુદ્રવિજય નામના મહારિદ્ધિવાન રાજા રાજ્યલક્ષણ યુક્ત હતા.

**તસ્સ ભજ્જા સિવા નામ, તીસે પુત્તો મહાયસો ।**
**ભગવં અરિટ્ઠનેમિ ત્તિ, લોગનાહે દમીસરે ॥૪॥**

એને શિવા નામની પત્ની હતી. એમના પુત્ર મહાયશસ્વી, પરમ જિતેન્દ્રિય ત્રિલોકનાથ ભગવાન અરિષ્ટનેમિ હતા.

**સો અરિટ્ઠનેમિનામો ઉ, લક્ખણસ્સરસંજુઓ ।**
**અટ્ઠસહસ્સલક્ખણધરો, ગોયમો કાલગચ્છવી ॥૫॥**

આ અરિષ્ટનેમિ લક્ષણ અને સ્વરથી યુક્ત એક હજાર આઠ લક્ષણ ધારક, ગૌતમ ગોત્રિક અને શ્યામ વર્ણવાળા હતા.

**વજ્જરિસહસંઘયણો, સમચઉરંસો ઝસોયરો ।**
**તસ્સ રાયમઈ કન્નં, ભજ્જં જાયઈ કેસવો ॥૬॥**

આ અરિષ્ટનેમિ વજ્રઋષભનારાચ સંઘયણ, સમચતુરસ્ર સંસ્થાન અને મત્સ્ય સમાન ઉદરવાળા હતા. રાજેમતીને તેમની પત્ની બનાવવાને માટે શ્રી કૃષ્ણે માગણી કરી.

**અહ સા રાયવરકન્ના, સુસીલા ચારુપેહણી ।**
**સવ્વલક્ખણસંપન્ના, વિજ્જુસોયામણિપ્પભા ॥૭॥**

આ શ્રેષ્ઠ રાજકન્યા સુશીલ, ચારુદષ્ટિવાળી, સુંદર દષ્ટિવાળી સર્વ લક્ષણ સંપન્ન અને શરીરની પ્રભા (કાંતિ) ચમકતી વીજળીની સમાન હતી.

**અહાહ જણઓ તીસે, વાસુદેવં મહિડ્ઢિયં ।**
**ઈહા ગચ્છઉ કુમારો, જા સે કન્નં દદામિ હં ॥૮॥**

યાચના કર્યા પછી આ રાજેમતીના પિતાએ મહર્દ્ધિક શ્રી કૃષ્ણ વાસુદેવને કહ્યું કે જો નેમિકુમાર અહીં પધારે તો હું આ કન્યા તેને આપું.

**સવ્વોસહીહિં ન્હવિઓ, કયકોઉયમંગલો ।**
**દિવ્વજુયલપરિહિઓ, આભરણેહિં વિભૂસિઓ ॥૯॥**

શ્રી અરિષ્ટનેમિને સર્વ ઔષધિઓથી મિશ્રિત જલથી સ્નાન કરાવ્યું. કૌતુક મંગલ કર્યા, દિવ્ય વસ્ત્રયુગલ પહેરાવ્યા અને ઘરેણાંથી વિભૂષિત કર્યા.

**મત્તં ચ ગન્ધહત્થિં, વાસુદેવસ્સ જેટ્ઠગં ।**
**આરૂઢો સોહએ અહિયં, સિરે ચૂડામણી જહા ॥૧૦॥**

જેમ માથા ઉપર ચૂડામણિ-મુકુટ શોભે છે, તેમ વાસુદેવના સૌથી મોટા મદયુક્ત અને સર્વશ્રેષ્ઠ ગંધ હસ્તી ઉપર ચઢેલા નેમિકુમાર અત્યંત શોભિત થાય છે.

**અહ ઊસિએણ છત્તેણ, ચામરાહિ ય સોહિએ ।**
**દસારચક્કેણ ય સો, સવ્વઓ પરિવારિઓ ॥૧૧॥**

મસ્તક પર ધારણ કરેલ ઊંચા છત્ર અને ચામરોથી સુશોભિત તથા દશાર્હચક્રથી બધી બાજુ ઘેરાયેલા હતા.

**ચઉરંગિણીએ સેનાએ, રઈયાએ જહક્કમં ।**
**તુરિયાણ સન્નિનાએણ, દિવ્વેણ ગગણં ફુસે ॥૧૨॥**

ક્રમાનુસાર રચેલી ચતુરંગિણી સેના તથા વાજિંત્રોના દિવ્ય નાદથી આકાશ ગુંજવા લાગ્યું.

**એયારિસાએ ઇડ્ઢીએ, જુત્તીએ ઉત્તમાઇ ય ।**
**નિયગાઓ ભવણાઓ, નિજ્જાઓ વણ્હિ પુંગવો ॥૧૩॥**

આવી રીતે ઉત્તમ રિદ્ધિ અને ઉત્તમ તેજથી યુક્ત થઈને વૃષ્ણિપુંગવ નેમિકુમાર પોતાના મહેલમાંથી નીકળ્યા.

**અહ સો તત્થ નિજ્જન્તો, દિસ્સ પાણે ભયદ્દુએ ।**
**વાડેહિં પંજરેહિં ચ, સન્નિરુદ્ધે સુદુક્ખિએ ॥૧૪॥**

હવે શ્રી નેમિકુમારે ત્યાંથી નીકળતાં મંડપની સમીપમાં પહોંચતા વાડામાં અને પિંજરામાં પુરાયેલાં ભયભીત તથા દુઃખિત પ્રાણીઓને જોયાં.

**જીવિયન્તં તુ સંપત્તે, મંસટ્ઠા ભક્ખિયવ્વએ ।**
**પાસિત્તા સે મહાપન્ને, સારહિં ઇણમબ્બવી ॥૧૫॥**

માંસ ભક્ષણને માટે જીવનના અંતને પ્રાપ્ત થનારાં તે પ્રાણીઓને જોઈને તે મહાપ્રાજ્ઞ નેમિકુમારે સારથીને નીચે પ્રમાણે પૂછ્યું :

**કસ્સ અટ્ઠા ઇમે પાણા, એએ સવ્વે સુહેસિણો ।**
**વાડેહિં પંજરેહિં ચ, સન્નિરુદ્ધા ય અચ્છહિ? ॥૧૬॥**

અરિષ્ટનેમિ પૂછે છે કે - આ બધાં સુખાર્થી પ્રાણી કયા પ્રયોજનને માટે વાડામાં અને પાંજરામાં પૂરવામાં આવ્યા છે ?

**અહ સારહી તઓ ભણઇ, એએ ભદ્દા ઉ પાણિણો ।**
**તુજ્ઝ વિવાહકજ્જંમિ, ભોયાવેઉં બહું જણં ॥૧૭॥**

ત્યારે સારથી કહે છે કે આ નિર્દોષ ભદ્ર પ્રાણીઓ તમારા વિવાહ કાર્યમાં બહુજન જાનૈયાના ભોજનને માટે છે.

**સોઊણ તસ્સ વયણં, બહુપાણિવિણાસણં ।**
**ચિન્તેઇ સે મહાપન્ને, સાણુક્કોસે જિએ હિઉ ॥૧૮॥**

ઘણાં પ્રાણીઓના વિનાશથી સંબંધિત સારથીના વચનને સાંભળીને જીવો ઉપર અનુકંપા ધરાવનાર મહાપ્રાજ્ઞ નેમિકુમાર ચિંતવવા લાગ્યા.

**જઇ મજ્ઝ કારણા એએ, હમ્મન્તિ સુબહૂ જિયા ।**
**ન મે એયં તુ નિસ્સેસં, પરલોગે ભવિસ્સઈ ॥૧૯॥**

જો મારા કારણથી એ ઘણા જીવો (પ્રાણીઓ) હણાશે તો આ કાર્યથી પરલોકમાં મારું કલ્યાણ થશે નહિ.

**સો કુંડલાણ જુયલં, સુત્તગં ચ મહાયસો ।**
**આભરણાણિ ય સવ્વાણિ, સારહિસ્સ પણામએ ॥૨૦॥**

એ મહાયશસ્વી નેમિકુમારે કુંડલની જોડી, કંદોરો તથા બધાં આભરણો સારથીને આપી દીધાં.

**મણપરિણામો ય કઓ, દેવા ય જહોઇયં સમોઇન્ના ।**
**સવ્વઢ્ઢીઈ સપરિસા, નિક્ખમણં તસ્સ કાઉં જે ॥૨૧॥**

ભગવાનના મનમાં દીક્ષાના પરિણામ થવાથી દેવતાઓ પોતાની સર્વ રિદ્ધિ અને પરિષદની સાથે નિષ્ક્રમણ મહોત્સવ કરવા આવ્યા.

**દેવ મણુસ્સપરિવુડો, સિવિયારયણં તઓ સમારૂઢો ।**
**નિક્ખમિય બારગાઓ, રેવયંમિ ઠ્ઠિઓ ભગવં ॥૨૨॥**

દેવ અને મનુષ્યોથી વીંટાયેલા ભગવાન શિબિકારત્ન ઉપર આરૂઢ થઈને દ્વારકાથી નીકળ્યા અને રૈવતક પર્વત પધાર્યા.

**ઉજ્જાણં સંપત્તો ઓઇણ્ણો, ઉત્તમાઓ સીયાઓ ।**
**સાહસ્સીએ પરિવુડો, અહ નિક્ખમઇ ઉ ચિત્તાહિં ॥૨૩॥**

ત્યાં (સહસ્ત્રામ્રવન) ઉદ્યાનમાં પહોંચીને ઉત્તમ શિબિકાથી ઊતરીને એક હજાર પુરુષોની સાથે ચિત્રાનક્ષત્રના યોગમાં દીક્ષા અંગીકાર કરી.

**અહ સે સુગંધગંધિએ, તુરિયં મિઉયકુંચિએ ।**
**સયમેવ લુંચઈ કેસે, પંચમુટ્ઠિહિં, સમાહિઓ ॥૨૪॥**

પછી સમાધિસંપન્ન ભગવાને સુગંધીથી સુવાસિત કોમલ ગુચ્છાદાર કેશોનો સ્વયમેવ શીઘ્ર પંચ મુષ્ટિ લોચ કર્યો.

**વાસુદેવો ય ણં ભણઈ, લુત્તકેસં જિઈન્દિયં ।**
**ઈચ્છિયમણોરહં તુરિયં, પાવસુ તં દમીસરા ॥૨૫॥**

લુંચિત કેશયુક્ત જિતેન્દ્રિય ભગવાનને વાસુદેવ વગેરે કહેવા લાગ્યા કે હે દમીશ્વર પ્રભુ ! આપ શીઘ્ર ઈચ્છિત મનોરથને (મુક્તિને) પ્રાપ્ત કરો.

**નાણેણં દંસણેણં ચ, ચરિત્તેણ તહેવ ય ।**
**ખન્તીએ મુત્તીએ, વડ્ઢમાણો ભવાહિ ય ॥૨૬॥**

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, ક્ષમા, નિર્લોભતાથી હંમેશાં વર્ધમાન થાઓ. (આગળ વધો).

**એવં તે રામકેસવા, દસારા ય બહૂ જણા ।**
**અરિટ્ઠનેમિં વન્દિત્તા, અભિગયા બારગાપુરિં ॥૨૭॥**

આમ એ કેશવ અને દશાર્હ આદિ અનેક મનુષ્યો ભગવાન અરિષ્ટ-નેમિને વંદન કરીને દ્વારિકા નગરીમાં પાછા ફર્યા.

**સોઊણ રાયકન્ના, પવ્વજ્જં સા જિણસ્સ ઉ ।**
**નીહાસા ય નિરાણન્દા, સોગેણ ઉ સમુત્થિયા ॥૨૮॥**

એ રાજકન્યા ભગવાનની પ્રવ્રજ્યા-દીક્ષા સુણીને હાસ્ય અને આનંદથી રહિત થઈને શોકથી મૂર્ચ્છિત થઈ.

**રાઈમઈ વિચિન્તેઈ, ધિરત્થુ મમ જીવિયં ।**
**જા હં તેણ પરિચ્ચત્તા, સેયં પવ્વઈઉં મમ ॥૨૯॥**

રાજેમતી ચિંતવે છે કે મારા જીવનને ધિક્કાર હો. જે હું એમના દ્વારા પરિત્યક્તા થઈ, હવે મારા માટે પ્રવ્રજ્યા શ્રેષ્ઠ છે.

**અહ સા ભમરસન્નિભે, કુચ્ચફણગપસાહિએ ।**
**સયમેવ લુંચઈ કેસે, ધિઈમન્તા વવસ્સિયા ॥૩૦॥**

ત્યારપછી આ ધૈર્યવાળી સંયમાર્થે તૈયાર થયેલી રાજેમતીએ પોતાના ભ્રમર જેવા કાળા અને કુર્ચ અને કાંસકીએ સજેલા કેશનો સ્વયં લોચ કર્યો.

**વાસુદેવો ય ણં ભણઈ, લુત્તકેસં જિઈન્દિયં ।**
**સંસારસાગરં ઘોરં, તર કન્ને લહું લહું ॥૩૧॥**

વાસુદેવ વગેરે એ લુંચિત કેશવાળી જિતેન્દ્રિય રાજેમતીને કહેવા લાગ્યા : હે કન્યા ! તું આ દુઃસાર ઘોર સંસાર સમુદ્રને જલદીથી તરી જા.

**સા પવ્વઈયા સન્તી, પવ્વાવેસી તહિં બહું ।**
**સંયણ પરિયણં ચેવ, સીલવન્તા બહુસ્સુયા ॥૩૨॥**

પ્રવ્રજિત થયા પછી શીલવતી, રાજેમતીએ બહુશ્રુતા થઈને તે દ્વારિકાનગરીમાં ઘણી સ્વજન પરિજનોની સ્ત્રીઓને દીક્ષા આપી.

**ગિરિં રેવતયં જન્તી, વાસેણુલ્લા ઉ અન્તરા ।**
**વાસન્તે અંધયારંમિ, અન્તો લયણસ્સ સા ઠિયા ॥૩૩॥**

સાધ્વી રાજેમતી નેમપ્રભુના દર્શનાર્થે એકવાર રૈવતક પર્વત ઉપર જતી વખતે વર્ષાથી ભીંજાઈ, અંધારું થઈ ગયું હતું. વર્ષાથી બચવા માટે એક અંધારી ગુફામાં તે રોકાઈ.

**ચીવરાઈં વિસારન્તી, જહા જાય ત્તિ પાસિયા ।**
**રહનેમી ભગ્ગચિત્તો, પચ્છા દિટ્ઠો ય તીઈ વિ ॥૩૪॥**

રાજેમતીને, વસ્ત્ર સુકવતી વખતે નગ્ન રૂપે જોઈને રથનેમિ ભગ્ન ચિત્ત થઈ ગયા. રાજેમતીએ પણ એને જોયા.

**ભીયા ય સા તહિં દટ્ઠું, એગન્તે સંજયં તયં ।**
**બાહાહિં કાઉ સંગોપ્ફં, વેવમાણિ નિસીયઈ ॥૩૫॥**

ત્યાં તે ગુફામાં એકાંતમાં સંયતિને જોઈને તે ભયભીત થઈ ગઈ. ભયથી ધ્રૂજતી રાજેમતી પોતાના બંને હાથથી વક્ષસ્થળને ગોપવીને બેસી ગઈ.

**અહ સો વિ રાયપુત્તો, સમુદ્દવિજયંગઓ ।**
**ભીયં પવેવિયં દટ્ઠું, ઈમં વક્કં ઉદાહરે ॥૩૬॥**

સમુદ્રવિજયના પુત્ર એ રથનેમિ, ભયથી કંપાયમાન એવી રાજેમતીને જોઈને નીચે મુજબ કહેવા લાગ્યા :

**રહનેમી અહં ભદ્દે, સુરુવે ચારુભાસિણી ।**
**મમં ભયાહિ સુયણુ, ન તે પીલા ભવિસ્સઇ ॥૩૭॥**

હે ભદ્રે ! હે સુંદરી ! હું રહનેમિ છું, હે મધુરભાષિણી ! તું મને પતિ સ્વરૂપે સ્વીકાર. હે સુતનુ ! એમ કરવાથી તને કોઈ પ્રકારની પીડા થશે નહિ.

**એહિ તા ભુંજિમો ભોએ, માણુસ્સં ખુ સુદુલ્લહં ।**
**ભુત્તભોગી તઓ પચ્છા, જિણમગ્ગં ચરિસ્સમો ॥૩૮॥**

તમે અહીં આવો, મનુષ્ય જન્મ મળવો ખરેખર દુર્લભ છે, માટે આપણે બંને ભોગ ભોગવીએ. ભોગ ભોગવ્યા પછી જિનમાર્ગને-ચારિત્રધર્મને ફરીથી અનુસરીશું.

**દટ્ઠૂણ રહનેમિં તં, ભગ્ગુજ્જોયપરાજિયં ।**
**રાઈમઈ અસંભન્તા, અપ્પાણં સંવરે તહિં ॥૩૯॥**

ભગ્નચિત્ત સંયમ પ્રતિ નિરુત્સાહ અને સ્ત્રી પરિષહથી પરાજિત રહનેમિને જોઈને રાજેમતી નિર્ભિક બની અને તેણે પોતાનું શરીર ઢાંક્યું.

**અહ સા રાયવરકન્ના, સુટ્ઠિયા નિયમવ્વએ ।**
**જાઈ કુલં ચ સીલં ચ, રક્ખમાણી તયં વએ ॥૪૦॥**

પછી પોતાના નિયમો અને વ્રતોમાં સુસ્થિત-અચલ તે શ્રેષ્ઠ રાજકન્યા પોતાનાં જાતિ, કુલ અને શીલની રક્ષા કરતી રહનેમિને કહેવા લાગી :

**જઈ સિ રૂવેણ વેસમણો, લલિએણ નલકૂબરો ।**
**તહા વિ તે ન ઈચ્છામિ, જઈ સિ સક્ખં પુરન્દરો ॥૪૧॥**

જો તું રૂપમાં વૈશ્રમણ અને લલિતકલાઓમાં નળ કુબેર સમાન તથા સાક્ષાત્ ઈન્દ્ર હો તો પણ હું તને ઈચ્છતી નથી.

**પક્ખન્દે જલિયં જોઈં, ધૂમકેઉં દુરાસયં ।**
**નેચ્છન્તિ વન્તયં ભોત્તું, કુલે જાયા અગન્ધણે ॥૪૨॥**

અગંધન કુલમાં ઉત્પન્ન થયેલ સાપ જાજ્વલ્યમાન અગ્નિમાં પડવું પસંદ કરશે, પણ વમન કરેલું વિષ ફરી પીવાને ઈચ્છશે નહિ.

**ધિરત્થુ તે જસોકામી, જો તં જીવિયકારણા ।**
**વન્તં ઈચ્છસિ આવેઉં, સેયં તે મરણં ભવે ॥૪૩॥**

હે અપયશના કામી ! તને ધિક્કાર છે. જો તું અસંયમી જીવન માટે વમન કરેલા ભોગોને ઈચ્છે છે, તો બહેતર છે કે તું મરી જા

**અહં ચ ભોગરાયસ્સ, તં ચ સિ અંધગવણ્હિણો ।**
**મા કુલે ગંધણા હોમો, સંજમં નિહુઓ ચર ॥૪૪॥**

હું ભોગરાજ(ઉગ્રસેન)ની પુત્રી છું. તું અંધકવિષ્ણુ(સમુદ્રવિજય)નો પુત્ર છે. આપણે ગંધન કુલના સર્પ સમાન ન થવું જોઈએ. એટલા માટે તમે નિશ્ચલ થઈને સંયમ પાલન કરો.

**જઈ તં કાહિસિ ભાવં, જા જા દિચ્છસિ નારિઓ ।**
**વાયાવિદ્ધો વ્વ હડો, અટ્ઠિઅપ્પા ભવિસ્સસિ ॥૪૫॥**

જો તું વૈષયિક ભાવ રાખીશ તો જયાં જયાં તું સ્ત્રીઓને જોઈશ ત્યાં પવનથી ચલિત હડ વનસ્પતિની માફક તું અસ્થિર આત્મા થઈ જઈશ.

**ગોવાલો ભંડવાલો વા, જહા તદ્દવ્વનિસ્સરો ।**
**એવં અણિસ્સરો તં પિ, સામણ્ણસ્સ ભવિસ્સસિ ॥૪૬॥**

જેવી રીતે ગોવાળ ગાયોનો સ્વામી નથી અને ભંડારી ભંડારનો સ્વામી નથી, તેમ ફક્ત વેષધારી અને સંયમ રહિત એવો તું પણ સંયમી રહીશ નહિ.

**તીસે સો વયણં સોચ્ચા, સંજયાએ સુભાસિયં ।**
**અંકુસેણ જહા નાગો, ધમ્મે સંપડિવાઈઓ ॥૪૭॥**

સાધ્વી રાજેમતીના સુભાષિત વચનોને સાંભળીને રથનેમિ સંયમ ધર્મમાં સ્થિર થયો. જેમ અંકુશથી હાથી વશ થઈ જાય છે.

**કોહં માણં નિગિણ્હિત્તા, માયં લોભં ચ સવ્વઓ ।**
**ઈન્દિયાઈં વસે કાઉં, અપ્પાણં ઉવસંહરે ॥૪૮॥**

રહનેમિએ ક્રોધ, માન, માયા અને લોભને જીતીને પાંચે ઈન્દ્રિયોને વશમાં લઈને આત્માને પ્રમાદથી હઠાવીને ધર્મમાં સ્થિર કર્યો.

**મણગુત્તો વયગુત્તો, કાયગુત્તો જિઈન્દિઓ ।**
**સામણ્ણં નિચ્ચલં ફાસે, જાવજ્જીવં દઢવ્વઓ ॥૪૯॥**

રહનેમિ મન, વચન, કાયાથી ગુપ્ત, જિતેન્દ્રિય અને નિશ્ચલતાથી દઢવ્રતી થયા. જીવનપર્યંત નિશ્ચલભાવથી શ્રમણધર્મ પાળ્યો.

**ઉગ્ગં તવં ચરિત્તાણં, જાયા દોણ્ણિ વિ કેવલી ।**
**સવ્વં કમ્મં ખવિત્તાણં, સિદ્ધિં પત્તા અણુત્તરં ॥૫૦॥**

ઉગ્ર તપને સેવીને બંને કેવલજ્ઞાની થયા. સર્વ કર્મ ખપાવીને અનુત્તર સિદ્ધિને વર્યા.

**એવં કરેન્તિ સંબુદ્ધા, પંડિયા પવિયક્ખણા ।**
**વિણિયટ્ટન્તિ ભોગેસુ, જહા સો પુરિસોત્તમો ॥૫૧॥**

**॥ ત્તિબેમિ ॥**

તત્ત્વજ્ઞાની વિચક્ષણ પંડિતજનો એવું જ કરે છે. પુરુષોત્તમ રથનેમિની જેમ તેઓ ભોગોથી નિવૃત્ત થઈ જાય છે.

## અધ્યયન-૨૩ : કેશી-ગૌતમ

**જિણે પાસે ત્તિ નામેણં, અરહા લોગપૂઈઓ ।**
**સંબુદ્ધપ્પા ય સવ્વન્નૂ, ધમ્મતિત્થયરે જિણે ॥૧॥**

ત્રિલોક પૂજ્ય ધર્મ તીર્થંકર, સર્વજ્ઞ, સર્વદર્શી શ્રી પાર્શ્વજિન નામના અર્હન્ત જિનેશ્વર થયા.

**તસ્સ લોગપઈવસ્સ, આસિ સીસે મહાયસે ।**
**કેસી કુમારસમણે, વિજ્જાચરણપારગે ॥૨॥**

તે લોકપ્રદીપ ભગવાનને મહાયશસ્વી કેશીકુમાર નામના શ્રમણ શિષ્ય હતા. તે જ્ઞાન અને શીલમાં સંપૂર્ણ હતા.

**ઓહિનાણસુએ બુદ્ધે, સીસસંઘસમાઉલે ।**
**ગામાણુગામં રીયન્તે, સાવત્થિં પુરમાગએ ॥૩॥**

મતિ, શ્રુત અને અવધિજ્ઞાનથી તત્ત્વોના જ્ઞાતા હતા. કેશીકુમાર શિષ્ય સંઘ સહિત ગ્રામાનુગ્રામ ફરતા શ્રાવસ્તી નગરીમાં પધાર્યા.

**તિન્દુયં નામ ઉજ્જાણં, તમ્મી નગરમંડલે ।**
**ફાસુએ સિજ્જસંથારે, તત્થ વાસમુવાગએ ॥૪॥**

એ નગરીની પાસેના તિંદુક ઉદ્યાનમાં નિર્દોષ સંથારા (પીઠ - ફલક - પાટ) શય્યા - આવાસ સ્થાન લઈને વાસ કર્યો.

**અહ તેણેવ કાલેણં, ધમ્મતિત્થયરે જિણે ।**
**ભગવં વદ્ધમાણિ ત્તિ, સવ્વલોગમ્મિ વિસ્સુએ ॥૫॥**

એ વખતે વિશ્વ વિખ્યાત જિનેશ્વર ભગવાન વર્ધમાન સ્વામી ધર્મતીર્થના પ્રવર્તક હતા.

**તસ્સ લોગપઈવસ્સ, આસિ સીસે મહાયસે ।**
**ભગવં ગોયમે નામં, વિજ્જાચરણપારએ ॥૬॥**

એ લોકપ્રદીપ ભગવાન મહાવીરને એક મહાયશસ્વી ગૌતમ નામના શિષ્ય હતા, જે વિદ્યા અને શીલમાં પરિપૂર્ણ હતા.

**બારસંગવિઊ બુદ્ધે, સીસસંઘસમાઉલે ।**
**ગામાણુગામં રીયન્તે સે વિ સાવત્થિમાગએ ॥૭॥**

દ્વાદશ અંગના જાણકાર, તત્ત્વજ્ઞાની ભગવાન ગૌતમ પોતાના શિષ્ય સંઘની સાથે એ શ્રાવસ્તી નગરીમાં પધાર્યા.

**કોટ્ઠગં નામ ઉજ્જાણં, તમ્મી નગરમંડલે ।**
**ફાસુએ સિજ્જસંથારે, તત્થ વાસમુવાગએ ॥૮॥**

ગૌતમ સપરિવાર એ નગરની બહાર કોષ્ટક નામના બગીચામાં નિર્દોષ શય્યા - સંથારા લઈને રહ્યા.

**કેસી કુમારસમણે, ગોયમે ય મહાયસે ।**
**ઉભઓ વિ તત્થ વિહરિંસુ, અલ્લીણા સુસમાહિયા ॥૯॥**

મહાયશસ્વી કેશીકુમાર શ્રમણ અને શ્રી ગૌતમ સ્વામી બંને ઈન્દ્રિયોને વશમાં રાખીને સમાધિપૂર્વક વિચરવા લાગ્યા.

**ઉભઓ સીસસંઘાણં, સંજયાણં તવસ્સિણં ।**
**તત્થ ચિન્તા સમુપ્પન્ના, ગુણવન્તાણ તાઈણં ॥૧૦॥**

તે શ્રાવસ્તીમાં શ્રમણ, તપસ્વી, છકાય રક્ષક, ગુણવાન એવા બંનેના શિષ્ય સંઘમાં નીચે પ્રમાણે શંકા ઉત્પન્ન થઈ.

**કેરિસો વા ઈમો ધમ્મો, ઈમો ધમ્મો વ કેરિસો ।**
**આયારધમ્મપણિહી, ઈમા વા સા વ કેરિસી ॥૧૧॥**

અમારો ધર્મ કેવો છે ? અને આમનો ધર્મ કેવો છે ? તથા અમારી અને તેમની આચાર ધર્મની વ્યવસ્થા કેવી છે ?

**ચાઉજ્જામો ય જો ધમ્મો, જો ઈમો પંચસિક્ખિઓ ।**
**દેસિઓ વદ્ધમાણેણ, પાસેણ ય મહામુણી ॥૧૨॥**

મહા મુનિ, ભગવાન પાર્શ્વનાથે ચાર યામરૂપ ધર્મનો અને વર્દ્ધમાન સ્વામીએ પાંચ શિક્ષારૂપ ધર્મનો ઉપદેશ કર્યો છે.

**અચેલઓ ય જો ધમ્મો, જો ઈમો સન્તરુત્તરો ।**
**એગકજ્જપવન્નાણં, વિસેસે કિં નુ કારણં ॥૧૩॥**

ભગવાન મહાવીર દ્વારા પ્રતિપાદન અચેલક ધર્મ છે અને પાર્શ્વનાથ દ્વારા પ્રરૂપિત પ્રધાન વસ્ત્રરૂપ સચેલક ધર્મ છે. એક જ કાર્ય (મોક્ષરૂપ કાર્ય)માં પ્રવૃત્ત થયેલા બંનેમાં ભેદ કેમ છે ?

**અહ તે તત્થ સીસાણં, વિન્નાય પવિતક્કિયં ।**
**સમાગમે કયમઈ, ઉભઓ કેસિગોયમા ॥૧૪॥**

શ્રી કેશીકુમાર અને શ્રી ગૌતમસ્વામી બંનેએ પોતાના શિષ્ય સમુદાયની શંકા જાણીને શ્રાવસ્તીમાં જ પરસ્પર મળવાનો વિચાર કર્યો.

**ગોયમે પડિરુવન્નૂ, સીસસંઘસમાઉલે ।**
**જેટ્ઠં કુલમવેક્ખન્તો, તિન્દુયં વણમાગઓ ॥૧૫॥**

વિનયજ્ઞ શ્રી ગૌતમસ્વામી કેશી શ્રમણના શ્રેષ્ઠ કુલનો વિચાર કરીને પોતાના શિષ્ય સંઘની સાથે તિંદુક વનમાં આવ્યા.

**કેસી કુમારસમણે, ગોયમં દિસ્સમાગયં ।**
**પડિરૂવં પડિવત્તિં, સમ્મં સંપડિવજ્જઈ ॥૧૬॥**

શ્રી ગૌતમસ્વામીને આવતા જોઈને શ્રમણ કેશીકુમારે ભક્તિ અને બહુમાનપૂર્વક એમનું સ્વાગત કર્યું.

**પલાલં ફાસુયં તત્થ, પંચમં કુસતણાણિ ય ।**
**ગોયમસ્સ નિસેજ્જાએ, ખિપ્પં સંપણામએ ॥૧૭॥**

શ્રી ગૌતમ સ્વામીને બેસવા માટે નિર્દોષ ચાર પ્રકારનાં અનાજોના પરાળ, તથા પાંચમાં પ્રકારનું ઘાસ સમર્પણ કર્યું.

**કેસી કુમારસમણે, ગોયમે ય મહાયસે ।**
**ઉભઓ નિસન્ના સોહન્તિ ચંદસૂરસમપ્પભા ॥૧૮॥**

કેશીકુમાર શ્રમણ અને મહાયશસ્વી ગૌતમ બંને બેઠેલા એવા શોભે છે કે જાણે ચંદ્ર અને સૂર્ય પોતાની પ્રભાથી શોભે છે.

**સમાગયા બહૂ તત્થ, પાસંડા કોઉગા મિયા ।**
**ગિહત્થાણં અણેગાઓ, સાહસ્સીઓ સમાગયા ॥૧૯॥**

ત્યાં કુતૂહલની દૃષ્ટિએ ઘણા પાખંડીઓ, કુતૂહલીકો, અજ્ઞાની અને હજારો ગૃહસ્થીઓ આવ્યા.

**દેવદાણવગન્ધવ્વા, જક્ખરક્ખસકિન્નરા ।**
**અદિસ્સાણં ચ ભૂયાણં, આસી તત્થ સમાગમો ॥૨૦॥**

દેવ, દાનવ, ગંધર્વો, યક્ષ, રાક્ષસ, કિન્નરો અને અદૃશ્ય ભૂતો પણ ત્યાં આવી ગયા.

**પુચ્છામિ તે મહાભાગ, કેસી ગોયમમબ્બવી ।**
**તઓ કેસિં બુવન્તં તુ, ગોયમો ઈણમબ્બવી ॥૨૧॥**

શ્રી કેશીકુમારે શ્રી ગૌતમ સ્વામીને પૂછ્યું કે હે મહાભાગ્યવાન ! હું આપને પ્રશ્ન પૂછું ? ત્યારે ગૌતમ સ્વામીએ કહ્યું કે -

**પુચ્છ ભંતે ! જહિચ્છં તે, કેસી ગોયમમબ્બવી ।**
**તઓ કેસિં અણુન્નાએ, ગોયમં ઈણમબ્બવી ॥૨૨॥**

હે પૂજ્ય ! જે ઈચ્છા હોય તે પૂછો. ગૌતમ સ્વામીની આજ્ઞા મળવાથી કેશી શ્રમણે આ પ્રમાણે પૂછ્યું :

**ચાઉજ્જામો ય જો ધમ્મો, જો ઈમો પંચસિક્ખિઓ ।**
**દેસિઓ વદ્ધમાણેણ, પાસેણ ય મહામુણી ॥૨૩॥**

શ્રી વર્ધમાને પંચ શિક્ષારૂપ ધર્મનો અને શ્રી પાર્શ્વે ચાર યામરૂપ ધર્મનો ઉપદેશ કર્યો છે.

**એગકજ્જપવન્નાણં, વિસેસે કિં નુ કારણં ।**
**ધમ્મે દુવિહે મેહાવિ, કહં વિપ્પચ્ચઓ ન તે ॥૨૪॥**

હે મેધાવી ! એક જ કાર્ય (ધ્યેય) માટે પ્રવૃત્ત થયેલ આ બંનેમાં વિશેષ ભેદ થવાનું કારણ શું ? આવી રીતે ધર્મના બે ભેદ થવાથી આપને શંકા થતી નથી ?

**તઓ કેસિં બુવન્તં તુ, ગોયમો ઈણમબ્બવી ।**
**પન્ના સમિક્ખિએ ધમ્મં, તત્તં તત્તવિણિચ્છિયં ॥૨૫॥**

શ્રી કેશી સ્વામીના કહેવાથી શ્રી ગૌતમ સ્વામીએ કહ્યું કે, તત્ત્વોનો નિશ્ચય કરવાવાળી પ્રજ્ઞા જ ધર્મને સમ્યક્ રૂપથી જુએ છે - સમીક્ષા કરે છે.

**પુરિમા ઉજ્જુજડા ઉ, વંકજડા ય પચ્છિમા ।**
**મજ્ઝિમા ઉજ્જુપન્ના, ઉ, તેણ ધમ્મે દુહા કએ ॥૨૬॥**

પ્રથમ તીર્થંકરના મુનિ સરળ અને જડ હતા, ચરમ તીર્થંકરના સાધુ વક્ર અને જડ છે તથા મધ્યના ૠજુપ્રાજ્ઞ છે. આ માટે ધર્મના ભેદ છે.

**પુરિમાણં દુવ્વિસોજ્ઝો ઉ, ચરિમાણં દુરણુપાલઓ ।**
**કપ્પો મજ્ઝિમગાણં તુ, સુવિસોજ્ઝો સુપાલઓ ॥૨૭॥**

પ્રથમ તીર્થંકરના મુનિ મુશ્કેલીથી ધર્મ સમજતા અને અંતિમ જિનના મુનિઓને ધર્મ પાળવો કઠિન છે, પરંતુ મધ્યવર્તી તીર્થંકરોના મુનિઓ માટે સમજવું અને પાળવું સુલભ છે.

**સાહુ ગોયમ ! પન્ના તે, છિન્નો મે સંસઓ ઈમો ।**
**અન્નો વિ સંસઓ મજ્ઝં, તં મે કહસુ ગોયમા ॥૨૮॥**

હે ગૌતમ ! આપની પ્રજ્ઞા શ્રેષ્ઠ છે, મારો સંશય છેદાઈ ગયો છે. મારામાં બીજી શંકા છે. આપ એનું સમાધાન ન કરો ?

**અચેલગો ય જો ધમ્મો, જો ઈમો સન્તરુત્તરો ।**
**દેસિઓ વદ્ધમાણેણ, પાસેણ ય મહામુણી ॥૨૯॥**

હે ગૌતમ ! શ્રી વર્ધમાન સ્વામીનો ઉપદેશ અચેલક ધર્મ છે, અને પાર્શ્વનાથ મહા મુનિનો ધર્મ સાંતરોતર છે = જે રંગબેરંગી વર્ણવાળો અને બહુમૂલ્ય વસ્ત્ર ધારણ કરવાનો છે.

**એગકજ્જપવન્નાણં, વિસેસે કિં નુ કારણં ।**
**લિંગે દુવિહે મેહાવી ! કહં વિપ્પચ્ચઓ ન તે ॥૩૦॥**

એક જ કાર્ય પ્રવર્તનમાં ભેદ થવાનું શું કારણ છે ? હે મેધાવી ! વેશના (લિંગના) બે ભેદ થવાથી આપને શંકા નથી થતી ?

**કેસિમેવં બુવાણં તુ, ગોયમો ઈણમબ્બવી ।**
**વિન્નાણેણ સમાગમ્મં, ધમ્મસાહણમિચ્છિયં ॥૩૧॥**

કેશી સ્વામીના પૂછવા ઉપરથી ગૌતમ સ્વામીએ કહ્યું કે (કેવળજ્ઞાન) વિજ્ઞાનથી જાણીને ધર્મ સાધનોની સારી રીતે આજ્ઞા આપવામાં આવી છે. (વેશ-ચિહ્‌ન-ઉપકરણ)

**પચ્ચયત્થં ચ લોગસ્સ, નાણાવિહવિગપ્પણં ।**
**જત્તત્થં ગહણત્થં ચ, લોગે લિંગપઓયણં ॥૩૨॥**

લોકમાં પ્રતીતિ માટે, વર્ષાકલ્પ આદિ સમયોમાં સંયમ પાળવા માટે વિવિધ પ્રકારનાં ઉપકરણનું વિધાન, અને 'હું સાધુ છું.' એમ લોકમાં ઓળખાણ કરવા માટે ધર્મ ચિહ્‌ન જરૂરી છે.

**અહ ભવે પઈન્ના ઉ, મોક્ખસબ્ભૂયસાહણા ।**
**નાણં ચ દંસણં ચેવ, ચરિત્તં ચેવ નિચ્છએ ॥૩૩॥**

નિશ્ચયદષ્ટિથી તો મોક્ષના સદ્‌ભુત સાધન, જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ છે. આ પ્રકારનો એકસરખો સિદ્ધાંત બંને તીર્થંકરોનો છે.

**સાહુ ગોયમ ! પન્ના તે, છિન્નો મે સંસઓ ઈમો ।**
**અન્નો વિ સંસઓ મજ્ઝં, તં મે કહસુ ગોયમા ॥૩૪॥**

હે ગૌતમ ! આપની પ્રજ્ઞા શ્રેષ્ઠ છે, મારો સંશય છેદાયો છે. હવે મારો બીજો સંશય છે તે હું આપને કહું છું.

**અણેગાણં સહસ્સાણં, મજ્ઝે ચિટ્ઠસિ ગોયમા ! ।**
**તે ય તે અહિગચ્છન્તિ, કહં તે નિજ્જિયા તુમે ॥૩૫॥**

હે ગૌતમ ! આપ હજારો શત્રુઓની વચ્ચે છો, આ શત્રુઓ તમને જીતવાને તમારી સામે આવ્યા છે, આપે એ શત્રુઓને કેવી રીતે પરાસ્ત કર્યા ?

**એગે જિએ જિયા પંચ, પંચ જિએ જિયા દસ ।**
**દસહા ઉ જિણિત્તાણં, સવ્વસત્તૂ જિણામહં ॥૩૬॥**

એકને જીત્યો એટલે પાંચને જીત્યા, પાંચને જીત્યા એટલે દશને જીત્યા, અને દશ પ્રકારના શત્રુઓને જીત્યાથી બધા શત્રુઓને જીતી લીધા.

**સત્તુ ય ઈઈ કે વુત્તે, કેસી ગોયમમબ્બવી ।**
**તઓ કેસિં બુવન્તં તુ, ગોયમો ઈણમબ્બવી ॥૩૭॥**

હે ગૌતમ ! એ શત્રુ કોણ છે ? કેશી શ્રમણના આ પ્રશ્નનો ગૌતમ ઉત્તર આપવા લાગ્યા.

**એગપ્પા અજિએ સત્તુ, કસાયા ઈન્દિયાણિય ।**
**તે જિણિત્તુ જહાનાયં, વિહરામિ અહં મુણી ॥૩૮॥**

હે મુનિ ! એક નિરંકુશ આત્મા મન જ શત્રુ છે અને ઈન્દ્રિયો તથા કષાયો શત્રુ છે. એને શાસ્ત્રોક્ત નીતિ મુજબ ન્યાયપૂર્વક જીતીને હું અપ્રતિબદ્ધ વિહાર કરું છું.

**સાહુ ગોયમ ! પન્ના તે, છિન્નો મે સંસઓ ઈમો ।**
**અન્નો વિ સંસઓ મજ્ઝં, તં મે કહસુ ગોયમા ॥૩૯॥**

હે ગૌતમ ! આપની પ્રજ્ઞા સારી છે, મારો સંશય છેદાયો છે, મારામાં બીજો સંશય એ છે તે હું આપને કહું છું.

**દીસન્તિ બહવે લોએ, પાસબદ્ધા સરીરિણો ।**
**મુક્કપાસો લહુબ્ભૂઓ, કહં તે વિહરસી મુણી ॥૪૦॥**

હે મુનિ ! લોકમાં ઘણા જીવો પાશમાં બંધાયેલા છે, પરંતુ આપ બંધનમુક્ત અને હળવા થઈને કેવી રીતે વિચરો છો ?

**તે પાસે સવ્વસો છિત્તા, નિહન્તૂણ ઉવાયઓ ।**
**મુક્કપાસો લહુબ્ભૂઓ, વિહરામિ અહં મુણી ॥૪૧॥**

હે મુનિવર ! મેં સર્વ પાશોને પૂર્ણ પ્રયત્નોથી સર્વથા કાપીને નાશ કર્યા છે. હું બંધનમુક્ત અને હળવો થઈને વિહરું છું.

**પાસા ય ઈઇ કે વુત્તા ? કેસી ગોયમમબ્બવી ।**
**કેસિમેવં બુવન્તં તુ, ગોયમો ઇણમબ્બવી ॥૪૨॥**

કેશી પૂછે છે : આ પાશ ક્યા છે ? કેશીસ્વામીએ એવું પૂછવા પર ગૌતમ સ્વામીએ કહ્યું :

**રાગદ્દોસાદઓ તિવ્વા, નેહપાસા ભયંકરા ।**
**તે છિન્દિત્તુ જહાનાયં, વિહરામિ જહક્કમ્મં ॥૪૩॥**

રાગદ્વેષાદિ તીવ્ર બે પાશ છે તેમાં સ્નેહરૂપ પાશ ભયંકર છે. એને હું શાસ્ત્રોક્ત ન્યાયપૂર્વક છેદીને અનુક્રમથી વિચરું છું.

**સાહુ ગોયમ ! પન્ના તે, છિન્નો મે સંસઓ ઇમો ।**
**અન્નો વિ સંસઓ મજ્ઝં તં મે કહસુ ગોયમા ॥૪૪॥**

હે ગૌતમ ! આપની પ્રજ્ઞા સારી છે. મારો સંશય છેદાયો છે. મને બીજો સંશય છે તે હું આપને કહું છું.

**અન્તોહિયયસંભૂયા, લયા ચિટ્ઠઇ ગોયમા ।**
**ફલેઇ વિસભક્ખીણિ, સા ઉ ઉદ્ધરિયા કહં ? ॥૪૫॥**

હે ગૌતમ ! હૃદયની અંદર ઉત્પન્ન થયેલી લત્તા રહે છે તે ભક્ષણ કરવા પર વિષ તુલ્ય ફળ આપે છે. આપે એ લત્તાને કેવી રીતે છેદી ?

**તં લયં સવ્વસો છિત્તા, ઉદ્ધરિત્તા સમૂલિયં ।**
**વિહરામિ જહાનાયં, મુક્કો મિ વિસભક્ખણં ॥૪૬॥**

મેં એ વિષ વેલીને સર્વથા છેદીને એને જડમૂળથી ફેંકી દીધી છે. હવે હું વિષ લત્તાથી-વિષ ભક્ષણથી મુક્ત થઈને વિચરું છું.

**લયા ય ઇઇ કા વુત્તા ? કેસી ગોયમમબ્બવી ।**
**કેસિમેવં બુવન્તં તુ, ગોયમો ઇણમબ્બવી ॥૪૭॥**

કેશી સ્વામી પૂછે છે : એ લત્તા કઈ જાતની છે ? કેશીના એ પ્રશ્નનો જવાબ ગૌતમ સ્વામી નીચે પ્રમાણે આપે છે :

**ભવતણ્હા લયા વુત્તા, ભીમા ભીમફલોદયા ।**
**તમુચ્છિત્તુ જહાનાયં, વિહરામિ મહામુણી ॥૪૮॥**

હે મહામુનિ ! સંસારમાં તૃષ્ણારૂપી ભયંકર વેલ છે અને તે વેલનું ફળ પણ ભયંકર છે. હું તે વિષ-વેલનો ઉચ્છેદ કરીને સર્વજ્ઞે કહેલ આજ્ઞા મુજબ વિહરું છું.

**સાહુ ગોયમ ! પન્ના તે, છિન્નો મે સંસઓ ઈમો ।**
**અન્નો વિ સંસઓ મજ્ઝં, તં મે કહસુ ગોયમા ॥૪૯॥**

હે ગૌતમ ! આપની પ્રજ્ઞા સારી છે. મારો સંશય છેદાયો છે. હવે મને બીજો સંશય છે તે હું આપને પૂછું છું.

**સંપજ્જલિયા ઘોરા, અગ્ગી ચિટ્ઠઈ ગોયમા ।**
**જે ડહન્તિ સરીરત્થા, કહં વિજ્ઝાવિયા તુમે ॥૫૦॥**

હે ગૌતમ ! શરીરમાં જે ભયંકર અગ્નિ બળી રહ્યો છે અને શરીરને જે બાળી રહ્યો છે, એને આપે કેવી રીતે શાંત કર્યો ?

**મહામેહપ્પસૂયાઓ, ગિજ્ઝ વારિ જલુત્તમં ।**
**સિંચામિ સયયં દેહં, સિત્તા નો ય ડહન્તિ મે ॥૫૧॥**

મહામેઘરૂપી વરસતા જલથી હું અગ્નિને નિરંતર બુઝાવું છું. શાંત કરું છું. આ ઠરેલ અગ્નિ મને બાળતી નથી.

**અગ્ગી ય ઈઈ કે વુત્તા, કેસી ગોયમમબ્બવી ।**
**કેસિમેવં બુવન્તં તુ, ગોયમો ઈણમબ્બવી ॥૫૨॥**

આ અગ્નિ કઈ છે, એમ કેશીએ ગૌતમને પૂછ્યું. કેશી સ્વામીના એવું પૂછવા પર ગૌતમે આ પ્રમાણે કહ્યું.

**કસાયા અગ્ગિણો વુત્તા, સુયસીલતવો જલં ।**
**સુયધારાભિહયા સન્તા, ભિન્ના હુ ન ડહન્તિ મે ॥૫૩॥**

કષાયને અગ્નિ કહે છે, અને શ્રુત, શિયળ તપ-જલ છે. શ્રુતરૂપ જલધારાથી અગ્નિને સીંચીને શાંત કર્યા પછી તે મને બાળતી નથી.

**સાહુ ગોયમ ! પન્ના તે, છિન્નો મે સંસઓ ઈમો ।**
**અન્નો વિ સંસઓ મજ્ઝં, તં મે કહસુ ગોયમા ॥૫૪॥**

હે ગૌતમ ! આપની પ્રજ્ઞા સારી છે, મારો સંશય છેદાયો છે, મને બીજી શંકા છે તે હું આપને કહું છું.

**અયં સાહસિઓ ભીમો, દુટ્ઠસ્સો પરિધાવઈ ।**
**જંસિ ગોયમ આરૂઢો, કહં તેણ ન હીરસિ ॥૫૫॥**

હે ગૌતમ ! આ સાહસિક, ભયંકર, દુષ્ટ ઘોડો ભાગી જાય છે. તેના પર આપ સવાર છો. કહો જોઈએ, આપને દુષ્ટ માર્ગમાં તે કઈ રીતે ન લઈ આવ્યો ?

**પધાવન્તં નિગિણ્હામિ સુયરસ્સીસમાહિયં ।**
**ન મે ગચ્છઇ ઉમ્મગ્ગં, મગ્ગં ચ પડિવજ્જઇ ॥૫૬॥**

દોડતા ઘોડાને હું શ્રુતરસીથી શાસ્ત્રરૂપી લગામ બાંધીને નિગ્રહ કરું છું, એથી મારો ઘોડો ઉન્માર્ગે જતો નથી અને સન્માર્ગે જાય છે.

**આસે ય ઇઇ કે વુત્તે, કેસી ગોયમમબ્બવી ।**
**કેસિમેવં બુવન્તં તુ ગોયમો ઇણમબ્બવી ॥૫૭॥**

કેશી સ્વામી ગૌતમને પૂછે છે : તે ઘોડો કોણ છે ? કેશીના પૂછેલા પ્રશ્નનો જવાબ ગૌતમ આ પ્રમાણે આપે છે :

**મણો સાહસિઓ ભીમો, દુટ્ઠસ્સો પરિધાવઈ ।**
**તં સમ્મં તુ નિગિણ્હામિ, ધમ્મસિક્ખાઈ કન્થગં ॥૫૮॥**

આ મન જ સાહસિક, દુષ્ટ અને ભયંકર અશ્વ છે, જે ચારે બાજુ ભાગે છે. હું જાતિવાન ઘોડાની માફક એને ધર્મ શિક્ષા દ્વારા નિગ્રહ કરું છું.

**સાહુ ગોયમ ! પન્ના તે, છિન્નો મે સંસઓ ઇમો ।**
**અન્નો વિ સંસઓ મજ્ઝં, તં મે કહસુ ગોયમા ॥૫૯॥**

હે ગૌતમ ! આપની પ્રજ્ઞા સારી છે. મારો સંશય છેદાયો છે, મને બીજો સંશય થાય છે તે હું આપને કહું છું.

**કુપ્પહા બહવો લોએ, જેહિં નાસન્તિ જન્તુણો ।**
**અદ્ધાણે કહં વટ્ટન્તો, તં ન નાસસિ ગોયમા ॥૬૦॥**

હે ગૌતમ ! લોકમાં કુમાર્ગ ઘણા છે. જેના ઉપર ચાલવાથી જીવ દુઃખી થાય છે, પરંતુ આપ કયા માર્ગમાં ચાલો છો, જેથી ભ્રષ્ટ થતા નથી.

**જે ય મગ્ગેણ ગચ્છન્તિ, જેય ઉમ્મગ્ગપટ્ઠિયા ।**
**તે સવ્વે વેઇયા મજ્ઝં, તો ન નસ્સામહં મુણી ॥૬૧॥**

ગૌતમસ્વામીએ કહ્યું : હે મુનિ ! જે સન્માર્ગે જાય છે અને ઉન્માર્ગે ચાલે છે, તે બધાને હું જાણું છું, એથી હું સન્માર્ગથી ભ્રષ્ટ થતો નથી.

**મગ્ગે ય ઇઇ કે વુત્તે, કેસી ગોયમમબ્બવી ।**
**કેસિમેવં બુવન્તં તુ, ગોયમો ઇણમબ્બવી ॥૬૨॥**

સન્માર્ગે અને ઉન્માર્ગ કયા ? એવું કેશીએ ગૌતમને પૂછ્યું. તેમના એ પૂછેલા પ્રશ્નનો ગૌતમે આ પ્રમાણે જવાબ આપ્યો :

**કુપ્પવયણપાસંડી, સવ્વે ઉમ્મગ્ગપટ્ઠિયા ।**
**સમ્મગ્ગં તુ જિણક્ખાયં, એસ મગ્ગે હિ ઉત્તમે ॥૬૩॥**

મિથ્યાદર્શનને માનનાર બધા પાખંડી છે અને તેઓ ઉન્માર્ગમાં રહે છે. શ્રી જિનભાષિત માર્ગ સન્માર્ગ છે અને એ જ ઉત્તમ માર્ગ છે.

**સાહુ ગોયમ ! પન્ના તે, છિન્નો મે સંસઓ ઈમો ।**
**અન્નો વિ સંસઓ મજ્ઝં, તં મે કહસુ ગોયમા ॥૬૪॥**

હે ગૌતમ ! આપની પ્રજ્ઞા સારી છે. મારો સંશય છેદાયો છે, મને બીજો સંશય થાય છે તે હું આપને કહું છું.

**મહાઉદગવેગેણ, બુજ્ઝમાણાણ પાણિણં ।**
**સરણં ગઈ પઈટ્ઠા ય, દીવં કં મન્નસી મુણી ॥૬૫॥**

હે મુનિરાજ ! પાણીના મહાપ્રવાહમાં ડૂબતાં ઘણાં પ્રાણીઓને શરણ આપનાર, ગતિ પ્રતિષ્ઠા આપનાર, સ્થિર રાખનાર દ્વીપ આપ કોને માનો છો ?

**અત્થિ એગો મહાદીવો, વારિમજ્ઝે મહાલઓ ।**
**મહાઉદગવેગસ્સ, ગઈ તત્થ ન વિજ્જઈ ॥૬૬॥**

ગૌતમસ્વામીએ કહ્યું : સમુદ્રના મધ્યમાં એક મોટો બેટ (દ્વીપ) છે. આ બેટ ઉપર પાણીના મોટા પ્રવાહની ગતિ નથી.

**દીવે ય ઈઈ કે વુત્તે, કેસી ગોયમમબ્બવી ।**
**કેસિમેવં બુવન્તં તુ, ગોયમો ઈણમબ્બવી ॥૬૭॥**

પ્રશ્ન - એ દ્વીપ-બેટ કયો છે ? એવું કેશીએ ગૌતમને પૂછ્યું કેશીના એ પૂછેલા પ્રશ્નનો ગૌતમે આ પ્રમાણે જવાબ આપ્યો :

**જરામરણવેગેણં, બુજ્ઝમાણાણ પાણિણં ।**
**ધમ્મો દીવો પઈટ્ઠા ય, ગઈ સરણમુત્તમં ॥૬૮॥**

જરા અને મૃત્યુરૂપ વેગથી ડૂબતાં પ્રાણીઓને ધર્મદ્વીપ ઉત્તમ સ્થાન અને પ્રતિષ્ઠા છે. ગતિ છે. શરણરૂપ છે.

**સાહુ ગોયમ ! પન્ના તે, છિન્નો મે સંસઓ ઈમો ।**
**અન્નો વિ સંસઓ મજ્ઝં, તં મે કહસુ ગોયમો ॥૬૯॥**

હે ગૌતમ ! આપની પ્રજ્ઞા સારી છે. મારો સંશય છેદાયો છે, મને બીજો સંશય થાય છે તે હું આપને કહું છું.

**અણ્ણવંસિ મહોહંસિ, નાવા વિપરિધાવઇ ।**
**જંસિ ગોયમમારૂઢો, કહં પારં ગમિસ્સસિ ॥૭૦॥**

હે ગૌતમ ! મહા પ્રવાહવાળા સમુદ્રમાં વિપરીત જતી નૌકામાં આપ સવાર થયા છો. એનાથી આપ સામે પાર કેવી રીતે જઈ શકશો ?

**જા ઉ અસ્સાવિણી નાવા, ન સા પારસ્સ ગામિણી ।**
**જા નિરસ્સાવિણી નાવા, સા ઉ પારસ્સ ગામિણી ॥૭૧॥**

છિદ્રવાળી નાવ પાર પહોંચી શકતી નથી, પરંતુ જે છિદ્ર રહિત નાવ હોય છે તે પાર જઈ શકે છે.

**નાવા ઈઇ કા વુત્તા, કેસી ગોયમમબ્બવી ।**
**કેસિમેવં બુવન્તં તુ, ગોયમો ઈણમબ્બવી ॥૭૨॥**

એ નૌકા કઈ છે ? કેશીએ ગૌતમને પૂછ્યું કેશીના પ્રશ્નનો ગૌતમે આ પ્રમાણે જવાબ આપ્યો :

**સરીરમાહુ નાવત્તિ, જીવો વુચ્ચઇ નાવિઓ ।**
**સંસારો અણ્ણવો વુત્તો, જં તરન્તિ મહેસિણો ॥૭૩॥**

ભગવાને કહ્યું : આ શરીર નાવ છે, જીવ નાવિક છે, સંસાર સમુદ્ર છે અને જે મહર્ષિ છે તે સંસાર સમુદ્ર તરી જાય છે.

**સાહુ ગોયમ ! પન્ના તે, છિન્નો મે સંસઓ ઈમો ।**
**અન્નો વિ સંસઓ મજ્ઝં, તં મે કહસુ ગોયમા ॥૭૪॥**

હે ગૌતમ ! આપની પ્રજ્ઞા સારી છે. મારો સંશય છેદાયો છે, મને બીજો સંશય થાય છે તે હું આપને કહું છું

**અન્ધયારે તમે ઘોરે, ચિટ્ઠન્તિ પાણિણો બહૂ ।**
**કો કરિસ્સઇ ઉજ્જોયં, સવ્વલોયંમિ પાણિણં ॥૭૫॥**

ઘણા પ્રાણી ઘોર અંધકારમાં પડ્યાં છે, લોકમાં રહેલાં આ બધાં પ્રાણીઓને કોણ પ્રકાશ આપે છે ?

**ઉગ્ગઓ વિમલો ભાણુ, સવ્વલોયપભંકરો ।**
**સો કરિસ્સઇ ઉજ્જોયં, સવ્વલોયંમિ પાણિણં ॥૭૬॥**

સર્વ લોક પ્રકાશક નિર્મલ ભાનુનો ઉદય થયો છે તે સર્વ લોકના જીવોને પ્રકાશ આપશે.

**ભાણુ ય ઈઈ કે વુત્તે, કેસી ગોયમમબ્બવી ।**
**કેસિમેવં બુવન્તં તુ, ગોયમો ઈણમબ્બવી ॥૭૭॥**

એ સૂર્ય તે કયો ? કેશીએ ગૌતમને પૂછ્યું કેશીના પ્રશ્નનો ગૌતમે આ પ્રમાણે જવાબ આપ્યો :

**ઉગ્ગઓ ખીણ સંસારો, સવ્વન્નુ જિણભક્ખરો ।**
**સો કરિસ્સઈ ઉજ્જોયં, સવ્વલોયમ્મિ પાણિણં ॥૭૮॥**

જેણે સંસારરૂપ અંધકારનો ક્ષય કર્યો છે, એવા સર્વજ્ઞ જિન સૂર્ય-ભાસ્કર છે. તે સર્વલોકનાં પ્રાણીને ઉદ્યોત-પ્રકાશ આપશે.

**સાહુ ગોયમ ! પન્ના તે, છિન્નો મે સંસએ ઈમો ।**
**અન્નો વિ સંસઓ મજ્ઝં, તં મે કહસુ ગોયમા ॥૭૯॥**

હે ગૌતમ ! આપની પ્રજ્ઞા સારી છે. મારો સંશય છેદાયો છે, મને બીજો સંશય થાય છે તે હું આપને કહું છું

**સારીરમાણસે દુક્ખે, બજ્ઝમાણાણ, પાણિણં ।**
**ખેમં સિવમણાબાહં, ઠાણં કિં મન્નસી મુણી ॥૮૦॥**

હે મુનિ ! સાંસારિક પ્રાણી શરીર અને મનનાં દુઃખોથી પીડાઈ રહ્યો છે. પ્રાણીઓના માટે નિર્ભય, નિરુપદ્રવ અને શાંતિપ્રદ સ્થાન કયું છે ?

**અત્થિ એગં ધુવં ઠાણં, લોગગ્ગંમિ દુરારુહં ।**
**જત્થ નત્થિ જરા મચ્ચૂ, વાહિણો વેયણા તહા ॥૮૧॥**

લોકના અગ્રભાગ ઉપર એક ધ્રુવ-અચ્યુત સ્થાન છે. જયાં જરા, મૃત્યુ, વ્યાધિ, વેદના નથી, પરંતુ ત્યાં પહોંચવું અઘરું છે.

**ઠાણે ય ઈઈ કે વુત્તે, કેસી ગોયમમબ્બવી ।**
**કેસિમેવં બુવન્તં તુ, ગોયમો ઈણમબ્બવી ॥૮૨॥**

એ સ્થાન કયું છે ? એવું કેશીએ ગૌતમને પૂછ્યું. કેશીના એ પૂછેલા પ્રશ્નનો જવાબ ગૌતમે આ પ્રમાણે આપ્યો :

**નિવ્વાણં તિ અબાહં તિ, સિદ્ધી લોગગ્ગમેવ ય ।**
**ખેમં સિવં અણાબાહં, જં તરન્તિ મહેસિણો ॥૮૩॥**

એ સ્થાન નિર્વાણ છે. જે અવ્યાબાધ સિદ્ધ સ્વરૂપ, લોકાગ્રે છે, જે ક્ષેમરૂપ, શિવરૂપ અને અવ્યાબાધ છે, તેને મહર્ષિઓ પ્રાપ્ત કરે છે.

**તં ઠાણં સાસયં વાસં, લોગગ્ગંમિ દુરારુહં ।**
**જં સંપત્તા ન સોયન્તિ, ભવોહન્તકરા મુણી ॥૮૪॥**

હે મુનિ ! ભવનો અંત કરનાર મુનિ તે સ્થાન પ્રાપ્ત કરે છે. તે સ્થાન શાશ્વત છે, લોકાગ્રે છે અને ત્યાં પહોંચવું ઘણું અઘરું છે. જ્યાં શોક-ખેદ નથી.

**સાહુ ગોયમ ! પન્ના તે, છિન્નો મે સંસઓ ઈમો ।**
**નમો તે સંસયાતીત, સવ્વસુત્તમહોયહી ॥૮૫॥**

હે ગૌતમ ! આપની પ્રજ્ઞા ભલી છે. મારો સંશય છેદાયો છે. હે સર્વ શ્રુત-શાસ્ત્ર મહોદધિ ! આપ સંશયતીત છો. આપને મારા નમસ્કાર છે.

**એવં તુ સંસએ છિન્ને, કેસી ઘોરપરક્કમે ।**
**અભિવન્દિત્તા સિરસા, ગોયમં તુ મહાયસં ॥૮૬॥**

આ પ્રકારે ઘોર પરાક્રમી કેશી મુનિની શંકા છેદાઈ એટલે મહાયશસ્વી ગૌતમને શિરસા વંદન કરીને

**પંચમહવ્વયધમ્મં, પડિવજ્જઈ ભાવઓ ।**
**પુરિમસ્સ પચ્છિમમ્મિ, મગ્ગે તત્થ સુહાવહે ॥૮૭॥**

પાંચ મહાવ્રતરૂપ ધર્મને, ભાવથી-હૃદયના ઉલ્લાસથી ગ્રહણ કર્યા, કારણ કે પ્રથમ અને ચરમ તીર્થંકરના માર્ગમાં પાંચ મહાવ્રત રૂપ ધર્મ સુખ આપનાર છે.

**કેસી ગોયમઓ નિચ્ચં, તમ્મિ આસિ સમાગમે ।**
**સુયસીલસમુક્કસો, મહત્થત્થ-વિણિચ્છઓ ॥૮૮॥**

આ ઉદ્યાનમાં કેશી ગૌતમ હંમેશાં સમાગમ કરતા હતા. એનાથી શ્રુત-શીલનો સમ્યક્ ઉત્કર્ષ થતો અને મોક્ષ સાધક અર્થોનો વિશિષ્ટ નિર્ણય થતો.

**તોસિયા પરિસા સવ્વા, સમ્મગ્ગં સમુવટ્ઠિયા ।**
**સંથુયા તે પસીયન્તુ, ભયવં કેસિગોયમે ॥૮૯॥**

**॥ ત્તિબેમિ ॥**

આ સંવાદથી બધી પરિષદ સંતુષ્ટ થઈ અને સન્માર્ગમાં લાગી ગઈ. પરિષદે ભગવાન કેશી-ગૌતમ સ્વામીની સ્તુતિ કરી અને કહ્યું કે ભગવાન, આપ બંને અમારા પર પ્રસન્ન થાઓ.

# અધ્યયન - ૨૪ : અષ્ટ પ્રવચન માતા

**અટ્ઠ પવયણમાયાઓ, સમિઇ ગુત્તી તહેવ ય ।**
**પંચેવ ય સમિઈઓ, તઓ ગુત્તીઓ આહિયા ॥૧॥**

સમિતિ અને ગુપ્તિરૂપ આઠ પ્રવચન માતા છે, તેમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ કહી છે.

**ઈરિયાભાસેસણાદાણે, ઉચ્ચારે સમિઇ ઈય ।**
**મણગુત્તી, વયગુત્તી, કાયગુત્તી ય અટ્ઠમા ॥૨॥**

ઈર્યા, ભાષા, એષણા, આદાન અને ઉચ્ચાર એ પાંચ સમિતિ છે, મન, વચન અને કાય એ ત્રણ ગુપ્તિ છે એમ આઠ પ્રવચન માતા છે.

**એયાઓ અટ્ઠ સમિઈઓ, સમાસેણ વિયાહિયા ।**
**દુવાલસંગં જિણક્ખાયં, માયં જત્થં ઉ પવયણં ॥૩॥**

આઠ સમિતિઓનું આ ટૂંકું વર્ણન છે. જિનોએ કહેલ દ્વાદશાંગરૂપ પ્રવચન આમાં સમાયેલું છે.

**આલમ્બણેણ કાલેણં, મગ્ગેણં જયણાઈ ય ।**
**ચઉકારણપરિસુદ્ધં, સંજએ ઈરિયં રિએ ॥૪॥**

આલંબન, કાલ, માર્ગ અને યત્ના આ ચાર કારણોની પરિશુદ્ધિ કરીને સંયતિ ગમન કરે. (વ્યવહાર સાચવે)

**તત્થ આલમ્બણં નાણં, દંસણં ચરણં તહા ।**
**કાલે ય દિવસે વુત્તે, મગ્ગે ઉપ્પહવજ્જિએ ॥૫॥**

ઈર્યા સમિતિમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર આલંબન છે, દિવસ તે કાલ છે અને ઉન્માર્ગનો ત્યાગ કરવો એ માર્ગ છે.

**દવ્વઓ ખેત્તઓ ચેવ, કાલઓ ભાવઓ તહા ।**
**જયણા ચઉવ્વિહા વુત્તા, તં મે કિત્તયઓ સુણ ॥૬॥**

યત્ના ચાર પ્રકારની કહી છે, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી હું તેનું વર્ણન કરું છું તે સાંભળો.

**દવ્વઓ ચક્ખુસા પેહે, જુગમિત્તં ય ખિત્તઓ ।**
**કાલઓ જાવ રીઈજ્જા, ઉવઉત્તે ય ભાવઓ ॥૭॥**

દ્રવ્યથી-આંખોથી જોઈને ચાલે, ક્ષેત્રથી-ચાર હાથ પ્રમાણ જોઈને ચાલે, કાલથી ચાલે ત્યાં સુધી જોઈને ચાલે અને ભાવથી-ઉપયોગ સહિત ચાલે.

**ઇન્દિયત્થે વિવજ્જિત્તા, સજ્ઝાયં ચેવ પંચહા ।**
**તમ્મુત્તી તત્પુરક્કારે, ઉવઉત્તે રિયં રિએ ॥૮॥**

ઈંદ્રિયોના અર્થો-વિષયો અને પાંચ પ્રકારની સ્વાધ્યાય વર્જીને ચાલે, ઈર્યા સમિતિમાં તન્મય થઈને એને જ મહત્ત્વ આપીને એમાં જ ઉપયોગ રાખીને ચાલે.

**કોહે માણે ય માયાએ, લોભે ય ઉવઉત્તયા ।**
**હાસે ભએ મોહરિએ, વિકહાસુ તહેવ ય ॥૯॥**

ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, ભય, મૌખર્ય (વાચાળતા) અને વિકથામાં ઉપયોગ રાખવો.

**એયાઈં અટ્ઠ ઠાણાઈં, પરિવજ્જિત્તુ સંજએ ।**
**અસાવજ્જં મિયં કાલે, ભાસં ભાસિજ્જ પન્નવં ॥૧૦॥**

પ્રજ્ઞાવાન સંયમી આ આઠ સ્થાનોનો ત્યાગ કરે અને બોલતી વખતે મિત અને અસાવદ્ય વાણી બોલે.

**ગવેસણાએ ગહણે ય, પરિભોગેસણાય જા ।**
**આહારોવહિસેજ્જાએ, એએ તિન્નિ વિસોહએ ॥૧૧॥**

આહાર, ઉપધિ અને શય્યા આ ત્રણની ગવેષણા, ગ્રહણૈષણા તથા પરિભોગૈષણા શુદ્ધિપૂર્વક કરે.

**ઉગ્ગમુપ્પાયણં પઢમે, બીએ સોહેજ્જ એસણં ।**
**પરિભોયંમિ ચઉક્કં, વિસોહિજ્જ જયં જઇ ॥૧૨॥**

યતનાવંત સાધુ પહેલી એષણામાં ઉદ્‌ગમ-ઉત્પાદન દોષોની શુદ્ધિ કરે, બીજીમાં શંકિતાદિ દોષોની શુદ્ધિ કરે, ત્રીજીમાં આહાર, વસ્ત્ર, પાત્ર અને શય્યા એ ચારની શુદ્ધિ કરે.

**ઓહોવહોવગ્ગહિયં, ભંડયં દુવિહં મુણી ।**
**ગિણ્હન્તો નિક્ખિવન્તો વા, પઉંજિજ્જ ઈમં વિહિં ॥૧૩॥**

રજોહરણાદિ ઓઘ ઉપધિ અને ઔપગ્રહિક ઉપધિ તથા બે પ્રકારના ઉપકરણને ગ્રહણ કરતા અને રાખતા મુનિએ આ વિધિનું પાલન કરવું જોઈએ.

**ચક્ખુસા પડિલેહિત્તા, પમજ્જિજ્જ જયં જઇ ।**
**આઇએ, નિક્ખિવિજ્જા વા, દુહઓ વિ સમિએ સયા ॥૧૪॥**

બંને પ્રકારથી ઉપધિને આંખોથી જોઈને પ્રમાર્જન કરે અને ગ્રહણ તથા નિક્ષેપમાં હંમેશાં સમિતિનું પાલન કરે.

**ઉચ્ચારં પાસવણં, ખેલં સિંઘાણજલ્લિયં ।**
**આહારં ઉવહિં દેહં, અન્નં વાવિ તહાવિહં ॥૧૫॥**

મળ, મૂત્ર, સળેખમ, શરીરનો મેલ, આહાર, ઉપધિ, શબ, આદિ ફેંકવા યોગ્ય વસ્તુને યથાવિધિ પરઠવી જોઈએ.

**અણાવાયમસંલોએ, અણાવાએ ચેવ હોઈસંલોએ ।**
**આવાયમસંલોએ, આવાએ ચેવ સંલોએ ॥૧૬॥**

૧. જ્યાં કોઈ આવતું ન હોય અને કોઈ દેખતું ન હોય, ૨. જ્યાં કોઈ આવે નહિ પરંતુ દેખતું હોય, ૩. જ્યાં કોઈ દેખતું ન હોય પરંતુ આવતું હોય અને જ્યાં કોઈ આવતું હોય અને દેખતું પણ હોય એવા સ્થાનોમાંથી.

**અણાવાયમસંલોએ, પરસ્સણુવઘાઈએ ।**
**સમે અજ્ઝુસિરે યાવિ, અચિરકાલકયંમિ ય ॥૧૭॥**

જ્યાં કોઈ આવે નહિ અને દેખે પણ નહિ અને પર જીવોની ઘાત પણ ન હોય, જે સ્થાન સમ હોય, ઢાંકયા વિનાનું ખુલ્લું હોય અને થોડા વખતથી અચિત્ત હોય.

**વિચ્છિણ્ણે દૂરમોગાઢે, નાસન્ને બિલવજ્જિએ ।**
**તસપાણબીયરહિએ, ઉચ્ચારાઈણિ વોસિરે ॥૧૮॥**

જે સ્થાન વિસ્તૃત હોય, નીચે દૂર સુધી અચિત્ત હોય, ગ્રામાદિકની પાસે ન હોય, ઉંદર આદિના દરથી રહિત હોય તથા પ્રાણી અને બીજ રહિત હોય એવા સ્થાનમાં મળ આદિનો ત્યાગ કરવો.

**એયાઓ પંચ સમિઈઓ, સમાસેણ વિયાહિયા ।**
**એત્તોય તઓ ગુત્તીઓ, વોચ્છામિ અણુપુવ્વસો ॥૧૯॥**

આ પાંચ સમિતિ સંક્ષેપમાં કહી, હવે ત્રણ ગુપ્તિ અનુક્રમથી કહું છું.

**સચ્ચા તહેવ મોસા ય, સચ્ચમોસા તહેવ ય ।**
**ચઉત્થી અસચ્ચમોસા ય, મણગુત્તીઓ ચઉવ્વિહા ॥૨૦॥**

મનગુપ્તિ ચાર પ્રકારની છે, ૧. સત્યા, ૨. અસત્યા, ૩. સત્યામૃષા, ૪. અસત્યામૃષા.

**સંરમ્ભસમારમ્ભે, આરમ્ભે ય તહેવ ય ।**
**મણં પવત્તમાણં તુ, નિયત્તિજ્જ જયં જઈ ॥૨૧॥**

સંયમી પુરુષ સરંભ, સમારંભ અને આરંભમાં પ્રવૃત્ત થતાં મનનું નિયંત્રણ કરે-રોકે.

**સચ્ચા તહેવ મોસા ય, સચ્ચમોસા તહેવ ય ।**
**ચઉત્થી અસચ્ચમોસા ય, વયગુત્તી ચઉવ્વિહા ॥૨૨॥**

વચન ગુપ્તિ ચાર પ્રકારની છે-૧. સત્યા, ૨. અસત્યા, ૩. સત્યામૃષા ૪. અસત્યામૃષા.

**સંરમ્ભસમારમ્ભે, આરમ્ભે ય તહેવ ય ।**
**વયં પવત્તમાણં તુ, નિયત્તિજ્જ જયં જઈ ॥૨૩॥**

યતિ સંરંભ, સમારંભ અને આરંભમાં પ્રવૃત્ત વાણીનું નિયંત્રણ કરે.

**ઠાણે નિસીયણે ચેવ, તહેવ ય તુયટ્ટણે ।**
**ઉલ્લંઘણ પલ્લંઘણે, ઈન્દિયાણ ય જુંજણે ॥૨૪॥**

ઊભા રહેવામાં, બેસવામાં, શયન કરવામાં, ખાડો વગેરે ઓળંગવામાં, સીધા ચાલવામાં-ફરવામાં ઈન્દ્રિયોની પ્રવૃત્તિમાં કાયગુપ્તિ કરે છે.

**સંરમ્ભસમારમ્ભે, આરમ્ભે ય તહેવ ય ।**
**કાયં પવત્તમાણં તુ, નિયત્તિજ્જ જયં જઈ ॥૨૫॥**

મુનિ સંરંભ, સમારંભ અને આરંભમાં જતાં શરીરને રોકે.

**એયાઓ પંચ સમિઈઓ, ચરણસ્સ ય પવત્તણે ।**
**ગુત્તી નિયત્તણે વુત્તા, અસુભત્થેસુ સવ્વસો ॥૨૬॥**

આ પાંચ સમિતિઓ ચારિત્રની પ્રવૃત્તિ માટે છે. અને ગુપ્તિ સર્વ જાતની અશુભ પ્રવૃત્તિ રોકવા માટે છે.

**એયાઓ પવયણમાયા, જે સમ્મં આયરે મુણી ।**
**સો ખિપ્પં સવ્વસંસારા, વિપ્પમુચ્ચઈ પંડિએ ॥૨૭॥**

જે પંડિત મુનિ આ પ્રવચન માતાનું સમ્યક્ પ્રકારે આચરણ કરે છે, એ સમસ્ત સંસારથી જલદી મુક્ત થઈ જાય છે.

# અધ્યયન - ૨૫ : જયઘોષ-વિજયઘોષ

**માહણકુલસંભૂઓ, આસિ વિપ્પો મહાયસો ।**
**જાયાઈ જમજન્નંમિ, જયઘોસે ત્તિ નામઓ ॥૧॥**

બ્રાહ્મણ કુલમાં જન્મેલો જયઘોષ નામનો પ્રસિદ્ધ અને મહાયશસ્વી વિપ્ર હતો, એ યમનિયમરૂપ ભાવ યજ્ઞ કરનારો હતો.

**ઈન્દિયગ્ગામનિગ્ગાહી, મગ્ગગામી મહામુણી ।**
**ગામાણુગામં રીયન્તે, પત્તો વાણારસિં પુરિં ॥૨॥**

ઈન્દ્રિયોનો સંયમ-નિગ્રહ કરનાર, મોક્ષ માર્ગના મુસાફર મહામુનિ ગ્રામાનુગ્રામ ફરતા વાણારસી નગરીમાં પહોંચ્યા.

**વાણારસીએ બહિયા, ઉજ્જાણંમિ મણોરમે ।**
**ફાસુએ સેજ્જાસંથારે, તત્થ વાસમુવાગએ ॥૩॥**

એ મુનિ વાણારસી નગરીની બહાર મનોરમ નામના ઉદ્યાનમાં આવ્યા અને નિર્દોષ શય્યા સંસ્તારક લઈને રહેવા લાગ્યા..

**અહ તેણેવ કાલેણં, પુરીએ તત્થ માહણે ।**
**વિજયઘોસે ત્તિ નામેણ, જન્નં જયઇ વેયવી ॥૪॥**

આ વખતે એ નગરીમા વેદવિદ્ વિજયઘોષ નામનો બ્રાહ્મણ યજ્ઞ કરતો હતો.

**અહ સે તત્થ અણગારે, માસખમણપારણે ।**
**વિજયઘોસસ્સ જનંમિ, ભિક્ખમટ્ઠાઉવટ્ઠિએ ॥૫॥**

આ જયઘોષ અણગાર માસ ક્ષમણના પારણે ભિક્ષા માટે વિજયઘોષના યજ્ઞમાં ઉપસ્થિત થયા.

**સમુવટ્ઠિયં તહિં સન્તં, જાયગો પડિસેહએ ।**
**ન હુ દાહામિ તે ભિક્ખં, ભિક્ખૂ જાયાહિ અન્નઓ ॥૬॥**

એ (મુનિ)આવ્યા પછી યોજક વિજયઘોષે નિષેધપૂર્વક કહ્યું. હે ભિક્ષુ ! હું તને ભિક્ષા આપીશ નહિ. અન્યત્ર જઈને ભિક્ષા માગ.

**જે ય વેયવિઊ વિપ્પા, જન્નટ્ઠા ય જે દિયા ।**
**જોઈસંગવિઊ જે ય, જેય ધમ્માણ પારગા ॥૭॥**

આ ભોજન એવા વિપ્રોને દેવું જોઈએ કે, જે વેદોના જાણકાર, જે યજ્ઞાર્થી - દ્વિજ (બ્રાહ્મણ) જ્યોતિષશાસ્ત્રનાં અંગોના જાણકાર તથા ધર્મશાસ્ત્રોના પારગામી છે.

**જે સમત્થા સમુદ્ધતું, પરમપ્પાણમેવ ય ।**
**તેસિં અન્નમિણં દેયં, ભો ભિક્ખૂ સવ્વકામિયં ॥૮॥**

જે સ્વ-પરનો ઉદ્ધાર કરવા સમર્થ હોય તેવાને જ હે ભિક્ષુ, સર્વકામનાને પૂર્ણ કરનાર આ અન્ન દેવા યોગ્ય છે.

**સો તત્થ એવં પડિસિદ્ધો, જાયગેણ મહામુણી ।**
**ન વિ રુટ્ઠો, નવિ તુટ્ઠો, ઉત્તમટ્ઠગવેસઓ ॥૯॥**

યજ્ઞકર્તાએ આવી રીતે વિરોધ કરવાથી એ મહા મુનિ ન તો રાજી થયા, ન તો ક્રોધિત થયા. મુનિ ઉત્તમાર્થના શોધક હતા.

**નન્નટ્ઠં પાણહેઉં વા, ન વિ નિવ્વાહણાય વા ।**
**તેસિં વિમોક્ખણટ્ઠાએ, ઈમં વયણમબ્બવી ॥૧૦॥**

એમણે આહાર-પાણી લેવા અથવા પોતાના જીવનનિર્વાહ માટે નહિ પરંતુ યજ્ઞાર્થીઓના મોક્ષને માટે આ પ્રમાણે કહ્યું.

**નવિ જાણાસિ વેયમુહં, નવિ જન્નાણ જં મુહં ।**
**નક્ખત્તાણં મુહં જં ચ, જં ચ ધમ્માણ વા મુહં ॥૧૧॥**

હે વિપ્રો ! તમે વેદોનું મુખ જાણતા નથી તેમજ યજ્ઞના મુખને જાણતા નથી. વળી નક્ષત્ર તેમજ ધર્મના મુખને પણ તમે જાણતા નથી.

**જે સમત્થા સમુદ્ધતું, પરમપ્પાણમેવ ય ।**
**ન તે તુમં વિજાણાસિ, અહ જાણાસિ તો ભણ ॥૧૨॥**

તે ઉપરાંત જે સ્વ-પરના ઉદ્ધાર માટે સમર્થ છે તેને પણ તમે જાણતા નથી. જો તમો તે જાણતા હો તો બતાવો - કહો.

**તસ્સક્ખેવપમોક્ખં ચ, અચયન્તો તહિં દિઓ ।**
**સપરિસો પંજલી હોઉં, પુચ્છઈ તં મહામુણિં ॥૧૩॥**

મુનિના આ આક્ષેપોનો જવાબ આપવામાં અસમર્થ હોઈને એ દ્વિજે પરિષદ-મંડળી સહિત હાથ જોડીને મહામુનિને પૂછ્યું.

**વેયાણં ચ મુહં બૂહિ, બૂહિ જન્નાણ જં મુહં ।**
**નક્ખત્તાણ મુહં બૂહિ, બૂહિધમ્માણ વા મુહં ॥૧૪॥**

હે સાધુ ! આપ વેદોનું મુખ શું છે તે કહો. યજ્ઞ, નક્ષત્ર અને ધર્મનું મુખ બતાવો.

**જે સમત્થા સમુદ્ધત્તું, પરમપ્પાણમેવ ય ।**
**એયં મે સંસયં સવ્વં, સાહૂ કહસુ પુચ્છિઓ ॥૧૫॥**

વળી આપ મને એ પણ બતાવો કે સ્વ-પરનો ઉદ્ધાર કરવા કોણ સમર્થ છે ? મારા આ બધા સંશયનો ઉત્તર આપો.

**અગ્ગિહુત્તમુહા વેયા, જન્નટ્ઠિ વેયસા મુહં ।**
**નક્ખત્તાણ મુહં ચન્દો, ધમ્માણં કાસવો મુહં ॥૧૬॥**

વેદોનું મુખ અગ્નિ-હોત્ર છે, યજ્ઞાર્થી વેદનું મુખ છે, નક્ષત્રોનું મુખ ચંદ્ર છે અને ધર્મનું મુખ કાશ્યપ ભગવાન ઋષભદેવ છે.

**જહા ચન્દં ગહાઈયા, ચિટ્ઠન્તે પંજલીઉડા ।**
**વન્દમાણા નમંસન્તા, ઉત્તમં મણહારિણો ॥૧૭॥**

જેવી રીતે ચંદ્રમાની આગળ ગ્રહો અને આદિત્યો અંજલિ જોડીને વંદના અને મનોહર સ્તુતિ કરે છે, એવી રીતે ઉત્તમ ભગવાન કાશ્યપની ઈન્દ્રાદિ દેવો સ્તુતિ કરે છે.

**અજાણગા જન્નવાઈ, વિજ્જામાહણસંપયા ।**
**મુઢા સજ્ઝાયતવસા, ભાસચ્છન્ના ઈવગ્ગિણો ॥૧૮॥**

તમે યજ્ઞવાદી બ્રાહ્મણો રાખથી ઢાંકેલ અગ્નિની માફક તત્ત્વથી અનભિજ્ઞ છો, વિદ્યા એ બ્રાહ્મણની સંપદા છે તેનાથી અજ્ઞાન છો અને સ્વાધ્યાય અને તપના વિષયમાં પણ મૂઢ છો.

**જો લોએ બમ્ભણો વુત્તો, અગ્ગીવ મહિઓ જહા ।**
**સયા કુસલસંદિટ્ઠં, તં વયં બૂમ માહણં ॥૧૯॥**

જેને કુશળ પુરુષોએ બ્રાહ્મણ કહેલ છે અને જે સદા અગ્નિની સમાન પૂજનીય છે, એને હું બ્રાહ્મણ કહું છું.

**જો ન સજ્જઈ આગન્તુ, પવ્વયન્તો ન સોયઈ ।**
**રમએ અજ્જવયણંમિ, તં વયં બૂમ માહણં ॥૨૦॥**

જે સ્વજનાદિ આવવા પર આસક્ત નથી અને પ્રવ્રજ્યા લેવામાં ખેદ નથી કરતા અને જે આર્ય વચનોમાં રમણ કરે છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**જાયરૂવં જહામટ્ઠં, નિદ્ધન્તમલપાવગં ।**
**રાગદ્દોસભયાઈયં, તં વયં બૂમ માહણં ॥૨૧॥**

જેવી રીતે અગ્નિથી શુદ્ધ કરેલું સોનું નિર્મળ છે, એવી રીતે જે રાગ-ઈર્ષ્યા અને ભયથી અતિત-મુક્ત છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**તવસ્સિયં કિસં દન્તં, અવચિયમંસસોણિયં ।**
**સુવ્વયં પત્તનિવ્વાણં, તં વયં બૂમ માહણં ॥૨૨॥**

જે તપસ્વી છે. જે કૃશ છે, અને જે દાન્ત-ઈન્દ્રિયોને દમનાર છે, જેનું માંસ લોહી સુકાઈ ગયું છે, થોડું રહ્યું છે, જે સુવ્રતના પાલનથી નિર્વાણ મેળવનાર છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**તસપાણે વિયાણિત્તા, સંગહેણ ય થાવરે ।**
**જો ન હિંસઈ તિવિહેણ, તં વયં બૂમ માહણં ॥૨૩॥**

જે ત્રસ-હાલતાં અને સ્થાવર-સ્થિર પ્રાણીઓને સંક્ષેપ અને વિસ્તારથી જાણીને હિંસા કરતા નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**કોહા વા જઈ વા હાસા, લોહા વા જઈ વા ભયા ।**
**મુસં ન વયઈ જો ઉ, તં વયં બૂમ માહણં ॥૨૪॥**

જે ક્રોધથી, લોભથી, હાસ્યથી, ભયથી જૂઠું બોલતો નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**ચિત્તમન્તમચિત્તં વા, અપ્પં વા જઈ વા બહું ।**
**ન ગિણ્હાઈ અદત્તં જે, તં વયં બૂમ માહણં ॥૨૫॥**

જે સચિત્ત હોય, અચિત્ત હોય, થોડું હોય કે વધુ હોય પરંતુ જે આપ્યા વિના કંઈ લેતો નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**દિવ્વમાણુસ્સતેરિચ્છં, જો ન સેવઈ મેહુણં ।**
**મણસા કાયવક્કેણં, તં વયં બૂમ માહણં ॥૨૬॥**

જે દેવ, મનુષ્ય અને તિર્યંચ વિશે મન, વાણી અને કર્મથી મૈથુન સેવન કરતો નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**જહા પોમં જલે જાયં, નોવલિપ્પઈ વારિણા ।**
**એવં અલિત્તં કામેહિં, તં વય બૂમ માહણં ॥૨૭॥**

જેમ પદ્મ-કમલ પાણીમાં જન્મે છે છતાં પાણીથી અલિપ્ત રહે છે, તેમ જે બ્રાહ્મણ છે તે સંસારનાં કર્મોથી અલિપ્ત રહે છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**અલોલુયં મુહાજીવિં, અણગારં અકિંચણં ।**
**અસંસત્તં ગિહત્થેસુ, તં વયં બૂમ માહણં ॥૨૮॥**

જે લોલુપતા રહિત, ભિક્ષાજીવી, અણગાર, અકિંચન અને ગૃહસ્થોમાં આસક્તિ નથી રાખતો, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**જહિત્તા પુવ્વસંજોગં, નાઇ-સંગે ય બન્ધવે ।**
**જો ન સજ્જઇ ભોગેસુ, તં વયં બૂમ માહણં ॥૨૯॥**

જ્ઞાતિ અને બંધુજનોના પૂર્વ સંયોગ-સંબંધ છોડીને જે ભોગોમાં આસક્તિ નથી રાખતો, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**પસુબન્ધા સવ્વવેયા ય, જટ્ઠં ચ પાવકમ્મુણા ।**
**ન તં તાયન્તિ દુસ્સીલં, કમ્માણિ બલવન્તિ હિ ॥૩૦॥**

બધા વેદોમાં પશુ વધ બંધન માટે છે અને યજ્ઞ પાપ કર્મનો હેતુ છે. યજ્ઞ દુરાચારીનું રક્ષણ કરતો નથી, કર્મ પોતાનું ફલ આપવામાં સમર્થ છે.

**ન વિ મુંડિએણ સમણો, ન ઓંકારેણ બમ્ભણો ।**
**ન મુણી રણ્ણવાસેણં, કુસચીરેણ ન તાવસો ॥૩૧॥**

ફક્ત માથું મુંડાવવાથી શ્રમણ થવાતું નથી, ૐકાર બોલવાથી બ્રાહ્મણ નથી થવાતું, અરણ્યવાસથી કોઈ મુનિ થતો નથી અને કુશ વસ્ત્ર પહેરવાથી તાપસ થતો નથી.

**સમયાએ સમણો હોઇ, બમ્ભચેરેણ બમ્ભણો ।**
**નાણેણ ય મુણી હોઇ, તવેણ હોઇ તાવસો ॥૩૨॥**

સમતાથી શ્રમણ, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ, જ્ઞાનથી મુનિ અને તપથી તાપસ થાય છે.

**કમ્મુણા બમ્ભણો હોઇ, કમ્મુણા હોઇ ખત્તિઓ ।**
**વઇસ્સો કમ્મુણા હોઇ, સુદ્દો હવઇ કમ્મુણા ॥૩૩॥**

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર કર્મથી જ થાય છે.

**એએ પાઉકરે બુદ્ધે, જેહિં હોઇ સિણાયઓ ।**
**સવ્વકમ્મવિણિમ્મુક્કં, તં વયં બૂમ માહણં ॥૩૪॥**

આ ધર્મને બુદ્ધો-સર્વજ્ઞોએ પ્રકટ કર્યો છે, જેનાથી સ્નાતક થઈને બધાં કર્મથી મુક્ત થઈ જાય છે. તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

**એવં ગુણસમાઉત્તા, જે ભવન્તિ દિઉત્તમા ।**
**તે સમત્થા સમુદ્ધત્તુ, પરમપ્પાણમેવ ય ॥૩૫॥**

આ રીતે ઉપર કહ્યા મુજબના ગુણોવાળો જે પંચ મહાવ્રતધારી દ્વિજોત્તમ થાય છે, તે સ્વ-પરના આત્માનું કલ્યાણ કરવાને સમર્થ થાય છે.

**એવં તું સંસએ છિન્ને, વિજયઘોસે ય માહણે ।**
**સમુદાય તઓ તં તુ, જયઘોસં મહામુણિં ॥૩૬॥**

આમ વિજયઘોષ બ્રાહ્મણના સંશયો છેદાવાથી જયઘોષ મહામુનિની વાણીને સમ્યક્ રૂપે સ્વીકારી.

**તુટ્ઠે ય વિજયઘોસે, ઇણમુદાહુ કયંજલી ।**
**માહણત્તં જહાભૂયં, સુટ્ઠુ મે ઉવદંસિયં ॥૩૭॥**

વિજયઘોષ તુષ્ટ-પ્રસન્ન થઈને હાથ જોડી કહેવા લાગ્યો : આપે મને જેમ છે તેમ સારી રીતે બ્રાહ્મણત્વનો ઉપદેશ આપ્યો છે.

**તુબ્ભે જઇયા જન્નાણં, તુબ્ભે વેયવિઊ વિઊ ।**
**જોઇસંગાવિઊ તુબ્ભે, તુબ્ભે ધમ્માણ પારગા ॥૩૮॥**

હે ભગવાન ! આપ વિદ્વાન વેદજ્ઞ છો, આપ યજ્ઞ કરનાર છો, આપ જ્યોતિષાંગના જ્ઞાતા છો અને આપ જ ધર્મના પારંગત છો.

**તુબ્ભે સમત્થા સમુદ્ધત્તું પરમપ્પાણમેવ ય ।**
**તમણુગ્ગહં કરેહમ્હં, ભિક્ખેણં ભિક્ખુ ઉત્તમા ॥૩૯॥**

હે ઉત્તમોત્તમ ભિક્ષુ ! આપ સ્વ અને પરના આત્માના ઉદ્ધાર માટે સમર્થ છો. આપ અમારા ઉપર કૃપા કરી ભિક્ષા લો.

**ન કજ્જં મજ્ઝ ભિક્ખેણ, ખિપ્પં નિક્ખમસુ દિયા ।**
**મા ભમિહિસિ ભયાવટ્ટે, ઘોરે સંસારસાગરે ॥૪૦॥**

હે બ્રાહ્મણ ! મારે ભિક્ષાનું પ્રયોજન નથી, તું જલદી અભિનિષ્ક્રમણ કર, સંસારનો ત્યાગ કર. ભવચક્ર રૂપ આ ઘોર સંસારસાગરમાં તું ભ્રમણ ન કર.

**ઉવલેવો હોઇ ભોગેસુ, અભોગી નોવલિપ્પઇ ।**
**ભોગી ભમઇ સંસારે, અભોગી વિપ્પમુચ્ચઇ ॥૪૧॥**

ભોગોના કારણે જીવ કર્મથી લેપાય છે, અભોગી જીવને કર્મનો લેપ થતો નથી. ભોગી સંસારમાં રખડે છે, અભોગી જલદી મુક્ત થાય છે.

**ઉલ્લો સુક્કો ય દો છૂઢા, ગોલયા મટ્ટિયામયા ।**
**દો વિ આવડિયા કુડ્ડે, જો ઉલ્લો સોઅત્થ લગ્ગઇ ॥૪૨॥**

ભીનો અને સૂકો એમ માટીના બે ગોળા ભીંત ઉપર ફેંકવાથી જે માટીનો ભીનો ગોળો છે, તે ભીંત ઉપર ચોંટી જાય છે.

**એવં લગ્ગન્તિ દુમ્મેહા, જે નરા કામલાલસા ।**
**વિરત્તા ઉ ન લગ્ગન્તિ, જહા સે સુક્કગોલએ ॥૪૩॥**

આમ કામભોગથી મૂર્ચ્છિત દુર્બુદ્ધિ કર્મથી લેપાય છે અને વિરક્ત સૂકા માટીના ગોળાની માફક કર્મથી લેપાતો નથી.

**એવં સે વિજયઘોસો, જયઘોસસ્સ અન્તિએ ।**
**અણગારસ્સ નિક્ખન્તો, ધમ્મં સોચ્ચા અણુત્તરં ॥૪૪॥**

આમ શ્રી જયઘોષ મુનિ પાસે અનુત્તર ધર્મને સાંભળીને, વિજયઘોષ બ્રાહ્મણ જયઘોષ પાસે ગૃહત્યાગ કરી દીક્ષિત થયા.

**ખવિત્તા પુવ્વકમ્માઈં, સંજમેણ તવેણ ય ।**
**જયઘોસવિજયઘોસા, સિદ્ધિં પત્તા અણુત્તરં ॥૪૫॥**

**॥ ત્તિબેમિ ॥**

સંયમ અને તપથી જયઘોષ અને વિજયઘોષ મુનિ, પૂર્વ કર્મનો ક્ષય કરીને સર્વોત્તમ સિદ્ધિ ગતિને પામ્યા.

# અધ્યયન - ૨૬ : સાધુ સમાચારી

**સામાયારિં પવક્ખામિ, સવ્વુદુક્ખવિમોક્ખણિં ।**
**જં ચરિત્તાણ નિગ્ગંથા, તિણ્ણા સંસારસાગરં ॥૧॥**

બધાં દુઃખોથી છોડાવનારી એવી સમાચારી હું કહું છું, જેને આચરીને નિર્ગ્રન્થો સંસારસાગર તરી ગયા છે.

**પઢમા આવસ્સિયા નામ, બિઇયા ય નિસીહિયા ।**
**આપુચ્છણા ય તઇયા, ચઉત્થી પડિપુચ્છણા ॥૨॥**

પહેલી આવશ્યકી, બીજી નૈષેધિકી, ત્રીજી આપૃચ્છના, ચોથી પ્રતિપૃચ્છના.

**પંચમી છન્દણા નામ, ઇચ્છાકારો ય છટ્ઠઓ ।**
**સત્તમો મિચ્છાકારો ઉ, તહક્કારો ય અટ્ઠમો ॥૩॥**

પાંચમી છંદના, છટ્ઠી ઈચ્છાકાર. સાતમી મિથ્યાકાર, આઠમી તથાકાર.

**અબ્ભુટ્ઠાણં ચ નવમં, દસમી ઉવસંપયા ।**
**એસા દસંગા સાહૂણં, સામાયારી પવેઈયા ॥૪॥**

નવમી અભ્યુત્થાન અને દશમી ઉપસંપદા. આ સાધુઓની દશ જાતની સમાચારી તીર્થંકરોએ કહી છે.

**ગમણે આવસ્સિયં કુજ્જા, ઠાણે કુજ્જા નિસીહિયં ।**
**આપુચ્છણા સયંકરણે, પરકરણે પડિપુચ્છણા ॥૫॥**

જતી વખતે આવશ્યકી, સ્થાનક ઉપર આવતાં નૈષેધિકી, પોતાનું કામ કરતી વખતે પૂછવું તે પૃચ્છની, બીજાનું કામ કરતી વખતે પૂછવું તે પ્રતિપૃચ્છની.

**છન્દણા દવ્વજાએણં, ઈચ્છાકારો ય સારણે ।**
**મિચ્છાકારો ય નિન્દાએ, તહક્કારો પડિસ્સુએ ॥૬॥**

પૂર્વગ્રહિત દ્રવ્યોને માટે ગુરુ આદિને આમંત્રિત કરવું તે છંદના. સ્વેચ્છાથી બીજાનાં કાર્ય કરવાં તથા બીજાને તેની ઈચ્છાનુસાર કાર્ય કરાવવામાં વિનમ્ર પ્રેરણા કરવી તે ઈચ્છાકાર.આલોચના કરી પ્રાયશ્ચિત્ત લેવું પાપની નિંદા કરવી તે મિથ્યાકાર અને ગુરુજનોનાં વચનોનો સ્વીકાર કરવો તે તથાકાર છે.

**અબ્ભુટ્ઠાણં ગુરુપૂયા, અચ્છણે ઉવસંપદા ।**
**એવં દુપંચસંજુત્તા, સામાયારી પવેઈયા ॥૭॥**

ગુરુજનોનું બહુમાન કરવામાં તત્પર રહેવું તે અભ્યુત્થાન સમાચારી છે અને જ્ઞાનાદિની પ્રાપ્તિ માટે બીજા ગચ્છના આચાર્ય ગુરુજી પાસે વિનીત ભાવથી રહેવું તે ઉપસંપદા સમાચારી છે. આમ સમાચારી દશ છે.

**પુવ્વિલ્લંમિ ચઉબ્ભાએ, આઈચ્ચંમિ સમુટ્ઠિએ ।**
**ભંડયં પડિલેહિત્તા, વન્દિત્તા ય ગુરું તઓ ॥૮॥**

સૂર્યોદય થવા પર દિવસના પહેલા પ્રહરના ચોથા ભાગમાં ભંડ-ઉપકરણની પ્રતિલેખના કરીને ગુરુને વંદના કરે, પછી -

**પુચ્છિજ્જ પંજલિઊડો, કિં કાયવ્વં મએ ઈહ ।**
**ઈચ્છં નિઓઈઉં ભન્તે ! વેયાવચ્ચે વ સજ્ઝાએ ॥૯॥**

હાથ જોડીને ગુરુને પૂછે કે મારે શું કરવાનું છે. હે પ્રભુ ! ગુરુદેવ ! હું ઈચ્છું છું કે આપ મને વૈયાવચ્ચ કે સ્વાધ્યાયમાં નિયુક્ત કરો.

**વેયાવચ્ચે નિઉત્તેણ, કાયવ્વં અગિલાયઓ ।**
**સજ્ઝાએ વા નિઉત્તેણ, સવ્વદુક્ખવિમોક્ખણે ॥૧૦॥**

જો ગુરુજી વૈયાવૃત્યમાં નિયુક્તિ કરે તો ગ્લાનિ રહિત થઈને વૈયાવૃત્ય કરે અને સ્વાધ્યાયની આજ્ઞા આપે તો સમસ્ત દુઃખોથી મુક્ત કરાવનાર સ્વાધ્યાય કરે.

**દિવસસ્સ ચઉરો ભાગે, ભિક્ખૂ કુજ્જા વિયક્ખણો ।**
**તઓ ઉત્તરગુણે કુજ્જા, દિણભાગેસુ ચઉસુ વિ ॥૧૧॥**

વિચક્ષણ બુદ્ધિમાન ભિક્ષુ દિવસના ચાર ભાગ કરે અને ચારે ભાગોમાં સ્વાધ્યાયાદિ ઉત્તર ગુણની આરાધના કરે.

**પઢમં પોરિસિ સજ્ઝાયં, બીઈયં ઝાણં, ઝિયાયઈ ।**
**તઈયાએ ભિક્ખાયરિયં, પુણો ચઉત્થીએ સજ્ઝાયં ॥૧૨॥**

પહેલા પહોરમાં સ્વાધ્યાય કરવો, બીજા પહોરમાં ધ્યાન ધરવું, ત્રીજા પહોરમાં ભિક્ષાચરી કરવી અને ચોથા પહોરમાં ફરીથી સ્વાધ્યાય કરવો.

**આસાઢે માસે દુપયા, પોસે માસે ચઉપ્પયા ।**
**ચિત્તાસોએસુ માસેસુ, તિપ્પયા હવઈ પોરિસી ॥૧૩॥**

અષાડ માસમાં બે પગલાં, પોષ માસમાં ચાર કદમ અને ચૈત્ર-આસો માસમાં ત્રણ પગલાં ભરવાથી પોરસી થાય છે.

**અંગુલં સત્તરત્તેણં, પક્ખેણં ચ દુરંગુલં ।**
**વઢ્ઢએ હાયએ વાવિ, માસેણં ચઉરંગુલં ॥૧૪॥**

સાત દિવસ-રાત્રિમાં એક આંગળ, પંદર દિવસમાં બે આંગળ અને એક મહિનામાં ચાર આંગળ, વધે-ઘટે છે. (શ્રાવણથી પોષ સુધી વૃદ્ધિ થાય છે. મહાથી અષાઢ સુધી હાનિ થાય છે.)

**આસાઢબહુલેપક્ખે, ભદ્દવએ કત્તિએ ય પોસે ય ।**
**ફગ્ગુણવઈસાહેસુ ય, બોદ્ધવ્વા ઓમરત્તાઓ ॥૧૫॥**

અષાડ, ભાદ્રપદ, કાર્તિક, પોષ, ફાલ્ગુણ અને વૈશાખના કૃષ્ણ પક્ષમાં એક દિવસ-રાતનો ક્ષય થાય છે. અર્થાત્ આ મહિનાઓમાં ૧૪ દિવસનું પખવાડિયું થાય છે.

**જેટ્ઠામૂલે આસાઢસાવણે, છહિં અંગુલેહિં પડિલેહા ।**
**અટ્ઠહિં બીયતઈયંમિ તઈએ, દસ અટ્ઠહિં ચઉત્થે ॥૧૬॥**

જેઠ, અષાડ અને શ્રાવણમાં છ આંગળ વધારવાથી અને ભાદરવો, આસો તથા કારતકમાં આઠ આંગળ, માગશર, પોષ અને માહમાં દશ આંગળ અને ફાગણ, ચૈત્ર અને વૈશાખમાં આઠ આંગળ વધારવાથી પોરસીનો કાળ થાય છે.

**રત્તિં પિ ચઉરો ભાગે, ભિક્ખુ કુજ્જા વિયક્ખણો ।**
**તઓ ઉત્તરગુણે કુજ્જા, રાઇભાએસુ ચઉસુ વિ ॥૧૭॥**

વિચક્ષણ ભિક્ષુ રાત્રિના ચાર ભાગ કરીને એ ચારે પહોરમાં ઉત્તર ગુણની આરાધના કરે.

**પઢમં પોરિસિ સજ્ઝાયં, બિઇયં ઝાણં ઝિયાયઇ ।**
**તઇયાએ નિદ્દમોક્ખં તુ, ચઉત્થી ભુજ્જોવિ સજ્ઝાયં ॥૧૮॥**

પહેલા પહોરમાં સ્વાધ્યાય, બીજા પહોરમાં ધ્યાન, ત્રીજા પહોરમાં નિદ્રા ત્યાગ કર્યા બાદ ચોથા પહોરમાં સ્વાધ્યાય કરે.

**જં નેઇ જયા રત્તિં, નક્ખત્ત તંમિ નભચઉબ્ભાએ ।**
**સંપત્તે વિરમેજ્જા, સજ્ઝાયં, પઓસકાલમ્મિ ॥૧૯॥**

જે નક્ષત્ર જે રાત્રિની પૂર્તિ કરે છે એ નક્ષત્ર આકાશના ચોથા ભાગમાં આવે (રાત્રિનો પ્રથમ પ્રહર સમાપ્ત થાય છે) તો પ્રદોષ કાળ થાય છે ત્યારે સ્વાધ્યાય ન કરે.

**તમ્મેવ ય નક્ખત્તે, ગયણચઉબ્ભાગસાવસેસંમિ ।**
**વેરત્તિયં પિ કાલં, પડિલેહિત્તા મુણી કુજ્જા ॥૨૦॥**

આ જ નક્ષત્ર આકાશના ચોથા ભાગમાં રહે ત્યાં આવી જાય તો વૈરાત્રિક કાળ જાણીને આવશ્યક ક્રિયા કરે.

**પુવ્વિલંમિ ચઉબ્ભાએ, પડિલેહિત્તાણ ભંડયં ।**
**ગુરું વંદિત્તુ સજ્ઝાયં, કુજ્જા દુક્ખવિમોક્ખણં ॥૨૧॥**

દિવસના પહેલા પહોરના ચોથા ભાગમાં ભંડોપકરણની પ્રતિલેખના કરે, પછી ગુરુજીને વંદન કરે, પછી દુઃખથી મુક્ત કરાવનાર સ્વાધ્યાય કરે.

**પોરિસીએ ચઉબ્ભાએ, વન્દિત્તાણ તઓ ગુરું ।**
**અપડિક્કમિત્તા કાલસ્સ, ભાયણં પડિલેહએ ॥૨૨॥**

પોરસીના ચોથા ભાગમાં ગુરુને વંદન કરીને, કાળનું ઉલ્લંઘન કર્યા વિના (કાર્યોત્સર્ગ કર્યા વિના જે) પાત્રાદિનું પ્રતિલેખન કરે.

**મુહપત્તિં પડિલેહિત્તા, પડિલેહિજ્જ ગોચ્છગં ।**
**ગોચ્છગલઈયંગુલિઓ, વત્થાઈ પડિલેહએ ॥૨૩॥**

મુહપત્તિ પડિલેહીને ગોચ્છકને પડિલેહે, ગોચ્છકને આંગળીઓથી ગ્રહણ કરીને વસ્ત્રોને પડિલેહે.

**ઉડ્ઢં થિરં અતુરિયં, પુવ્વં તા વત્થમેવ પડિલેહે ।**
**તો બિઈયં પપ્ફોડે, તઈયં ચ પુણો પમજ્જિજ્જ ॥૨૪॥**

સર્વપ્રથમ ઉકડુ આસને બેસે વસ્ત્રને ઊંચું રાખે, પછી તેને સ્થિર રાખીને સ્થિરતાથી પકડે, ઉતાવળ ન કરે. કપડાંને શરૂથી આખર સુધી જુએ. બીજું (કોઈ જીવ હોય તો) વસ્ત્રને હલાવે, દૂર કરે અને પછી વસ્ત્રનું પ્રમાર્જન કરે.

**અણચ્ચાવિયં અવલિયં, અણાણુબંધિ અમોસલિ ચેવ ।**
**છપ્પુરિમા નવ ખોડા, પાણીપાણવિસોહણં ॥૨૫॥**

પ્રતિલેખન કરતી વખતે કપડાંને અથવા શરીરને નચાવે નહિ, વાળે નહિ, પછાડે નહિ, ઝાટકે નહિ, ઉપયોગપૂર્વક પડિલેહણ કરે, વસ્ત્રને દીવાલ આદિથી સ્પર્શ ન થવા દે. છ પૂર્વ અને નવ ખોડાથી પ્રતિલેખન કરતાં જો જીવજંતુ નીકળે તો હાથમાં ઉઠાવીને વિશુદ્ધિ કરે, દૂર કરે.

**આરભડા સમ્મદ્દા, વજ્જેયવ્વા ય મોસલી તઈયા ।**
**પપ્ફોડણા ચઉત્થી, વિક્ખિત્તા વેઈયા છટ્ઠી ॥૨૬॥**

આરભડા, સમ્મર્દા, મોસલી, પ્રસ્ફોટના, વિક્ષિપ્તા અને વેદિકા - આ છ દોષ ટાળવા જોઈએ.

**પસિઢિલપલમ્બલોલા, એગા મોસા અણેગરૂવધુણા ।**
**કુણઈ પમાણે પમાયં, સંકિએ ગણણોવગં કુજ્જા ॥૨૭॥**

ઢીલું પકડવું, દૂર રાખવું, ભૂમિ ઉપર રગદોળવું, વચ્ચેથી પકડીને ઝાપટવું, શરીર અને વસ્ત્રને હલાવવું, પ્રમાદપૂર્વક પ્રતિલેખન કરવું, શંકિત થઈને ગણવું, આ પ્રતિલેખનના દોષ છે.

**અણૂણાઈરિત્તપડિલેહા અવિવચ્ચાસા તહેવ ય ।**
**પઢમં પયં પસત્થં, સેસાણિ ઉ અપ્પસત્થાઈં ॥૨૮॥**

પ્રસ્ફોટન અને પ્રમાર્જનના પ્રમાણથી ન્યૂનાધિકતા તથા વિપરીતતાથી રહિત પ્રતિલેખના જ શુદ્ધ થાય છે આ ત્રણ વિકલ્પોના આઠ વિકલ્પ થાય છે. તેમાં પ્રથમ પદ પ્રશસ્ત છે, બાકીના વિકલ્પો અપ્રશસ્ત છે.

**પડિલેહણં કુણન્તો, મિહે કહં કુણઈ જણવયકહં વા ।**
**દેઈ વ પચ્ચક્ખાણં, વાએઈ સયં પડિચ્છઈ વા ॥૨૯॥**

પ્રતિલેખન કરતાં કરતાં વાર્તાલાપ કરે, જનપદ કથા કરે, પ્રત્યાખ્યાન કરાવે, કોઈને ભણાવે અથવા સ્વયં અધ્યયન કરે.

**પુઢવી-આઉક્કાએ, તેઉ-વાઉ વણસ્સઇ-તસાણં ।**
**પડિલેહણા પમત્તો, છણ્હં પિ વિરાહઓ હોઈ ॥૩૦॥**

તો તે પ્રતિલેખનમાં પ્રમાદ કરનાર, મુનિ પૃથ્વીકાય, અપ, તેઉ, વાયુ, વનસ્પતિ અને ત્રસ કાયની વિરાધના કરે છે.

**પુઢવી-આઉક્કાએ, તેઉ-વાઉ-વણસ્સઇ-તસાણં ।**
**પડિલેહણા આઉત્તો, છણ્હં સંરક્ખઓ હોઈ ॥૩૧॥**

પ્રમાદરહિત થઈને પ્રતિલેખના કરનાર મુનિ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ કાયનું સંરક્ષણ કરે છે.

**તઇયાએ પોરિસીએ, ભત્તં પાણં ગવેસએ ।**
**છણ્હં અન્નયરાએ, કારણંમિ સમુવટ્ઠિએ ॥૩૨॥**

નીચેના છ કારણોમાં કોઈ એક કારણની હાજરી ઉપસ્થિત થવા પર ત્રીજા પહોરે ભોજન-પાણીની ગવેષણા કરે.

**વેયણ-વેયાવચ્ચે, ઈરિયટ્ઠાએ ય સંજમટ્ઠાએ ।**
**તહ પાણવત્તિયાએ, છટ્ઠં પુણ ધમ્મચિન્તાએ ॥૩૩॥**

ક્ષુધા વેદનાની શાંતિ માટે, વૈયાવૃત્ય માટે, ઈર્યા સમિતિના પાલન માટે, સંયમપાલન માટે, પ્રાણરક્ષણ અને છટ્ઠું ધર્મચિંતન માટે.

**નિગ્ગંથો ધિઈમન્તો, નિગ્ગંથી વિ ન કરિજ્જ છહિં ચેવ ।**
**ઠાણેહિં ઉ ઈમેહિં, અણઇક્કમણાઇ સે હોઈ ॥૩૪॥**

ધૃતિમાન નિર્ગ્રન્થ અને સાધ્વી નીચેનાં છ કારણે આહારાદિ ન કરે, તો તેના સંયમનું ઉલ્લંઘન થતું નથી.

**આયંકે ઉવસગ્ગે, તિતિક્ખયા બમ્ભચેરગુત્તીસુ ।**
**પાણિદયા તવહેઉં, સરીરવોચ્છેયણટ્ઠાએ ॥૩૫॥**

રોગ વખતે, ઉપસર્ગ આવવા પર તિતિક્ષા માટે, બ્રહ્મચર્યની ગુપ્તિની રક્ષા અર્થે, પ્રાણીદયાર્થે, તપના હેતુ માટે અને શરીર અધ્યાસ તોડવા માટે આહાર-પાણી છોડે તો સંયમનું ઉલ્લંઘન થતું નથી.

**અવસેસં ભંડગં ગિજ્ઝ, ચક્ખુસા પડિલેહએ ।**
**પરમદ્ધજોયણાઓ, વિહારં વિહરએ મુણી ॥૩૬॥**

સમસ્ત ભંડોપકરણને ચક્ષુથી સારી રીતે પડિલેહણ કરીને સાથે લઈને જરૂર હોય તો વધુમાં વધુ અર્ધા યોજન સુધી ભિક્ષા માટે જાય.

**ચઉત્થીએ પોરિસીએ, નિક્ખિવિત્તાણ ભાયણં ।**
**સજ્ઝાયં ચ તઓ કુજ્જા, સવ્વભાવવિભાવણં ॥૩૭॥**

ચોથી પોરસીમાં પ્રતિલેખન કરીને ભાજનોને (પાત્રા)બાંધીને મૂકી દે પછી જીવાદિ સર્વભાવોને પ્રકટ - અભિવ્યક્ત કરનાર સ્વાધ્યાય કરે.

**પોરિસીએ ચઉબ્ભાએ, વન્દિત્તાણ તઓ ગુરું ।**
**પડિક્કમિત્તા કાલસ્સ, સેજ્જં તુ પડિલેહએ ॥૩૮॥**

ચોથી પોરસીના ચોથા ભાગમાં સ્વાધ્યાય કાળથી નિવૃત્ત થઈને ગુરુ વંદન કરીને કાળનું પ્રતિક્રમણ (કાયોત્સર્ગ) કરીને પછી પથારીની પ્રતિલેખના કરે.

**પાસવણુચ્ચારભૂમિં ચ, પડિલેહિજ્જ જયં જઈ ।**
**કાઉસ્સગ્ગં તઓ કુજ્જા, સવ્વદુક્ખવિમોક્ખણં ॥૩૯॥**

યત્નાવંત મુનિ ઉચ્ચાર - પ્રશ્રવણ ભૂમિનું પ્રતિલેખન કરે અને પછી સર્વ દુઃખોથી મુક્ત કરાવનાર કાઉસ્સગ્ગ કરે.

**દેવસિયં ચ અઈયારં, ચિન્તિજ્જા અણુપુવ્વસો ।**
**નાણે ય દંસણે ચેવ, ચરિત્તમ્મિ તહેવ ય ॥૪૦॥**

કાઉસ્સગ્ગમાં દિવસે જ્ઞાન, દર્શન, ચારિત્રમાં લાગેલા દોષનું ક્રમશઃ ચિંતન કરે.

**પારિયકાઉસ્સગ્ગો, વન્દિત્તાણ તઓ ગુરું ।**
**દેવસિયં તુ અઈયારં, આલોએજ્જ જહક્કમં ॥૪૧॥**

કાઉસ્સગ્ગ પારીને ગુરુ વંદન કરે, પછી દેવસિય અતિચારોની ક્રમશઃ આલોચના કરે.

**પડિક્કમિત્તુ નિસ્સલો, વન્દિત્તાણ તઓ ગુરું ।**
**કાઉસ્સગ્ગં તઓ કુજ્જા, સવ્વદુક્ખવિમોક્ખણં ॥૪૨॥**

પ્રતિક્રમણ કરીને શલ્ય રહિત થાય, પછી ગુરુને વંદન કરીને સર્વ દુઃખની વિમુક્તિ માટે કાઉસ્સગ્ગ કરે.

**પારિયકાઉસ્સગ્ગો, વન્દિત્તાણ તઓ ગુરું ।**
**થુઈમંગલં ચ કાઊણ, કાલં સંપડિલેહએ ॥૪૩॥**

કાઉસ્સગ્ગ પારીને ગુરુ વંદન કરીને, પછી સ્તુતિ મંગલ કરીને પછી કાળનું પ્રતિલેખન કરે.

**પઢમં પોરિસિ સજ્ઝાયં, બિઈયં ઝાણં ઝિયાયઈ ।**
**તઈયાએ નિદ્દમોક્ખં તુ, સજ્ઝાયં તુ ચઉત્થિએ ॥૪૪॥**

રાતના પહેલા પહોરમાં સજ્ઝાય, બીજામાં ધ્યાન, ત્રીજા પહોરમાં નિદ્રા મુક્તિ અને ચોથા પહોરમાં સજ્ઝાય કરે.

**પોરિસીએ ચઉત્થીએ, કાલં તુ પડિલેહિએ ।**
**સજ્ઝાયં તુ તઓ કુજ્જા, અબોહન્તો અસંજએ ॥૪૫॥**

ચોથા પહોરમાં કાળની પ્રતિલેખના કરીને અસંયત જીવોને ન જગાડતાં સ્વાધ્યાય કરે.

**પોરિસીએ ચઉબ્ભાએ, વન્દિઉણ તઓ ગુરું ।**
**પડિક્કમિત્તુ કાલસ્સ, કાલં તુ પડિલેહએ ॥૪૬॥**

આ પોરસીના ચોથા ભાગમાં ગુરુને વંદન કરીને કાળનું પ્રતિક્રમણ કરી. પછી પ્રાતઃકાલની પ્રતિલેખના કરે.

**આગએ કાયવુસ્સગ્ગે, સવ્વદુક્ખવિમુક્ખણે ।**
**કાઉસ્સગ્ગં તઓ કુજ્જા, સવ્વદુક્ખવિમોક્ખણં ॥૪૭॥**

સર્વ દુઃખથી મુકત કરાવનાર કાઉસ્સગ્ગનો સમય થવા પર કાઉસગ્ગ કરે.

**રાઈયં ચ અઈયારં, ચિન્તિજ્જ અણુપુવ્વસો ।**
**નાણંમિ દંસણંમિ ય, ચરિત્તંમિ તવંમિ ય ॥૪૮॥**

ત્યારબાદ રાત્રે, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપમાં લાગેલા રાત્રિ સંબંધી અતિચારોનું ક્રમશઃ ચિંતન કરે.

**પારિય કાઉસ્સગ્ગો, વન્દિત્તાણ તઓ ગુરું ।**
**રાઈયં તુ અઈયારં, આલોએજ્જ જહક્કમં ॥૪૯॥**

કાઉસ્સગ્ગ પારીને ગુરુને વંદન કરીને પછી અનુક્રમે રાત્રિના અતિચારની આલોચના કરે.

**પડિક્કમિત્તુ નિસ્સલ્લો, વન્દિત્તાણ તઓ ગુરું ।**
**કાઉસ્સગ્ગં તઓ કુજ્જા, સવ્વદુક્ખવિમોક્ખણં ॥૫૦॥**

પછી પ્રતિક્રમણ કરીને નિઃશલ્ય થઈને ગુરુને વંદન કરીને સર્વ દુઃખ મુક્ત કરનાર કાઉસ્સગ્ગ કરે.

**કિં તવં પડિવજ્જામિ, એવં તત્થ વિચિન્તએ ।**
**કાઉસ્સગ્ગો તુ પારિત્તા, કરિજ્જા જિણ સંથવં ॥૫૧॥**

હું આજે કેવું તપ કરું ? એમ કાઉસ્સગ્ગમાં ધ્યાનમાં વિચાર કરીને કાઉસ્સગ્ગ પાળે, કાઉસ્સગ્ગ પારીને જિન સ્તુતિ કરે.

**પારિયકાઉસ્સગ્ગં, વન્દિત્તાણ તઓ ગુરું ।**
**તવં સંપડિવજ્જિજ્જા, કુજ્જા સિદ્ધાણ સંથવં ॥૫૨॥**

કાઉસ્સગ્ગ પારીને, ગુરુને વંદન કરીને, યથોચિત્ત તપ સ્વીકાર કરીને સિદ્ધોની સ્તુતિ કરે.

**એસા સામાયારી, સમાસેણ વિયાહિયા ।**
**જં ચરિત્તા બહૂ જીવા, તિણ્ણા સંસારસાગરં ॥૫૩॥**

**॥ ત્તિબેમિ ॥**

આ રીતે ટૂંકમાં સમાચારી કહી, જેને આચરવાથી ઘણા જીવો સંસાર-સાગર તરી ગયા.

# અધ્યયન - ૨૭ : દુષ્ટ બળદ

**થેરે ગણહરે ગગ્ગે, મુણી આસિ વિસારએ ।**
**આઈન્ને ગણિભાવમ્મિ, સમાહિ પડિસંધએ ॥૧॥**

સર્વ શાસ્ત્ર વિશારદ ગર્ગાચાર્ય ગણિભાવમાં સ્થિત સ્થવિર મુનિ હતા. એ ગુણવાન આચાર્ય સતત સમાધિભાવમાં રહેતા હતા.

**વહણે વહમાણસ્સ, કન્તારં અઈવત્તઈ ।**
**જોગે વહમાણસ્સ, સંસારં અઈવત્તઈ ॥૨॥**

જેમ ગાડીમાં વિનીત સારો બળદ જોડવાથી જંગલને સરળતાથી પાર કરાય છે, એમ સંયમમાં જોડાયેલ યોગવ્યાપારમાં પ્રવૃત્ત સાધુ સંસાર પાર કરી જાય છે.

**ખલુંકે જો ઉ જોએઈ, વિહમ્માણો કિલિસ્સઈ ।**
**અસમાહિં ચ વેએઈ, તોત્તઓ સે ય ભજ્જઈ ॥૩॥**

દુષ્ટ-ઠંડા બળદને જોડવાથી, જોડનાર વ્યક્તિ ને ક્લેશ થાય છે. એ બળદને મારી મારી થાકી જાય છે, એની ચાબુક તૂટી જાય છે અને દુઃખ ભોગવે છે.

**એગં ડસઇ પુચ્છંમિ, એગં વિન્ધઇ અભિક્ખણં ।**
**એગો ભંજઇ સમિલં, એગો ઉપ્પહપટ્ઠિઓ ॥૪॥**

એવા બળદમાં, કોઈ બળદની પૂંછડીમાં શૂળ ભોંકાય છે, કોઈ બળદને વારંવાર માર ખાવો પડે છે, કોઈ બળદ જોતર તોડી નાંખે છે, તો કોઈ બળદ ઉન્માર્ગે ચાલે છે.

**એગો પડઇ પાસેણં, નિવેસઇ નિવિજ્જઇ ।**
**ઉક્કુદ્દઇ, ઉપ્ફિડઇ, સઢે બાલગવી વએ ॥૫॥**

કોઈ બળદ માર્ગની એક બાજુ ગાડું લઈ પડે છે, કોઈ બેસી જાય છે, કોઈ સૂઈ જાય છે, કોઈ કૂદકો મારે છે, તો કોઈ શઠ બળદ તરુણ ગાયની પાછળ દોડવા લાગે છે.

**માઇ મુદ્ધેણ પડઇ, કુદ્ધે ગચ્છઇ પડિપ્પહં ।**
**મયલક્ખેણ ચિટ્ઠઇ, વેગેણ ય પહાવઇ ॥૬॥**

માયાવી બળદ માથું ઝુકાવી જમીન પર પડી જાય છે, કોઈ ક્રોધિત થઈને ઉલટામાર્ગે પાછળ દોડે છે, કોઈ મડદું થઈ પડે છે, તો કોઈ જોરથી દોડે છે.

**છિન્નાલે છિન્દઇ, સેલ્લિં, દુદન્તો ભંજએ જુગં ।**
**સે વિ ય સુસ્સુયાઇત્તા, ઉજ્જહિત્તાપલાયએ ॥૭॥**

કોઈ દુષ્ટ બળદ દોરી તોડી નાંખે છે, કોઈ દુર્દન્ત-નિરંકુશ બળદ ધૂંસરી તોડી નાખે છે, કોઈ બળદ ચિત્કાર કરતો કરતો વાહન અને માલિકને છોડીને નાસી જાય છે.

**ખલુંકા જારિસા જોજ્જા, દુસ્સીસા વિ હુ તારિસા ।**
**જોઇયા ધમ્મજાણમ્મિ, ભજ્જન્તી ધિઇદુબ્બલા ॥૮॥**

આવા દુષ્ટ બળદને વાહનમાં જોડવા પર જેમ વાહનને તોડી નાંખે છે તેની જેમ કેટલાક કુશિષ્યો - ચંચળ બુદ્ધિ, દુર્બલ ચિત્તવાળા સાધુઓ ધર્મરૂપી વાહનમાં જોડાયા પછી સંયમનું પાલન ન કરતાં સંયમ ભાંગે છે.

**ઇડ્ઢીગારવિએ એગે, એગિત્થ રસગારવે ।**
**સાયાગારવિએ એગે, એગે સુચિરકોહણે ॥૯॥**

આચાર્ય વિચારે છે કે મારો કોઈ શિષ્ય રિદ્ધિ ગારવ-કીચડમાં, કોઈ રસ ગારવમાં, કોઈ સાતા-ગારવમાં ડૂબે છે, તો કોઈ દીર્ઘકાળ ક્રોધી બને છે.

**ભિક્ખાલસિએ એગે, એગે ઓમાણભીરુએ ।**
**થદ્ધે એગે અણુસાસમ્મી, હેઊહિં કારણેહિ ય ॥૧૦॥**

કોઈ ભિક્ષાચરીમાં આળસ કરે છે, તો કોઈ અપમાનભીરુ છે. કોઈ માની-ઘમંડી છે, આવા દુષ્ટ શિષ્યોને હું હેતુઓ અને કારણોથી હિતશિક્ષા આપું છું તો પણ સુધરતા નથી.

**સો વિ અન્તરભાસિલ્લો, દોસમેવ પકુવ્વઇ ।**
**આયરિયાણં તુ વયણં, પડિકૂલેઇ અભિક્ખણં ॥૧૧॥**

શિષ્યને ગુરુ શિખામણ આપે તો તે વચમાં બોલી ઊઠે છે, અને સામો ગુરુ-વચનમાં દોષ કાઢે છે, કોઈ કોઈ તો આચાર્યના વચનથી પ્રતિકૂળ આચરણ કરે છે.

**ન સા મમં વિયાણાઇ, ન વિ સા મજ્ઝ દાહિઇ ।**
**નિગ્ગયા હોહિઇ મન્ને, સાહુ અન્નોત્થ વજ્જઉ ॥૧૨॥**

(કુસાધુને ગુરુ ભિક્ષાર્થે જવાનું કહે છે તો) કુસાધુ કહે છે - એ શ્રાવિકા મને ઓળખતી નથી. તે મને ભિક્ષા આપશે નહિ, તે તો બહાર ગઈ છે. આપ બીજા સાધુને મોકલો.

**પેસિયા પલિઉંચન્તિ, તે પરિયન્તિ સમન્તઓ ।**
**રાયવેટ્ઠિં ચ મન્નન્તા, કરેન્તિ ભિઉડિં મુહે ॥૧૩॥**

જે કામને માટે તેને મોકલવામાં આવે છે તે કામ કર્યા વિના પાછો ફરે છે અને જૂઠ બોલે છે. અહીં તહીં ઘૂમતો ફરે છે અને કામને રાજાની વેઠ સમજે છે અને ભ્રૂકુટિ ચઢાવે છે.

**વાઈયા સંગહિયા ચેવ, ભત્તપાણેણ પોસિયા ।**
**જાયપક્ખા જહા હંસા, પક્કમન્તિ દિસોદિસિં ॥૧૪॥**

આચાર્ય વિચારે છે કે મેં આને ભણાવ્યો, દીક્ષા આપી મારી પાસે રાખ્યો, આહાર પાણીથી પાળ્યો, પરંતુ જેમ પાંખ આવ્યા પછી પક્ષી - હંસ ઊડી જાય છે તેમ આ સ્વેચ્છાચારી થઈ દિશોદિશ વિભિન્ન દિશામાં ભમે છે.

**અહ સારહી વિચિન્તેઇ, ખલુંકેહિં સમાગઓ ।**
**કિં મજ્ઝ દુટ્ઠસીસેહિં, અપ્પા મે અવસીયઇ ॥૧૫॥**

આ કુસાધુથી યુક્ત ધર્મધ્યાનના સારથી દુઃખી થતા આચાર્ય વિચારે છે કે મને આવા દુષ્ટ શિષ્યોનો સમાગમ થયો ! મારે એનું શું પ્રયોજન ? આ દુષ્ટોથી મારો આત્મા ખેદ પામે છે.

**જારિસા મમ સીસા ઉ, તારિસા ગલિગદ્દહા ।**
**ગલિગદ્દહે ચઈત્તાણં, દઢં પગિણ્હઈ તવં ॥૧૬॥**

જેવા આળસુ ગધેડા હોય છે, એવા મારા શિષ્ય છે, એમ વિચારી આળસુ શિષ્યોને છોડીને ઉગ્ર તપનું આચરણ કર્યું.

**મિઉમદ્દવસંપન્નો, ગમ્ભીરો સુસમાહિઓ ।**
**વિહરઈ મહિં મહપ્પા, સીલભૂએણ અપ્પણા ॥૧૭॥**
**॥ ત્તિબેમિ ॥**

પછી મૃદુ અને સરળતા સંપન્ન ગંભીર, સમાધિવાળા ચારિત્રશીલ આત્માથી યુક્ત બનીને તે મહાત્મા ગર્ગાચાર્ય પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા.

## અધ્યયન - ૨૮ : મોક્ષમાર્ગ

**મોક્ખમગ્ગગઈ તચ્ચં, સુણેહ જિણભાસિયં ।**
**ચઉકારણસંજુત્તં, નાણદંસણલક્ખણં ॥૧॥**

શ્રી જિન ભગવાન ભાષિત ચાર કારણ યુક્ત જ્ઞાન-દર્શન-લક્ષણવાળી મોક્ષમાર્ગની ગતિને મારી પાસેથી સાંભળો.

**નાણં ચ દંસણં ચેવ, ચરિત્તં ચ તવો તહા ।**
**એસ મગ્ગો ત્તિ પન્નત્તો, જિણેહિં વરદંસિહિં ॥૨॥**

સર્વજ્ઞ, સર્વદર્શી જિન ભગવાને જ્ઞાન, દર્શન-ચારિત્ર અને તપને મોક્ષ-માર્ગ કહ્યો છે.

**નાણં ચ દંસણં ચેવ, ચરિત્તં ચ તવો તહા ।**
**એયં મગ્ગમણુપ્પત્તા, જીવા ગચ્છન્તિ સોગ્ગઈં ॥૩॥**

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ માર્ગને પામેલા જીવો સુગતિમાં જાય છે.

**તત્થ પંચવિહં નાણં, સુયં આભિણિબોહિયં ।**
**ઓહિનાણં તુ તઈયં, મણનાણં ચ કેવલં ॥૪॥**

મોક્ષના ચાર માર્ગ કહ્યા તેમાંથી જ્ઞાન પાંચ જાતનું છે - મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવલજ્ઞાન.

**એયં પંચવિહં નાણં, દવ્વાણ ય ગુણાણ ય ।**
**પજ્જવાણં ય સવ્વેસિં, નાણં નાણીહિ દંસિયં ॥૫॥**

જ્ઞાનીઓએ દ્રવ્ય, ગુણ અને એની બધી પર્યાયોને જાણવા માટે ઉપરોક્ત પાંચ પ્રકારનું જ્ઞાન બતાવ્યું છે.

**ગુણાણમાસઓ દવ્વં, એગદવ્વસ્સિયા ગુણા ।**
**લક્ખણં પજ્જવાણં તુ, ઉભઓ અસ્સિયા ભવે ॥૬॥**

આ ગુણોના આશ્રયને (આધાર) દ્રવ્ય કહે છે. એક દ્રવ્યને આશ્રિત (જ્ઞાનાદિ તથા વર્ણ આદિ) રહે છે એને ગુણ કહે છે અને દ્રવ્ય અને ગુણના આશ્રયે રહે તેને પર્યાય કહે છે.

**ધમ્મો અહમ્મો આગાસં, કાલો પુગ્ગલ-જન્તવો ।**
**એસ લોગો ત્તિ પન્નત્તો, જિણેહિં, વરદંસિહિં ॥૭॥**

સર્વદર્શી જિનેન્દ્રે ધર્મ, અધર્મ, આકાશ, કાલ, પુદ્‌ગલ અને જીવ - આ છ દ્રવ્યાત્મક લોક કહ્યો છે.

**ધમ્મો અહમ્મો આગાસં, દવ્વં ઇક્કિક્કમાહિયં ।**
**અણન્તાણિ ય દવ્વાણિ, કાલો પુગ્ગલ-જંતવો ॥૮॥**

ધર્મ, અધર્મ અને આકાશ એક એક દ્રવ્ય છે. કાલ, પુદ્‌ગલ અને જીવ આ ત્રણ અનંત દ્રવ્ય છે.

**ગઇલક્ખણો ઉ ધમ્મો, અહમ્મો ઠાણલક્ખણો ।**
**ભાયણં સવ્વદવ્વાણં, નહં ઓગાહ લક્ખણં ॥૯॥**

ગતિ લક્ષણરૂપ ધર્મ છે અને અધર્મ સ્થિતિ-લક્ષણરૂપ છે અને બધાં દ્રવ્યોનું ભાજન (આધાર) અને અવગાહના લક્ષણવાળું આકાશ દ્રવ્ય છે.

**વત્તણાલક્ખણો કાલો, જીવો ઉવઓગલક્ખણો ।**
**નાણેણં દંસણેણં ચ, સુહેણ ય દુહેણ ય ॥૧૦॥**

કાળનું લક્ષણ વર્તના (પરિવર્તન), જીવનું લક્ષણ ઉપયોગ છે. જીવ એ જ્ઞાન અને દર્શનથી, સુખ તથા દુઃખથી જાણી શકાય છે.

**નાણં ચ દંસણં ચેવ, ચરિત્તં ચ તવો તહા ।**
**વીરિયં ઉવઓગો ય, એયં જીવસ્સ લક્ખણં ॥૧૧॥**

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ આ જીવનાં લક્ષણ છે.

**સદ્દન્ધયાર-ઉજ્જોઓ, પભા છાયાતવો ઇ વા ।**
**વન્નરસગંધફાસા, પુગ્ગલાણં તુ લક્ખણં ॥૧૨॥**

શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, આતપ, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ - આ પુદ્‌ગલનાં લક્ષણ છે.

**એગત્તં ચ પુહત્તં ચ, સંખા સંઠાણમેવ ય ।**
**સંજોગા ય વિભાગા ય, પજ્જવાણં તુ લક્ખણં ॥૧૩॥**

મિલન થવું, છૂટું પડવું, સંખ્યા, સંસ્થાન, સંયોગ અને વિભાગ - આ પર્યાયનાં લક્ષણ છે.

**જીવાજીવા ય બન્ધો ય, પુણ્ણં પાવાસવો તહા ।**
**સંવરો નિજ્જરા મોક્ખો, સન્તેએ તહિયા નવ ॥૧૪॥**

જીવ, અજીવ, બંધ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા અને મોક્ષ આ નવ પદાર્થ તત્ત્વ છે.

**તહિયાણં તુ ભાવાણં, સબ્ભાવે ઉવએસણં ।**
**ભાવેણં સદ્દહન્તસ્સ, સમ્મત્તં તં વિયાહિયં ॥૧૫॥**

આ પદાર્થના યથાર્થ ભાવોના સદ્‌ભાવ(અસ્તિત્વ)ના નિરૂપણમાં જે ભાવપૂર્વક શ્રદ્ધા કરવી, તેને સમ્યક્‌ત્વ કહે છે.

**નિસગ્ગુવએસરુઇ આણારુઇ, સુત્ત-બીયરુઇ મેવ ।**
**અભિગમ-વિત્થારરુઇ, કિરિયા-સંખેવ-ધમ્મરુઇ ॥૧૬॥**

સમ્યક્‌ત્વના ભેદ નિસર્ગ રુચિ, ઉપદેશ રુચિ, આજ્ઞા રુચિ, સૂત્ર બીજ, અભિગમ, વિસ્તાર, ક્રિયા, સંક્ષેપ અને ધર્મ રુચિ છે.

**ભૂયત્થેણાહિગયા, જીવાજીવા ય પુણ્ણપાવં ચ ।**
**સહસમ્મઇયાસવસંવરો ય, રોએઇ ઉ નિસ્સગ્ગો ॥૧૭॥**

બીજાના ઉપદેશ વિના જ જેણે જાતિ સ્મરણ જ્ઞાનથી જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર આદિને યથાર્થ રૂપથી જાણી લીધા, શ્રદ્ધા કરી એ નિસર્ગ રુચિ છે.

**જો જિણદિટ્ઠે ભાવે, ચઉવ્વિહે સદ્દહાઇ સયમેવ ।**
**એમેવ નન્નહ ત્તિ ય સ, નિસગ્ગરુઇ ત્તિ નાયવ્વો ॥૧૮॥**

જિનેન્દ્ર દ્વારા દૃશ્ય પદાર્થોને દ્રવ્યાદિ ચાર પ્રકારથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સ્વયંમેવ જાણીને યથાર્થ શ્રદ્ધા કરે છે, આ આમ જ છે અન્યથા નથી એવી સ્વયંસ્ફુરિત શ્રદ્ધા કરે એ નિસર્ગ રુચિ સમ્યક્‌ત્વ છે.

**એએ ચેવ ઉ ભાવે, ઉવઇટ્ઠે જો પરેણ સદ્દહઇ ।**
**છઉમત્થેણ જિણેણ વ, ઉવએસરુઇ ત્તિ નાયવ્વો ॥૧૯॥**

ઉપર કહેલા જીવાદિ પદાર્થોને છદ્મસ્થ અથવા સર્વજ્ઞ પાસેથી સાંભળીને શ્રદ્ધા કરે, એને ઉપદેશ રુચિ સમકિત કહે છે.

**રાગો દોસો મોહો, અન્નાણં, જસ્સ અવગયં હોઇ ।**
**આણાએ રોયન્તો, સો ખલુ આણારુઇ નામં ॥૨૦॥**

જેના રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન દૂર થઈ ગયા છે, એવા મહાપુરુષોની આજ્ઞાથી તત્ત્વો પર રુચિ રાખવી એ આજ્ઞા રુચિ છે.

**જો સુત્તમહિજ્જન્તો, સુએણ ઓગાહઇ ઉ સમ્મત્તં ।**
**અંગેણ બહિરેણ વ, સો સુત્તરુઇ ત્તિ નાયવ્વો ॥૨૧॥**

જે સૂત્રો અંગ પ્રવિષ્ટ અને અંગ બાહ્ય છે, તેનો અભ્યાસ કરીને સમ્યક્ત્વ પામે છે, એને સૂત્ર રૂચિ કહે છે.

**એગેણ અણેગાઈ, પયાઈ જો પસરઇ ઉ સમ્મત્તં ।**
**ઉદએ વ્વ તેલ્લબિન્દૂ, સો બીયરુઇ ત્તિ નાયવ્વો ॥૨૨॥**

પાણીમાં નાંખેલ તેલનાં બિંદુઓની જેમ જે એક પદથી અનેક પદમાં ફેલાય છે, એને બીજ રુચિ સમકિત કહે છે.

**સો હોઇ અભિગમરુઇ, સુયનાણં જેણ અત્થઓ દિટ્ઠં ।**
**એક્કારસ અંગાઈ, પઇણ્ણગં દિટ્ઠવાઓ ય ॥૨૩॥**

જેણે અગિયાર અંગ પ્રકીર્ણક તથા દષ્ટિવાદ આદિ શ્રુતને અર્થ સહિત ભણીને સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું છે, તે અભિગમ રુચિ છે.

**દવ્વાણ સવ્વભાવા, સવ્વપમાણેહિં જસ્સ ઉવલદ્ધા ।**
**સવ્વાહિં નયવિહીહિં, વિત્થારરુઇ ત્તિ નાયવ્વો ॥૨૪॥**

દ્રવ્યોના બધા ભાવોને જેણે બધી દષ્ટિ નય વિધિઓથી અને પ્રમાણોથી જાણીને શ્રદ્ધા કરી છે, એને વિસ્તાર રુચિ સમકિત કહ્યું છે.

**દંસણનાણચરિત્તે, તવવિણએ સચ્ચસમિઇગુત્તીસુ ।**
**જો કિરિયાભાવરુઈ, સો ખલુ કિરિયારુઇ નામ ॥૨૫॥**

દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય, સત્ય, સમિતિ, ગુપ્તિરૂપ ક્રિયાઓમાં જેની ભાવથી રુચિ થાય છે, એ ક્રિયા રુચિ સમકિત છે.

**અણભિગ્ગહિયકુદિટ્ઠી, સંખેવરુઇ ત્તિ હોઇ નાયવ્વો ।**
**અવિસારઓ પવયણે, અણભિગ્ગહિઓ ય સેસેસુ ॥૨૬॥**

જેણે મિથ્યા મતને ગ્રહણ કર્યા નથી, જેને બીજા મતમાં શ્રદ્ધા નથી અને જે જિન પ્રવચનમાં વિશારદ નથી, પરંતુ કુદૃષ્ટિનો આગ્રહ ન હોવાથી અલ્પબોધથી જ જે તત્ત્વશ્રદ્ધા કરે એને સંક્ષેપથી રુચિ થવાના કારણે સંક્ષેપ રુચિ કહે છે.

**જો અત્થિકાયધમ્મં, સુયધમ્મં ખલુ ચરિત્તધમ્મં ચ ।**
**સદ્દહઇ જિણાભિહિયં, સો ધમ્મરુઈ ત્તિ નાયવ્વો ॥૨૭॥**

જે જિન પ્રરૂપિત અસ્તિકાય ધર્મ, શ્રુત ધર્મ અને ચારિત્ર ધર્મને શ્રદ્ધે છે, એને ધર્મરુચિ કહે છે.

**પરમત્થસંથવો વા, સુદિટ્ઠપરમત્થસેવણા વા વિ ।**
**વાવન્નકુંદસણવજ્જણા, ય સમ્મત્તસદ્દહણા ॥૨૮॥**

પરમાર્થનો વિશેષ પરિચય કરવો, જેઓએ પરમાર્થને જોયો છે, એમની સેવા કરવી, સમકિતથી પતિત અને કુદર્શનીથી દૂર રહેવું, એ સમકિતની શ્રદ્ધા છે. એમ કરવાથી સમ્યગ્દર્શનમાં સ્થિરતા આવે છે.

**નત્થિ ચરિત્તં સમ્મત્તવિહૂણં, દંસણે ઉ ભઈયવ્વં ।**
**સમ્મત્તચરિત્તાઈં, જુગવં પુવ્વં ચ સમ્મત્તં ॥૨૯॥**

સમકિત વિના ચારિત્ર નથી, દર્શનમાં ચારિત્રની ભજના છે. સમકિત અને ચારિત્ર સાથે હોય તો એમાં સમકિત પ્રથમ હોય છે.

**નાદંસણિસ્સ નાણં, નાણેણ વિણા ન હુન્તિ ચરણગુણા ।**
**અગુણિસ્સ નત્થિ મોક્ખો, નત્થિ અમોક્ખસ્સ નિવ્વાણં ॥૩૦॥**

દર્શન વિના જ્ઞાન નથી થતું અને જ્ઞાન વિના ચારિત્રરૂપ ગુણની પ્રાપ્તિ નથી. ચારિત્ર ગુણથી રહિત જીવની મુક્તિ નથી અને મુક્તિ વિના નિર્વાણ (ચિદાનંદ) નથી.

**નિસ્સંકિય-નિક્કંખિય, નિવ્વિતિગિચ્છા અમૂઢદિટ્ઠી ય ।**
**ઉવબૂહ-થિરિકરણે, વચ્છલ્લ-પભાવણે અટ્ઠ ॥૩૧॥**

નિઃશંકિત, નિકાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢ દૃષ્ટિ, ઉપબૃંહણ, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના - આ સમકિતનાં આઠ અંગ છે.

**સામાઈયત્થ પઢમં, છેઓવટ્ઠાવણં ભવે બીયં ।**
**પરિહારવિસુદ્ધિયં, સુહુમં તહ સંપરાયં ચ ॥૩૨॥**

ચારિત્રના પાંચ પ્રકાર છે. પહેલું સામાયિક ચારિત્ર, બીજું છેદોપ-સ્થાપનીય, ત્રીજું પરિહાર વિશુદ્ધિ અને ચોથું સૂક્ષ્મ સંપરાય ચારિત્ર છે.

**અકસાય-મહક્ખાયં, છઉમત્થસ્સ જિણસ્સ વા ।**
**એયં ચયરિત્તકરં, ચારિત્તં, હોઈ આહિયં ॥૩૩॥**

કષાયથી રહિત ચારિત્ર પાંચમું યથાખ્યાત ચારિત્ર છે, એ છદ્મસ્થ અને કેવલીને હોય છે. આ પાંચે ચારિત્ર કર્મોને દૂર કરે છે એવું ભગવાને કહ્યું છે.

**તવો ય દુવિહો વુત્તો, બાહિરબ્ભન્તરો તહા ।**
**બાહિરો છવ્વિહો વુત્તો, એવં અબ્ભંતરો તવો ॥૩૪॥**

તપના બાહ્ય અને આભ્યંતર એવા બે ભેદ છે. બાહ્ય તપ છ પ્રકારનું છે, અને આભ્યંતર તપ પણ છ પ્રકારનું છે.

**નાણેણ જાણઈ ભાવે, દંસણેણ ય સદ્દહે ।**
**ચરિત્તેણ ય નિગિણ્હાઇ, તવેણ પરિસુજ્ઝઈ ॥૩૫॥**

જ્ઞાનથી ભાવ-પદાર્થો જણાય છે. દર્શનથી શ્રદ્ધા થાય છે, ચારિત્રથી કર્માશ્રવ રોકાય છે અને તપથી શુદ્ધિ થાય છે.

**ખવિત્તા પુવ્વકમ્માઈં, સંજમેણ તવેણ ય ।**
**સવ્વદુક્ખપ્પહિણટ્ઠા પક્કમન્તિ મહેસિણો ॥૩૬॥**

જે મહર્ષિ છે તે સંયમ અને તપથી સર્વ દુઃખથી મુક્ત થઈને મોક્ષ પામવાનો પ્રયત્ન કરે છે.

# અધ્યયન-૨૯ : સમ્યક્ પરાક્રમના ૭૩ બોલ

**સુયં મે આઉસં ! તેણં ભગવયા એવમક્ખાયં । ઈહ ખલુ સમ્મત્ત-પરક્કમે નામ અજ્ઝયણે સમણેણં ભગવયા મહાવીરેણં કાસવેણં પવેઈએ। જં સમ્મં સદ્દહિત્તા પત્તિઈત્તા રોયઈત્તા ફાસિત્તા પાલઈત્તા તીરિત્તા કિત્તઈત્તા સોહઈત્તા આરાહિત્તા આણાએ અણુપાલઈત્તા બહવે જીવા સિજ્ઝન્તિ બુજ્ઝન્તિ મુચ્ચન્તિ પરિનિવાયન્તિ, સવ્વદુક્ખાણમંતં કરેન્તિ।**

હે આયુષ્યમાન ! મેં સાંભળ્યું છે કે તે ભગવાને આ પ્રમાણે કહ્યું. કાશ્યપ ગોત્રીય શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ સમ્યક્ પરાક્રમ નામનું અધ્યયન કહ્યું. જેના ઉપર સમ્યક્ શ્રદ્ધા કરીને; રુચિ-પ્રતીતિ કરીને તે પ્રમાણે સ્પર્શ કરીને, પાલન કરીને, અંત સુધી નિર્વાહ કરીને, કીર્તન કરીને, શુદ્ધિ કરીને, આરાધના

કરીને, આજ્ઞાનું પાલન કરીને ઘણા જીવો સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, પરિનિર્વાણ પામે છે અને સર્વ દુઃખોનો અંત કરે છે.

**તસ્સ ણં અયમટ્ઠે એવમાહિજ્જઇ, તં જહા - સંવેગે ૧, નિવ્વેએ ૨, ધમ્મસદ્ધા ૩, ગુરુસાહમ્મિયસુસ્સૂસણયા ૪, આલોયણયા ૫, નિન્દણયા ૬, ગરિહણયા ૭, સામાઇએ ૮, ચઉવ્વિસત્થવે ૯, વન્દણે ૧૦, પડિક્કમણે ૧૧, કાઉસ્સગ્ગે ૧૨, પચ્ચક્ખાણે ૧૩, થયથુઈમંગલે ૧૪, કાલપડિલેહણયા ૧૫, પાયચ્છિત્તકરણે ૧૬, ખમાવયણયા ૧૭, સજ્ઝાએ ૧૮, વાયણયા ૧૯, પડિપુચ્છણયા ૨૦, પડિયટ્ટણયા ૨૧, અણુપ્પેહા ૨૨, ધમ્મકહા ૨૩, સુયસ્સ આરાહણયા ૨૪, એગગ્ગમણ સંનિવેસણયા ૨૫, સંજમે ૨૬, તવે ૨૭, વોદાણે ૨૮, સુહસાએ ૨૯, અપ્પડિબદ્ધયા ૩૦, વિવિત્તસયણાસણસેવણયા ૩૧, વિણિયટ્ટણયા ૩૨, સંભોગપચ્ચક્ખાણે ૩૩, ઉવહિ પચ્ચક્ખાણે ૩૪, આહારપચ્ચક્ખાણે ૩૫, કસાયપચ્ચક્ખાણે ૩૬, જોગ પચ્ચક્ખાણે ૩૭, સરીરપચ્ચક્ખાણે ૩૮, સહાયપચ્ચક્ખાણે ૩૯, ભત્તપચ્ચક્ખાણે ૪૦, સબ્ભાવપચ્ચક્ખાણે ૪૧, પડિરુવણયા ૪૨, વેયાવચ્ચે ૪૩, સવ્વગુણસંપણ્ણયા ૪૪, વીયરાગયા ૪૫, ખન્તી ૪૬, મુત્તી ૪૭, અજ્જવે ૪૮, મદ્દવ્વે ૪૯, ભાવસચ્ચે ૫૦, કરણસચ્ચે ૫૧, જોગસચ્ચે ૫૨, મણગુત્તયા ૫૩, વયગુત્તયા ૫૪, કાયગુત્તયા ૫૫, મણસમાધારણયા ૫૬, વયસમાધારણયા ૫૭, કાયસમાધારણયા ૫૮, નાણસંપન્નયા ૫૯, દંસણસંપન્નયા ૬૦, ચરિત્તસંપન્નયા ૬૧, સોઇન્દિયનિગ્ગહે ૬૨, ચક્ખુઇન્દિયનિગ્ગહે ૬૩, ઘાણિન્દિયનિગ્ગહે ૬૪, જિબ્ભિન્દિયનિગ્ગહે ૬૫, ફાસિન્દિયનિગ્ગહે ૬૬, કોહવિજએ ૬૭, માણવિજએ ૬૮, માયાવિજએ ૬૯, લોહવિજએ ૭૦, પેજ્જદોસમિચ્છાદંસણવિજએ ૭૧, સેલેસી ૭૨, અકમ્મયા ૭૩ ।**

એ સમ્યક્ પરાક્રમનો અર્થ આ પ્રમાણે કહ્યો છે :

(૧) સંવેગ, (૨) નિર્વેદ, (૩) ધર્મશ્રદ્ધા, (૪) ગુરુ અને સાધર્મીઓની સેવા, (૫) આલોચના, (૬) નિંદા, (૭) ગર્હા, (૮) સામાયિક, (૯) ચોવીસ તીર્થંકરની સ્તુતિ, (૧૦) વંદના, (૧૧) પ્રતિક્રમણ, (૧૨) કાઉસ્સગ્ગ, (૧૩) પચ્ચક્ખાણ, (૧૪) સ્તવ-સ્તુતિ મંગલ, (૧૫) કાલપ્રતિલેખન, (૧૬) પ્રાયશ્ચિત્ત, (૧૭) ક્ષમાપના, (૧૮) સ્વાધ્યાય, (૧૯) વાચના, (૨૦) પ્રતિ-પૃચ્છના, (૨૧)

પરાવર્તના, (૨૨) અનુપ્રેક્ષા, (૨૩) ધર્મકથા, (૨૪) શ્રુતની આરાધના, (૨૫) ચિત્તની એકાગ્રતા, (૨૬) સંયમ, (૨૭) તપ, (૨૮) વ્યવદાન, (૨૯) સુખશાતા, (૩૦) અપ્રતિબદ્ધતા, (૩૧) એકાંત શયનાસન, (૩૨) વિનિવર્તના, (૩૩) સંભોગ ત્યાગ, (૩૪) ઉપધિ ત્યાગ, (૩૫) આહાર-ત્યાગ, (૩૬) કષાય ત્યાગ, (૩૭) યોગ ત્યાગ, (૩૮) શરીર ત્યાગ, (૩૯) સહાય ત્યાગ, (૪૦) ભત્ત પચ્ચક્ખાણ (૪૧) સદ્ભાવ પચ્ચક્ખાણ, (૪૨) પ્રતિરૂપતા, (૪૩) વૈયાવૃત્ય, (૪૪) સર્વગુણ સંપન્નતા, (૪૫) વીતરાગતા, (૪૬) ક્ષમા, (૪૭) નિર્લોભતા, (૪૮) સરલતા, (૪૯) મૃદુતા, (૫૦) ભાવ સત્ય, (૫૧) કરણ સત્ય, (૫૨) યોગ સત્ય, (૫૩) મનગુપ્તિ, (૫૪) વચનગુપ્તિ, (૫૫) કાયગુપ્તિ, (૫૬) મન સમાધારણા, (૫૭) વચન સમાધારણા, (૫૮) કાય સમાધારણા, (૫૯) જ્ઞાન સંપન્નતા, (૬૦) દર્શન સંપન્નતા, (૬૧) ચારિત્ર સંપન્નતા, (૬૨) શ્રોત્રેન્દ્રિય નિગ્રહ, (૬૩) ચક્ષુ ઈન્દ્રિય નિગ્રહ, (૬૪) ઘ્રાણેન્દ્રિય નિગ્રહ (૬૫) રસેન્દ્રિય નિગ્રહ, (૬૬) સ્પર્શેન્દ્રિય નિગ્રહ, (૬૭) ક્રોધ વિજય, (૬૮) માન વિજય, (૬૯) માયા વિજય, (૭૦) લોભ વિજય, (૭૧) રાગ-દ્વેષ અને મિથ્યા દર્શન વિજય, (૭૨) શૈલેશી, (૭૩) અકર્મતા.

**સંવેગેણં ભંતે ! જીવે કિં જણયઇ ? સંવેગેણં અણુત્તરં ધમ્મસદ્ધં જણયઇ, અણુત્તરાએ ધમ્મસદ્ધાએ સંવેગં હવ્વ માગચ્છઇ, અણન્તાણુબન્ધિકોહમાણમાયાલોભે ખવેઇ, નવં ચ કમ્મં ન બન્ધઇ, તપ્પચ્ચઇયં ચ ણં મિચ્છત્તવિસોહિં કાઊણ દંસણારાહએ ભવઇ, દંસણ વિસોહિએ ય ણં વિસુદ્ધાએ અત્થેગઇએ તેણેવ ભવગ્ગહણેણં સિજ્ઝઇ, વિસોહીએ ય ણં વિસુદ્ધાએ તચ્ચં પુણો ભવગ્ગહણં નાઇક્કમઇ ॥૧॥**

હે ભગવાન ! સંવેગથી જીવને કયા ગુણની પ્રાપ્તિ થાય છે ?

ઉત્તર : સંવેગથી ઉત્તમ ધર્મ શ્રદ્ધા જાગૃત થાય છે. ધર્મની ઉત્કૃષ્ટ શ્રદ્ધા કરવાથી સંવેગ-મોક્ષાભિલાષાની શીઘ્ર પ્રાપ્તિ થાય છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભનો ક્ષય થાય છે. નવાં કર્મોનું બંધન થતું નથી, આથી મિથ્યાત્વની વિશુદ્ધિ કરીને દર્શનની આરાધના થાય છે. દર્શન વિશુદ્ધિથી શુદ્ધ થયા પછી કોઈ તો એ જ ભવમાં સિદ્ધ થઈ જાય છે અને જે એ ભવમાં સિદ્ધ નથી થતા, તેઓ ત્રીજા ભવનું અતિક્રમણ કરતા નથી અર્થાત્ ત્રીજા ભવમાં સિદ્ધ થઈ જાય છે.

**નિવ્વેએણં ભંતે ! જીવે કિં જણયઇ ? નિવ્વેએણં દિવ્વમાણુસતિરિચ્છિએસુ કામ ભોગેસુ નિવ્વેયં હવ્વમાગચ્છઇ, સવ્વવિસએસુ વિરજ્જઇ, સવ્વવિસએસુ વિરજ્જમાણે આરંભપરિગ્ગહપરિચ્ચાયં કરેઇ, આરંભપરિગ્ગહપરિચ્ચાયં કરેમાણે સંસાર મગ્ગં વોચ્છિંદઇ, સિદ્ધિમગ્ગં પડિવન્ને ય હવઇ ॥૨॥**

હે ભગવાન ! નિર્વેદનું શું ફલ છે ? નિર્વેદથી-સંસાર વિરક્તિથી દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી કામભોગોથી શીઘ્ર વિરક્ત થાય છે. બધા વિષયોથી વિરક્ત થઈ ગયા પછી આરંભ-પરિગ્રહનો ત્યાગ કરે છે. આરંભ-પરિગ્રહના ત્યાગથી સંસારમાર્ગનો ત્યાગ કરીને મોક્ષમાર્ગને ગ્રહણ કરે છે.

**ધમ્મસદ્ધાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? ધમ્મસદ્ધાએ ણં સાયાસોક્ખેસુ રજ્જમાણે વિરજ્જઇ આગારધમ્મં ચ ણં ચયઇ, અણગારિએ ણં જીવે સારીરમાણસાણં દુક્ખાણં છેયણભેયણ સંજોગાઇણં વુચ્છેયં કરેઇ, અવ્વાબાહં ચ ણં સુહં નિવ્વત્તેઇ ॥૩॥**

ભગવાન ! ધર્મ શ્રદ્ધાથી જીવ કયું ફળ પામે છે ?

ઉત્તર : ધર્મ શ્રદ્ધાથી શાતાવેદનીય કર્મજનિત વૈષયિક સુખથી વિરક્ત થાય છે. પછી ગૃહસ્થાશ્રમ છોડીને અણગાર થાય છે. અણગાર થઈને શારીરિક અને માનસિક છેદન-ભેદનાદિ સંયોગજન્ય દુઃખોનું છેદન કરી શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે.

**ગુરુસાહમ્મિયસુસ્સૂસણયાએણં ભંતે ? જીવે કિં જણયઇ ? ગુરુસાહમ્મિય સુસ્સૂસણયાએ ણં વિણયપડિવત્તિં જણયઇ, વિણયપડિવન્નેય ણં જીવે અણચ્ચાસાયણસીલે નેરઇય તિરિક્ખજોણિયમણુસ્સદેવદુગ્ગઇઓ નિરુમ્ભઇ, વણ્ણસંજલણ ભત્તિબહુમાણયાએ મણુસ્સદેવસુગ્ગઇઓ નિબંધઇ, સિદ્ધિસુગઇં ચ વિસોહેઇ, પસત્થાઈં ચ ણં વિણયમુલાઈં સવ્વકજ્જાઈં સાહેઇ, અન્ને ય બહવે જીવે વિણઈત્તા હવઇ ॥૪॥**

હે ભગવાન ! ગુરુ અને સાધર્મીજનોની સેવા કરવાથી જીવને કયા ગુણની પ્રાપ્તિ થાય છે ?

ઉત્તર : ગુરુ અને સાધર્મીઓની સેવા કરવાથી વિનય ગુણની પ્રાપ્તિ થાય છે. વિનયથી પરપરિવાદાદિરૂપ આશાતનારહિત સ્વભાવવાળો થઈને નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ સંબંધી દુર્ગતિને રોકી દે છે અને શ્લાઘા, પ્રશંસા, ભક્તિ, બહુમાન મેળવતો મનુષ્ય અને દેવ સંબંધી સુગતિ બાંધે છે અને સિદ્ધ ગતિની વિશુદ્ધિ કરે છે તથા વિનયમૂલ બધાં પ્રશસ્ત કાર્યોને સાધી લે છે. તે સાથે બીજા અનેક જીવોને વિનય ધર્મમાં યોજે છે, વિનયી બનાવે છે.

**આલોયણાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? આલોયણાએ ણં માયાનિયાણમિચ્છાદંસણસલ્લાણં મોક્ખમગ્ગવિગ્ઘાણં અણંતસંસાર બંધણાણં ઉદ્ધરણં કરેઇ ઉજ્જુભાવં ચ જણયઇ, ઉજ્જુભાવં પડિવન્ને ય ણં જીવે અમાઇ ઇત્થીવેયં નપુંસગવેયં ચ ન બંધઇ, પુવ્વબદ્ધં ચ ણં નિજ્જરેઇ ॥૫॥**

હે ભગવાન ! આલોચનાથી જીવને શું ફળ થાય છે ?

ઉત્તર : આલોચનાથી મોક્ષ માર્ગના વિઘાતક, અનંત સંસારવર્ધક માયા, નિદાન, મિથ્યાદર્શન-શલ્ય દૂર કરે છે અને ઋજુભાવને પ્રાપ્ત કરે છે. ઋજુ ભાવથી માયા રહિત થઈને સ્ત્રીવેદ, નપુંસકવેદનો બંધ કરતો નથી. પૂર્વ બંધની નિર્જરા કરે છે.

**નિંદણયાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? નિંદણયાએ ણં પચ્છાણુતાવં જણયઇ, પચ્છાણુતાવેણં વિરજ્જમાણે કરણગુણસેઢિં પડિવજ્જઇ, કરણગુણસેઢિં પડિવણ્ણે ય ણં અણગારે મોહણિજ્જં કમ્મં ઉગ્ઘાએઇ ॥૬॥**

હે ભગવાન ! આત્મનિંદાથી જીવને શું પ્રાપ્ત થાય છે ?

આત્મનિંદાથી પશ્ચાત્તાપ થાય છે, પશ્ચાત્તાપથી વૈરાગ્યવંત થઈને ક્ષપક શ્રેણી પ્રાપ્ત કરે છે, ક્ષપક શ્રેણીવાળો મોહનીય કર્મનો નાશ કરે છે.

**ગરહણયાએણં ભંતે ? જીવે કિં જણયઇ ? ગરહણયાએ ણં અપુરક્કારં જણયઇ, અપુરક્કારગએ ણં જીવે અપ્પસત્થેહિંતો જો ગે હિંતો નિયત્તેઇ પસત્થે ય પડિવજ્જઇ, પસત્થજોગપડિવણ્ણે ય ણં અણગારે અણંતઘાઇપજ્જવે ખવેઇ ॥૭॥**

હે ભગવાન ! ગર્હાથી-આત્મતિરસ્કારથી જીવને શો લાભ થાય છે ?

ગર્હાથી આત્મા નમ્રતા મેળવે છે. આત્મ-નમ્રતાથી-અપ્રશસ્ત યોગોથી નિવૃત્ત થઈને પ્રશસ્ત યોગોની પ્રાપ્તિ કરે છે. પ્રશસ્ત યોગ પામીને તે અણગાર અનંત ઘાતી પર્યાયોનો જ્ઞાનાવરણીયાદિ કર્મોનાં પરિણામોનો ક્ષય કરે છે.

**સામાઇએણં ભંતે ! જીવે કિં જણયઇ ? સામાઇએણં સાવજ્જ જોગવિરઈ જણવઇ ॥૮॥**

હે ભગવાન ! સામાયિકથી જીવને શું ફળ મળે છે ?

સામાયિકથી સાવદ્ય પાપના યોગથી નિવૃત્ત થાય છે.

**ચઉવિસત્થએણં ભંતે ! જીવે કિં જણયઇ ? ચઉવિસત્થએણં દંસણવિસોહિં જણયઇ ॥૯॥**

હે ભગવાન ! ચોવીસ તીર્થંકરની સ્તુતિથી જીવને કયા ફળની પ્રાપ્તિ થાય છે ?

ચોવીસ તીર્થંકરની સ્તુતિથી દર્શન વિશુદ્ધિ થાય છે.

**વંદણએણં ભંતે ! જીવે કિં જણયઇ ? વંદણએણં નીયાગોયં કમ્મં ખવેઇ ઉચ્ચાગોયં કમ્મં નિબંધઇ, સોહગ્ગં ચ ણં અપડિહયં આણાફલં નિવત્તેઇ, દાહિણભાવં ચ ણં જણયઇ ॥૧૦॥**

હે ભગવાન ! વંદન કરવાથી જીવને શો લાભ થાય છે ?

વંદનાથી નીચ ગોત્ર કર્મનો ક્ષય કરીને ઊંચ ગોત્ર કર્મ બાંધે છે. અવિચ્છિન્ન સૌભાગ્ય તથા આજ્ઞા ફલ = તેની આજ્ઞા શિરોધાર્ય બને છે અને દાક્ષિણ્યભાવ પ્રાપ્ત થાય છે.

**પડિક્કમણેણં ભંતે ! જીવે કિં જણયઇ ? પડિક્કમણેણં વયછિદ્દાણિ પિહેઇ પિહિયવયછિદ્દે પુણ જીવે નિરુદ્ધાસવે અસબલચરિત્તે અટ્ઠસુ પવયણમાયાસુ ઉવઉત્તે અપુહત્તે સુપણિહિએ વિહરઇ ॥૧૧॥**

હે ભગવાન ! પ્રતિક્રમણ કરવાથી જીવને શું ફળ પ્રાપ્ત થાય છે ?

પ્રતિક્રમણથી વ્રતોમાં પડેલાં છિદ્રો ઢંકાય છે, પછી શુદ્ધ વ્રતધારી થઈને આશ્રવોને રોકે છે. આઠ પ્રવચન માતામાં સાવધાન થાય છે, અને શુદ્ધ ચારિત્ર પાળતો સમાધિપૂર્વક સંયમમાં વિચરે છે.

**કાઉસ્સગ્ગેણં ભંતે ! જીવે કિં જણયઇ ? કાઉસ્સગ્ગેણં તીય-પડુપ્પણ્ણં પાયચ્છિત્તં વિસોહેઇ, વિસુદ્ધપાયચ્છિત્તે ય જીવે નિવ્વુયહિયએ ઓહરિયભરુવ્વ ભારવહે પસત્થજ્ઝાણોવગએ સુહંસુહેણં વિહરઇ ॥૧૨॥**

હે ભગવાન ! કાઉસ્સગ્ગથી જીવને શો લાભ થાય છે ?

કાઉસ્સગ્ગથી ભૂત અને વર્તમાન કાળના પ્રાયશ્ચિત્ત યોગ્ય અતિચારોની શુદ્ધિ થાય છે. આ શુદ્ધિથી જીવ ભારને ઉતારનાર ભારવાહકની જેમ બોજા રહિત, હલકો, નિશ્ચિંત અને પ્રશસ્ત ધ્યાન યુક્ત થઈને સુખપૂર્વક વિચરે છે.

**પચ્ચક્ખાણેણં ભંતે ! જીવે કિં જણયઇ ? પચ્ચક્ખાણેણં આસવદારાઈં નિરુંભઇ । પચ્ચક્ખાણેણં ઇચ્છાણિરોહં જણયઇ । ઇચ્છાણિરોહં ગએ ય ણં જીવે સવ્વદવ્વેસુ વિણીયતણ્હે સીઇભૂએ વિહરઇ ॥૧૩॥**

હે ભગવાન ! પચ્ચક્ખાણથી જીવને શો લાભ થાય છે ?

પચ્ચક્ખાણથી જીવ આશ્રવનાં દ્વારોને (કર્મબંધના હેતુઓ) રુંધે છે અને ઇચ્છાનિરોધ કરે છે. ઇચ્છાનિરોધથી જીવ બધાં દ્રવ્યોથી તૃષ્ણા રહિત થઈને શાંતિથી વિચરે છે.

**થયથુઈમંગલેણં ભંતે ! જીવે કિં જણયઇ ? થયથુઈમંગલેણં નાણદંસણચરિત્ત બોહિલાભં જણયઈ, નાણદંસણચરિત્તબોહિલાભસંપન્ને ય ણં જીવે અંત કિરિયંકપ્પવિમાણોવવત્તિયં આરાહણં આરાહેઈ ॥૧૪॥**

હે ભગવાન ! સ્તવ અને સ્તુતિમંગલ કરવાથી શો લાભ થાય છે ?

સ્તવ અને સ્તુતિમંગલથી જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ બોધિ લાભની પ્રાપ્તિ થાય છે. આવો બોધિલબ્ધ જીવ કાં તો મોક્ષ પામે છે અથવા તો કલ્પ વિમાનમાં વૈમાનિક દેવમાં ઉત્પન્ન થઈ આરાધક થાય છે.

**કાલપડિલેહણયાએણં ભંતે ! જીવે કિં જણયઈ ? કાલપડિલેહણયાએણં નાણાવરણિજ્જં કમ્મં ખવેઈ ॥૧૫॥**

કાળ-પડિલેહણથી જીવને શું લાભ થાય છે ?

કાળ-પડિલેહણથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે.

**પાયચ્છિત્તકરણેણં ભંતે ! જીવે કિં જણયઇ ? પાયચ્છિત્તકરણેણં પાવકમ્મવિસોહિં જણયઇ નિરઈયારે આવિ ભવઈ, સમ્મં ચ ણં, પાયચ્છિત્તં પડિવજ્જમાણે મગ્ગં ચ મગ્ગફલં ચ વિસોહેઇ, આયારં ચ આયારફલં ચ આરાહેઇ ॥૧૬॥**

હે ભગવાન ! પ્રાયશ્ચિત્ત કરવાથી શું ફળ થાય છે ?

પ્રાયશ્ચિત્તથી પાપ કર્મની વિશુદ્ધિ થાય છે. નિરતિચાર વ્રત પળાય છે. સમ્યક્ પ્રકારે પ્રાયશ્ચિત્ત કરવાથી જ્ઞાન અને ચારિત્ર માર્ગની તથા માર્ગ ફળની વિશુદ્ધિ કરે છે. આચાર અને આચારફલની આરાધના થાય છે.

**ખમાવણયાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? ખમાવણયાએણં પલ્હાયણભાવં જણયઇ, પલ્હાણભાવમુવગએ ય સવ્વપાણભૂયજીવસત્તેસુ મિત્તીભાવ મુપ્પાએઇ, મિત્તીભાવમુવગએ યાવિ જીવે ભાવવિસોહિં કાઊણ નિબ્ભએ ભવઇ ॥૧૭॥**

હે ભગવાન ! ક્ષમાપનાથી જીવ શું પામે છે ?

ક્ષમાપનાથી ચિત્તની પ્રસન્નતા થાય છે. ચિત્તની પ્રસન્નતાથી, પ્રાણી માત્રથી મૈત્રી ભાવ કરીને ભાવ વિશુદ્ધિ કરીને જીવ નિર્ભય થાય છે.

**સજ્ઝાએણં ભંતે ! જીવે કિં જણયઈ ? સજ્ઝાએણં નાણાવરણિજ્જં કમ્મં ખવેઈ ॥૧૮॥**

હે ભગવાન ! સજ્ઝાયથી શું ફળ થાય છે ?

સજ્ઝાયથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે.

**વાયણાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? વાયણાએણં નિજ્જરં જણયઇ, સુયસ્સ ય અણુસજ્જણાએ આણાસાયણાએ વટ્ટએ, સુયસ્સ અણુસજ્જણાએ અણાસાયણાએ વટ્ટમાણે તિત્થધમ્મં અવલમ્બઇ, તિત્થધમ્મં અવલમ્બમાણે મહાનિજ્જરે મહાપજ્જવસાણે ભવઇ ॥૧૯॥**

હે ભગવાન ! વાચનાથી શો લાભ થાય છે ?

વાચનાથી નિર્જરા થાય છે. શ્રુતની આશાતના થતી નથી. શ્રુતની આશાતના ન કરવાથી તીર્થ-ધર્મનું અવલંબન થાય છે. અને મહા નિર્જરા થઈને કર્મોનો અંત થઈ જાય છે.

**પડિપુચ્છણયાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? પડિપુચ્છણયાએ સુત્તત્થતદુભયાઇં વિસોહેઇ, કંખામોહણિજ્જ કમ્મં વોચ્છિન્દઇ ॥૨૦॥**

હે ભગવાન ! પ્રતિ પૃચ્છનાથી શો લાભ થાય છે ?

પ્રતિ પૃચ્છનાથી સૂત્ર અને અર્થ બંનેની વિશુદ્ધિ થાય છે અને કાંક્ષામોહનીય કર્મ નષ્ટ થાય છે.

**પરિયટ્ટણાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? પરિયટ્ટણાએ વંજણાઇં જણયઇ, વંજણલદ્ધિં ચ ઉપ્પાએઇ ॥૨૧॥**

હે ભગવાન ! પુનરાવર્તનથી શો લાભ થાય છે ?

પુનરાવર્તનથી વ્યંજનો તથા વ્યંજન લબ્ધિ પ્રાપ્ત થાય છે.

**અણુપ્પેહાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? અણુપ્પેહાએ આઉયવજ્જાઓ સત્તકમ્મપ્પયડીઓ ધણિયબન્ધણબદ્ધાઓ સિઢિલબન્ધણબદ્ધાઓ પકરેઇ, દીહકાલટ્ઠિઇયાઓ હસ્સકાલટ્ઠિઇયાઓ પકરેઇ, તિવ્વાણુભાવાઓ મન્દાણુભાવાઓ પકરેઇ, બહુપએસગ્ગાઓ અપ્પપએસગ્ગાઓ પકરેઇ, આઉયં ચ ણં કમ્મં સિયા બન્ધઇ, સિયા નો બન્ધઇ, અસાયાવેયણિજ્જં ચ ણં કમ્મં નો ભુજ્જો ભુજ્જો ઉવચિણાઇ, અણાઇયં ચ ણં અણવયગ્ગં દીહમદ્ધં ચાઉરન્તં સંસારકાન્તારં ખિપ્પામેવ વીઇવયઇ ॥૨૨॥**

હે ભગવાન ! અનુપ્રેક્ષાથી શું ફળ થાય છે ?

અનુપ્રેક્ષાથી આયુ છોડીને બાકીની સાત કર્મ પ્રકૃત્તિનાં દઢ બંધનોને શિથિલ કરે છે. લાંબી સ્થિતિવાળાં સાત કર્મોને, થોડા સમયની સ્થિતિવાળાં કરે છે.તીવ્ર

રસવાળી પ્રકૃતિને મંદ રસવાળી કરે છે. ઘણા પ્રદેશવાળી પ્રકૃતિઓને અલ્પપ્રદેશવાળી બનાવે છે, આયુ કર્મનો બંધ કદાચિત્ થાય છે અને નથી પણ થતો. અસાતા વેદનીય કર્મ વારંવાર બંધાતું નથી, અને અનાદિ અનંત અને દીર્ઘ માર્ગવાળી ચતુર્ગતિરૂપ સંસાર-અટવીને જલદી પાર કરે છે.

**ધમ્મકહાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? ધમ્મકહાએનિજ્જરં જણયઇ, ધમ્મકહાએ ણં પવયણં પભાવેઇ, પવયણપભાવેણં જીવે આગમેસસ્સ ભદ્દત્તાએ કમ્મં નિબન્ધઇ ॥૨૩॥**

હે ભગવાન ! ધર્મકથાથી શું ફળ મળે છે ?

ધર્મકથાથી કર્મોની નિર્જરા અને પ્રવચનની પ્રભાવના થાય છે. પ્રવચન પ્રભાવનાથી જીવ ભવિષ્યમાં શુભ ફળ દેનારાં શુભ કર્મોનો બંધ કરે છે.

**સુયસ્સ આરાહણયાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? સુયસ્સ આરાહણયાએ અન્નાણં ખવેઇ, ન ય સંકિલિસ્સઇ ॥૨૪॥**

હે ભગવાન ! શ્રુતની આરાધનાથી શો લાભ થાય છે ?

શ્રુતની આરાધનાથી અજ્ઞાનનો ક્ષય થાય છે. શ્રુતજ્ઞાનીને કદી ક્લેશ થતો નથી.

**એગગ્ગમણસંનિવેસણયાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? એગગ્ગમણસંનિવેસણયાએ ચિત્તનિરોહં કરેઇ ॥૨૫॥**

હે ભગવાન ! મનની એકાગ્રતાથી કયો ગુણ લાભે છે ?

મનની એકાગ્રતાથી ચિત્તનો નિરોધ થાય છે.

**સંજમેણં ભંતે ! જીવે કિં જણયઇ ? સંજમેણં અણણ્હયત્તં જણયઇ ॥૨૬॥**

હે ભગવાન ! સંયમથી શો લાભ થાય છે ?

સંયમથી આશ્રવનો નિરોધ થાય છે.

**તવેણં ભંતે ! જીવે કિં જણયઇ ? તવેણં વોદાણં જણયઇ ॥૨૭॥**

હે ભગવાન ! તપથી કયો ગુણ પ્રાપ્ત થાય છે ?

તપથી પૂર્વનાં બાંધેલાં કર્માનો નાશ થાય છે.

**વોદાણેણં ભંતે ! જીવે કિં જણયઇ ? વોદાણેણં અકિરિયં જણયઇ, અકિરિયાએ ભવિત્તા તઓ પચ્છા સિજ્ઝઇ બુજ્ઝઇ મુચ્ચઇ પરિનિવ્વાયઇ સવ્વદુક્ખાણમંતં કરેઇ ॥૨૮॥**

હે ભગવાન ! વ્યવદાનથી કયો ગુણ થાય છે ?

વ્યવદાનથી જીવ અક્રિય થાય છે. અક્રિય થયા પછી જીવ સિદ્ધ, બુદ્ધ, મુક્ત થઈને બધાં દુઃખોનો અંત કરે છે.

**સુહસાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? સુહસાએણં અણુસ્સુયત્તં જણયઇ, અણુસ્સુયાએ ણં જીવે અણુકમ્પએ અણુબ્ભડે વિગયસોગે ચરિત્તમોહણિજ્જં કમ્મં ખવેઇ॥૨૯॥**

હે ભગવાન ! વૈષયિક સુખનો ત્યાગ કરવાથી શું ફળ થાય છે ?

વૈષયિક સુખનો ત્યાગ કરવાથી નિઃસ્પૃહ થવાય છે. નિઃસ્પૃહી જીવ, અનુકંપા સહિત, અભિમાન તથા શૃંગારથી રહિત થઈને શોક રહિત થાય છે અને ચારિત્ર મોહનીય કર્મનો નાશ કરે છે.

**અપડિબદ્ધયાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? અપડિબદ્ધયાએ નિસ્સંગત્તં જણયઇ, નિસ્સંગત્તેણ જીવે એગે એગગ્ગચિત્તે દિયા ય રાઓ ય અસજ્જમાણે અપડિબદ્ધે યાવિ વિહરઇ ॥૩૦॥**

હે ભગવાન ! અપ્રતિબદ્ધતાથી જીવને શો ગુણ થાય છે ?

અપ્રતિબદ્ધતાથી નિઃસંગતા આવે છે. નિઃસંગતાથી એકાન્ત સેવના આત્મનિષ્ઠ અને ચિત્તની એકાગ્રતા થાય છે અને દિવસ અને રાત સદા અનાસક્ત રહીને, અપ્રતિબદ્ધ થઈને વિચરે છે.

**વિવિત્તસયણાસણયાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? વિવિત્ત-સયણાસણયાએ ચરિત્તગુત્તિં જણયઇ, ચરિત્તગુત્તે ય ણં જીવે વિવિત્તાહારે દઢચરિત્તે એગંતરએ મોક્ખભાવપડિવન્ને અટ્ઠવિહકમ્મગંઠિં નિજ્જરેઇ ॥૩૧॥**

હે ભગવાન ! વિવિક્ત શયનાસન સેવવાથી શું લાભે છે ?

વિવિક્ત શયનાસન-સ્ત્રી આદિ રહિત સ્થાનકના સેવનથી-ચારિત્ર ગુપ્તિ થાય છે. ચારિત્ર ગુપ્તિથી જીવ વિકૃતિ રહિત આહાર કરનાર, દઢ ચારિત્રવાન, એકાન્ત સેવી અને મોક્ષ ભાવને પ્રાપ્ત કરીને આઠે કર્મોની ગાંઠ તોડી નાખે છે.

**વિણિયટ્ટણયાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? વિણિયટ્ટણયાએ પાવકમ્માણં અકરણયાએ અબ્ભુટ્ટેઇ,પુવ્વબદ્ધાણં ય નિજ્જરણયાએ તં નિયત્તેઇ, તઓ પચ્છા ચાઉરન્તં સંસારકન્તારં વીઇવયઇ ॥૩૨॥**

હે ભગવાન ! વિષયોની નિવૃત્તિથી કયો ગુણ થાય છે ?

ઇન્દ્રિયો અને મન વિષયોથી પરાંગમુખ બને વિષયોની નિવૃત્તિથી જીવ પાપ કર્મોની નિવૃત્તિમાં તત્પર થાય છે. પૂર્વેનાં બાંધેલાં પાપ કર્મોની નિર્જરા કરે છે. પછી ચાર ગતિરૂપ સંસાર-કાતાંર-અરણ્યને પાર કરી જાય છે.

**સંભોગપચ્ચક્ખાણેણં ભંતે ! જીવે કિં જણયઇ ? સંભોગ પચ્ચક્ખાણેણં આલંબણાઈ ખવેઇ નિરાલંબણસ્સય આયટ્ઠિયા યોગા ભવંતિ, સએણં લાભેણંસંતુસ્સઇ પરલાભં નો આસાદેઇ, પરલાભંનો તક્કેઇ, નો પિહેઇ, નો, પત્થેઇ, નો અભિલસઇ, પર લાભં અણસ્સાયમાણે, અત્તક્કેમાણે, અપિહેમાણે, અપત્થેમાણે, અણભિલસમાણે, દુચ્ચં સુહસિજ્જં ઉવસંપજ્જિત્તા ણં વિહરઇ ।।૩૩।।**

હે ભગવાન ! સંભોગ પ્રત્યાખ્યાનથી શું ફળ થાય ?

સંભોગ પ્રત્યાખ્યાનથી પરાવલંબન છૂટીને સ્વાવલંબી બની જાય છે. નિરાવલંબી જીવની આત્મહિતાર્થે મોક્ષ માર્ગની યોગપ્રવૃત્તિ હોય છે. એ પોતાના લાભમાં જ તૃપ્ત છે. પરના લાભમાં રસ લેતો નથી, ઇચ્છતો નથી, પરનો લાભ મેળવવાનો પ્રયત્ન પણ કરતો નથી. આવી રીતે પરનો લાભ મેળવવાની ઇચ્છા ત્યાગીને બીજી સુખ શય્યા પ્રાપ્ત કરવા માટે વિચરે છે.

**ઉવહિ પચ્ચક્ખાણેણં ભંતે ! જીવે કિં જણયઇ ? ઉવહિપચ્ચક્ખાણેણં અપલિમંથં જણયઇ, નિરુવહિએ ણં જીવે નિક્કંખી ઉવહિમંતરેણ ય ન સંકિલિસ્સઇ ।।૩૪।।**

હે ભગવાન ! ઉપધિના ત્યાગથી શું ફળ થાય છે ?

ઉપધિના ત્યાગથી સ્વાધ્યાયમાં નિર્વિઘ્નતા આવે છે, પછી આકાંક્ષા રહિત થઈને ક્લેશ રહિત થઈ જાય છે.

**આહાર પચ્ચક્ખાણેણં ભંતે ! જીવે કિં જણયઇ ? આહાર પચ્ચક્ખાણેણં જીવિયાસંસપ્પઓગં વોચ્છિન્દઇ, જીવિયાસંસપ્પઓગં વોચ્છિંદિત્તા જીવે આહારમંતરેણં ન સંકિલિસ્સઇ ।।૩૫।।**

હે ભગવાન ! આહારના ત્યાગથી કયો ગુણ પ્રકટે છે ?

આહારના ત્યાગથી જીવવાની આશા નષ્ટ થાય છે. એથી આહારના અભાવમાં પણ ક્લેશ થતો નથી.

**કસાય પચ્ચક્ખાણેણં ભંતે ! જીવે કિં જણયઇ ? કસાય પચ્ચક્ખાણેણં વિયરાગભાવં જણયઇ, વીયરાગભાવં પડિવન્નેવિ ય ણં જીવે સમસુહદુક્ખે ભવઇ ।।૩૬।।**

હે ભગવાન ! કષાયોના પચ્ચક્ખાણથી શું ફળ થાય ?

કષાયના પચ્ચક્ખાણથી વીતરાગ ભાવની પ્રાપ્તિ થાય છે. વીતરાગીને સુખ અને દુ:ખ બંનેમાં સમભાવી થઈ જાય છે.

**જોગ પચ્ચક્ખાણેણં ભંતે ! જીવે કિં જણયઇ ? જોગપચ્ચક્ખાણેણં અજોગયં જણયઈ, અજોગી ણં જીવે નવં કમ્મં ન બંધઇ, પુવ્વબદ્ધં નિજ્જરેઇ ॥૩૭॥**

હે ભગવાન ! યોગોના ત્યાગથી શું ફળ થાય છે ?

યોગોના ત્યાગથી અયોગીપણું પ્રાપ્ત થાય છે. અયોગી જીવ નવા કર્મનું બંધન કરતો નથી અને પૂર્વે બાંધેલાં કર્મોને નષ્ટ કરે છે.

**સરીર પચ્ચક્ખાણેણં ભંતે ! જીવે કિં જણયઇ ? સરીરપચ્ચક્ખાણેણં સિદ્ધાઇસયગુણકિત્તણં નિવ્વત્તેઇ, સિદ્ધાઈસયગુણસંપન્ને ય ણં જીવે લોગગ્ગમુવગએ પરમસુહી ભવઇ ॥૩૮॥**

હે ભગવાન ! શરીરના ત્યાગથી શો ગુણ થાય છે ?

શરીરના ત્યાગથી સિદ્ધોના અતિશય ગુણની પ્રાપ્તિ થાય છે. આ ગુણો મેળવીને લોકાગ્રે પહોંચીને પરમ સુખી થાય છે.

**સહાય પચ્ચક્ખાણેણં ભંતે ! જીવે કિં જણયઇ ? સહાયપચ્ચક્ખાણેણં એગીભાવં જણયઇ એગીભાવભૂએ વિ ય ણં જીવે એગગ્ગં ભાવેમાણે અપ્પસદ્દે, અપ્પઝંઝે, અપ્પકલહે, અપ્પકસાએ, અપ્પતુમંતુમે, સંજમબહુલે, સંવરબહુલે, સમાહિએ યાવિ ભવઇ ॥૩૯॥**

હે ભગવાન ! સહાયતાનો ત્યાગ કરવાથી જીવને શું ફળ પ્રાપ્ત થાય છે ?

સહાયતાનો ત્યાગ કરવાથી એકત્વ ભાવની પ્રાપ્તિ થાય છે. એકાકી ભાવવાળો જીવ વિગ્રહકારી શબ્દરહિત અલ્પ શબ્દવાળો,અલ્પ ઝંઝટવાળો, અલ્પ કલહવાળો, અલ્પ કષાયવાળો થઈને સંયમ, સંવરમાં આગળ વધતો સમાધિવાળો થાય છે.

**ભત્ત પચ્ચક્ખાણેણં ભંતે ! જીવે કિં જણયઇ ? ભત્તપચ્ચક્ખાણેણં અણેગાઈંભવસયાઈંનિરુંભઇ ॥૪૦॥**

હે ભગવાન ! પચ્ચક્ખાણથી આહાર-ત્યાગનું ફળ શું થાય છે ?

આહારના પચ્ચક્ખાણથી સેંકડો ભવનો જન્મ-મરણનો નિરોધ થાય છે.

**સબ્ભાવ પચ્ચક્ખાણેણં ભંતે ! જીવે કિં જણયઈ ? સબ્ભાવ પચ્ચક્ખાણેણં અનિયટ્ટિં જણયઇ । અનિયટ્ટિં પડિવન્ને ય અણગારે ચત્તારિ**

**કેવલિકમ્મં સે ખવેઇ, તંજહા-વેયણિજ્જં, આઉયં, નામં, ગોયં । તઓ પચ્છા સિજ્ઝઇ, બુજ્ઝઇ, મુચ્ચઇ,પરિનિવ્વાયઇ, સવ્વદુક્ખાણમંતં કરેઇ ॥૪૧॥**

હે ભગવાન ! સદ્‌ભાવ-પ્રત્યાખ્યાનથી શો ગુણ થાય છે ?

સદ્‌ભાવ-પ્રત્યાખ્યાનથી અનિવૃત્તિ કરણ-શુક્લ ધ્યાનનો ચોથો ભેદ પ્રાપ્ત થાય છે. પછી વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર આ ચાર અઘાતિ ભવોપગ્રાહી કર્મો જે કેવલીમાં રહે છે તે કર્મોનો નાશ થાય છે. તે પછી સિદ્ધ, બુદ્ધ મુક્ત થઈને બધાં દુ:ખોનો અંત કરી દે છે.

**પડિરૂવયાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? પડિરૂવયાએ ણં લાઘવિયં જણયઇ । લહુભૂએણં જીવે અપ્પમત્તે પાગડલિંગે પસત્થલિંગે વિસુદ્ધસમ્મત્તે સત્તસમિઈસમત્તે સવ્વપાણભૂયજીવસત્તેસુ વીસસણિજ્જરુવે અપ્પડિલેહે જિઇન્દિએ વિઉલતવસમિઈસમન્નાગએ યાવિ ભવઇ ॥૪૨॥**

હે ભગવાન ! પ્રતિરૂપતાથી શો લાભ થાય છે ?

પ્રતિરૂપતાથી લઘુતા આવે છે અને લઘુભૂત થઈને જીવ અપ્રમત્ત, પ્રકટ અને પ્રશસ્ત લિંગવાળા થઈને સમ્યક્ત્વને વિશુદ્ધ કરે છે. સત્ત્વવંત, સમિતિવંત થઈને સમસ્ત પ્રાણીઓનો વિશ્વાસુ થાય છે. એ અલ્પ પ્રતિલેખનાવાળો જિતેન્દ્રિય, વિપુલ તપ તથા સમિતિથી યુક્ત થાય છે.

**વેયાવચ્ચેણં ભંતે ! જીવે કિં જણયઈ ? વેયાવચ્ચેણં તિત્થયરનામગોત્તં કમ્મં નિબંધઇ ॥૪૩॥**

હે ભગવાન ! વૈયાવચ્ચથી જીવને શો લાભ થાય છે ?

વૈયાવચ્ચથી તીર્થંકર નામ કર્મનો બંધ થાય છે.

**સવ્વ ગુણસંપન્નયાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? સવ્વગુણસંપન્નયાએ ણં અપુણરાવિત્તિં જણયઇ । અપુણરાવિત્તિં પત્તએ ય ણં જીવે સારીરમાણસાણં દુક્ખાણં નો ભાગી ભવઇ ॥૪૪॥**

હે ભગવાન ! સર્વગુણસંપન્નતાથી શો લાભ થાય છે ?

સર્વગુણસંપન્નતાથી પુનરાગમન થતું નથી. અપુનરાગમનથી શારીરિક અને માનસિક દુ:ખોથી મુક્ત થઈ જવાય છે.

**વીયરાગયાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? વીયરાગયાએણં નેહાણુબંધણાણિં તણ્હાણુબંધણાણિ ય વોચ્છિદઇ, મણુણ્ણામણુણ્ણેસુ સદ્દફરિસરૂવરસગંધેસુ ચેવ વિરજ્જઇ ॥૪૫॥**

હે ભગવાન ! વીતરાગતાથી કયા ગુણની પ્રાપ્તિ થાય છે ?

વીતરાગતાથી સ્નેહાનુબંધ અને તૃષ્ણાનુબંધ કપાય છે, પછી પ્રિય-અપ્રિય શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શથી વિરક્ત થઈ જવાય છે.

**ખંતીએણં ભંતે ! જીવે કિં જણયઇ ? ખંતીએ ણં પરીસહે જિણેઇ ।।૪૬।।**

હે ભગવાન ! ક્ષમાથી શો લાભ થાય છે ?

ક્ષમા પરિષહોને જીતે છે.

**મુત્તીએણં ભંતે ! જીવે કિં જણયઇ ? મુત્તીએ ણં અકિંચણં જણયઇ, અકિંચણે ય જીવે અત્થલોલાણં પુરિસાણં અપત્થણિજ્જો ભવઇ ।।૪૭।।**

હે ભગવાન ! નિર્લોભતાથી શો લાભ થાય છે ?

નિર્લોભતાથી અકિંચનપણું આવે છે. અકિંચન મનુષ્ય ધનના લોભી લોકો દ્વારા અપ્રાર્થનીય થઈ જાય છે.

**અજ્જવયાએણં ભંતે ! કિં જણયઇ ? અજ્જવયાએ ણં કાઉજ્જુયં ભાસુજ્જુયં અવિસંવાયણં જણયઇ, અવિસંવાયણસંપન્નયાએ ણં જીવે ધમ્મસ્સ આરાહએ ભવઇ ।।૪૮।।**

હે ભગવાન ! આર્જવતાથી જીવ શું પામે ?

આર્જવતાથી (સરલતા) શરીર, વાણી અને મનના ભાવ સરલ થાય છે. અવિસંવાદપણું પ્રાપ્ત થાય છે અને અવિસંવાદપણામાં જીવ ધર્મનો આરાધક થાય છે.

**મદ્દવયાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? મદ્દવયાએ ણં અણુસ્સિયત્તં જણયઇ, અણુસ્સિયત્તે ણં જીવે મિઉમદ્દવસંપન્ને અટ્ઠ મયટ્ઠાઈ નિટ્ઠાવેઇ ।।૪૯।।**

હે ભગવાન ! મૃદુતાથી શું ફળ થાય છે ?

મૃદુતાથી ઉત્સુકતા, ચંચલતા રહિત થવાય છે અને કોમલતા આવે છે, તથા મૃદુતાથી આઠ મદનાં સ્થાનકો નષ્ટ થાય છે.

**ભાવ સચ્ચેણં ભંતે ! જીવે કિં જણયઇ ? ભાવસચ્ચેણં ભાવવિસોહિં જણયઇ, ભાવવિસોહિએ વટ્ટમાણે જીવે અરહંતપન્નત્તસ્સ ધમ્મસ્સ આરાહણયાએ અબ્ભુટ્ઠેઇ, અરહંતપન્નત્તસ્સ ધમ્મસ્સ આરાહણાએ અબ્ભુટ્ઠિત્તા પરલોગધમ્મસ્સ આરાહએ ભવઇ ।।૫૦।।**

હે ભગવાન ! ભાવ સત્યથી શો લાભ થાય છે ?

ભાવ સત્યથી ભાવોની શુદ્ધિ થાય છે. શુદ્ધ ભાવવાળો જીવ અરિહંત પ્રણિત ધર્મની આરાધનામાં તત્પર થઈને પારલૌકિક ધર્મનો આરાધક થાય છે.

**કરણ સચ્ચેણં ભંતે ! જીવે કિં જણયઇ ? કરણસચ્ચેણં કરણસત્તિં જણયઇ, કરણસચ્ચે વટ્ટમાણે જીવે જહાવાઇ તહાકારી યાવિ ભવઇ ॥૫૧॥**

હે ભગવાન ! કરણ સત્ય (કાર્યની સચ્ચાઈ)થી શું લાભે ?

કરણ સત્યથી કરણશક્તિ (પ્રાપ્તકાર્યને સમ્યક્ સંપન્ન કરવાની શક્તિ) પ્રાપ્ત થાય છે, જીવ જેવું બોલે તેવું કરી શકે છે.

**જોગ સચ્ચેણં ભંતે ! જીવે કિં જણયઇ ? જોગસચ્ચેણં જોગં વિસોહેઇ ॥૫૨॥**

હે ભગવાન ! યોગ સત્યથી શું ફળ થાય છે ?

યોગ સત્યથી યોગોની વિશુદ્ધિ થાય છે.

**મણ ગુત્તયાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? મણગુત્તયાએણં એગગ્ગં જણયઇ ? એગગ્ગચિત્તેણં જીવે મણગુત્તે સંજમારાહએ ભવઇ ॥૫૩॥**

હે ભગવાન ! મનોગુપ્તિથી શું ફળ થાય છે ?

મનોગુપ્તિથી એકાગ્રપણું પ્રાપ્ત થાય છે. એકાગ્રતાથી જીવ અશુભ વિકલ્પોથી મનની રક્ષા કરે અને સંયમારાધક થાય છે.

**વય ગુત્તયાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? વયગુત્તયાએણં નિવ્વિયારં જણયઇ, નિવ્વિયારે ણં જીવે વઇગુત્તે અજ્ઝપ્પજોગસાહણજુત્તે યાવિ ભવઇ ॥૫૪॥**

હે ભગવાન ! વચન ગુપ્તિથી શું ફળ થાય છે ?

વચન ગુપ્તિથી નિર્વિકારિતા આવે છે. નિર્વિકારી જીવ વચનગુપ્ત થવાથી અધ્યાત્મ યોગના સાધનાભૂત ધ્યાનથી યુક્ત થાય છે.

**કાય ગુત્તયાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? કાયગુત્તયાએ સંવરં જણયઇ, સંવરેણ કાયગુત્તે પુણો પાવાસવનિરોહં કરેઇ ॥૫૫॥**

હે ભગવાન ! કાય ગુપ્તિથી શો ગુણ થાય છે ?

કાય ગુપ્તિથી સંવર થાય છે. સંવરથી કાર્યગુપ્ત થઈને જીવ પાપાશ્રવનો નિરોધ કરે છે.

**મણ સમાહારણયાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? મણસમાહારણયાએ ણં એગગ્ગં જણયઇ, એગગ્ગં જણઈત્તા નાણપજ્જવે જણયઇ, નાણપજ્જવે જણઈત્તા સમ્મત્તં વિસોહેઇ મિચ્છત્તં ચ નિજ્જરેઇ ॥૫૬॥**

હે ભગવાન ! મન સમાધારણાથી શું ફળ થાય છે ?

મન સમાધારણાથી એકાગ્રતા, એકાગ્રતાથી જ્ઞાનના પર્યાયો પ્રકટ થાય છે. આથી સમ્યક્ત્વની શુદ્ધિ અને મિત્થાત્વની નિર્જરા થાય છે.

**વય સમાહારણયાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? વયસમાહારણયાએ વયસમાહારણં દંસણપજ્જવે વિસોહેઇ વયસમાહારણ દંસણ પજ્જવે વિસોહિત્તા, સુલહબોહિયત્તં ચ નિવ્વત્તેઇ, દુલ્લહબોહિયત્તં નિજ્જરેઇ ॥૫૭॥**

હે ભગવાન ! વચન સમાધારણાથી શો ગુણ પ્રાપ્ત થાય છે ?

વચન સમાધારણાથી વચન યોગ્ય દર્શન પર્યાયોની શુદ્ધિ થાય છે. પછી સુલભ બોધિ ભાવ મેળવીને બોધિ દુર્લભતાની નિર્જરા કરે છે.

**કાય સમાહારણયાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? કાયસમાહારણયાએ ણં ચરિત્તપજ્જવે વિસોહેઇ, ચરિત્તપજ્જવે વિસોહિત્તા અહક્ખાયચરિત્તં વિસોહેઇ, અહક્ખાય ચરિત્તં વિસોહિતા ચત્તારિ કેવલિ કમ્મંસે ખવેઇ, તઓ પચ્છા સિજ્ઝઇ બુજ્ઝઇ મુચ્ચઇ પરિનિવ્વાયઇ સવ્વદુક્ખાણમંતં કરેઇ ॥૫૮॥**

હે ભગવાન ! કાય સમાધારણાથી શો લાભ થાય ?

કાય સમાધારણાથી ચારિત્ર પર્યાયની શુદ્ધિ થાય, એનાથી યથાખ્યાત ચારિત્રની વિશુદ્ધિ થાય અને યથાખ્યાત ચારિત્રની વિશુદ્ધિ કરીને ચાર ઘાતી કર્મનો ક્ષય કરે છે અને સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈને સર્વ દુઃખનો અંત કરે છે.

**નાણ સંપન્નયાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? નાણસંપન્નયાએ ણં જીવે સવ્વભાવાહિગમં જણયઇ, નાણસંપન્ને ણં જીવે ચાઉરંતે સંસારકંતારે ન વિણસ્સઇ-"જહા સૂઈસસુત્તા, પડિયાવિ ન વિણસ્સઇ । તહા જીવે સસુત્તે, સંસારે ન વિણસ્સઇ ।" નાણવિણયતવચરિત્તજોગે સંપાઉણઇ, સસમયપરસમયવિસારએ ય અસંઘાયણિજ્જે ભવઇ ॥૫૯॥**

હે ભગવાન ! જ્ઞાનસંપન્નતાથી શું ફળ થાય છે ?

જ્ઞાનસંપન્નતાથી બધા ભાવોનો બોધ થાય છે. જેવી રીતે દોરા સાથેની સોય ખોવાતી નથી એમ જ્ઞાનસંપન્ન આત્માનો ચાર ગતિરૂપ સંસાર અટવીમાં વિનાશ થતો નથી પરંતુ વિનય, તપ અને ચારિત્ર યોગને પ્રાપ્ત કરે છે અને સ્વસમય તથા પરસમયનો વિશારદ થઈને પ્રામાણિક પુરુષ થાય છે.

**દંસણ સંપન્નયાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? દંસણસંપન્નયાએ ણં ભવમિચ્છત્તછેયણં કરેઇ, પરં ન વિજ્ઝાયઇ, પરં અવિજ્ઝાએ માણે અણુત્તરેણં નાણદંસણેણં અપ્પાણં સંજોએમાણે સમ્મં ભાવેમાણે વિહરઇ ॥૬૦॥**

હે ભગવાન ! દર્શન સંપન્નતાથી શું ફળ થાય ?

દર્શન સંપન્નતાથી ભવ ભ્રમણનો હેતુ મિથ્યાત્વનો નાશ કરે છે. એનો જ્ઞાનદીપ બુઝાતો નથી. એ ઉત્કૃષ્ટ જ્ઞાન દર્શનમાં આત્માને જોડતો સમભાવ યુક્ત વિચરે છે.

**ચરિત્ત સંપન્નયાએણં ભંતે ! જીવે કિં જણયઇ ? ચરિત્તસંપન્નયાએ ણં સેલેસી ભાવં જણયઇ, સેલેસિં પડિવન્ને ય અણગારે ચત્તારિકેવલી કમ્મંસે ખવેઇ, તઓ પચ્છા સિજ્ઝઇ બુજ્ઝઇ–મુચ્ચઇ પરિનિવ્વાયઇ, સવ્વદુક્ખાણમંતં કરેઇ ॥૬૧॥**

હે ભગવાન ! ચારિત્ર સંપન્નતાનું શું ફળ છે ?

ચારિત્ર સંપન્નતાથી શૈલેશી ભાવની પ્રાપ્તિ થાય છે. શૈલેશી ભાવવાળો અણગાર ચાર અઘાતી કર્મનો ક્ષય કરીને સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈને બધાં દુઃખોનો અંત કરે છે.

**સોઈંદિયનિગ્ગહેણં ભંતે ! જીવે કિં જણયઈ ? સોઈંદિયનિગ્ગહેણં મણુણ્ણામણુન્નેસુ સદ્દેસુ રાગદોસનિગ્ગહં જણયઈ, તપ્પચ્ચઈયં કમ્મં ન બંધઈ, પુવ્વબદ્ધં ચ નિજ્જરેઈ ॥૬૨॥**

હે ભગવાન ! શ્રોત્રેન્દ્રિય નિગ્રહનું શું ફળ ?

શ્રોત્રેન્દ્રિય નિગ્રહથી મનોજ્ઞ અને અમનોજ્ઞ શબ્દોમાં રાગદ્વેષમય વિકારી ભાવોનો નિગ્રહ થાય છે. આ નિમિત્તથી થનારાં કર્મોનો બંધ નથી થતો. પૂર્વ બદ્ધ કર્મોની નિર્જરા થાય છે.

**ચક્ખુન્દિયનિગ્ગહેણં ભંતે ! જીવે કિં જણયઇ ? ચક્ખુન્દિયનિગ્ગહેણં મણુન્નામણુન્નેસુ રૂવેસુ રાગદોસનિગ્ગહં જણયઇ, તપ્પચ્ચઇયં કમ્મં ન બંધઇ, પુવ્વબદ્ધં ચ નિજ્જરેઇ ॥૬૩॥**

હે ભગવાન ! ચક્ષુરિન્દ્રિય નિગ્રહથી શો ગુણ થાય છે ?

ચક્ષુરિન્દ્રિયનાં નિગ્રહથી મનોજ્ઞ અને અમનોજ્ઞ રૂપોમાં રાગ-દ્વેષ નથી થતો અને તજ્જનિત કર્મ પણ બાંધતો નથી. પૂર્વે બાંધેલાં કર્મનો ક્ષય થાય છે.

**ઘાણિંદિયનિગ્ગહેણં ભંતે ! જીવે કિં જણયઇ ? ઘાણિંદિયનિગ્ગહેણં મણુન્નામણુન્નેસુ ગંધેસુ રાગદોસનિગ્ગહં જણયઇ, તપ્પચ્ચઇયં કમ્મં ન બંધઇ, પુવ્વબદ્ધં ચ નિજ્જરેઇ ॥૬૪॥**

હે ભગવાન ! ઘ્રાણેન્દ્રિય નિગ્રહથી શો લાભ ?

ઘ્રાણેન્દ્રિય નિગ્રહથી સુગંધ–દુર્ગન્ધમા રાગદ્વેષ થતો નથી અને એનાં કર્મ પણ બાંધતો નથી. પૂર્વબદ્ધ કર્મોનો ક્ષય થાય છે.

**જિબ્ભિન્દિયનિગ્ગહેણં ભંતે ! જીવે કિં જણયઇ ? જિબ્ભિન્દિય-નિગ્ગહેણં મણુન્નામણુન્નેસુ રસેસુ રાગદોસનિગ્ગહં જણયઇ, તપ્પચ્ચઇયં કમ્મં ન બંધઇ, પુવ્વબદ્ધં ચ નિજ્જરેઇ ॥૬૫॥**

હે ભગવાન ! જિહ્‌વા ઇન્દ્રિય નિગ્રહનું શું ફળ ?

જિહ્‌વા ઇન્દ્રિયના નિગ્રહથી સારા ખરાબ રસમાં રાગદ્વેષ થતો નથી. તત્સંબંધી કર્મો બાંધતો નથી અને પૂર્વબદ્ધ કર્મો નષ્ટ થાય છે.

**ફાસિંદિયનિગ્ગહેણં ભંતે ! જીવે કિં જણયઇ ? ફાસિંદિયનિગ્ગહેણં મણુન્નામણુન્નેસુ ફાસેસુ રાગદોસનિગ્ગહં જણયઇ, તપ્પચ્ચઇયં કમ્મં ન બંધઇ, પુવ્વબદ્ધં ચ નિજ્જરેઇ ॥૬૬॥**

હે ભગવાન ! સ્પર્શેન્દ્રિયના નિગ્રહથી જીવને શું ફળ થાય ?

સ્પર્શેન્દ્રિયના નિગ્રહથી મનોજ્ઞ-અમનોજ્ઞ સ્પર્શથી થતા રાગદ્વેષનો નિરોધ થઈ જાય છે. નિરોધ થવાથી તત્સંબંધી નવાં કર્મ બાંધતો નથી અને પૂર્વે બાંધેલ કર્મ નાશ પામે છે.

**કોહવિજએણં ભંતે ! જીવે કિં જણયઇ ? કોહવિજએણં ખંતિં જણયઇ, કોહવેયણિજ્જં કમ્મં ન બંધઇ, પુવ્વબદ્ધં ચ નિજ્જરેઇ ॥૬૭॥**

હે ભગવાન ! ક્રોધના વિજયથી શો લાભ થાય ?

ક્રોધના વિજયથી ક્ષમા જન્મે છે. ક્રોધજન્ય કર્મનો બંધ નથી થતો અને પૂર્વબદ્ધ કર્મનો ક્ષય થાય છે.

**માણવિજએણં ભંતે ! જીવે કિં જણયઇ ? માણવિજએણં મદ્દવં જણયઇ, માણવેયણિજ્જં કમ્મં ન બંધઇ, પુવ્વબદ્ધં ચ નિજ્જરેઇ ॥૬૮॥**

હે ભગવાન ! માન જીતવાથી શો લાભ થાય ?

માન જીતવાથી મૃદુતા આવે છે. માર્દવ ગુણસંપન્ન જીવ માન દ્વારા થનાર કર્મોનો બંધ થતો નથી ને પૂર્વે બાંધેલાં કર્મોનો નાશ કરે છે.

**માયાવિજએણં ભંતે ! જીવે કિં જણયઇ ? માયાવિજએણં અજ્જવં જણયઇ, માયાવેયણિજ્જં કમ્મં ન બન્ધઇ, પુવ્વબદ્ધં ચં નિજ્જરેઇ ॥૬૯॥**

હે ભગવાન ! માયાના વિજયથી શો લાભ થાય ?

માયાના વિજયથી આર્જવતા, સરળતા જન્મે છે અને માયા સંબંધીના કર્મોનો બંધ થતો નથી અને બાંધેલાં કર્મોનો નાશ થાય છે.

**લોભવિજએણં ભંતે ! જીવે કિં જણયઇ ? લોભવિજએણં સંતોસં જણયઇ, લોભવેયણિજ્જં કમ્મં ન બંધઇ, પુવ્વબદ્ધં ચ નિજ્જરેઇ ॥૭૦॥**

હે ભગવાન ! લોભને જીતવાથી શો લાભ થાય ?

લોભને જીતવાથી સંતોષ જન્મે છે. લોભથી થતાં નવાં પાપો બાંધતો નથી અને પૂર્વે બાંધેલાં કર્મોનો નાશ કરે છે.

**પિજ્જદોસમિચ્છાદંસણવિજએણં ભંતે ! જીવે કિં જણયઇ ? પિજ્જદોસમિચ્છાદંસણવિજએણં નાણંદંસણચરિત્તારાહણયાએ અબ્ભુટ્ઠેઈ, અટ્ઠવિહસ્સ કમ્મસ્સકમ્મગંઠિવિમોયણયાએ તપ્પઢમયાએ જહાણુપુવિંએ અટ્ઠવીસઈવિહં મોહણિજ્જં કમ્મંઉગ્ઘાએઇ, પંચવિહં નાણાવરણિજ્જં, નવવિહંદંસણાવરણિજ્જં,પંચવિહં અન્તરાયં, એએ તિન્નિકમ્મંસે જુગવંખવેઇ, તઓ પચ્છા અણુત્તરં અણંત કસિણં પડિપુણ્ણં નિરાવરણં વિતિમિરં વિસુદ્ધં લોગાલોગપ્પભાવં કેવલવરણાણદંસણ સમુપ્પાડેઇ, જાવ સજોગી હવઇ, તાવ ઈરિયાવહિયં કમ્મં નિબંધઇ-સુહફરિસં દુસમયઠિઈયં તં જહા-પઢમસમએ બદ્ધં બિઈયસમએ વેઈયં તઈયસમએ નિજ્જિણ્ણં, તં બદ્ધં પુટ્ઠં ઉદીરિયં વેઈયં નિજ્જિણ્ણં સેયાલે ય અકમ્મં યાવિ ભવઇ ॥૭૧॥**

હે ભગવાન ! રાગ, દ્વેષ અને મિથ્યાદર્શનના વિજયથી શો લાભ થાય છે ?

રાગ, દ્વેષ અને મિથ્યાદર્શનના વિજયથી આત્મા જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધનામાં તત્પર થાય છે. આઠ પ્રકારનાં કર્મની કર્મગ્રંથીથી વિમુક્ત થયા પહેલાં મોહનીય કર્મની અટ્ઠાવીસ પ્રકૃતિનો ક્ષય થાય છે. ત્યારબાદ પાંચ જાતનાં

જ્ઞાનાવરણીય, નવ પ્રકારના દર્શનાવરણીય અને પાંચ પ્રકારના અંતરાય કર્મ - આ ત્રણેનો એકીસાથે ક્ષય થાય છે. ત્યાર પછી પ્રધાન, સંપૂર્ણ, પરિપૂર્ણ, આવરણ રહિત, અજ્ઞાન અંધકાર રહિત, વિશુદ્ધ, લોકાલોક પ્રકાશક એવું કેવલજ્ઞાન અને કેવલદર્શન થાય છે. એ કેવળી ભગવાન જ્યાં સુધી સયોગી હોય છે ત્યાં સુધી તેમને ઈર્યાપથિકી ક્રિયા લાગે છે. જે સુખરૂપ હોઈને બે સમયની સ્થિતિવાળી હોય છે. તે પહેલા સમયમાં બાંધે છે, બીજા સમયમાં વેદે છે અને ત્રીજા સમયમાં ક્ષય થઈ જાય છે. આવી રીતે બદ્ધ, સ્પૃષ્ટ ઉદય અને વેદિત થઈને ક્ષય થયા પછી નિષ્કર્મી થઈ જાય છે.

**અહ આઉયં પાલઈત્તા અંતોમુહુત્તદ્ધાવસેસાએ જોગનિરોહં કરેમાણે સુહુમકિરિયં અપ્પડિવાઈં સુક્કજ્ઝાણં ઝાયમાણે તપ્પઢમયાએ મણજોગં નિરુંભઇ, વઇજોગં નિરુંભઇ, કાયજોગં નિરુંભઇ, આણપાણનિરોહં કરેઇ, ઈસિપંચરહસ્સક્ખરુચ્ચારણદ્ધાએ ય ણં અણગારે સમુચ્છિન્નકિરિયં અણિયટ્ટિસુક્કજ્ઝાણં ઝિયાયમાણે વેયણિજ્જં આઉયં નામં ગોત્તં ચ એએ ચત્તારિ કમ્મંસે જુગવં ખવેઇ ॥૭૨॥**

કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી બાકી રહેલ આયુષ્ય કર્મને ભોગવતો ભોગવતો જ્યારે અંતર્મુહૂર્ત પ્રમાણ આયુષ્ય બાકી રહે છે ત્યારે યોગનો નિરોધ કરે છે. અને યોગ નિરોધ કરતો-કરતો સૂક્ષ્મ ક્રિયા-અપ્રતિપાતિ નામનાં શુક્લ ધ્યાનના ત્રીજા પદનું ધ્યાન ધરતો પ્રથમ મન યોગનો નિરોધ કરે છે. પછી વાણી, કાયા અને શ્વાસોચ્છ્વાસનો નિરોધ કરે છે. પછી પાંચ હ્રસ્વાક્ષરનો ઉચ્ચાર કરે ને જેટલો વખત લાગે તેટલા વખતમાં અણગાર સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ નામનું ધ્યાન ધ્યાતો વેદનીય, આયુ, નામ અને ગોત્ર આ ચાર કર્મોનો એકસાથે ક્ષય કરે છે.

**તઓ ઓરાલિય તેય કમ્માઈં સવ્વાહિં વિપ્પજહણાહિં વિપ્પજહિત્તા ઉજ્જુસેઢિંપત્તે અફુસમાણગઈ ઉડ્ઢં એગસમએણં અવિગ્ગહેણં તત્થ ગન્તા સાગરોવઉત્તે સિજ્ઝઈ બુજ્ઝઈ જાવ અંતં કરેઈ ॥૭૩॥**

પછી ઔદારિક, તેજસ અને કાર્મણ શરીરને સર્વથા ત્યાગે છે, ત્યાગીને, ઋજુશ્રેણી પ્રાપ્ત કરે છે અને પછી અવ્યાહત તથા અવિગ્રહ એક સમયની ઊર્ધ્વગતિથી સિદ્ધ સ્થાન પામીને સાકાર, જ્ઞાનોપયોગયુક્ત સિદ્ધ બુદ્ધ થઈને સમસ્ત દુઃખોનો અંત કરે છે.

**એસ ખલુ સમ્મત્તપરક્કમસ્સ અજ્ઝયણસ્સ અટ્ઠે સમણેણં ભગવયા મહાવીરેણં આઘવિએ પન્નવિએ પરૂવિએ દંસિએ નિદંસિએ ઉવદંસિએ ॥૭૪॥**

**॥ ત્તિબેમિ ॥**

આમ સમ્યક્ત્વ પરાક્રમ અધ્યયનનો અર્થ શ્રી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ પ્રતિપાદન કર્યો, પ્રજ્ઞાપિત, નિરૂપિત કર્યો, દેખાડ્યો અને ઉદ્દેશ્યો.

# અધ્યયન - ૩૦ : તપમાર્ગ

**જહા ઉ પાવગં કમ્મં, રાગદોસસમજ્જિયં ।**
**ખવેઇ તવસા ભિક્ખૂ, તમેગગ્ગમણો સુણ ॥૧॥**

રાગ અને દ્વેષથી ઊપજતા, પાપ કર્મોને ભિક્ષુ જે રીતે તપ વડે ખપાવે છે, એને એકાગ્ર મનથી સાંભળો.

**પાણિવહ–મુસાવાયા, અદત્ત–મેહુણ પરિગ્ગહાવિરઓ ।**
**રાઈ ભોયણવિરઓ, જીવો હવઈ અણાસવો ॥૨॥**

પ્રાણીવધ, મૃષાવાદ, અદત્ત, મૈથુન, પરિગ્રહ અને રાત્રિભોજન વિરતિથી જીવ અનાસ્ત્રવી (આશ્રવરહિત) થાય છે.

**પંચસમિઓ તિગુત્તો, અકસાઓ જિઈંદિઓ ।**
**અગારવો ય નિસ્સલ્લો, જીવો હવઈ અણાસવો ॥૩॥**

જે જીવ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિયુક્ત, કષાય મુક્ત, જિતેન્દ્રિય અને ગર્વ તથા શલ્યથી રહિત છે એ નિરાશ્રવી થાય છે.

**એએસિં તુ વિવચ્ચાસે, રાગદોસસમજ્જિયં ।**
**ખવેઇ ઉ જહા ભિક્ખૂ તમેગગ્ગમણો સુણ ॥૪॥**

ઉપર કહેલા ગુણોથી વિપરીત આચરણ કરવા પર રાગ-દ્વેષથી ઊપજતા પાપકર્મનો ક્ષય ભિક્ષુ જે રીતે કરે છે, તે મારી પાસેથી એકાગ્ર મનથી સાંભળો.

**જહા મહાતલાયસ્સ, સન્નિરુદ્ધે જલાગમે ।**
**ઉસ્સિંચણાએ તવણાએ, કમેણં સોસણા ભવે ॥૫॥**

જેમ મોટા તળાવમાં પાણી આવવાના માર્ગને રોકીએ, એનું પાણી ઉલેચીએ અને સૂર્યના તાપથી તે ક્રમશઃ સુકાઈ જાય છે.

**એવં તુ સંજયસ્સાવિ, પાવકમ્મનિરાસવે ।**
**ભવકોડીસંચિયં કમ્મં, તવસા નિજ્જરિજ્જઇ ॥૬॥**

એમ સંયમી પુરુષ નવાં પાપ કર્મોના આગમનને રોકીને, કરોડો ભવનાં ભેગાં થયેલ કર્મને તપ વડે ક્ષય કરે છે.

**સો તવો દુવિહો વુત્તો, બાહિરબ્ભંતરો તહા ।**
**બાહિરો છવ્વિહો વુત્તો, એવમબ્ભંતરો તવો ॥૭॥**

તે તપ બે પ્રકારનું કહ્યું છે. બાહ્ય તપ અને આભ્યંતર તપ. બાહ્ય તપ છ પ્રકારનું છે, એમ જ આભ્યંતર તપ (છ પ્રકારનું) છે.

**અણસણમૂણોયરિયા, ભિક્ખાયરિયા ય રસપરિચ્ચાઓ।**
**કાયકિલેસો સંલીણયા ય, બજ્ઝો તવો હોઈ ॥૮॥**

અનશન, ઉણોદરી, ભિક્ષાચરી, રસપરિત્યાગ, કાયક્લેશ અને સંલીનતા આ બાહ્ય તપના છ ભેદ છે.

**ઈત્તરિય મરણકાલા ય, અણસણા દુવિહા ભવે।**
**ઈત્તરિય સાવકંખા, નિરવકંખા ઉ બિઈજ્જિયા ॥૯॥**

અનશનના ઈત્વરિક અને મૃત્યુપર્યંત એવા બે ભેદ છે. ઈત્વરિક-થોડા વખતના ભોજનની આકાંક્ષા સહિત અને બીજુ મૃત્યુપર્યંતના ભોજનની આકાંક્ષા રહિત છે.

**જો સો ઈત્તરિયતવો, સો સમાસેણ છવ્વિહો।**
**સેઢિતવો પયરતવો, ઘણો ય તહ હોઈ વગ્ગો ય ॥૧૦॥**

ઈત્વરિક તપના ટૂંકમાં છ ભેદ છે : ૧ શ્રેણી તપ, ૨ પ્રતર તપ, ૩ ઘન તપ, ૪ વર્ગ તપ.

**તત્તો ય વગ્ગવગ્ગો, પંચમો છટ્ઠઓ પઈણ્ણતવો।**
**મણઈચ્છિયચિત્તત્થો, નાયવ્વો હોઈ ઈત્તરિઓ ॥૧૧॥**

૫ વર્ગવર્ગ તપ, ૬ પ્રકીર્ણ તપ-આમ નાના પ્રકારનાં મનોવાંછિત ફળ આપનાર ઈત્વરિક તપ છે.

**જા સા અણસણા મરણે, દુવિહા સા વિયાહિયા।**
**સવીયારમવીયારા, કાયચિટ્ઠં પઈ ભવે ॥૧૨॥**

મરણકાલ પર્યંત અનશન તપના પણ કાય ચેષ્ટાથી સવિચાર અને અવિચાર એવા બે ભેદ છે.

**અહવા સપરિકમ્મા, અપરિકમ્મા ય આહિયા।**
**નીહારિમણીહારી, આહારચ્છેઓ દોસુ વિ ॥૧૩॥**

અથવા સપરિકર્મ અને અપરિકર્મ તથા નિહારી અને અનિહારી આવી રીતે યાવત્કાલિક અનશનના બે ભેદ છે. આ બે ભેદમાં આહારનો સર્વથા ત્યાગ છે.

**ઓમોયરણં પંચહા, સમાસેણ વિયાહિયં।**
**દવ્વઓ ખેત્તકાલેણં, ભાવેણં પજ્જવેહિ ય ॥૧૪॥**

ઉણોદરી તપના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ અને પર્યાય એમ સંક્ષેપથી પાંચ ભેદ છે.

**જો જસ્સ ઉ આહારો, તત્તો ઓમં તુ જો કરે ।**
**જહન્નેણેગસિત્થાઇ, એવં દવ્વેણ ઊ ભવે ॥૧૫॥**

જેનો જેટલો આહાર છે તે આહારથી એક કવલ પણ ઓછો આહાર કરે તે દ્રવ્ય ઉણોદરી છે.

**ગામે નગરે તહ રાયહાણિ, નિગમે ય આગરે પલ્લી ।**
**ખેડેકબ્બડ-દોણમુહ, પટ્ટણ-મડંબ-સંબાહે ॥૧૬॥**

ગામ, નગર, રાજધાની, નિગમ, આગર, પલ્લી, ખેડ, કર્બડ, દ્રૌણમુખ, પતન, મંડપ, સંબાધ.

**આસમપએ વિહારે, સન્નિવેસે સમાયઘોસે ય ।**
**થલિસેણા ખંધારે, સત્થે સંવટ્ટ કોટ્ટે ય ॥૧૭॥**

આશ્રમપદ, વિહાર, સન્નિવેશ, સમાજ, ઘોષ સ્થળી, સેનાની છાવણી, સાર્થ, સંવર્ત, કોટ.

**વાડેસુ ય રત્થાસુ ય, ઘરેસુ વા એવમિત્તિયં ખેત્તં ।**
**કપ્પઇ ઉ એવમાઇ, એવં ખેત્તેણ ઊ ભવે ॥૧૮॥**

વાડો, ગલીઓ અને ગૃહો વગેરે સ્થાનોમાં અથવા એ પ્રકારથી બીજા ક્ષેત્રોમાં નિર્ધારિત ક્ષેત્ર પ્રમાણે ભિક્ષાચરી કરવી કલ્પે છે. આ ક્ષેત્ર-ઉણોદરી તપ છે.

**પેડા ય અદ્ધપેડા, ગોમુત્તિપયંગવીહિયા ચેવ ।**
**સમ્બુક્કાવટ્ટાયગન્તું, પચ્ચાગયા છટ્ઠા ॥૧૯॥**

અથવા પેટિકા, અર્ધ પેટિકા, ગોમુત્રિકા, પતંગવીથિકા, શંખાવર્ત અને લાંબે સુધી (દૂર) ફરી આવવું- આ છ જાતનો ક્ષેત્ર-ઉણોદરી-તપ છે.

**દિવસસ્સ પોરુસીણં ચઉણ્હં, પિ ઉ જત્તિઓ ભવેકાલો ।**
**એવં ચરમાણો ખલુ, કાલોમાણં મુણેયવ્વં ॥૨૦॥**

દિવસના ચાર પહોરમાં કોઈ અમુક એક જ પહોરમાં ભિક્ષા લેવાના અભિગ્રહને કાલ-ઉણોદરી તપ કહે છે.

**અહવા તઇયાએ પોરિસીએ, ઊણાઇ ઘાસમેસન્તો ।**
**ચઉભાગૂણાએ વા, એવં કાલેણ ઉ ભવે ॥૨૧॥**

અથવા ત્રીજા પહોરના પહેલા ભાગમાં કે ચોથા અથવા પાંચમા ભાગમાં ભિક્ષાર્થે જવાની પ્રતિજ્ઞાને કાલ-ઉણોદરી તપ કહે છે.

**ઇત્થી વા પુરિસો વા, અલંકિઓ વા નલંકિઓ વા વિ ।**
**અણ્ણયરવયત્થો વા, અન્નયરેણ વ વત્થેણં ॥૨૨॥**

સ્ત્રી અથવા પુરુષ અલંકાર સહિત અથવા રહિત અમુક વયવાળો અમુક વસ્ત્રવાળો,

**અણ્ણેણ વિસેસેણં, વણ્ણેણં ભાવમણુમુયન્તે ઉ ।**
**એવં ચરમાણો ખલુ, ભાવોમાણં મુણેયવ્વં ॥૨૩॥**

અમુક વિશિષ્ટ વર્ણ તેમજ અમુક ભાવવાળા દાતા પાસેથી જ ભિક્ષા લેવાની પ્રતિજ્ઞાને ભાવ-ઉણોદરી તપ કહે છે.

**દવ્વે ખેત્તે કાલે, ભાવમ્મિ ય આહિયા ઉ જે ભાવા ।**
**એએહિં ઓમચરઓ, પજ્જવચરઓ ભવે ભિક્ખૂ ॥૨૪॥**

દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવમાં જે પર્યાય(ભાવ) કહ્યા છે તેનાથી પણ ઉણોદરી તપ કરનાર છે એ પર્યવ-ચર ભિક્ષુ કહેવાય છે.

**અટ્ઠવિહગોયરગ્ગં તુ, તહા સત્તેવ એસણા ।**
**અભિગ્ગહા ય જે અન્ને, ભિક્ખાયરિયમાહિયા ॥૨૫॥**

આઠ પ્રકારની ગોચરી, સાત પ્રકારની એષણા અને બીજા અભિગ્રહને ભિક્ષાચરી તપ કહે છે.

**ખીરદહિસપ્પિમાઈ, પણીયં પાણભોયણં ।**
**પરિવજ્જણં રસાણં તુ, ભણિયં રસવિવજ્જણં ॥૨૬॥**

દૂધ, દહીં, ઘી, પકવાન અને રસયુક્ત આહારના ત્યાગને રસપરિત્યાગ તપ કહે છે.

**ઠાણા વીરાસણાઈયા, જીવસ્સ ઉ સુહાવહા ।**
**ઉગ્ગા જહા ધરિજ્જન્તિ, કાયકિલેસં તમાહિયં ॥૨૭॥**

આત્માને માટે સુખાવહ વીરાસનાદિ ઉગ્ર આસનોનો જે અભ્યાસ કરાય છે તેને કાયક્લેશ તપ કહે છે.

**એગન્તમણાવાએ, ઇત્થીપસુવિવજ્જિએ ।**
**સયણાસણસેવણયા, વિવિત્તસયણાસણં ॥૨૮॥**

એકાંત-જ્યાં કોઈ આવે જાય નહિ અને સ્ત્રી પશુ વગરના સ્થાનમાં શયન તેમજ આસનનું સેવન કરવું એ વિવિક્ત શયનાસન તપ છે.

**એસો બાહિરગંતવો, સમાસેણ વિયાહિઓ ।**
**અબ્ભિન્તરં તવો એત્તો, વુચ્છામિ અણુપુવ્વસો ॥૨૯॥**

આમ બાહ્ય તપનું ટૂંકમાં વર્ણન કર્યું. હવે આભ્યંતર તપને અનુક્રમથી કહું છું.

**પાયચ્છિત્તં વિણઓ, વેયાવચ્ચં તહેવ સજ્ઝાઓ ।**
**ઝાણં ચ વિઉસ્સગ્ગો, એસો અબ્ભિન્તરો તવો ॥૩૦॥**

પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન તથા કાઉસ્સગ્ગ આ છ ભેદ આભ્યંતર તપના છે.

**આલોયણારિહાઈયં, પાયચ્છિત્તં તુ દસવિહં ।**
**જં ભિક્ખૂ વહઇ સમ્મં, પાયચ્છિત્તં તમાહિયં ॥૩૧॥**

આલોચના વગેરે દશ પ્રકારનું પ્રાયશ્ચિત્ત છે, જેનું સમ્યક્ પ્રકારે આચરણ કરનાર ભિક્ષુને પ્રાયશ્ચિત્ત તપ થાય છે.

**અબ્ભુટ્ઠાણં અંજલિકરણં, તહેવાસણદાયણં ।**
**ગુરુભત્તિભાવસુસ્સૂસા, વિણઓ એસ વિયાહિઓ ॥૩૨॥**

ઊભા થઈને ગુરુજનોને સન્માન આપવું, હાથ જોડવો, આસન આપવું, ગુરુ ભક્તિ કરવી અને ભાવપૂર્વક સેવા કરવી, તેને વિનય તપ કહે છે.

**આયરિયમાઈએ, વેયાવચ્ચમ્મિ દસવિહે ।**
**આસેવણં જહાથામં, વેયાવચ્ચં તમાહિયં ॥૩૩॥**

આચાર્યાદિથી સંબંધિત દશ પ્રકારના વૈયાવૃત્યની યથાશક્તિ સેવા કરવી, આ સેવા વૈયાવૃત્ય તપ છે.

**વાયણા પુચ્છણા ચેવ, તહેવ પરિયટ્ટણા ।**
**અણુપ્પેહા ધમ્મકહા, સજ્ઝાઓ પંચહા ભવે ॥૩૪॥**

વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મ કથા - આ પાંચ સ્વાધ્યાયના ભેદ છે.

**અટ્ટરુદ્દાણિ વજ્જિત્તા, ઝાઈજ્જા સુસમાહિએ ।**
**ધમ્મસુક્કાઈં ઝાણાઈં, ઝાણં તં તુ બુહા વએ ॥૩૫॥**

આર્ત અને રૌદ્ર ધ્યાનને છોડીને સમાધિ સહિત મુનિ ધર્મ અને શુક્લ ધ્યાન કરે, એને જ્ઞાનીઓ ધ્યાન તપ કહે છે.

**સયણાસણઠાણે વા, જે ઉ ભિક્ખૂ ન વાવરે ।**
**કાયસ્સ વિઉસ્સગ્ગો, છટ્ઠો સો પરિકિત્તિઓ ॥૩૬॥**

સૂતાં, બેસતાં, ઊઠતાં જે ભિક્ષુ શરીરના વ્યાપારને (હલનચલનની ચેષ્ટા)ત્યાગે છે, એને કાયોત્સર્ગ તપ કહે છે.

**એવં તવં તુ દુવિહં, જે સમ્મં આયરે મુણી ।**
**સો ખિપ્પં સવ્વ સંસારા, વિપ્પમુચ્ચઈપંડિઓ ॥૩૭॥**

**॥ ત્તિબેમિ ॥**

આમ બે જાતનાં તપને જે મુનિ સમ્યક્ પ્રકારે આચરે છે, તે શીઘ્ર સંસારનાં બધાં બંધનથી છૂટી જાય છે.

# અધ્યયન - ૩૧ : ચારિત્રવિધિ

**ચરણવિહિં, પવક્ખામિ, જીવસ્સ ઉ સુહાવહં ।**
**જં ચરિત્તા બહુ જીવા, તિણ્ણા સંસારસાગરં ॥૧॥**

જીવોને સુખ આપનાર ચારિત્રવિધિ હું કહું છું, જેને આચરીને ઘણા જીવો સંસારસાગર તરી ગયા છે.

**એગઓ વિરઈ કુજ્જા, એગઓ ય પવત્તણં ।**
**અસંજમે નિયત્તિં ચ, સંજમે ય પવત્તણં ॥૨॥**

અસંયમરૂપ એક સ્થાનથી નિવૃત્તિ કરીને સંયમરૂપ એક સ્થાનમાં પ્રવૃત્તિ કરે.

**રાગદોસે ય દો પાવે, પાવકમ્મપવત્તણે ।**
**જે ભિક્ખૂ રુંભઈ નિચ્ચં, સે ન અચ્છઇ મંડલે ॥૩॥**

રાગ અને દ્વેષ આ બે પાપ જ પાપકર્મનું પ્રવર્તન કરે છે. જે ભિક્ષુ એનો સતત નિરોધ કરે છે, એ સંસારમાં (જન્મ-મરણરૂપ મંડલ) પરિભ્રમણ કરતો નથી.

**દંડાણં ગારવાણં ચ, સલ્લાણં ચ તિયં તિયં ।**
**જે ભિક્ખૂ ચયઈ નિચ્ચં, સે ન અચ્છઇ મંડલે ॥૪॥**

જે ભિક્ષુ ત્રણ દંડ, ત્રણ ગારવ, ત્રણ શલ્યને સદાને માટે ત્યાગે છે. એ સંસાર ભ્રમણ કરતો નથી.

**દિવ્વે ય જે ઉવસગ્ગે, તહા તેરિચ્છમાણુસે ।**
**જે ભિક્ખૂ સહઇ નિચ્ચં, સે ન અચ્છઇ મંડલે ॥૫॥**

જે ભિક્ષુ દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી ઉપસર્ગને નિત્ય સહન કરે છે, એ સંસારમાં ભટકતો નથી.

**વિગહાકસાયસન્નાણં, ઝાણાણં ચ દુયં તહા ।**
**જે ભિક્ખૂ વજ્જઇ નિચ્ચં, સે ન અચ્છઇ મંડલે ॥૬॥**

જે મુનિ ચાર વિકથા, ચાર કષાય, ચાર સંજ્ઞા અને બે ધ્યાન-આર્ત અને રૌદ્ર - ત્યાગે છે, તે સંસારમાં ભટકતો નથી.

**વએસુ ઇંદિયત્થેસુ, સમિઇસુ કિરિયાસુ ય ।**
**જે ભિક્ખૂ જયઇ નિચ્ચં, સે ન અચ્છઇ મંડલે ॥૭॥**

પાંચ વ્રત અને પાંચ સમિતિનું પાલન અને પાંચ ઇન્દ્રિયોના વિષયો અને પાંચ ક્રિયાના ત્યાગમાં જે સંયતિ નિત્ય પરિશ્રમ કરે છે, યત્નાશીલ રહે એ સંસારમાં ભટકતો નથી.

**લેસાસુ છસુ કાએસુ, છક્કે આહારકારણે ।**
**જે ભિક્ખૂ જયઇ નિચ્ચં, સે ન અચ્છઇ મંડલે ॥૮॥**

છ લેશ્યા, છ કાય અને આહાર કરવાનાં છ કારણમાં જે સાધુ સદા યત્નાવંત રહે છે, એ ભવભ્રમણ કરતો નથી.

**પિંડોગ્ગહપડિમાસુ, ભયટ્ઠાણેસુ સત્તસુ ।**
**જે ભિક્ખુ જયઇ નિચ્ચં, સે ન અચ્છઇ મંડલે ॥૯॥**

જે ભિક્ષુ સાત પિંડાવગ્રહમાં આહાર લેવાની સાત પ્રતિમા અને સાત ભયસ્થાનમાં જે સદા ઉપયોગવંત રહે છે, તે સંસારમાં ફસાતો નથી.

**મએસુ બમ્ભગુત્તીસુ, ભિક્ખુધમ્મંમિ દસવિહે ।**
**જે ભિક્ખુ જયઇ નિચ્ચં, સે ન અચ્છઇ મંડલે ॥૧૦॥**

આઠ મદનો ત્યાગ, બ્રહ્મચર્યની નવ ગુપ્તિ, દશ પ્રકારનો યતિધર્મ પાળવામાં જે સદા જાગૃત છે, એ સંસારમાં ડૂબતો નથી.

**ઉવાસગાણં પડિમાસુ, ભિક્ખૂણં પડિમાસુ ય ।**
**જે ભિક્ખુ જયઇ નિચ્ચં, સે ન અચ્છઇ મંડલે ॥૧૧॥**

ઉપાસકોની અગિયાર પ્રતિમા, ભિક્ષુની બાર પ્રતિમામાં જે શ્રમણ હંમેશા જાગૃત છે, એ સંસાર ચક્રમાં પડતો નથી.

**કિરિયાસુ ભૂયગામેસુ, પરમાહમ્મિએસુ ય ।**
**જે ભિક્ખૂ જયઇ નિચ્ચં, સે ન અચ્છઇ મંડલે ॥૧૨॥**

તેર જાતની ક્રિયાઓ, ચૌદ ભૂત ગ્રામ, પંદર પરમાધામીનો જે ભિક્ષુ સદા વિવેક રાખે છે, તે સંસારમાં ભ્રમણ કરતો નથી.

**ગાહાસોલસએહિં, તહા અસંજમમ્મિ ય ।**
**જે ભિક્ખૂ જયઇ નિચ્ચં, સે ન અચ્છઇ મંડલે ॥૧૩॥**

જે ભિક્ષુ પ્રથમ 'સુયગડાંગ સૂત્ર'ના સોળ અધ્યયનમાં નિત્ય જયણા સેવે છે અને સત્તર જાતના અસંયમમાં પડતો નથી અને તે માટે જયણા રાખે છે, તે સંસારમાં પરિભ્રમણ કરતો નથી.

**બંભમ્મિ નાયજ્ઝયણેસુ, ઠાણેસુ ય સમાહિએ ।**
**જે ભિક્ખૂ જયઇ નિચ્ચં, સે ન અચ્છઇ મંડલે ॥૧૪॥**

અબ્રહ્મચર્યનાં ૧૮ સ્થાનક, જ્ઞાતા ધર્મ કથા સૂત્રના ૧૯ અધ્યયન અને વીસ અસમાધિ સ્થાનમાં જે ભિક્ષુ સદા જયણા (ઉપયોગ) રાખે છે, તે સંસારમાં રખડતો નથી.

**એગવીસાએ સબલે, બાવીસાએ પરીસહે ।**
**જે ભિક્ખૂ જયઇ નિચ્ચં, સે ન અચ્છઇ મંડલે ॥૧૫॥**

એકવીસ સબલ દોષોને ત્યાગી અને બાવીસ પરિષહ જીતવામાં જે ભિક્ષુ સદા ઉપયોગ રાખે છે, તે સંસાર ચક્રમાં પડતો નથી.

**તેવીસાઇ સૂયગડેસુ, રૂવાહિએસુ સુરેસુ ય ।**
**જે ભિક્ખૂ જયઇ નિચ્ચં, સે ન અચ્છઇ મંડલે ॥૧૬॥**

જે મુનિ સૂયગડાંગના ત્રેવીસ અધ્યયનમાં અને અધિક રૂપવાળા ૨૪ પ્રકારના દેવોમાં સદા ઉપયોગ રાખે છે, તે સંસારમાં ફસાતો નથી.

**પણવીસ ભાવણાસુ, ઉદ્દેસેસુ દસાઇણં ।**
**જે ભિક્ખૂ જયઇ નિચ્ચં, સે ન અચ્છઇ મંડલે ॥૧૭॥**

જે સાધુ પચીસ પ્રકારની ભાવનામાં અને દશાશ્રુત સ્કંધ, બૃહત્ કલ્પ અને વ્યવહાર સૂત્રના ૨૬ ઉદ્દેશામાં સદા ઉપયોગ રાખે છે, એ સંસારમાં રખડતો નથી.

**અણગારગુણેહિં ચ, પગપ્પમ્મિ તહેવ ય ।**
**જે ભિક્ખૂ જયઇ નિચ્ચં, સે ન અચ્છઇ મંડલે ॥૧૮॥**

જે ભિક્ષુ અણગારના સત્તાવીસ ગુણમાં અને ૨૮ આચાર પ્રકલ્પમાં સાવધાન રહે છે, એ સંસારમાં રઝળતો નથી.

**પાવસુયપ્પસંગેસુ, મોહટ્ઠાણેસુ ચેવ ય ।**
**જે ભિક્ખૂ જયઇ નિચ્ચં, સે ન અચ્છઇ મંડલે ॥૧૯॥**

જે ભિક્ષુ ૨૯ પ્રકારનાં પાપ શ્રુત પ્રસંગોમાં અને મોહનીયના ત્રીસ સ્થાનમાં જાગૃત રહે છે, તે સંસારમાં ભમતો નથી.

**સિદ્ધાઇગુણજોગેસુ, તેત્તીસાસાયણાસુ ય ।**
**જે ભિક્ખૂ જયઇ નિચ્ચં, સે ન અચ્છઇ મંડલે ॥૨૦॥**

જે સાધુ સિદ્ધોના એકત્રીસ ગુણોમાં, બત્રીસ યોગ સંગ્રહમાં અને તેત્રીસ પ્રકારની આશાતનામાં સદા યત્ના રાખે છે, તે સંસારમાં ભમતો નથી.

**ઇઇ એએસુ ઠાણેસુ, જે ભિક્ખૂ જયઇ સયા ।**
**ખિપ્પં સો સવ્વસંસારા, વિપ્પમુચ્ચઇ પંડિઓ ॥૨૧॥**

**॥ ત્તિબેમિ ॥**

આ પૂર્વોક્ત સ્થાનોમાં જે પંડિત ભિક્ષુ સદા જયણાવતં-યત્નાવંત રહે છે, તે શીઘ્ર સંસારનાં સમસ્ત બંધનોથી મુક્ત થઈ જાય છે.

## અધ્યયન - ૩૨ : પ્રમાદસ્થાન

**અચ્ચંતકાલસ્સ સમૂલગ્ગસ્સ, સવ્વસ્સ દુક્ખસ્સ ઉ જો પમોક્ખો ।**
**તં ભાસઓ મે પડિપુન્નચિત્તા, સુણેહ એગંતહિયં હિયત્થં ॥૧॥**

હે ભવ્યો ! મિથ્યાત્વ મોહનીયાદિ રૂપ મૂલની સાથે રહેલાં દુ:ખ અનાદિ કાલથી જીવને દુ:ખી કરે છે. આ બધાં દુ:ખોથી સર્વથા મુક્ત થવા એકાંત હિતકારક કલ્યાણકારી ઉપાય બતાવું છું તે એકાગ્ર ચિત્તાથી સાંભળો.

**નાણસ્સ સવ્વસ્સ પગાસણાએ, અન્નાણમોહસ્સવિવજ્જણાએ ।**
**રાગસ્સ દોસસ્સ ય સંખએણં, એગંતસોક્ખં સમુવેઇ મોક્ખં ॥૨॥**

રાગદ્વેષનો સર્વથા ક્ષય, અજ્ઞાન અને મોહના સંપૂર્ણ ત્યાગથી પૂર્ણ જ્ઞાનનો પ્રકાશ થાય છે. આનાથી જીવ એકાંત સુખરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે.

**તસ્સેસ મગ્ગો ગુરુ વિદ્ધસેવા, વિવજ્જણા બાલજણસ્સ દૂરા ।**
**સજ્ઝાયએગંતનિસેવણા ય, સુત્તત્થ સંચિન્તણયા ધિઇ ય ॥૩॥**

બાલ જીવોના સંગનો ત્યાગ કરીને દૂર રહેવું, વૃદ્ધ તથા ગુરુજનની સેવા કરવી, એકાંતમાં ધીરજથી સ્વાધ્યાય કરવો. સૂત્ર અને અર્થનું ચિંતન કરવું એ જ મોક્ષમાર્ગ છે.

**આહારમિચ્છે મિયમેસણિજ્જં, સહાયમિચ્છે નિઉણત્થબુદ્ધિં ।**
**નિકેયમિચ્છેજ્જ વિવેગજોગ્ગં, સમાહિકામે સમણે તવસ્સી ॥૪॥**

(સ્ત્રી-પશુ-નપુંસકરહિત) સમાધિના ઇચ્છુક તપસ્વી શ્રમણે પરિમિત શુદ્ધ આહાર લેવો જોઈએ અને નિપુણાર્થ બુદ્ધિવાળો સહાયક લેવો જોઈએ અને એકાંત સ્થાનને પસંદ કરીને રહેવું જોઈએ.

**ન વા લભિજ્જા નિઉણં સહાયં, ગુણાહિયં વા ગુણઓ સમંવા ।**
**એગો વિ પાવાઈ વિવજ્જયન્તો, વિહરેજ્જ કામેસુ અસજ્જમાણો ॥૫॥**

જો પોતાનાથી વિશેષ ગુણી અથવા સમાન નિપુણકુલ-સહાયક ન મળે તો બધાં પાપોને ત્યાગીને કામભોગાદિમાં અનાસક્ત થઈને એકલો જ વિચરે.

**જહા ય અંડપ્પભવા બલાગા, અંડં બલાગપ્પભવં જહા ય ।**
**એમેવ મોહાયયણં ખુ તણ્હા, મોહં ચ તણ્હાયયણં વયંતિ ॥૬॥**

જેવી રીતે ઈંડાની ઉત્પત્તિ પક્ષીથી ને પક્ષીની ઉત્પત્તિ ઈંડાથી છે તેમ મોહથી તૃષ્ણા અને તૃષ્ણાથી મોહ ઉત્પન્ન થાય છે.

**રાગો ય દોસો વિ ય કમ્મબીયં, કમ્મં ચ મોહપ્પભવં વયંતિ ।**
**કમ્મં ચ જાઈ-મરણસ્સ મૂલં, દુક્ખં ચ જાઈ મરણં વયંતિ ॥૭॥**

રાગ અને દ્વેષ એ બે કર્મ બીજ છે. કર્મ મોહથી ઉત્પન્ન થાય છે. કર્મ જ જન્મ-મરણનું મૂલ છે અને જન્મ-મરણ દુઃખ છે.

**દુક્ખં હયં જસ્સ ન હોઈ મોહો, મોહો હઓ જસ્સ ન હોઈ તણ્હા ।**
**તણ્હા હયા જસ્સ ન હોઈ લોહો, લોહો હઓ જસ્સ ન કિંચણાઈ ॥૮॥**

જેને મોહ નથી તેણે દુઃખનો નાશ કર્યો, જેને તૃષ્ણા નથી તેનો મોહ રહેતો નથી. જેને લોભ નથી તેની તૃષ્ણા નાશ પામે, જે અકિંચન છે, તેને લોભ નથી.

**રાગં ચ દોસં ચ તહેવ મોહં, ઉદ્ધત્તુકામેણ સમૂલજાલં ।**
**જે જે ઉવાયા પડિવજ્જિયવ્વા, તે કિત્તઈસ્સામિ અહાણુપુવ્વિં ॥૯॥**

રાગ, દ્વેષ અને મોહની જાળને જડમૂળથી ઉખાડીને ફેંકવાની ઇચ્છાવાળાએ કયા ઉપાય કરવા જોઈએ તે હું અનુક્રમથી કહું છું.

**રસા પગામં ન નિસેવિયવ્વા, પાયં રસા દિત્તિકરા નરાણં ।**
**દિત્તં ચ કામા સમભિદવંતિ, દુમં જહા સાઉફલં વ પક્ખી ॥૧૦॥**

રસોનું વિશેષ સેવન ન કરવું, કારણ કે રસ માણસમાં ઉત્તેજના-ઉન્માદ પેદા કરે છે. જેમ મીઠા ફળવાળા ઝાડને પક્ષી દુ:ખી કરે છે, એમ રસોના સેવનથી ઉત્પન્ન થયેલ ઉત્તેજના અને કામ, સાધુ પુરુષને પરાજિત કરે છે.

**જહા દવગ્ગી પઉરિન્ધણે વણે, સમારૂઓ નોવસમં ઉવેઇ ।**
**એવિદિંયગ્ગી વિ પગામ ભોઇણો, ન બંભયારિસ્સ હિયાય કસ્સઇ ॥૧૧॥**

જેમ ઘણાં લાકડાંવાળા વનમાં, પ્રચંડ વાયુ-પવનથી થયેલ દાવાનળ શાંત થતો નથી, તેમ સરસ આહાર કરનાર બ્રહ્મચારીની ઈન્દ્રિયરૂપી અગ્નિ શાંત થતી નથી.

**વિવિત્તસેજ્જાસણજંતિયાણં, ઓમાસણાણં દમિઈંદિયાણં ।**
**ન રાગસત્તુ ધરિસેઇ ચિત્તં, પરાઇઓ વાહિરિવોસહેહિં ॥૧૨॥**

જેમ ઉત્તમ ઔષધિથી વ્યાધિ દૂર થાય છે અને ફરી ઉત્પન્ન થતો નથી તેમ એકાંત સેવી, અલ્પાહારી અને ઈન્દ્રિયોનું દમન કરનારના ચિત્તને રાગરૂપી શત્રુ જીતી શકતો નથી.

**જહા બિરાલાવસહસ્સ મૂલે, ન મૂસગાણં વસહી પસત્થા ।**
**એમેવ ઇત્થીનિલયસ્સ મજ્ઝે, ન બંભયારિસ્સ ખમો નિવાસો ॥૧૩॥**

જેમ બિલાડીના સ્થાનની પાસે ઉંદરને રહેવું સલામત નથી એમ સ્ત્રીઓના સ્થાનની પાસે બ્રહ્મચારીને રહેવું સલામત નથી.

**ન રૂવ-લાવણ્ણ-વિલાસ-હાસં, ન જં પિયં ઈંગિય પેહિયં વા ।**
**ઇત્થીણ ચિત્તં સિ નિવેસઇત્તા, દટ્ઠું વવસ્સે સમણે તવસ્સી ॥૧૪॥**

તપસ્વી શ્રમણ સ્ત્રીઓના રૂપ લાવણ્ય, વિલાસ, હાસ્ય, પ્રિય ભાષણ, સંકેતચેષ્ટા અને કટાક્ષપૂર્વક નયનને પોતાના મનમાં જગ્યા ન આપે - એવા વિચાર ન કરે. તેને જોવાનો પ્રયત્ન ન કરે.

**અદંસણં ચેવ અપત્થણં ચ, અચિંતણં ચેવ અકિત્તણં ચ ।**
**ઇત્થીજણસ્સારિયઝાણજુગ્ગં, હિયં સયા બંભવએ રયાણં ॥૧૫॥**

બ્રહ્મચર્ય વ્રતમાં રતપુરુષને અને આર્ય ધ્યાન (સમ્યગ્ ધર્મ ધ્યાન) યોગ્ય સાધુને સ્ત્રીઓનું દર્શન, એની ઇચ્છા, પ્રશંસા, એનું કીર્તન અને ચિંતન કરવું હિતકારી નથી.

**કામં તુ દેવીહિં વિભૂસિયાહિં, ન ચાઈયા ખોભઈઉં તિગુત્તા ।**
**તહા વિ એગંતહિયં તિ નચ્ચા, વિવિત્તવાસો મુણીણં પસત્થો ॥૧૬॥**

મન, વચન અને કાયાથી ગુપ્ત રહેનાર પરમ સંયમી મુનિને સુંદર વેશભૂષાયુક્ત દેવાંગનાઓ પણ ચલિત કરી શકતી નથી. એવા પુરુષને પણ એકાંત વાસ જ (સ્ત્રી આદિથી રહિત સ્થાન) પરમ હિતકારી છે.

**મોક્ખાભિકંખિસ્સ ઉ માણવસ્સ, સંસારભીરુસ્સ ઠિયસ્સ ધમ્મે ।**
**નેયારિસં દુત્તરમત્થિ લોએ, જહિત્થિઓ બાલમણોહરાઓ ॥૧૭॥**

મોક્ષાભિલાષી, સંસાર ભીરુ, ધર્મમાં સ્થિર રહેનાર પુરુષને સંસારમાં બીજું કોઈ દુસ્તર નથી, જેમ બાલજીવોના મનને હરણ કરનાર સ્ત્રીઓના ત્યાગ દુસ્તર-કઠિન છે.

**એએ ય સંગે સમઈક્કમિત્તા, સુદુત્તરા ચેવ ભવન્તિ સેસા ।**
**જહા મહાસાગરમુત્તરિત્તા, નઈ ભવે અવિ ગંગાસમાણા ॥૧૮॥**

જેવી રીતે મહાસાગર તરનારને ગંગા નદીનું તરવું સુગમ છે, એવી રીતે સ્ત્રીસંગના ત્યાગી મહાત્માને બીજો ત્યાગ સરળ થાય છે.

**કામાણુગિદ્ધિપ્પભવં ખુદુક્ખં, સવ્વસ્સલોગસ્સ સદેવગસ્સ ।**
**જે કાઈયં માણસિયં ચ કિંચિ, તસ્સન્તગં ગચ્છઈ વીયરાગો ॥૧૯॥**

સ્વર્ગાદિ સમસ્ત લોકમાં જે કંઈ માનસિક, વાચિક અને કાયિક દુઃખ છે, એ બધા કામભોગની અભિલાષાથી જ થાય છે. વીતરાગી પુરુષ જ આ બધાં દુઃખોનો અંત કરે છે.

**જહા ય કિંપાગ ફલામણોરમા, રસેણ વણ્ણેણ ય ભુજ્જમાણા ।**
**તે ખુડ્ડએ જીવિય પચ્ચમાણા, એઓવમા કામગુણા વિવાગે ॥૨૦॥**

જેવી રીતે કિંપાક વૃક્ષનું ફળ સુંદર, મીઠું અને મનને રોચક છે, પરંતુ તે ફળને જમવાથી જીવિતનો નાશ થાય છે, એવી રીતે કામભોગોનું પણ કડવું પરિણામ છે.

**જે ઈંદિયાણં વિસયા મણુન્ના, ન તેસુ ભાવં નિસિરે કયાઈ ।**
**ન યા મણુન્નેસુ મણંપિ કુજ્જા, સમાહિકામે સમણે તવસ્સી ॥૨૧॥**

સમાધિ કામનાવાળો શ્રમણ તપસ્વી કદાપિ ઈન્દ્રિયોના મનોજ્ઞ વિષયોમાં રાગ અને અમનોજ્ઞ વિષયોમાં ઈર્ષ્યા ન કરે.

**ચક્ખુસ્સ રૂવં ગહણં વયંતિ, તં રાગહેઉં તુ મણુન્નમાહુ ।**
**તં દોસહેઉં અમણુન્નમાહુ, સમો ય જો તેસુ સ વીયરાગો ॥૨૨॥**

આંખ રૂપને પકડે છે અને રૂપ આંખને, મનોજ્ઞ-સુંદર લાગે છે, તો તે રાગનો હેતુ બને છે, અને રૂપ આંખને અમનોજ્ઞ લાગે છે, તો તે રૂપ દ્વેષનું કારણ થાય છે. માટે વીતરાગી પુરુષ એ છે કે, જે રાગના કારણ અને ઈર્ષ્યાના કારણ બંને રૂપમાં સમભાવી છે.

**રૂવસ્સ ચક્ખું ગહણં વયંતિ, ચક્ખુસ્સ રૂવં ગહણં વયંતિ ।**
**રાગસ્સ હેઉં સમણુન્નમાહુ, દોસસ્સ હેઉં અમણુન્નમાહુ ॥૨૩॥**

રૂપને ગ્રહણ કરનાર ચક્ષુ ઈન્દ્રિય છે. રૂપ ચક્ષુ ઈન્દ્રિયને ગ્રહણ કરવા યોગ્ય છે. જે રાગનું કારણ છે તેને મનોજ્ઞ કહેવાય. જે દ્વેષનું કારણ છે તે અમનોજ્ઞ કહેવાય.

**રૂવેસુ જો ગિદ્ધિમુવે ઈ તિવ્વં, અકાલિયં પાવઈ સે વિણાસં ।**
**રાગાઉરે સે જહ વા પયંગે, આલોયલોલે સમુવેઈ મચ્ચું ॥૨૪॥**

જેવી રીતે દીવાના પ્રકાશના રાગમાં આતુર થઈને પતંગીયું મરે છે, એવી રીતે રૂપમાં અત્યંત આસક્ત થઈને જીવ અકાલે મરણ પામે છે.

**જે યાવિ દોસં સમુવેઈ તિવ્વં, તંસિક્ખણે સે ઉ ઉવેઈ દુક્ખં ।**
**દુદ્દંતદોસેણ સએણ જંતૂ, ન કિંચિ રૂવં અવરજ્ઝઈ સે ॥૨૫॥**

જે જીવ અરુચિકર રૂપ દેખીને હંમેશાં દ્વેષ કરે છે, એ અત્યંત દ્વેષના કારણે તત્ક્ષણ દુઃખનો અનુભવ કરે છે. એમાં રૂપનો કોઈ દોષ નથી.

**એગંતરત્તે રુઈરંસિ રૂવે, અતાલિસે સે કુણઈ પઓસં ।**
**દુક્ખસ્સ સંપીલમુવેઈ બાલે, ન લિપ્પઈ તેણ મુણિ વિરાગો ॥૨૬॥**

જે જીવ મનોહર રૂપમાં એકાંત રાગ કરે અને અરુચિકર રૂપમાં દ્વેષ કરે, એ અજ્ઞાની દુઃખસમૂહને પ્રાપ્ત કરે છે, પરંતુ વીતરાગી મુનિ તે રૂપમાં લુપ્ત નહિ થવાથી તેનાથી તે દુઃખી પણ થતો નથી.

**રૂવાણુગાસાણુગએ ય જીવે, ચરાચરે હિંસઈ ણેગરૂવે ।**
**ચિત્તેહિ તે પરિયાવેઈ બાલે, પીલેઈ અત્તટ્ઠ ગુરુ કિલિટ્ઠે॥૨૭॥**

મનોજ્ઞ રૂપની આશાને વશ પડેલ ભારેકર્મી, અજ્ઞાની જીવ, ત્રસ અને સ્થાવર જીવોની અનેક પ્રકારે હિંસા કરે છે, અનેક ઉપયોથી પરિતાપ ઉત્પન્ન કરે છે પોતાના જ પ્રયોજનને મહત્ત્વ દેનાર કિલષ્ટ પરિણામી તે જીવોને પીડા પહોંચાડે છે.

**રૂવાણુવાએણ પરિગ્ગહેણ, ઉપ્પાયણે રક્ખણસન્નિઓગે ।**
**વએ વિઓગેય કહં સુહં સે સંભોગકાલેય અતિત્તલાભે ॥૨૮॥**

મનોજ્ઞ રૂપમાં મૂર્ચ્છિત મમત્વના કારણે જીવ એ પદાર્થના ઉત્પન્ન, રક્ષણ અને વિયોગની ચિંતામાં લાગ્યો રહે છે. એને સુખ ક્યાં છે ? તે સંભોગકાલમાં પણ અતૃપ્ત રહે છે.

**રૂવે અતિત્તે ય પરિગ્ગહમ્મિ, સત્તોવસત્તો ન ઉવેઇ તુટ્ઠિં ।**
**અતુટ્ઠિદોસેણ દુહી પરસ્સ, લોભાવિલે આયયઇ અદત્તં ॥૨૯॥**

મનોજ્ઞ રૂપના ગ્રહણમાં ગૃદ્ધ થયેલો જીવ અતૃપ્ત જ રહે છે. એની આસક્તિ વધી જાય છે, તે અસંતોષના દોષથી દુઃખી અને બીજાની સુંદર વસ્તુઓ લોભી થઈને (અદત્ત) ગ્રહણ કરે છે. ચોરી કરે છે.

**તણ્હાભિભૂયસ્સ અદત્તહારિણો, રૂવે અતિત્તસ્સ પરિગ્ગહે ય ।**
**માયમુસં વડ્ઢઇ લોભદોસા, તત્થાડવિદુક્ખા ન વિમુચ્ચઇ સે ॥૩૦॥**

રૂપ અને પરિગ્રહમાં અતૃપ્ત તૃષ્ણાવશ એ ચોરી કરે છે અને લોભના દોષથી જૂઠ અને કપટની વૃદ્ધિ કરતો અતૃપ્ત રહે છે અને તે દુઃખથી વિમુક્ત થતો નથી.

**મોસસ્સ પચ્છા ય પુરત્થઓ ય, પઓગકાલે ય દુહી દુરંતે ।**
**એવં અદત્તાણિ સમાયયંતો, રૂવે અતિત્તો દુહિઓ અણિસ્સો ॥૩૧॥**

આ દુષ્ટ જીવ જૂઠું બોલતાં પહેલાં જૂઠું બોલતી વખતે અને જૂઠું બોલ્યા પછી દુઃખી થાય છે. અદત્ત ગ્રહણ કરતી વખતે એ રૂપમાં અતૃપ્ત અને અસહાય થઈને હંમેશાં દુઃખી રહે છે.

**રૂવાણુરત્તસ્સ નરસ્સ એવં, કુત્તો સુહં હોજ્જ કયાઇ કિંચિ ।**
**તત્થોવભોગે વિ કિલેસદુક્ખં, નિવ્વત્તઇ જસ્સકએણદુક્ખં ॥૩૨॥**

રૂપમાં આસક્ત મનુષ્યને જરાપણ સુખ કદાપિ થતું નથી, ને વસ્તુની પ્રાપ્તિમાં એને દુઃખ વેઠવું પડ્યું એ વસ્તુના ઉપભોગમાં પણ એને દુઃખ પ્રાપ્ત થાય છે.

**એમેવ રૂવમ્મિ ગઓ પઓસં, ઉવેઇ દુક્ખોહપરંપરાઓ ।**
**પદુટ્ઠચિત્તો ય ચિણાઇ કમ્મં, જં સે પુણો હોઇ દુહં વિવાગે ॥૩૩॥**

આમ અમનોજ્ઞ રૂપમાં દ્વેષ કરનાર દુઃખની પરંપરાને વધારે છે અને દ્વેષયુક્ત ચિત્તાથી કર્મોને ઉપાર્જન કરે છે. એ કર્મ વિપાકો ભોગવતી વખતે દુઃખદાયક થાય છે.

**રૂવે વિરત્તો મણુઓ વિસોગો, એએણ દુક્ખોહરપરંપરેણ ।**
**ન લિપ્પઇ ભવમજ્ઝે વિ સંતો, જલેણ વા પોક્ખરિણી પલાસં ॥૩૪॥**

રૂપથી વિરક્ત માણસ રાગ-દ્વેષના અભાવથી શોકરહિત થાય છે. જેમ જળમાં રહેલ કમલપત્ર લેપાતું નથી, તેમ સંસારમાં રહેલો સાધુ પુરુષ દુઃખના ઓઘ-સમૂહથી લેપાતો નથી.

**સોયસ્સ સદ્દં ગહણં વયંતિ, તં રાગહેઉં તુ મણુન્નમાહુ ।**
**તં દોસહેઉં અમણુન્નમાહુ, સમો ય જો તેસુ સ વીયરાગો ॥૩૫॥**

કાનનો વિષય શબ્દ છે. મનોજ્ઞ શબ્દ રાગ અને અમનોજ્ઞ શબ્દ ઈર્ષ્યાનો હેતુ છે. જે બે પ્રકારના શબ્દોમાં સમભાવ રાખે છે, તે વીતરાગ છે.

**સદ્દસ્સ સોયં ગહણં વયંતિ, સોયસ્સ સદ્દં ગહણં વયંતિ ।**
**રાગસ્સ હેઉં સમણુન્નમાહુ, દોસસ્સ હેઉં અમણુન્નમાહુ ॥૩૬॥**

શ્રોતેન્દ્રિય શબ્દનો ગ્રાહક-ગ્રહણ કરનાર છે અને શબ્દશ્રોતનું ગ્રાહ્ય છે. પ્રિય શબ્દ રાગ અને અપ્રિય શબ્દ દ્વેષનું કારણ છે.

**સદ્દેસુ જો ગિદ્ધિમુવેઇ તિવ્વં, અકાલિયં પાવઇ સે વિણાસં ।**
**રાગાઉરે હરિણમિએ વ્વ મુદ્ધે, સદ્દે અતિત્તે સમુવેઇ મચ્ચું ॥૩૭॥**

શબ્દાદિ વિષયોમાં જે તીવ્ર ગૃદ્ધિ-આસક્તિ સેવે છે, તે અકાલે વિનાશને પામે છે. તે રાગાતુર પુરુષ હરણની માફક મુગ્ધ થઈને શબ્દથી અતૃપ્ત રહેતો મૃત્યુને પામે છે.

**જે યાવિ દોસં સમુવેઇ તિવ્વં, તંસિક્ખણે સે ઉ ઉવેઇ દુક્ખં ।**
**દુદ્દન્તદોસેણ સએણ જંતુ, ન કિંચિ સદ્દં અવરજ્ઝઇ સે ॥૩૮॥**

જે અપ્રિય શબ્દ સાંભળીને તીવ્ર દ્વેષ કરે છે એ પોતાના જ કરેલા ભયંકર દોષથી એ જ સમયે દુઃખ પામે છે, પરંતુ શબ્દ કોઈને દુઃખી કરતો નથી.

**અગંતરત્તે રુઇરંસિ સદ્દે, અતાલિસે સે કુણઇ પઓસં ।**
**દુક્ખસ્સ સંપીલમુવેઇ બાલે, ન લિપ્પઇ તેણ મુણી વિરાગો ॥૩૯॥**

જે અજ્ઞાની બાલ જીવ મનોહર-સુંદર શબ્દમાં એકાંત અનુરક્ત થાય છે, અને અપ્રિય શબ્દમાં દ્વેષ કરે છે, એ દુઃખને પ્રાપ્ત કરે છે, પરંતુ વીતરાગી મનુષ્ય એનાથી લેપાતો નથી.

**સદ્દાણુગાસાણુગએ ય જીવે, ચરાચરે હિંસઇ ણેગરૂવે ।**
**ચિત્તેહિ તે પરિયાવેઇ બાલે, પિલેઇઅત્તટ્ઠગુરુ કિલિટ્ઠે ॥૪૦॥**

શબ્દની આશાને વશ થયેલ ભારેકર્મી જીવ અજ્ઞાની થઈને ત્રસ અને સ્થાવર જીવોની અનેક જાતની હિંસા કરે છે અને પીડા આપે છે.

**સદ્દાણુવાએણ પરિગ્ગહેણ, ઉપ્પાયણે રક્ખણસન્નિઓગે ।**
**વએ વિઓગે ય કહં સુહં સે, સંભોગકાલે ય અતિત્તલાભે ॥૪૧॥**

શબ્દમાં મૂર્ચ્છિત જીવને મનોહર શબ્દવાળા પદાર્થોની પ્રાપ્તિ, રક્ષણ અને વિયોગની ચિંતા રહે છે. સંભોગ સમયમાં પણ તે અતૃપ્ત રહે છે, પછી તેને સુખ ક્યાંથી ?

**સદ્દે અતિત્તે ય પરિગ્ગહમ્મિ, સત્તોવસત્તો ન ઉવેઇ તુટ્ઠિં ।**
**અતુટ્ઠિદોસેણ દુહીપરસ્સ, લોભાવિલે આયયઇ અદત્તં ॥૪૨॥**

પ્રિય શબ્દના ગ્રહણમાં ગૃદ્ધ જીવ અતૃપ્ત જ રહે છે. એની મૂર્ચ્છા વધતી જાય છે, એ પારકી વસ્તુઓમાં લલચાઈને ચોરી કરવા લાગી જાય છે.

**તણ્હાભિભૂયસ્સ અદત્તહારિણો, સદ્દે અતિત્તસ્સપરિગ્ગહે ય ।**
**માયામુસં વડ્ઢઇ લોભ દોસા, તત્થાવિદુક્ખા ન વિમુચ્ચઇસે ॥૪૩॥**

તૃષ્ણાથી પરાજિત થયેલ જીવ ચોરી કરે છે તથા જૂઠ અને કપટની વૃદ્ધિ કરતો અતૃપ્ત જ રહે છે, પરંતુ દુઃખથી છૂટતો નથી.

**મોસસ્સ પચ્છા પુરત્થઓ ય, પઓગકાલે ય દુહી દુરંતે ।**
**એવં અદત્તાણિ સમાયયંતો, સદ્દે અતિત્તો દુહિઓ અણિસ્સો ॥૪૪॥**

એ જૂઠું બોલનાર તે પહેલાં, પછી અને જૂઠ બોલતી વખતે ઘણો દુઃખી રહે છે. અદત્ત ગ્રહણ કરતી વખતે પણ શબ્દમાં તૃપ્ત નથી, હંમેશાં દુઃખી રહે છે. એનો કોઈ સહાયક નથી.

**સદ્દાણુરત્તસ્સ નરસ્સ એવં, કત્તો સુહં હુજ્જ કયાઇ કિંચિ ।**
**તત્થોવભોગેવિ કિલેસદુક્ખં, નિવ્વત્તએ જસ્સકએણદુક્ખં ॥૪૫॥**

શબ્દમાં ગૃદ્ધ મનુષ્યને કોઈપણ સુખ મળતું નથી. એ મનોહર શબ્દના ઉપભોગના સમયે દુઃખ અને ક્લેશ ઉત્પન્ન કરે છે.

**એમેવ સદ્દમ્મિ ગઓ પઓસં, ઉવેઇ દુક્ખોહપરંપરાઓ ।**
**પઉટ્ઠચિત્તોય ચિણેઇકમ્મં, જં સે પુણો હોઇ દુહં વિવાગે ॥૪૬॥**

આમ અપ્રિય શબ્દમાં દ્વેષ કરનાર ઉત્તરોત્તર દુ:ખને વધારે છે, અને દુષ્ટ ચિત્તથી કર્મોનું ઉપાર્જન કરે છે. જે ભોગવતી વખતે દુ:ખદ છે.

**સદ્દે વિરત્તો મણુઓ વિસોગો, એએણ દુક્ખોહપરંપરેણ ।**
**નલિપ્પઈભવમજ્ઝે વિ સંતો, જલેણ વા પુક્ખરિણી પલાસં ॥૪૭॥**

શબ્દથી વિરક્ત માણસ શોક રહિત થાય છે. જેમ જળમાં કમલપત્ર અલિપ્ત રહે છે તેમ સંસારમાં રહેતો વિરક્ત પુરુષ શ્રોતેન્દ્રિયના વિષય અને એનાથી થતાં દુ:ખોથી અલિપ્ત રહે છે.

**ઘાણસ્સ ગંધં ગહણં વયંતિ, તં રાગહેઉં સમણુન્નમાહુ ।**
**તં દોસહેઉં અમણુન્નમાહુ, સમો ય જો તેસુ સ વીયરાગો ॥૪૮॥**

ગંધ ઘ્રાણનો વિષય છે. સુગંધ રાગ અને દુર્ગન્ધ દ્વેષનું કારણ છે. જે પુરુષ બંને પ્રકારની ગંધમાં સમભાવ રાખે છે, તે વીતરાગ છે.

**ગંધસ્સ ઘાણં-ગહણં વયંતિ, ઘાણસ્સગંધં ગહણં વયંતિ ।**
**રાગસ્સહેઉં સમણુન્નમાહુ, દોસસ્સ હેઉં અમણુન્નમાહુ ॥૪૯॥**

નાસિકા ગંધને પકડે છે અને ગંધ નાસિકાને ગ્રાહ્ય છે. સુગંધ રાગનું કારણ અને દુર્ગન્ધ દ્વેષનું કારણ છે.

**ગંધેસુ જો ગિદ્ધિમુવેઇ તિવ્વં, અકાલિયં પાવઇસે વિણાસં ।**
**રાગાઉરે ઓસહગંધગિદ્ધે, સપ્પેબિલાઓ વિવ નિક્ખમંતો ॥૫૦॥**

જેમ ઔષધિની સુગંધમાં મૂર્ચ્છિત સર્પ દરની બહાર નીકળતાં જ મરાય છે એમ ગંધમાં અત્યંત આસક્ત જીવો અકાલ મૃત્યુ પામે છે.

**જે યાવિ દોસં સમુવેઇ તિવ્વં, તં સિક્ખણે સે ઉ ઉવેઇ દુક્ખં ।**
**દુદંતદોસેણ સએણ જંતુ, ન કિંચિ ગંધો અવરજ્ઝઇ સે ॥૫૧॥**

જે દુર્ગન્ધમાં તીવ્ર દ્વેષ કરે છે, એ તે જ ક્ષણે દુ:ખ અનુભવે છે. એ પોતાના જ દોષથી દુ:ખી થાય છે, આમાં ગંધનો કોઈ દોષ નથી.

**એગંતરત્તે રુઇરંસિ ગંધે, અતાલિસે સે કુણઇ પઓસં ।**
**દુક્ખસ્સ સંપિલમુવેઇ બાલે, ન લિપ્પઇ તેણ મુણી વિરાગો ॥૫૨॥**

જે અજ્ઞાની સુગંધમાં સર્વથા આસક્ત થાય છે અને દુર્ગન્ધમાં ઘૃણા કરે છે, એ દુ:ખી થાય છે. પરંતુ વીતરાગી મુનિ લેપાતો નથી.

**ગંધાણુગાસાણુગએ ય જીવે, ચરાચરે હિંસઇ ણેગરૂવે ।**
**ચિત્તેહિ તે પરિતાવેઇ બાલે, પિલેઇ અત્તટ્ઠ ગુરુ કિલિટ્ઠે ॥૫૩॥**

સુગંધમાં વશીભૂત થઈને બાલ-અજ્ઞાની જીવ અનેક પ્રકારના ચરાચર જીવોને પરિતાપ ઉપજાવે છે, ઘાત કરે છે, અનેક દુઃખો દે છે.

**ગંધાણુવાએણ પરિગ્ગહેણ, ઉપ્પાયણે રક્ખણસન્નિઓગે ।**
**વએ વિઓગે ય કહં સુહં સે, સંભોગકાલે ય અતિત્તલાભે ॥૫૪॥**

સુગંધાસક્ત જીવ સુગંધની પ્રાપ્તિ, રક્ષણ અને વિયોગમાં ચિંતા સેવે છે. એ સંભોગકાલમાં અતૃપ્ત રહે છે. પછી એને સુખ ક્યાંથી ?

**ગંધે અતિત્તે ય પરિગ્ગહમ્મિ, સત્તોવસત્તો ન ઉવેઇ તુટ્ઠિં ।**
**અતુટ્ઠિદોસેણ દુહિ પરસ્સ, લોભાવિલે આયયઈ અદત્તં ॥૫૫॥**

સુગંધના ગ્રહણમાં જીવ અતૃપ્ત જ રહે છે. એની મૂર્ચ્છા વધે છે. એ બીજાઓની વસ્તુઓમાં લલચાઈને અદત્ત ગ્રહણ કરે છે.

**તણ્હાભિભૂયસ્સ અદત્તહારિણો, ગંધે અતિત્તસ્સ પરિગ્ગહેય ।**
**માયામુસં વડ્ઢઇ લોભદોસા, તત્થાવિદુક્ખા ન વિમુચ્ચઈસે ॥૫૬॥**

તૃષ્ણાથી પરાજિત જીવ ચોરી કરે છે, અને જૂઠ તથા કપટની પરંપરા વધારતો અસંતુષ્ટ રહે છે. પરંતુ કષ્ટથી મુક્ત થતો નથી.

**મોસસ્સ પચ્છા ય પુરત્થઓ ય, પઓગકાલે ય દુહી દુરંતો ।**
**એવં અદત્તાણિ સમાયયંતો, ગન્ધે અતિત્તો દુહિઓ અણિસ્સો ॥૫૭॥**

જૂઠું બોલનાર જૂઠું બોલવા પહેલાં, પછી અને જૂઠું બોલતી વખતે દુઃખી થાય છે, એ જ પ્રમાણે અદત્ત ગ્રહણ કરતી વખતે તે તે જ ગંધથી અતૃપ્ત રહે છે, એ સદા દુઃખી થાય છે અને તેને કોઈ સહાયક થતું નથી.

**ગંધાણુરત્તસ્સ નસ્સ એવં, કત્તો સુહં હોજ્જ કયાઈકિંચિ ।**
**તત્થોવભોગે વિ કિલેસદુક્ખં, નિવ્વત્તએ જસ્સ કએણ દુક્ખં ॥૫૮॥**

ગંધમાં આસક્ત થયેલા જીવને ક્યારે પણ સુખ નથી. એ સુગંધના ઉપભોગમાં ક્લેશ અને દુઃખ પામે છે.

**એમેવ ગંધમ્મિ ગઓ પઓસં, ઉવેઈદુક્ખોહપરંપરાઓ ।**
**પદુટ્ઠચિત્તો ય ચિણાઈ કમ્મં, જં સે પુણો હોઈ દુહં વિવાગે ॥૫૯॥**

આમ દુર્ગન્ધમાં દ્વેષ કરનાર જીવ દુઃખની પરંપરા વધારે છે અને દુષ્ટતાથી કર્મોને ઉપાર્જે છે, જે ભોગવતી વખતે દુઃખી થાય છે.

**ગંધે વિરત્તો મણુઓ વિસોગો, એએણ દુક્ખોહપરંપરેણ ।**
**ન લિપ્પઈ ભવમજ્ઝે વિસંતો, જલેણ વા પુક્ખરિણિપલાસં ॥૬૦॥**

ગંધથી વિરક્ત મનુષ્ય શોક રહિત થાય છે. જેવી રીતે કમલપત્ર જળથી અલિપ્ત રહે છે, તેવી રીતે સંસારમાં રહેતો વિરક્ત પુરુષ ઘ્રાણના વિષય અને એની દુઃખ પરંપરાથી અલિપ્ત રહે છે.

**જિબ્ભાએ રસં ગહણં વયંતિ, તં રાગહેઉં સમણુન્નમાહુ ।**
**ત દોસહેઉં અમણુન્નમાહુ, સમો ય જો તેસુ સ વિયરાગો ॥૬૧॥**

જીભ રસને ગ્રહણ કરે છે. પ્રિય રસ રાગનો હેતુ છે, અપ્રિય રસ દ્વેષનો હેતુ છે, જે પ્રિય-અપ્રિય રસમાં સમવર્તી છે, તે વીતરાગ છે.

**રસસ્સ જિબ્ભં ગહણં વયંતિ, જિબ્ભાએ રસં ગહણં વયંતિ ।**
**રાગસ્સ હેઉં સમણુન્નમાહુ, દોસસ્સ હેઉં અમણુન્નમાહુ ॥૬૨॥**

જિહ્વા રસને ગ્રહણ કરે છે. અને રસ જિહ્વાને ગ્રાહ્ય છે. મનપસંદ રસ રાગનું કારણ અને મનને પ્રતિકૂલ રસ દ્વેષનું કારણ કહેવાય છે.

**રસેસુ જો ગિદ્ધિમુવેઇ તિવ્વં, અકાલિયં પાવઇ સે વિણાસં ।**
**રાગાઉરે બડિસવિભિન્નકાએ, મચ્છે જહા આમિસ ભોગગિદ્ધે ॥૬૩॥**

જેમ માંસ લુબ્ધ માંછલું કાંટામાં ફસાઈને મરી જાય છે, એવી રીતે રસમાં અતીવ ગૃદ્ધ જીવ અકાલે મૃત્યુનો ગ્રાસ બને છે.

**જે યાવિ દોસં સમુવેઇ તિવ્વં, તંસિ ખણે સે ઉ ઉવેઇ દુક્ખં ।**
**દુદ્દંતદોસેણ સએણ જંતૂ, ન કિંચિ રસં અવરજ્ઝઇ સે ॥૬૪॥**

જીવ સ્વયં અમનોજ્ઞરસમાં દ્વેષ કરવાથી પોતાના જ કરેલા ભયંકર દ્વેષથી દુઃખી થાય છે. એમાં રસનો કોઈ અપરાધ નથી.

**એગંતરત્તે રૂઇરે રસમ્મિ, અતાલિસે સે કુણઇ પઓસં ।**
**દુક્ખસ્સ સંપિલમુવેઇ બાલે, ન લિપ્પઇ તેણ મુણિ વિરાગો ॥૬૫॥**

મનગમતા રસમાં એકાંત રક્ત અને અમનોજ્ઞ રસમાં એકાંત દ્વેષી બાલ-અજ્ઞાની જીવ દુઃખમાં પૂરેપૂરો પીડાય છે. વીતરાગી મુનિ વિષયો અને દુઃખોથી લેપાતા નથી.

**રસાણુગાસાણુગએ ય જીવે, ચરાચરે હિંસઇ ણેગરૂવે ।**
**ચિત્તેહિ તે પરિતાવેઇ બાલે, પિલેઇ અત્તટ્ઠ ગુરુ કિલિટ્ઠે ॥૬૬॥**

રસની લાલચમાં ડૂબેલો અજ્ઞાની જીવ, અનેક પ્રકારના ત્રસ અને સ્થાવર જીવોની ઘાત કરે છે, એને અનેક જાતની પીડા ઉપજાવે છે.

**રસાણુવાએણ પરિગ્ગહેણ, ઉપ્પાયણે રક્ખણસન્નિઓગે ।**
**વએ વિયોગે ય કહં સુહં સે, સંભોગકાલે ય અતિત્તલાભે ॥૬૭॥**

રસગૃદ્ધ મનુષ્યને રસની પ્રાપ્તિ, રક્ષણ, વ્યય અને નાશના દુ:ખથી એ અજ્ઞાનીને સુખ ક્યાંથી મળે ? સંભોગકાળમાં પણ તૃપ્તિ નહિ થવાથી દુ:ખી થાય છે.

**રસે અતિત્તે ય પરિગ્ગહમ્મિ, સત્તોવસત્તો ન ઉવેઇ તુટ્ઠિં ।**
**અતુટ્ઠિદોસેણ દુહી પરસ્સ, લોભાવિલે આયયઇ અદત્તં ॥૬૮॥**

રસોમાં અતૃપ્ત અને એના અસંતોષના દોષથી દુ:ખી તથા લોભગ્રસ્ત થઈને પરિગ્રહમાં રચ્યોપચ્યો રહેનાર સંતોષ ન પામે તે બીજાની વસ્તુ આપ્યા વિના જ લે છે.

**તણ્હાભિભૂયસ્સ અદત્તહારિણો, રસે અતિત્તસ્સ પરિગ્ગહે ય ।**
**માયામુસં વડ્ઢઇલોભદોસા, તત્થાવિ દુક્ખા ન વિમુચ્ચઇ સો ॥૬૯॥**

અતિ તૃષ્ણાથી ઘેરાયેલો જીવ ચોરી કરે છે તથા જૂઠ અને કપટની પરંપરા વધારે છે, છતાંયે સંતોષ થતો નથી અને તે દુ:ખથી મુક્ત થતો નથી.

**મોસસ્સ પચ્છા ય પુરત્થઓ ય, પઓગકાલે ય દુહીદુરંતે ।**
**એવં અદત્તાણિ સમાયયંતો, રસે અતિત્તો દુહિઓ અણિસ્સો ॥૭૦॥**

અસત્ય બોલતાં પહેલાં, અસત્ય બોલતી વખતે અને અસત્ય બોલ્યા પછી આત્મા દુ:ખી થાય છે. અદત્ત લેતી વખતે પણ જીવ અતૃપ્ત રહે છે અને નિ:સહાય થઈને દુ:ખ ભોગવે છે.

**રસાણુરત્તસ્સ નરસ્સ એવં, કત્તો સુહં હોજ્જ કયાઇ કિંચિ ।**
**તત્થોવભોગે વિ કિલેસદુક્ખં, નિવ્વત્તએ જસ્સ કએણ દુક્ખં ॥૭૧॥**

રસાસક્ત પુરુષને કંઈ પણ સુખ થતું નથી, તે મેળવવા માટે દુ:ખ સહે છે. એ રસ ભોગવતી વખતે પણ દુ:ખ અને ક્લેશને પામે છે.

**એમેવ રસમ્મિ ગઓ પઓસં, ઉવેઇ દુક્ખોહપરંપરાઓ ।**
**પદુટ્ઠચિત્તો ય ચિણાઇ કમ્મં, જં સે પુણો હોઇ દુહં વિવાગે ॥૭૨॥**

આમ અમનોજ્ઞ રસમાં દ્વેષ કરનાર જીવ દુ:ખોની પરંપરા પામે છે અને કલુષિત ચિત્તથી કર્મોને ઉપાર્જન કરીને એનુ દુ:ખદ ફળ ભોગવે છે.

**રસે વિરત્તો મણુઓ વિસોગો, એએણ દુક્ખોહપરંપરેણ ।**
**ન લિપ્પઇ ભવમજ્ઝે વિસંતો, જલેણ વા પુક્ખરિણિપલાસં ॥૭૩॥**

રસથી વિરક્ત મનુષ્ય શોકરહિત થાય છે અને જેમ કમલપત્ર પાણીમાં લેપાતું નથી, તેમ વીતરાગી પુરુષ સંસારમાં રહેતાં છતાં રસેન્દ્રિયના વિષય અને એના કડવા ફળથી વિરક્ત રહે છે.

**કાયસ્સ ફાસં ગહણં વયંતિ, તં રાગહેઉં સમણુન્નમાહુ ।**
**તં દોસહેઉં અમણુન્નમાહુ, સમો ય જો તેસુ ય વિયરાગો ॥૭૪॥**

શરીર સ્પર્શને ગ્રહણ કરે છે. સુખદ સ્પર્શ રાગનું અને દુ:ખદ સ્પર્શ દ્વેષનું કારણ છે. જે બંને સ્પર્શમાં સમભાવ રાખે છે, તે વીતરાગ છે.

**ફાસસ્સ કાયં ગહણં વયંતિ, કાયસ્સ ફાસં ગહણં વયંતિ ।**
**રાગસ્સ હેઉં સમણુન્નમાહુ, દોસસ્સ હેઉં અમણુન્નમાહુ ॥૭૫॥**

શરીર સ્પર્શને ગ્રહણ કરે છે અને સ્પર્શ શરીરને ગ્રહણ કરે છે. સુખદ સ્પર્શ રાગનું અને દુ:ખદ સ્પર્શ દ્વેષનું કારણ છે.

**ફાસેસુ જો ગિદ્ધિમુવેઇ તિવ્વં, અકાલિયં પાવઇ સે વિણાસં ।**
**રાગાઉરે સીયજલાવસન્ને, ગાહગ્ગહીએ મહિસેવ રણ્ણે ॥૭૬॥**

જે જીવ સુખદ સ્પર્શમાં તીવ્ર ગૃદ્ધિપણું ભોગવે છે, તે જીવ જંગલના તળાવના ઠંડા પાણીમાં ડૂબેલા અને મગર દ્વારા પકડાયેલા પાડાની માફક અકાલ મરણને પામે છે.

**જે યાવિ દોસં સમુવેઇ તિવ્વં, તંસિ ક્ખણે સે ઉ ઉવેઇ દુક્ખં ।**
**દુદ્દંતદોસેણ સએણ જંતૂ, ન કિંચિ ફાસં અવરજ્ઝઇ સે ॥૭૭॥**

જ્યારે જીવ પોતાને ન ગમતા સ્પર્શમાં તીવ્ર દ્વેષ કરે છે ત્યારે તે પોતાના જ કરેલા ભયંકર અપરાધોથી એ જ સમયે દુ:ખ પામે છે. એમાં સ્પર્શનો કોઈ અપરાધ નથી.

**એગંતરત્તેરુઇરંસિ ફાસે, અતાલિસે સે કુણઇ પઓસં ।**
**દુક્ખસ્સ સંપીલમુવેઇ બાલે, ન લિપ્પઇ તેણ મુણી વિરાગો ॥૭૮॥**

જે અજ્ઞાની સુખદ સ્પર્શમાં એકાંત આસક્ત થાય છે અને દુ:ખદ સ્પર્શનો દ્વેષ કરે છે, એ દુ:ખને પ્રાપ્ત કરે છે. વીતરાગી પુરુષ સુખદ-દુ:ખદ સ્પર્શથી અલિપ્ત રહે છે.

**ફાસાણુગાસાણુગએ ય જીવે, ચરાચરે હિંસઇ ણેગરૂવે ।**
**ચિત્તેહિ તે પરિતાવેઇ બાલે, પીલેઇ અત્તટ્ઠ ગુરુ કિલિટ્ઠે ॥૭૯॥**

સ્પર્શની આશામાં પડેલો ભારેકર્મી જીવ ચરાચર જીવોની અનેક પ્રકારની હિંસા કરે છે, એને દુઃખ દે છે. પોતાના સ્વાર્થને જ મહત્ત્વ દેનારો ક્લિષ્ટ અજ્ઞાની વિવિધ રીતે તેને સંતપ્ત કરે છે.

**ફાસાણુવાએણ પરિગ્ગહેણ, ઉપ્પાયણે રક્ખણ-સન્નિઓગે ।**
**વએ વિઓગે ય કહં સુહં સે, સંભોગકાલે ય અતિત્તલાભે ॥૮૦॥**

સુખદ સ્પર્શોમાં, મૂર્ચ્છિત જીવ, વસ્તુઓની પ્રાપ્તિ, રક્ષણ અને વ્યય-વિયોગની ચિંતામાં જ મૂંઝાય છે. એ ભોગના સમયે તૃપ્ત થતો નથી, પછી એને સુખ ક્યાંથી થાય ?

**ફાસે અતિત્તે ય પરિગ્ગહમ્મિ, સત્તોવસત્તો ન ઉવેઇ તુટ્ઠિં ।**
**અતુટ્ઠિ દોસેણ દુહી પરસ્સ, લોભાવિલે આયયઈ અદત્તં ॥૮૧॥**

સુખદ સ્પર્શમાં અનુરક્ત જીવ કદી તૃપ્ત થતો નથી. એની મૂર્ચ્છા વધ્યા જ કરે છે. એ અત્યંત લોભી થઈને અદત્ત ગ્રહણ કરવા લાગે છે.

**તણ્હાભિભૂયસ્સ અદત્તહારિણો, ફાસે અતિત્તસ્સ પરિગ્ગહેય ।**
**માયામુસં વડ્ઢઈ લોભદોસા, તત્થાવિ દુક્ખા ન વિમુચ્ચઈ સે ॥૮૨॥**

એ તૃષ્ણાવશ થઈને ચોરી કરતો માયા-મૃષાને વધારે છે. પછી એ અતૃપ્ત જ રહે છે અને દુઃખથી છૂટતો નથી.

**મોસસ્સ પચ્છા ય પુરત્થઓ ય, પઓગકાલે ય દુહી દુરન્તે ।**
**એવં અદત્તાણિ સમાયયંતો, ફાસે અતિત્તો દુહિઓ અણિસ્સો ॥૮૩॥**

એવા દુષ્ટ જીવને જૂઠું બોલતી વખતે, તે પહેલાં અને પછી દુઃખ થાય છે. એ ચોરી કરતો સદા અતૃપ્ત અને અસહાય થઈને દુઃખી જ રહે છે.

**ફાસાણુરત્તસ્સ નરસ્સ એવં, કત્તો સુહં હોજ્જ કયાઈ કિંચિ ।**
**તત્થોવભોગે વિકિલેસદુક્ખં, નિવ્વત્તએ જસ્સ કએણ દુક્ખં ॥૮૪॥**

સ્પર્શમાં આસક્ત જીવોને જરાપણ સુખ થતું નથી. જે વસ્તુની પ્રાપ્તિ ક્લેશ અને દુઃખથી થાય છે, એને ભોગવતી વખતે દુઃખ જ મળે છે.

**એમેવ ફાસમ્મિ ગઓ પઓસં, ઉવેઇ દુક્ખોહપરંપરાઓ ।**
**પદુટ્ઠચિત્તો ય ચિણાઈ કમ્મં, જંસે પુણો હોઈ દુહં વિવાગે ॥૮૫॥**

દુઃખદ સ્પર્શમાં દ્વેષ કરનાર આમ, દુઃખની પરંપરા વધારે છે, અને એ મલિન ભાવનાથી કર્મોને ઉપાર્જે છે. જે ભોગવતી વખતે દુઃખદાયક થાય છે.

**ફાસે વિરત્તો મણુઓ વિસોગો, એએણ દુક્ખોહપરં પરાઓ ।**
**ન લિપ્પઈ ભવમજ્ઝે વિ સંતો, જલેણ વા પુક્ખરિણી પલાસં ॥૮૬॥**

સ્પર્શથી વિરક્ત જીવ શોક રહિત થાય છે. જેવી રીતે જળમાં રહેલ કમલપત્ર અલિપ્ત રહે છે, એવી રીતે સંસારમાં રહેલો વિરક્ત પુરુષ અલિપ્ત રહે છે.

**મણસ્સ ભાવં ગહણં વયંતિ, તં રાગહેઉં તુ મણુન્નમાહુ ।**
**તં દોસહેઉં અમણુન્નમાહુ, સમો ય જો તેસુ સ વીયરાગો ॥૮૭॥**

ભાવને મન ગ્રહણ કરે છે, મનગમતો ભાવ રાગનો હેતુ છે. અણગમતો ભાવ દ્વેષનો હેતુ છે. પ્રિય અને અપ્રિય ભાવમાં જે સમ છે, તે જ વીતરાગ છે.

**ભાવસ્સમણં ગહણં વયન્તિ, મણસ્સ ભાવં ગહણંવયન્તિ ।**
**રાગસ્સ હેઉં સમણુન્નમાહુ, દોસસ્સ હેઉં અમણુન્નમાહુ ॥૮૮॥**

મન ભાવને ગ્રહણ કરે છે, ભાવ મનને ગ્રહણ કરે છે. પ્રિય મનોજ્ઞભાવ રાગ અને અપ્રિય ભાવ દ્વેષનું કારણ છે.

**મણેણ જો ગિદ્ધિમુવેઈ તિવ્વં, અકાલિયં પાવઈ સે વિણાસં ।**
**રાગાઉરે કામગુણેસુ ગિદ્ધે, કરેણુમગ્ગાવહિએ વ નાગે ॥૮૯॥**

જે પુરુષ મન વડે તીવ્ર-અતિગૃદ્ધિપણું સેવે છે, તે અકાલે વિનાશ પામે છે. જેમ રાગાતુર અને કામનો લોલુપી હાથી હાથિણીને જોઈને માર્ગભ્રષ્ટ થાય છે.

**જે યાવિ દોસં સમુવેઇ તિવ્વં, તંસિ ખણે સે ઉ ઉવેઇ દુક્ખં ।**
**દુદ્દંતદોસેણ સએણં જંતૂ, ન કિં ચિ ભાવં અવરજ્ઝઈ સે ॥૯૦॥**

જે જીવ અરુચિભાવમાં તીવ્ર દ્વેષ કરે છે. એ જીવ પોતાના કરેલ ભયંકર દોષોને લીધે તે જ ક્ષણે દુઃખ પામે છે. ભાવનું નિમિત્ત કોઈને દુઃખી કરતું નથી.

**એગંત રત્તે રુઈરંસિ ભાવે, અતાલિસે સે કુણઈ પઓસં ।**
**દુક્ખસ્સ સંપીલમુવેઇ બાલે, નલિપ્પઈ તેણ મુણી વિરાગો ॥૯૧॥**

જે અજ્ઞાની પ્રિયભાવમાં (રુચિકર) એકાંત રાગ અને અરુચિકર ભાવમાં દ્વેષ કરે છે, તે દુઃખને ઉઠાવે છે, પરંતુ વીતરાગ પુરુષ પ્રિય-અપ્રિય ભાવથી લેપાતો નથી.

**ભાવાણુગાસાણુગએ ય જીવે, ચરાચરે હિંસઇ ણેગરૂવે ।**
**ચિત્તેહિ તે પરિતાવેઇબાલે, પીલેઇઅત્તટ્ઠ ગુરુ કિલિટ્ઠે ॥૯૨॥**

મનોહર ભાવોને આધીન થયેલ ભારેકર્મી જીવ ચરાચર જીવોની અનેક પ્રકારે હિંસા કરે છે, અને દુઃખ અને કલેશ ઉત્પન્ન કરે છે.

**ભાવાણુવાએણ પરિગ્ગહેણ, ઉપ્પાયણે રક્ખણ-સન્નિઓગે ।**
**વએ વિઓગે ય કહં સુહં સે, સંભોગ કાલે ય અતિત્તિ લાભે ॥૯૩॥**

મનોજ્ઞ ભાવવાળી વસ્તુઓમાં આસક્ત જીવ એની પ્રાપ્તિ, રક્ષણ, વ્યય અને વિનાશની ચિંતામાં રહે છે, એ સમયે જે લાભ મળે છે, તેમાં અતૃપ્ત રહે છે, પછી એને સુખ ક્યાંથી મળે ?

**ભાવે અતિત્તે ય પરિગ્ગહમ્મિ, સત્તોવસત્તો ન ઉવેઇ તુટ્ઠિ ।**
**અતુટ્ઠિદોસેણ દુહી પરસ્સ, લોભાવિલે આયયઇ અદત્તં ॥૯૪॥**

જે પ્રાપ્ત પરિગ્રહમાં અતૃપ્ત છે, તેને તૃપ્તિ નથી થતી. અતૃપ્તિ દોષથી તે અતિ લોભી થઈને અદત્ત ગ્રહણ કરે છે.

**તણ્હાભિભૂયસ્સ અદત્તહારિણો, ભાવે અતિત્તસ્સ પરિગ્ગહે ય ।**
**માયામુસં વઢ્ઢઇ લોભદોસા, તત્થાવિ દુક્ખા ન વિમુચ્ચઇ સે ॥૯૫॥**

તૃષ્ણાથી અભિભૂત (પરાજિત) થયેલો જીવ અદત્ત ગ્રહણ કરે છે. માયા મૃષાનું સેવન કરે છે. તેમ છતાં તે અતૃપ્ત રહે છે અને તે દુઃખથી મુક્ત થતો નથી.

**મોસસ્સ પચ્છાય પુરત્થઓ ય,. પઓગકાલે ય દુહી દુરંતે ।**
**એવં અદત્તાણિ સમાયયંતો, ભાવે અત્તિતો, દુહિઓ અણિસ્સો ॥૯૬॥**

એ દુષ્ટ જીવ જૂઠું બોલતાં પહેલાં, પ્રયોગ સમયે અને પછી દુઃખી થાય છે, તે અદત્ત ગ્રહણ કરતી વખતે સદા અતૃપ્ત અને અસહાય થઈને દુઃખી રહે છે.

**ભાવાણુરત્તસ્સ નરસ્સ એવં, કત્તો સુહં હોજ્જ કયાઇ કિંચિ ? ।**
**તત્થોવભોગે વિ કિલેસદુક્ખં, નિવ્વત્તએ જસ્સ કએણ દુક્ખં ॥૯૭॥**

મનોહર ભાવોમાં ગૃદ્ધ માણસને ક્યારેક પણ થોડુંય સુખ ક્યાંથી હોય ! જેની પ્રાપ્તિમાં દુઃખ અને ક્લેશ છે, તેના ભોગમાં માણસ દુઃખ પામે છે.

**એમેવ ભાવમ્મિ ગઓ પઓસં. ઉવેઇ દુક્ખોહપરં પરાઓ ।**
**પદુટ્ઠચિત્તો ય ચિણાઇ કમ્મં, જં સે પુણો હોઇ દુહં વિવાગે ॥૯૮॥**

અમનોજ્ઞ ભાવમાં દ્વેષ કરનાર આમ અનેક દુઃખને વધારે છે. અને કલુષિત હૃદયથી કર્મોને ઉપાર્જન કરે છે, જેને ભોગવતી વખતે દુઃખ થાય છે.

**ભાવે વિરત્તો મણુઓ વિસોગો, એએણ દુક્ખોહપરંપરેણ ।**
**ન લિપ્પઇ ભવમજ્ઝે વિસંતો, જલેણ વા પુક્ખરિણી પલાસં ॥૯૯॥**

ભાવોથી વિરક્ત જીવ શોકથી વિરક્ત થાય છે. જેમ જળથી કમળપત્ર અલિપ્ત રહે છે, તેમ દુઃખોના ઓઘની પરંપરા એને સંસારમાં રહેવા છતાં લેપતી નથી.

**એવિંદિયત્થાય મણસ્સ અત્થા, દુકખસ્સ હેઉં મણુયસ્સરાગિણો ।**
**તે ચેવ થોવં પિ કયાઇ દુક્ખં, ન વીયરાગસ્સ કરેન્તિ કિંચિ ॥૧૦૦॥**

આમ ઈન્દ્રિય અને મનના વિષયો રાગી મનુષ્યને દુઃખના હેતુ છે. આ જ વિષયો વીતરાગી પુરુષને થોડું પણ દુઃખ આપતા નથી.

**ન કામભોગા સમયં ઉવેતિ, ન યાવિ ભોગા વિગઈ ઉવેંતિ ।**
**જે તપ્પઓસી ય પરિગ્ગહી ય, સો તેસુ મોહા વિગઈ ઉવેઇ ॥૧૦૧॥**

કામભોગ કોઈને સંતુષ્ટ કરતાં નથી. કામભોગ કોઈને વિકૃતિ પેદા કરતા નથી, પરંતુ જે વિષયોમાં રાગ-દ્વેષ કરે છે, તે જ રાગ-દ્વેષથી વિકૃત થઈ જાય છે.

**કોહં ચ માણં ચ તહેવ માયં, લોભં દુગુચ્છં અરઈ રઈ ચ ।**
**હાસં ભયં સોગપુમિત્થિવેયં, નપુંસવેયં વિવિહે ય ભાવે ॥૧૦૨॥**

કામગુણોમાં આસક્ત જીવ આમ ક્રોધ, માન, માયા, લોભ, ઘૃણા, રાગ, દ્વેષ, હાસ્ય, ભય, શોક, પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ તથા અનેક પ્રકારના ભાવ અને -

**આવજ્જઇ એવમણેગરૂવે, એવંવિહે કામગુણેસુ સત્તો ।**
**અન્ને ય એયપ્પભવે વિસેસે, કારુણ્ણદીણે હિરિમે વઈસ્સે ॥૧૦૩॥**

અનેક પ્રકારના વિકારોને પ્રાપ્ત કરે છે, જેને પરિણામે નરકાદિ દુઃખો ભોગવે છે અને વિષયાસક્તિથી અત્યંત દીન, લજ્જિત, કરુણાજનક સ્થિતિવાળો થઈને ઘૃણાને પાત્ર બને છે.

**કપ્પં ન ઈચ્છિજ્જ સહાયલિચ્છૂ, પચ્છાણુતાવેણ તવપ્પભાવં ।**
**એવં વિયારે અમિયપ્પયારે, આવજ્જઇ ઈન્દિયચોરવસ્સે ॥૧૦૪॥**

સાધુ પોતાની સેવાને માટે યોગ્ય સહાયકની-શિષ્યની ઈચ્છા ન સેવે, દીક્ષા લીધા પછી પસ્તાય નહિ અને તપના પ્રભાવની ઈચ્છા ન સેવે, જે દીક્ષિત આનાથી ઊલટું આચરે છે, તે ઈન્દ્રિયોરૂપી ચોરોને વશ થઈને અનેક જાતના વિકારોને પ્રાપ્ત કરે છે.

**તઓ સે જાયંતિ પઓયણાઈં, નિમજ્જિઉં મોહમહણ્ણવમ્મિ ।**
**સુહેસિણો દુક્ખવિણોયણટ્ઠા, તપ્પચ્ચયં ઉજ્જમએ ય રાગી ॥૧૦૫॥**

પછી એને વિષયાદિ સેવન કરવાથી લાલસા ઉત્પન્ન થાય છે, અને તે મોહાર્ણવમાં ડૂબે છે. વળી તે સુખની ઈચ્છા અને દુઃખથી વંચિત થવા માટે વિષયોની પ્રાપ્તિમાં જ ઉદ્યમ કરે છે.

**વિરજ્જમાણસ્સ ય ઈન્દિયત્થા, સદ્દાઈયા તાવઈયપ્પગારા ।**
**ન તસ્સ સવ્વેવિ મણુન્નયં વા, નિવ્વત્તયંતી અમણુન્નયં વા ॥૧૦૬॥**

વિરક્ત-વીતરાગી પુરુષને શબ્દાદિ ઈન્દ્રિયોના જેટલા પણ પ્રિય-અપ્રિય વિષયો છે તે રાગ- દ્વેષ ઉત્પન્ન કરતા નથી.

**એવં સ સંકપ્પવિકપ્પણાસુ, સંજાયઈ સમયમુવટ્ઠિયસ્સ ।**
**અત્થે ય સંકપ્પયઓ તઓ સે, પહીયએ કામગુણેસુ તણ્હા ॥૧૦૭॥**

રાગ, દ્વેષ અને મોહનાં પરિણામો દોષરૂપ છે. પરંતુ ઈન્દ્રિયોના વિષયો દોષરૂપ નથી આવી રીતની ભાવનામાં સાવધાન સંયતિને માધ્યસ્થ સંયમ (સમભાવ) પ્રાપ્ત થાય છે. તે સમતાથી તેમની કામગુણોની તૃષ્ણાનો નાશ કરે છે.

**સ વીયરાગો કયસવ્વકિચ્ચો, ખવેઈ નાણાવરણં ખણેણં ।**
**તહેવ જં દંસણમાવરેઈ, જં ચંતરાયં પકરેઈ કમ્મં ॥૧૦૮॥**

તે કૃતકૃત્ય વીતરાગી પુરુષ પછી જ્ઞાનાવરણીય કર્મ તેમજ દર્શનાવરણીય કર્મ અને અંતરાય કર્મ ખપાવે છે.

**સવ્વં તઓ જાણઈ પાસઈ ય, અમોહણો હોઈ નિરંતરાએ ।**
**અણાસવે ઝાણસમાહિજુત્તે, આઉક્ખએ મોક્ખમુવેઈ સુદ્ધે ॥૧૦૯॥**

તે વીતરાગી પુરુષ સર્વ જ્ઞાની થાય છે, સર્વ દર્શી થાય છે. અંતરાય અને મોહ રહિત થાય છે, આશ્રવ રહિત થાય છે અને (શુક્લ) ધ્યાન અને સુસમાધિ સહિત રહે છે અને આયુષ્ય ક્ષય થયે પરમ શુદ્ધ થઈને મોક્ષને પામે છે.

**સો તસ્સ સવ્વસ્સ દુહસ્સ મુક્કો, જં બાહઇ સયયં જંતુમેયં ।**
**દીહામયંવિપ્પમુક્કો પસત્થો, તો હોઇ અચ્ચંતસુહી કયત્થો ॥૧૧૦॥**

વળી એ સમસ્ત રોગો અને દુઃખો જે સંસારી જીવોને સદા પીડિત કરે છે, તે સર્વ રોગો અને દુઃખોથી મુક્ત થઈ જાય છે. અને ત્યારે તે અનાદિકાળના રોગોથી મુક્ત, પ્રશસ્ત થઈને સદાને માટે પરમ સુખી થઈ જાય છે. તેમજ કૃતાર્થ થઈ જાય છે.

**અણાઇકાલપ્પભવસ્સએસો, સવ્વસ્સદુક્ખસ્સ પમોક્ખમગ્ગો ।**
**વિયાહિઓ જં સમુવિચ્ચ સત્તા, કમેણ અચ્ચન્તસુહી ભવંતિ ॥૧૧૧॥**
**॥ ત્તિબેમિ ॥**

અનાદિ કાળથી આ જીવની સાથે લાગેલાં-સ્પર્શેલાં સમસ્ત દુઃખોથી મુક્તિનો ભગવાને આ માર્ગ બતાવ્યો છે, જેને સમ્યક્ પ્રકારે અંગીકાર કરીને જીવ અત્યંત સુખી થઈ જાય છે.

# અધ્યયન - ૩૩ : કર્મપ્રકૃતિ

**અટ્ઠં કમ્માઈં વોચ્છામિ, આણુપુવ્વિં જહક્કમં ।**
**જેહિં બદ્ધો અયં જીવો, સંસારે પરિવટ્ટઇ ॥૧॥**

આ જીવ જે આઠ કર્મોથી બંધાઈને સંસારમાં પરિવર્તિત થાય છે, એ આઠ કર્મોને હું ક્રમાનુસાર કહું છું.

**નાણસ્સાવરણિજ્જં, દંસણાવરણં તહા ।**
**વેયણિજ્જં તહા મોહં, આઉકમ્મં તહેવ ય ॥૨॥**

**નામ કમ્મં ચ ગોયં ચ, અંતરાયં તહેવ ય ।**
**એવમેયાઇ કમ્માઈં, અટ્ઠેવ ઉ સમાસઓ ॥૩॥**

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય કર્મ - આમ ટૂંકામાં આઠ કર્મ છે.

**નાણાવરણં પંચવિહં, સુયં આભિણિબોહિયં ।**
**ઓહિનાણં ચ તઈયં, મણનાણં ચ કેવલં ॥૪॥**

જ્ઞાનાવરણીય કર્મ પાંચ પ્રકારે છે - શ્રુત જ્ઞાનાવરણીય, આભિનિબોધિક-મતિ જ્ઞાનાવરણીય, અવધિ જ્ઞાનાવરણીય, મનઃપર્યવજ્ઞાનાવરણીય અને કેવળ જ્ઞાનાવરણીય.

**निद्दा तहेव पयला, निद्दानिद्दा य पयलपयला य ।**
**तत्तो य थीणगिद्धी उ, पंचमा होई नायव्वा ॥५॥**

નિદ્રા તેમજ પ્રચલા, નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા અને થિણદ્ધિ નિદ્રા - આ પાંચ જાણવા યોગ્ય છે.

**ચક્ખુમચક્ખુઓહિસ્સ, દંસણે કેવલે ય આવરણે ।**
**એવં તુ નવવિગપ્પં, નાયવ્વં દંસણાવરણં ॥૬॥**

ચક્ષુ દર્શનાવરણ, અચક્ષુ દર્શનાવરણ, અવધિ દર્શનાવરણ અને કેવલ દર્શનાવરણ - આમ દર્શનાવરણીય કર્મના નવ ભેદ છે.

**વેયણિયં પિ ય દુવિહં, સાયમસાયં ચ આહિયં ।**
**સાયસ્સ ઉ બહુ ભેયા, એમેવ અસાયસ્સ વિ ॥૭॥**

વેદનીય કર્મના બે ભેદ છે - શાતા વેદનીય અને અશાતા વેદનીય. આ બંનેના ઘણા ભેદ છે.

**મોહણિજ્જં પિ દુવિહં, દંસણે ચરણે તહા ।**
**દંસણે તિવિહં વુત્તં, ચરણે દુવિહં ભવે ॥૮॥**

મોહનીય કર્મ બે જાતના છે - દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય વળી દર્શન મોહનીયના ત્રણ અને ચારિત્ર મોહનીયના બે ભેદ છે.

**સમ્મત્તં ચેવ મિચ્છત્તં, સમ્મામિચ્છત્તમેવ ય ।**
**એયાઓ તિન્નિ પયડિઓ, મોહણિજ્જસ્સ દંસણે ॥૯॥**

સમકિત મોહનીય, મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીય એ દર્શન મોહનીય કર્મની ત્રણ પ્રકૃતિ છે.

**ચરિત્તમોહણં કમ્મં, દુવિહં તુ વિયાહિયં ।**
**કસાયમોહણિજ્જં ચ, નોકસાયં તહેવય ॥૧૦॥**

ચારિત્ર મોહનીયના બે પ્રકાર છે - કષાય મોહનીય અને નોકષાય મોહનીય.

**સોલસવિહભેએણં, કમ્મં તુ કસાયજં ।**
**સત્તવિહં નવવિહં વા, કમ્મં ચ નોકસાયજં ॥૧૧॥**

કષાય મોહનીયના સોળ અને નોકષાય મોહનીયના સાત અને નવ પ્રકાર છે.

**નેરઈયતિરિક્ખાઉં, મણુસ્સાઉં તહેવ ય ।**
**દેવાઉયં ચઉત્થં તુ, આઉકમ્મં ચઉવ્વિહં ॥૧૨॥**

નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ અને દેવાયુ - આ આયુ કર્મના ચાર પ્રકાર છે.

**નામં કમ્મં તુ દુવિહં, સુહમસુહં ચ આહિયં ।**
**સુહસ્સ ઉ બહૂ ભેયા, એમેવ અસુહસ્સ વિ ॥૧૩॥**

શુભ નામ અને અશુભ નામ, આમ નામ કર્મના બે ભેદ છે. આ બંનેના પેટા ભેદો અનેક છે.

**ગોયં કમ્મં તુ દુવિહં, ઉચ્ચં નીયં ચ આહિયં ।**
**ઉચ્ચં અટ્ઠવિહં હોઈ, એવં નીયં પિ આહિયં ॥૧૪॥**

ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્ર આમ ગોત્રના બે ભેદ છે. દરેકના આઠ-આઠ ભેદ છે.

**દાણે લાભે ય ભોગે ય, ઉવભોગે વીરિએ તહા ।**
**પંચવિહમંતરાયં, સમાસેણ વિયાહિયં ॥૧૫॥**

અંતરાય કર્મના ટૂંકમાં પાંચ ભેદ છે - દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાન્તરાય.

**એયાઓ મૂલપયડીઓ, ઉત્તરાઓ ય આહિયા ।**
**પએસગ્ગં ખેત્તકાલે ય, ભાવં ચ ઉત્તરં સુણ ॥૧૬॥**

આમ કર્મની મૂળ અને ઉત્તર પ્રકૃતિ કહી, હવે તેના પ્રદેશાગ્ર (દ્રવ્ય પરમાણુ) ક્ષેત્ર, કાળ અને ભાવનું સ્વરૂપ સાંભળો.

**સવ્વેસિં ચેવ કમ્માણં, પએસગ્ગમણંતગં ।**
**ગંઠિયસત્તાઈયં, અંતો સિદ્ધાણ આહિયં ॥૧૭॥**

બધાં કર્મોના અનંત પ્રદેશ છે, જે અભવ્ય જીવોના અનંત ગુણ અને સિદ્ધોના અનંતમાં ભાગમાં છે.

**સવ્વજીવાણ કમ્મં તુ, સંગહે છદ્દિસાગયં ।**
**સવ્વેસુ વિ પએસેસુ, સવ્વં સવ્વેણ બદ્ધગં ॥૧૮॥**

સંગ્રહણને યોગ્ય સર્વ જીવોનાં કર્મ છએ દિશામાં સ્થિત છે. જીવના બધા પ્રદેશ બધા પ્રકારનાં કર્મોથી બંધાયેલાં છે.

**ઊદહીસરિસનામાણ, તીસઈ કોડિકોડીઓ ।**
**ઉક્કોસિયા ઠિઈ હોઈ, અન્તોમુહુત્તં જહન્નિયા ॥૧૯॥**

**આવરણિજ્જાણ દુણ્હં પિ, વેયણિજ્જે તહેવ ય ।**
**અંતરાએ ય કમ્મમ્મિ ઠિઈ એસા વિયાહિયા ॥૨૦॥**

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય - આ ચાર કર્મોની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રીસ ક્રોડાક્રોડી સાગરોપમની હોય છે.

**ઉદહીસરિસનામાણં, સત્તરિં કોડિકોડીઓ ।**
**મોહણિજ્જસ્સ ઉક્કોસા, અંતોમુહુત્ત જહન્નિયા ॥૨૧॥**

મોહનીય કર્મની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમની છે.

**તેત્તીસ સાગરોવમા, ઉક્કોસેણ વિયાહિયા ।**
**ઠિઈ ઉ આઉકમ્મસ્સ, અંતોમુહુત્તં જહન્નિયા ॥૨૨॥**

આયુષ્ય કર્મની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે.

**ઉદહીસરિસનામાણં, વીસઈ કોડિકોડીઓ ।**
**નામગોત્તાણં ઉક્કોસા, અટ્ઠમુહુત્તં જહન્નિયા ॥૨૩॥**

નામ અને ગોત્ર કર્મની જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ વીસ ક્રોડાક્રોડી સાગરોપમની છે.

**સિદ્ધાણણંતભાગોય, અણુભાગા હવંતિ ઉ ।**
**સવ્વેસુ વિ પએસગ્ગં, સવ્વજીવેસુ ઈચ્છિયં ॥૨૪॥**

સિદ્ધોના અનંતમાં ભાગ પ્રમાણ કર્મોનો રસ હોય છે. પરંતુ બધાં અનુ-ભાગોના પ્રદેશ પરિમાણ બધા જીવોથી (ભવ્ય-અભવ્ય બધા) અધિક છે.

**તમ્હા એએસિં કમ્માણં, અણુભાગા વિયાણિયા ।**
**એએસિં સંવરે ચેવ, ખવણે ય જએ બુહો ॥૨૫॥**

**॥ ત્તિબેમિ ॥**

આવી રીતે કર્મોનો વિપાક અનુભાવો જાણીને એનો નિરોધ અને ક્ષય કરવાનો જ્ઞાની પુરુષો યત્ન કરે.

# અધ્યયન - ૩૪ : લેશ્યા

**લેસજ્ઝયણં પવક્ખામિ, આણુપુવ્વિં જહક્કમં ।**
**છણ્હં પિ કમ્મલેસાણં, અણુભાવે સુણેહ મે ॥૧॥**

હવે હું લેશ્યાનું અધ્યયન ક્રમાનુસાર કહું છું. કર્મ સ્થિતિની વિધાયક છ લેશ્યાનાં પરિણામોને મારી પાસેથી સાંભળો.

**નામાઈં વણ્ણરસગંધફાસપરિણામલક્ખણં ।**
**ઠાણં ઠિઈં ગઈં ચાઉં, લેસાણં તુ સુણેહ મે ॥૨॥**

હું લેશ્યાનાં નામ, વર્ણ, રસ, ગંધ, સ્પર્શ, પરિણામ, લક્ષણ, સ્થાન, સ્થિતિ અને આયુષ્યના સ્વરૂપને કહું છું તે સાંભળો.

**કિણ્હા નીલા ય કાઊ ય, તેઊ પમ્હા તહેવ ય ।**
**સુક્કલેસા ય છટ્ઠા ય, નામાઈં તુ જહક્કમં ॥૩॥**

છ લેશ્યાનાં નામ ક્રમાનુસાર આ પ્રમાણે છે - કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજો લેશ્યા, પદ્મ લેશ્યા અને શુક્લ લેશ્યા.

**જીમૂયનિદ્ધસંકાસા, ગવલરિટ્ઠગસન્નિભા ।**
**ખંજાંજણનયણનિભા, કિણ્હલેસા ઉ વણ્ણઓ ॥૪॥**

કૃષ્ણ લેશ્યાનો રંગ સજલ મેઘ, ભેંસનું શીંગડું, અરીઠા, ગાડીનું કાજલ અને આંખની કીકી સમાન છે.

**નીલાસોગસંકાસા, ચાસપિચ્છસમપ્પભા ।**
**વેરુલિયનિદ્ધસંકાસા, નીલલેસા ઉ વણ્ણઓ ॥૫॥**

નીલ લેશ્યાનો વર્ણ નીલ અશોક વૃક્ષની સમાન, ચાસ પક્ષીની પાંખ અને સ્નિગ્ધ નીલમણિ વૈદુર્યરત્ન સમાન છે.

**અયસીપુપ્ફસંકાસા, કોઇલચ્છદસન્નિભા ।**
**પારેવયગીવનિભા, કાઉલેસા ઉ વણ્ણઓ ॥૬॥**

અળસીનું ફૂલ, કોયલની પાંખ, પારેવાની ગ્રીવા જેવો કાપોત લેશ્યાનો રંગ છે.

**હિંગુલયધાઉસંકાસા, તરુણાઇચ્ચસંનિભા ।**
**સુયતુંડપઈવનિભા, તેઉલેસા ઉ વણ્ણઓ ॥૭॥**

હિંગળોક ધાતુ ગેરુની સમાન, તરુણ સૂર્ય, સુડા-પોપટની ચાંચ અને જલતી દીપશિખાના જેવો તેજો લેશ્યાનો લાલ રંગ છે.

**હરિયાલભેયસંકાસા, હલિદ્દાભેયસમપ્પભા ।**
**સણાસણકુસુમનિભા, પમ્હલેસા ઉ વણ્ણઓ ॥૮॥**

હરિતાલ, હળદરના ટૂકડા, શણના ફૂલ અને અસનના ફૂલ જેવો પીળો રંગ પદ્મ લેશ્યાનો છે.

**સંખંકકુંદસંકાસા, ખીરપૂરસમપ્પભા ।**
**રયયહારસંકાસા, સુક્કલેસા ઉ વણ્ણઓ ॥૯॥**

શંખ, અંક રત્ન (સ્ફટિક જેવો), મુચકુન્દનાં ફૂલ, દૂધની ધારા સમાન, ચાંદીના હારના રંગ જેવો સફેદ રંગ શુક્લ લેશ્યાનો છે.

**જહ કડુયતુંબગરસો, નિંબરસો કડુયરોહિણિરસો વા ।**
**ઈત્તો વિ અણંતગુણો, રસો ય કિણ્હાઈ નાયવ્વો ॥૧૦॥**

કડવુંતુંબડું, લીમડો અને કટુક રોહિણી જેવી કડવી હોય છે, તેનાથી અનંત ગુણો કડવો રસ કૃષ્ણ લેશ્યાનો જાણવો.

**જહ તિગડુયસ્સ રસો, તિક્ખો જહ હત્થિપિપ્પલીએ વા ।**
**ઈત્તો વિ અણંતગુણો, રસો ઉ નીલાએ નાયવ્વો ॥૧૧॥**

સૂંઠ, પીપરી મૂળ અને કાળામરી તે ત્રિકટુક અને ગજપીપલના રસથી પણ અનંત ગુણો તીખો રસ નીલ લેશ્યાનો જાણવો.

**જહ તરુણઅંબગરસો, તુવરકવિટ્ઠસ્સ વાવિ જારિસઓ ।**
**ઈત્તો વિ અણંતગુણો, રસો ઉ કાઉએ નાયવ્વો ॥૧૨॥**

કાચી કેરીનો રસ, તુવર અને કાચા કવીઠ(કોઠા)ના રસથી અનંત ગુણો ખાટો કાપોત લેશ્યાનો રસ જાણવો.

**જહ પરિણયંબગરસો, પક્કકવિટ્ઠસ્સ વા વિ જારિસઓ ।**
**ઈત્તો વિ અણંતગુણો, રસો ઉ તેઉએ નાયવ્વો ॥૧૩॥**

પાકી કેરીનો રસ અને પાકા કવીઠના રસથી અનંત ગુણો ખટમીઠો રસ તેજો લેશ્યાનો છે.

**વરવારુણીએ વ રસો, વિવિહાણ વ આસવાણજારિસઓ ।**
**મહુમેરયસ્સ વ રસો, એત્તો પમ્હાએ પરએણં ॥૧૪॥**

ઉત્તમ મદિરા-વારુણી, અનેક જાતના આસવ, મધુ અને મેરક નામની મદિરાથી પણ અનેક ગણો અધિક મધુરો રસ પદ્મ લેશ્યાનો છે.

**ખજ્જૂરમુદ્દિયરસો, ખીરરસો ખંડસક્કરરસો વા ।**
**એત્તો વિ અણંતગુણો, રસો ઉ સુક્કાએ નાયવ્વો ॥૧૫॥**

ખજૂર, દ્રાક્ષ, દૂધ, ખાંડ અને સાકરના રસથી અનંત ગણો મીઠો મધુરો રસ શુક્લ લેશ્યાનો છે.

**જહ ગોમડસ્સ ગંધો, સુણગમડસ્સ વ જહા અહિમડસ્સ ।**
**એત્તો વિ અણંતગુણો, લેસાણં અપ્પસત્થાણં ॥૧૬॥**

મરેલ ગાય, મરેલા કૂતરા અને મરેલા સર્પની ગંધ જેવી હોય છે, એનાથી અનંત ગણી દુર્ગન્ધ અપ્રશસ્ત લેશ્યાની હોય છે.

**જહ સુરભિકુસુમગંધો, ગંધવાસાણ પિસ્સમાણાણં ।**
**એત્તો વિ અણંતગુણો, પસત્થલેસાણ તિણ્હં પિ ॥૧૭॥**

સુગંધિત પુષ્પો અને ઘસેલાં સુગંધિત ચંદનાદિ પદાર્થોની જેવી સુગંધ હોય છે, તેનાથી અનંત ગણી સુગંધ ત્રણ પ્રશસ્ત લેશ્યાઓની છે.

**જહ કરગયસ્સ ફાસો, ગોજિબ્ભાએ ય સાગપત્તાણં ।**
**એત્તો વિ અણંતગુણો, લેસાણં અપ્પસત્થાણં ॥૧૮॥**

જેવો સ્પર્શ કરવત, ગાયની જીભ અને શાગપત્રનો છે, તેનાથી અનંત ગણો અધિક (કર્કશ) સ્પર્શ અપ્રશસ્ત લેશ્યાનો છે.

**જહ બૂરસ્સ વ ફાસો, નવણીયસ્સ વ સિરીસકુસુમાણં ।**
**એત્તો વિ અણંતગુણો, પસત્થલેસાણ તિણ્હં પિ ॥૧૯॥**

બૂર વનસ્પતિ, માખણ (નવનીત) અને શિરીષના પુષ્પથી પણ અનંત ગણો કોમળ સ્પર્શ ત્રણ પ્રશસ્ત લેશ્યાનો છે.

**તિવિહો વ નવવિહો વા, સત્તાવીસઇ વિહેક્કસીઓ વા ।**
**દુસઓ તેયાલો વા, લેસાણં હોઇ પરિણામો ॥૨૦॥**

છ લેશ્યાના પરિણામ ક્રમશઃ ત્રણ, છ, નવ, સત્તાવીસ, એક્યાસી અને બસો તેંતાલીસ છે.

**પંચાસવપ્પમત્તો, તીહિં અગુત્તો છસું અવિરઓ ય ।**
**તિવ્વારંભપરિણઓ, ખુદ્દો સાહસ્સિઓ નરો ॥૨૧॥**

**નિદ્ધંસ પરિણામો, નિસ્સંસો અજિઈંદિઓ ।**
**એયજોગસમાઉત્તો, કિણ્હલેસં તુ પરિણમે ॥૨૨॥**

પાંચ આશ્રવોમાં પ્રવૃત્તિ, ત્રણ ગુપ્તિથી અગુપ્ત, છકાયની હિંસામાં રત, તીવ્રારંભી, ક્ષુદ્ર, સાહસી, અવિવેકી નિર્દય, દુષ્ટ અને ઈન્દ્રિયોને ખુલ્લી રાખનાર, દુરાચારી પુરુષ કૃષ્ણ લેશ્યાના પરિણામવાળો છે.

**ઈસ્સાઅમરિસઅતવો, અવિજ્જ માયા અહીરિયાય ।**
**ગેહી પઓસે ય સઢે, પમત્તે રસલોલુએ સાયગવેસએ ય ॥૨૩॥**

**આરંભાઓ અવિરઓ, ખુદ્દો સાહસ્સિઓ નરો ।**
**એયજોગસમાઉત્તો, નીલલેસં તુ પરિણમે ॥૨૪॥**

ઈર્ષ્યાળુ, કદાગ્રહી, અસહિષ્ણુ, તપ રહિત, અજ્ઞાની, માયાવી, નિર્લજ્જ, વિષયાસક્ત, દ્વેષી, રસ લોલુપ, આરામશોધક (પ્રિય) આરંભથી, અવિરત, ક્ષુદ્ર અને સાહસિક મનુષ્યને નીલ લેશ્યાના પરિણામ હોય છે.

**વંકે વંકસમાયારે, નિયડિલ્લે અણુજ્જુએ ।**
**પલિઉંચગઓવહિએ, મિચ્છદિટ્ઠી અણારિએ ॥૨૫॥**

**ઉપ્ફાલગદુટ્ઠવાઈ ય, તેણે યાવિ યમચ્છરી ।**
**એયજોગસમાઉત્તો, કાઉલેસં તુ પરિણમે ॥૨૬॥**

વાણીથી વક્ર, વિષમ આચરણવાળો, કપટી, અસરલ, પોતાના દોષ છુપાવનાર, મિથ્યાદષ્ટિ, અનાર્ય, મર્મભેદક, દુષ્ટ વચન બોલનાર અને જ્વલનશીલ સ્વભાવવાળો કાપોત લેશ્યાના પરિણામવાળો છે.

**નીયાવિત્તી અચવલે, અમાઈ અકુઊહલે ।**
**વિણીયવિણએ દન્તે, જોગવ ઉવહાણવં ॥૨૭॥**

**પિયધમ્મે દઢધમ્મે, અવજ્જભીરુ હિએસએ ।**
**એયજોગસમાઉત્તો, તેઉલેસં તુ પરિણમે ॥૨૮॥**

નમ્રતા, અચપલતા, નિષ્કપટતા, અકુતૂહલતા, વિનય કરવામાં નિપુણ ઈન્દ્રિયોનો સંયમી, દમન કરનાર, સ્વાધ્યાય તથા તપ કરનાર, પ્રિયધર્મી, દઢધર્મી, પાપભીરુ અને હિતૈષી જીવ તેજોલેશ્યાના પરિણામવાળો છે.

**પયણુ કોહમાણે ય, માયાલોભે ય પયણુએ ।**
**પસંતચિત્તે દંતપ્પા, જોગવં ઉવહાણવં ॥૨૯॥**

**તહા પયણુવાઈ ય, ઉવસંતે જિઈંદિએ ।**
**એયજોગસમાઉત્તો, પમ્હલેસં તુ પરિણમે ॥૩૦॥**

જેનામાં ક્રોધ, માન, માયા અને લોભ સ્વલ્પ છે, જે પ્રશાંત ચિત્તવાળો છે, જે મનને વશ કરનાર છે, જે જ્ઞાન, ધ્યાન અને તપમાં ચકચૂર છે, થોડું બોલનાર છે, ઉપશાંત અને જિતેન્દ્રિય છે, એનામાં પદ્મ લેશ્યાના પરિણામ છે.

**અટ્ટરુદ્દાણિ વજ્જિત્તા, ધમ્મસુક્કાણિ ઝાયએ ।**
**પસંતચિત્તે દંતપ્પા, સમિએ ગુત્તે ય ગુત્તિસુ ॥૩૧॥**

**સરાગે વીયરાગે વા, ઉવસંતે જિઈંદિએ ।**
**એયજોગસમાઉત્તો, સુક્કલેસં તું પરિણમે ॥૩૨॥**

આર્ત્ત અને રૌદ્ર ધ્યાનને ત્યાગીને ધર્મ અને શુક્લ ધ્યાનને સાધનાર, પ્રશાંતચિત્ત, આત્મ દમન કરનાર, સમિતિ અને ગુપ્તિયુક્ત જે સરાગી છે અથવા વીતરાગી છે, ઉપશાંત અને જિતેન્દ્રિય છે, તેનામાં શુક્લ લેશ્યાના પરિણામ છે.

**અસ્સંખેજ્જાણોસપ્પિણીણં, ઉસ્સપ્પિણીણ જે સમયા ।**
**સંખાઈયા લોગા, લેસાણં હવંતિ ઠાણાઈ ॥૩૩॥**

અસંખ્યાત અવસર્પિણી અને ઉત્સર્પિણીના જેટલા સમય હોય છે તથા અસંખ્યાત લોકાકાશના જેટલા આકાશ પ્રદેશ હોય છે તેટલા લેશ્યાનાં સ્થાન છે. (શુભાશુભ ભાવોની ચઢતી-ઊતરતી અવસ્થાઓ)

**મુહુત્તદ્ધં તુ જહન્ના, તેત્તીસં સાગરા મુહુત્ત હિયા ।**
**ઉક્કોસા હોઈ ઠિઈ, નાયવ્વા કિણ્હલેસાએ ॥૩૪॥**

કૃષ્ણ લેશ્યાની સ્થિતિ ઓછામાં ઓછી અંતર્મુહૂર્ત અને વધુમાં વધુ તેત્રીસ સાગરોપમ એક મુહૂર્ત અધિક જાણવી.

**મુહુત્તદ્ધં તુ જહન્ના, દસઉદહી પલિયમસંખભાગમબ્ભહિયા ।**
**ઉક્કોસા હોઈ ઠિઈ, નાયવ્વા નીલલેસાએ ॥૩૫॥**

નીલ લેશ્યાની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સહિત દશ સાગરોપમની છે.

**મુહુત્તદ્ધં તુ જહન્ના, તિન્નુદહી પલિયમસંખભાગમબ્ભહિયા ।**
**ઉક્કોસા હોઈ ઠિઈ, નાયવ્વા કાઉલેસાએ ॥૩૬॥**

કાપોત લેશ્યાની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમ અને પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી અધિક છે.

**મુહુત્તદ્ધં તુ જહન્ના, દોણ્ણુદહી પલિયમસંખભાગમબ્ભહિયા ।**
**ઉક્કોસા હોઈ ઠિઈ, નાયવ્વા તેઉલેસાએ ॥૩૭॥**

તેજો લેશ્યાની સ્થિતિ ઓછામાં ઓછી અંતર્મુહૂર્ત અને વધુમાં વધુ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સહિત બે સાગરોપમની છે.

**મુહુત્તદ્ધં તુ જહન્ના, દસઉદહી હોઈ મુહુત્તમબ્ભહિયા ।**
**ઉક્કોસા હોઈ ઠિઈ, નાયવ્વા પમ્હલેસાએ ॥૩૮॥**

પદ્મ લેશ્યાની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તુ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તુ અધિક દશ સાગરોપમની છે.

**મુહુત્તદ્ધં તુ જહન્ના, તેત્તીસં સાગરા મુહુત્તહિયા ।**
**ઉક્કોસા હોઈ ઠિઈ, નાયવ્વા સુક્કલેસાએ ॥૩૯॥**

ઓછામાં ઓછી અંતર્મુહૂર્ત અને વધુમાં વધુ અંતર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમની સ્થિતિ શુક્લ લેશ્યાની જાણવી.

**એસા ખલુ લેસાણં, ઓહેણ ઠિઈ ઉ વણ્ણિયા હોઈ ।**
**ચઉસુ વિ ગઈસુ ઈત્તો, લેસાણ ઠિઈ તુ વુચ્છામિ ॥૪૦॥**

આમ સામાન્ય રીતે લેશ્યાની સ્થિતિનું વર્ણન કર્યું. હવે હું ચાર ગતિની અપેક્ષાથી લેશ્યાની સ્થિતિનું વર્ણન કરું છું.

**દસવાસસહસ્સાઈં, કાઊએ ઠિઈ જહન્નિયા હોઈ ।**
**તિન્નોદહી પલિઓવમ, અસંખભાગં ચ ઉક્કોસા ॥૪૧॥**

કાપોત લેશ્યાની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક ત્રણ સાગરોપમની છે.

**તિન્નુદહી પલિઓવમ, અસંખભાગોજહન્નેણ નીલઠિઈ ।**
**દસ ઉદહી પલિઓવમ, અસંખભાગં ચ ઉક્કોસા ॥૪૨॥**

નીલ લેશ્યાની સ્થિતિ જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક ત્રણ સાગરોપમ અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક દશ સાગરોપમની છે.

**દસ ઉદહી પલિઓવમઅસંખભાગં જહન્નિયા હોઈ ।**
**તેત્તીસસાગરાઈં ઉક્કોસા, હોઈ કિણ્હાએ લેસાએ ॥૪૩॥**

કૃષ્ણ લેશ્યાની સ્થિતિ જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક દશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની છે.

**એસા નેરઈયાણં, લેસાણં ઠિઇ ઉ વન્નિયા હોઈ ।**
**તેણ પરં વુચ્છામિ, તિરિયમણુસ્સાણ દેવાણં ॥૪૪॥**

આ પ્રમાણે નરકના જીવોની લેશ્યાની સ્થિતિ કહી. હવે તિર્યંચ, મનુષ્ય અને દેવોની સ્થિતિનું વર્ણન કરું છું.

**અંતોમુહુત્તમદ્ધં, લેસાણ ઠિઇ જહિ જહિં જા ઉ ।**
**તિરિયાણ નરાણં વા, વજ્જિત્તા કેવલં લેસં ॥૪૫॥**

તિર્યંચ અને મનુષ્યોમાં શુક્લ લેશ્યાને છોડીને જ્યાં જે લેશ્યા હોય છે. એ બધી લેશ્યાઓની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની હોય છે.

**મુહુત્તદ્ધં તુ જહન્ના, ઉક્કોસા હોઇ પુવ્વકોડિ ઉ ।**
**નવહિ વરિસેહિ ઊણા, નાયવ્વા સુક્કલેસાએ ॥૪૬॥**

શુક્લ લેશ્યાની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ નવ વર્ષ ઓછા એક કરોડ પૂર્વની છે.

**એસા તિરિયનરાણં, લેસાણ ઠિઇ ઉ વન્નિયા હોઈ ।**
**તેણ પરં વુચ્છામિ, લેસાણ ઠિઇ ઉ દેવાણં ॥૪૭॥**

આ વર્ણન તિર્યંચ અને મનુષ્યની લેશ્યાનું થયું. હવે હું દેવોની લેશ્યાની સ્થિતિ કહું છું.

**દસવાસસહસ્સાઈં, કિણ્હાએ ઠિઈ જહન્નિયા હોઈ ।**
**પલિયમસંખેજ્જઈમો, ઉક્કોસા હોઈ કિણ્હાએ ॥૪૮॥**

કૃષ્ણ લેશ્યાની સ્થિતિ ઓછામાં ઓછી દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની છે.

**જા કિણ્હાએ ઠિઈખલુ, ઉક્કોસા સા ઉ સમયમબ્ભહિયા ।**
**જહન્નેણં નીલાએ, પલિયમસંખં ચ ઉક્કોસા ॥૪૯॥**

નીલ લેશ્યાની જઘન્ય સ્થિતિ તો કૃષ્ણ લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિથી એક સમય વધુ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની છે.

**જા નીલાએ ઠિઇ ખલુ, ઉક્કોસા સા ઉ સમયમબ્ભહિયા ।**
**જહન્નેણં કાઊએ, પલિયમસંખં ચ ઉક્કોસા ॥૫૦॥**

કાપોત લેશ્યાની જઘન્ય સ્થિતિ નીલલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિથી એક સમય અધિક અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની છે.

**તેણ પરં વોચ્છામિ, તેઊલેસા જહા સુરગણાણં ।**
**ભવણવઇ - વાણમંતર-જોઈસ-વેમાણિયાણં ચ ॥૫૧॥**

હવે હું ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોની તેજો લેશ્યાની સ્થિતિ કહું છું.

**પલિઓવમં જહન્નં, ઉક્કોસા સાગરા ઉ દુણ્ણહિયા ।**
**પલિયમ સંખિજ્જેણં, હોઈ ભાગેણ તેઊએ ॥૫૨॥**

તેજો લેશ્યાની સ્થિતિ જઘન્ય એક પલ્ય અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક બે સાગરોપમની છે.

**દસવાસસહસ્સાઈ, તેઊએ ઠિઇ જહન્નિયા હોઇ ।**
**દુણ્ણુદહી પલિઓવમ, અસંખ ભાગં ચ ઉક્કાસા ॥૫૩॥**

તેજો લેશ્યાની સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક બે સાગરોપમની છે.

**જા તેઉએ ઠિઇ ખલુ, ઉક્કોસા સા ઉ સમયમબ્ભહિયા ।**
**જહન્નેણં પમ્હાએ, દસઉ મુહુત્તાહિયાઇ ઉક્કોસા ॥૫૪॥**

જે ઉત્કૃષ્ટ સ્થિતિ તેજો લેશ્યાની છે એનાથી એક સમય અધિક પદ્મ લેશ્યાની જઘન્ય સ્થિતિ છે અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત અધિક દશ સાગરોપમની છે.

**જા પમ્હાએ ઠિઇ ખલુ, ઉક્કોસા સા ઉ સમયમબ્ભહિયા ।**
**જહન્નેણં સુક્કાએ, તેત્તીસમુહુત્તમબ્ભહિયા ॥૫૫॥**

જે ઉત્કૃષ્ટ સ્થિતિ પદ્મ લેશ્યાની છે એનાથી એક સમય અધિક શુક્લ લેશ્યાની જઘન્ય સ્થિતિ હોય છે અને શુક્લ લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે.

**કિણ્હા નીલા કાઉ, તિન્નિવિ એયાઓ અહમ્મલેસાઓ ।**
**એયાહિ તિહિ વિ જીવો, દુગ્ગઈ ઉવવજ્જઇ ॥૫૬॥**

કૃષ્ણ, નીલ અને કાપોત આ ત્રણ અધર્મ લેશ્યા છે, એનાથી દુર્ગતિમાં ઉત્પત્તિ થાય છે.

**તેઊ પમ્હા સુક્કા, તિન્નિ વિ એયાઓ ધમ્મલેસાઓ ।**
**એયાહિ તિહિ વિ જીવો, સુગ્ગઈં ઉવવજ્જઈ ॥૫૭॥**

તેજો, પદ્મ અને શુક્લ, એ ત્રણ ધર્મ લેશ્યા છે. એનાથી જીવ સુગતિમાં ઊપજે છે.

**લેસાહિં સવ્વાહિં, પઢમે સમયમ્મિ પરિણયાહિં તુ ।**
**ન હુ કસ્સઈ ઉવવાઓ, પરે ભવે અત્થિ જીવસ્સ ॥૫૮॥**

લેશ્યાની પ્રથમ સમયની પરિણતિમાં કોઈપણ જીવની પરભવમાં ઉત્પત્તિ થતી નથી.

**લેસાહિં સવ્વાહિં ચરિમે, સમૂયમ્મિ પરિણયાહિં તુ ।**
**ન હુ કસ્સઈ ઉવવાઓ, પરભવે અત્થિ જીવસ્સ ॥૫૯॥**

બધી લેશ્યાના અંતિમ સમયની પરિણતિમાં કોઈપણ જીવની પરભવમાં ઉત્પત્તિ હોતી નથી.

**અન્તમુહુત્તમ્મિ ગએ, અન્તમુહુત્તમ્મિ સેસએ ચેવ ।**
**લેસાહિ પરિણયાહિં, જીવા ગચ્છન્તિ પરલોયં ॥૬૦॥**

લેશ્યાની પરિણતિ પછી અંતર્મુહૂર્ત વીત્યા પછી અને અંતર્મુહૂર્ત બાકી રહે છે એ સમયે જીવ પરલોકમાં જાય છે.

**તમ્હા એયાસિ લેસાણં, અણુભાવે વિયાણિયા ।**
**અપ્પસત્થાઓ વજ્જિત્તા પસત્થાઓ અહિટ્ઠિએ મુણિ ॥૬૧॥**

**॥ ત્તિબેમિ ॥**

આ માટે સાધુએ લેશ્યાના અનુભાવને-રસને વિપાકને જાણીને અપ્રશસ્ત લેશ્યાઓને છોડીને પ્રશસ્ત શુભ લેશ્યાને અંગીકાર કરવી.

# અધ્યયન - ૩૫ : અણગારમાર્ગ

**સુણેહ મે એગગ્ગમણા, મગ્ગં બુદ્ધેહિ દેસિયં ।**
**જમાયરન્તો ભિક્ખૂ, દુક્ખાણન્તકરે ભવે ॥૧॥**

જ્ઞાની પુરુષોએ ઉપદેશેલા (મોક્ષ) માર્ગને એકાગ્ર મન વડે મારી પાસેથી સાંભળો. જે માર્ગના સેવવાથી નિર્ગ્રન્થ સાધુ ભવ દુઃખનો અંત કરે.

**ગિહવાસં પરિચ્ચજ્જ, પવજ્જામસ્સિએ મુણી ।**
**ઈમે સંગે વિયાણિજ્જા, જેહિં સજ્જન્તિ માણવા ॥૨॥**

ગૃહવાસનો પરિત્યાગ કરીને મુનિ પ્રવ્રજ્યાના આશ્રયમાં રહે. સંગદોષ, જેમાં માણસો બંધાય છે, ફસાય છે, તેને મુનિઓ વિશેષપણે જાણે.

**તહેવ હિંસં અલિયં, ચોજ્જં અબમ્ભસેવણં ।**
**ઇચ્છા કામં ચ લોભં ચ, સંજએ પરિવજ્જએ ॥૩॥**

સાધુ (સંયતિ) હિંસા, અલિક-જૂઠ, ચોરી, મૈથુન, અપ્રાપ્તની ઇચ્છા કામ અને લોભને ત્યાગે છે.

**મણોહરં ચિત્તઘરં, મલ્લધુવેણ વાસિયં ।**
**સકવાડં પંડુરુલ્લોયં, મણસા વિ ન પત્થએ ॥૪॥**

જે ઘર મનોહર હોય, ચિત્રોથી શોભિત હોય, માલા અને ધૂપાદિથી સુવાસિત હોય, વસ્ત્રોથી શણગારેલ અને કમાડવાળું હોય એવા ઘરની મનથી પણ ઇચ્છા ન કરે.

**ઇન્દિયાણિ ઉ ભિક્ખુસ્સ, તારિસમ્મિ ઉવસ્સએ ।**
**દુક્કરાઇં નિવારેઉં, કામરાગવિવડ્ઢણે ॥૫॥**

આવા કામ રાગ વધારનાર ઉપાશ્રયમાં સાધુ-ભિક્ષુ-નિર્ગ્રન્થે ઇન્દ્રિયોનો સંયમ રાખવો કઠિન છે.

**સુસાણે સુન્નગારે વા, રુક્ખમૂલે વ એક્કઓ ।**
**પઇરિક્કે પરકડે વા, વાસં તત્થાભિરોયએ ॥૬॥**

સ્મશાન, શૂન્ય ગૃહ, ઝાડ નીચે, બીજાના માટે બનાવેલા સ્થાનમાં રાગ-દ્વેષ રહિત થઈને નિવાસ કરવાની રુચિ રાખે.

**ફાસુયમ્મિ અણાબાહે, ઇત્થીહિં અણભિદ્દુએ ।**
**તત્થ સંકપ્પએ વાસં, ભિક્ખૂ પરમસંજએ ॥૭॥**

પરમ સંયતિ-નિર્ગ્રન્થ ભિક્ષુ એવા સ્થાનમાં રહેવાનો સંકલ્પ કરે કે જે જીવાદિની ઉત્પત્તિથી રહિત હોય, બાધાઓથી રહિત અને સ્ત્રીઓથી વંચિત હોય.

**ન સયં ગિહાઇં કુવ્વિજ્જા, નેવ અન્નેહિ કારએ ।**
**ગિહકમ્મસમારમ્ભે, ભૂયાણં દિસ્સએ વહો ॥૮॥**

પોતે ઘર ન બનાવે તેમજ બીજા પાસે ન બનાવરાવે, ગૃહનિર્માણ-સમારંભમાં અનેક જીવોની હિંસા થાય છે.

**તસાણં થાવરાણં ચ, સુહુમાણં બાદરાણ ય ।**
**તમ્હા ગિહસમારમ્ભં, સંજઓ પરિવજ્જએ ॥૯॥**

ગૃહનિર્માણમાં ત્રસ, સ્થાવર, સૂક્ષ્મ અને બાદર જીવોની હિંસા થાય છે. આ માટે સંયમી મુનિ ગૃહ-સમારંભ ત્યાગે.

**તહેવ ભત્તપાણેસુ, પયણે પયાવણેસુ ય ।**
**પાણભૂયદયટ્ઠાએ, ન પયે ન પયાવયે ॥૧૦॥**

એ જ પ્રમાણે ભોજન, પાણીને પકવવું, બીજા પાસે પકાવરાવવું હિંસાજનક છે. પ્રાણીઓની દયા માટે પોતે ભોજન ન પકાવે, બીજાની પાસે ન પકવાવે.

**જલધન્નનિસ્સિયા જીવા, પુઢવી કટ્ઠનિસ્સિયા ।**
**હમ્મન્તિ ભત્તપાણેસુ, તમ્હા ભિક્ખૂ ન પયાવએ ॥૧૧॥**

જલ, ધાન્ય તથા પૃથ્વી અને લાકડાને આશ્રિત રહેલા જીવોની ભોજન પકવવામાં હિંસા થાય છે, આ માટે ભિક્ષુ બીજા પાસે પણ રસોઈ ન બનાવરાવે.

**વિસપ્પે સવ્વઓ ધારે, બહૂ પાણિ વિણાસણે ।**
**નત્થિ જોઈસમે સત્થે, તમ્હા જોઈ ન દીવએ ॥૧૨॥**

સર્વત્ર જેની ધારાઓ-શિખાઓ ફેલાયેલી છે અને જે ઘણાં પ્રાણીઓનો નાશ કરનારી છે. જેના જેવું બીજું કોઈ શસ્ત્ર નથી, એવા અગ્નિને સળગાવે નહિ.

**હિરણ્ણં ચ જાયરૂવં ચ, મણસા વિ ન પત્થએ ।**
**સમલેટ્ઠુ કંચણે ભિક્ખૂ, વિરએ કયવિક્કએ ॥૧૩॥**

ક્રયવિક્રયથી વિરક્ત અને માટી, સોનાને સરખા સમજનાર સાધુ સોના તથા રૂપાને મનથી પણ ચિંતવે નહિ.

**કિણન્તો કઈઓ હોઈ, વિક્કિણન્તો ય વાણિઓ ।**
**કયવિક્કયમ્મિ વટ્ટન્તો, ભિક્ખૂ ન હવઈ તારિસો ॥૧૪॥**

ખરીદનાર ગ્રાહક અને વેચનાર વણિક કહેવાય છે. જે ક્રયવિક્રય કરે છે, એ સાધુ થઈ શકતો નથી.

**ભિક્ખિયવ્વં ન કેયવ્વં, ભિક્ખૂણા ભિક્ખવત્તિણા ।**
**કયવિક્કઓ મહાદોસો, ભિક્ખવત્તી સુહાવહા ॥૧૫॥**

ભિક્ષુએ ભિક્ષાચરી જ કરવી જોઈએ, મૂલ્યથી કોઈ વસ્તુ ન લેવી જોઈએ, કારણ કે ક્રયવિક્રયમાં મહા દોષ રહે છે અને ભિક્ષાવૃત્તિ સુખ આપનારી છે.

**સમુયાણં ઉંછમેસિજ્જા, જહાસુત્તમણિન્દિયં ।**
**લાભાલાભમ્મિ સંતુટ્ઠે, પિંડવાયં ચરે મુણી ॥૧૬॥**

મુનિ સૂત્રાનુસાર સામુદાયિક અને અનિન્દિત અનેક કુળોથી થોડો આહાર ગ્રહણ કરે અને મળે ન મળે તો પણ સંતોષી રહીને ભિક્ષાવૃત્તિનું પાલન કરે.

**અલોલે ન રસે ગિદ્ધે, જિબ્ભાદન્તે અમુચ્છિએ ।**
**ન રસટ્ઠાએ ભુંજિજ્જા, જવણટ્ઠાએ મહામુણી ॥૧૭॥**

જિહ્‌વાનો લોલુપી ન થાય, રસમાં ગૃદ્ધ ન બને, જિહ્‌વાને વશ રાખે, મૂર્ચ્છા રહિત થાય, સ્વાદને માટે ભોજન ન કરે, પરંતુ સંયમ અર્થે જ ભોજન કરે.

**અચ્ચણં રયણં ચેવ, વન્દણં પૂયણં તહા ।**
**ઇડ્ઢીસક્કારસમ્માણં, મણસા વિ ન પત્થએ ॥૧૮॥**

સાધુ અર્ચન, રચના, વંદન, પૂજા, રિદ્ધિ, સત્કાર અને સન્માનની મનથી પણ ઈચ્છા ન કરે.

**સુક્કઝાણં ઝિયાઇજ્જા, અણિયાણે અકિંચણે ।**
**વોસટ્ઠકાએ વિહરેજ્જા, જાવ કાલસ્સ પજ્જઓ ॥૧૯॥**

સાધુ મૃત્યુ સુધી અપરિગ્રહી, નિદાન રહિત અને કાયાની મમતા ત્યાગીને શુક્લ ધ્યાનમાં લીન રહે.

**નિજ્જુહિઊણ આહારં, કાલધમ્મે ઉવટ્ઠિએ ।**
**જહિઊણ માણુસં બોન્દિં, પહૂ દુક્ખા વિમુચ્ચઈ ॥૨૦॥**

આમ મુનિ મૃત્યુ સમયે આહારાદિ ત્યાગીને મનુષ્યનું શરીર છોડીને વિશિષ્ટ સામર્થ્યવાન થઈને બધાં દુઃખોથી મુક્ત થાય છે.

**નિમ્મમો નિરહંકારો, વીયરાગો અણાસવો ।**
**સંપત્તો કેવલં નાણં, સાસયં પરિનિવ્વુડે ॥૨૧॥**
**॥ ત્તિબેમિ ॥**

મમત્વરહિત, નિરહંકારી, વીતરાગી અને નિરાશ્રવી થઈને કેવલજ્ઞાન પામીને એ સદાને માટે સુખી થઈ જાય છે.

## અધ્યયન - ૩૬ : જીવ-અજીવ સ્વરૂપ

**જીવાજીવવિભત્તિં, સુણેહ મે એગમણા ઇઓ ।**
**જં જાણિઊણ ભિક્ખૂ સમ્મં જયઇ સંજમે ॥૧॥**

હે શિષ્યો ! તમે જીવ અને અજીવના ભેદને મારી પાસેથી એકાગ્રચિત્તે સાંભળો. જે જાણવાથી ભિક્ષુ સંયમમાં જાગૃત રહે છે.

**જીવા ચેવ અજીવા ય, એસ લોએ વિયાહિએ ।**
**અજીવદેસમાગાસે, અલોએ સે વિયાહિએ ॥૨॥**

આ લોક જીવ અને અજીવમય કહેવામાં આવ્યો છે અને આકાશનો દેશ (ભાગ) માત્ર અજીવ જ જ્યાં છે, એ અલોક કહેવાય છે.

**દવ્વઓ ખેત્તઓ ચેવ, કાલઓ ભાવઓ તહા ।**
**પરુવણા તેસિં ભવે, જીવાણમજીવાણ ય ॥૩॥**

જીવ અને અજીવ દ્રવ્યનું પ્રતિપાદન દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ એમ ચાર પ્રકારે છે.

**રૂવિણો ચેવરૂવી ય, અજીવા દુવિહા ભવે ।**
**અરૂવી દસહા વુત્તા, રૂવિણો ય ચઉવ્વિહા ॥૪॥**

અજીવના બે પ્રકાર છે, રૂપી અને અરૂપી. રૂપી અજીવના દશ પ્રકાર છે, અરૂપી અજીવના ચૌદ પ્રકાર છે.

**ધમ્મત્થિકાએ તદ્દેસે, તપ્પએસે ય આહિયે ।**
**અધમ્મે તસ્સ દેસે ય, તપ્પએસે ય આહિએ ॥૫॥**

**આગાસે તસ્સ દેસે ય, તપ્પએસે ય આહિએ ।**
**અદ્ધાસમએ ચેવ, અરૂવી દસહા ભવે ॥૬॥**

ધર્માસ્તિકાયનો સ્કન્ધ, દેશ અને પ્રદેશ, અધર્માસ્તિકાયનો સ્કન્ધ, દેશ અને પ્રદેશ; આકાશાસ્તિકાયનો સ્કન્ધ, દેશ અને પ્રદેશ અને કાલ એ અરૂપી છે.

**ધમ્માધમ્મે ય દો ચેવ, લોગમિત્તા વિયાહિયા ।**
**લોગાલોગે ય આગાસે, સમએ સમયખેત્તિએ ॥૭॥**

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય લોક પ્રમાણ કહેલ છે. આકાશ લોક અલોકમાં પણ છે અને સમય-સમયક્ષેત્ર (મનુષ્યક્ષેત્ર) પ્રમાણ છે. અર્થાત્ અઢી દ્વીપ પ્રમાણ છે.

**ધમ્માધમ્માગાસા, તિન્નિ વિ એએ અણાઈયા ।**
**અપજ્જવસિયા ચેવ, સવ્વદ્ધં તુ વિયાહિયા ॥૮॥**

ધર્મ, અધર્મ અને આકાશાસ્તિકાય આ ત્રણ દ્રવ્ય સર્વકાલિક નિત્ય અનાદિ અનંત છે.

**સમએ વિ સંતઈ પપ્પ, એવમેવ વિયાહિયા ।**
**આએસં પપ્પ સાઈએ, સપજ્જવસિએ વિ ય ॥૯॥**

સમય સંતતિની અપેક્ષાએ અનાદિ અનંત છે અને આ દેશની અપેક્ષાએ સાદિસાન્ત છે.

**ખંધા ય ખંધદેસા ય, તપ્પએસા તહેવ ય ।**
**પરમાણુણો ય બોદ્ધવ્વા, રૂવિણો ય ચઉવ્વિહા ॥૧૦॥**

રૂપી દ્રવ્યના સ્કન્ધ, દેશ, પ્રદેશ અને પરમાણુ આ ચાર ભેદ છે.

**એગત્તેણ પુહત્તેણ, ખંધા ય પરમાણુ ય ।**
**લોએગદેસે લોએ ય, ભઈયવ્વા તે ઉ ખેત્તઓ ।**
**(સુહુમા સવ્વલોગમ્મિ, લોગ દેસે ય બાયરા-પાઠાન્તર)**
**એત્તો કાલવિભાગ તુ, તેસિં વુચ્છં ચઉવ્વિહં ॥૧૧॥**

પરમાણુઓના પરસ્પર મળવાથી સ્કન્ધ થાય છે અને છૂટાછૂટા થવાથી પરમાણુ કહેવાય છે. આ દ્રવ્યની અપેક્ષાથી છે. ક્ષેત્રની અપેક્ષાએ સ્કન્ધ લોકના એક દેશમાં હોય છે અને પરમાણુ સર્વલોક વ્યાપી છે. અહીંથી આગળ સ્કંધ અને પરમાણુના કાળની અપેક્ષાથી ચાર વિભાગ કહીશ.

**સંતઈ પપ્પ તેણાઈ, અપજ્જવસિયા વિ ય ।**
**ઠિઈ પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય ॥૧૨॥**

સ્કન્ધ અને પરમાણુ સંતતિની અપેક્ષાએ અનાદિ અનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિસાન્ત છે.

**અસંખકાલમુક્કોસં, ઈક્કં સમયં જહન્નિયા ।**
**અજીવાણ ય રૂવીણં, ઠિઈ એસા વિયાહિયા ॥૧૩॥**

રૂપી અજીવ પુદ્‌ગલ દ્રવ્યની સ્થિતિ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્ય કાલની કહી છે.

**અણંતકાલમુક્કોસં, એક્કં સમયં જહણ્ણયં ।**
**અજીવાણ ય રૂવીણં, અંતરેયં વિયાહિયં ॥૧૪॥**

રૂપી અજીવ દ્રવ્યોનું અંતર પોતાના પૂર્વ અવગાહિત સ્થાનથી ચ્યૂત થઈને તે સ્થાન પર ફરી આવવાનો સમય જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અનંત કાલનો છે.

**વણ્ણઓ ગંધઓ ચેવ, રસઓ ફાસઓ તહા ।**
**સંઠાણઓ ય વિણ્ણેઓ, પરિણામો તેસિં પંચહા ॥૧૫॥**

સ્કન્ધ અને પરમાણુનું પરિણમન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન એમ પાંચ જાતનું છે.

**વણ્ણઓ પરિણયા જે ઉ, પંચહા તે પકિત્તિયા ।**
**કિણ્હા નીલા ય લોહિયા, હાલિદ્દા સુક્કિલા તહા ॥૧૬॥**

જે પુદ્‌ગલ વર્ણથી પરિણત થાય છે તે વર્ણ પરિણતિ પાંચ જાતની છે - કાળી, લીલી, લાલ, પીળી અને શ્વેત.

**ગંધઓ પરિણયા જે ઉ, દુવિહા તે વિયાહિયા ।**
**સુબ્ભિગન્ધપરિણામા, દુબ્ભિગન્ધા તહેવ ય ॥૧૭॥**

જે પુદ્‌ગલ ગંધથી પરિણત થાય છે તે ગંધ પરિણતિ બે પ્રકારની છે - સુગંધ પરિણતિ અને દુર્ગન્ધ પરિણતિ.

**રસઓ પરિણયા જે ઉ, પંચહા તે પકિત્તિયા ।**
**તિત્ત કડુ કસાયા, અંબિલા મહુરા તહા ॥૧૮॥**

જે પુદ્‌ગલ રસથી પરિણત થાય છે તે પુદ્‌ગલની રસ પરિણતિ પાંચ પ્રકારની છે - તીખી, કડવી, કસાયેલી, ખાટી અને મીઠી.

**ફાસસો પરિણયા જે ઉ, અટ્ઠહા તે પકિત્તિયા ।**
**કક્ખડા મઉઆ ચેવ, ગરુઆ લહુઆ તહા ॥૧૯॥**

**સીયા ઉણ્હા ય નિદ્ધા ય, તહા લુક્ખા ય આહિયા ।**
**ઈય ફાસપરિણયા એએ, પુગ્ગલા સમુદાહિયા ॥૨૦॥**

જે પુદ્‌ગલ સ્પર્શથી પરિણત થાય છે તે પુદ્‌ગલોની સ્પર્શ પરિણતિ આઠ જાતની છે - કર્કશ, કોમળ, ભારે, હલકી, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ.

**સંઠાણપરિણયા જે ઉ, પંચહા તે પકિત્તિયા ।**
**પરિમંડલા ય વટ્ટા ય, તંસા ચઉરંસમાયયા ॥૨૧॥**

જે પુદ્ગલ સંસ્થાનથી પરિણત થાય છે તે સંસ્થાન પરિણતિ પાંચ જાતની છે - પરિમંડલ, વ્રત, ત્રિકોણ, ચતુષ્કોણ અને લાંબુ.

**વણ્ણઓ જે ભવે કિણ્હે, ભઇએ સે ઉ ગંધઓ ।**
**રસઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય ॥૨૨॥**

જે પુદ્ગલ કાળા રંગના છે, તેમાં ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની ભજના છે.

**વણ્ણઓ જે ભવે નીલે, ભઇએ સે ઉ ગંધઓ ।**
**રસઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય ॥૨૩॥**

જે નીલ વર્ણના પુદ્ગલ છે, તેમાં ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની ભજના છે.

**વણ્ણઓ લોહિએ જે ઉ, ભઇએ સે ઉ ગંધઓ ।**
**રસઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય ॥૨૪॥**

જે પુદ્ગલ લાલ રંગના છે. તેમાં ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની ભજના છે.

**વણ્ણઓ પીયએ જે ઉ, ભઇએ સે ઉ ગંધઓ ।**
**રસઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય ॥૨૫॥**

જે પુદ્ગલ પીત વર્ણના છે, તેમાં ગંધ, રસ સ્પર્શ અને સંસ્થાનની ભજના છે.

**વણ્ણઓ સુક્કિલે જે ઉ, ભઇએ સે ઉ ગંધઓ ।**
**રસઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય ॥૨૬॥**

જે પુદ્ગલ શુક્લ-સફેદ રંગના છે, તેમાં ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની ભજના છે.

**ગંધઓ જે ભવે સુબ્ભી, ભઇએ સે ઉ વણ્ણઓ ।**
**રસઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય ॥૨૭॥**

જે પુદ્ગલ સુગંધવાળા છે, તેમાં વર્ણ, રસ, સ્પર્શ અને સંસ્થાનની ભજના છે.

**ગંધઓ જે ભવે દુબ્ભી, ભઇએ સે ઉ વણ્ણઓ ।**
**રસઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય ॥૨૮॥**

જે પુદ્ગલ-દ્રવ્ય દુર્ગન્ધવાળા છે, તેમાં વર્ણ, રસ, સ્પર્શ અને સંસ્થાનની ભજના છે.

**રસઓ તિત્તએ જે ઉ, ભઇએ સે ઉ વણ્ણઓ ।**
**ગંધઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય ॥૨૯॥**

જે પુદ્ગલ તીખા રસવાળા છે, તેમાં વર્ણ, ગંધ, સ્પર્શ અને સંસ્થાનની ભજના છે.

**રસઓ કડુએ જે ઉ, ભઇએ સે ઉ વણ્ણઓ ।**
**ગંધઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય ॥૩૦॥**

જે પદાર્થો કડવા રસવાળા છે, તેમાં વર્ણ, ગંધ, સ્પર્શ અને સંસ્થાનની ભજના છે.

**રસઓ કસાએ જે ઉ, ભઇએ સે ઉ વણ્ણઓ ।**
**ગંધઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય ॥૩૧॥**

જે દ્રવ્યો-પુદ્ગલો કસાયલા રસવાળા છે, તેમાં વર્ણ, ગંધ, સ્પર્શ અને સંસ્થાનની ભજના છે.

**રસઓ અંબિલે જે ઉ, ભઇએ સે ઉ વણ્ણઓ ।**
**ગંધઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય ॥૩૨॥**

જે પદાર્થો ખાટા રસવાળા છે, તેમાં વર્ણ, ગંધ, સ્પર્શ અને સંસ્થાનની ભજના છે.

**રસઓ મહુરએ જે ઉ, ભઇએ સે ઉ વણ્ણઓ ।**
**ગંધઓ ફાસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય ॥૩૩॥**

જે મધુર રસવાળાં દ્રવ્યો છે, તેમાં વર્ણ, ગંધ સ્પર્શ અને સંસ્થાનની ભજના છે.

**ફાસઓ કક્ખડે જે ઉ, ભઇએ સે ઉ વણ્ણઓ ।**
**ગંધઓ રસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય ॥૩૪॥**

જે કઠોર સ્પર્શવાળા પુદ્ગલ છે, તેમાં વર્ણ, ગંધ, રસ, અને સંસ્થાનની ભજના છે.

**ફાસઓ મઉએ જે ઉ, ભઇએ સે ઉ વણ્ણઓ ।**
**ગંધઓ રસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય ॥૩૫॥**

જે પુદ્ગલો મૃદુ સ્પર્શવાળા છે, તેમાં વર્ણ, ગંધ, રસ અને સંસ્થાનની ભજના છે.

**ફાસઓ ગુરુએ જે ઉ, ભઇએ સે ઉ વણ્ણઓ ।**
**ગંધઓ રસઓ ચેવ, ભઇએ સંઠાણઓ વિ ય ॥૩૬॥**

જે પુદ્ગલો ભારે સ્પર્શવાળા છે, તેમાં વર્ણ, ગંધ, રસ અને સંસ્થાનની ભજના છે.

**ફાસઓ લહુએ જે ઉ, ભઈએ સે ઉ વણ્ણઓ ।**
**ગંધઓ રસઓ ચેવ, ભઈએ સંઠાણઓ વિ ય ॥૩૭॥**

જે પુદ્ગલો લઘુ સ્પર્શવાળા છે, તેમાં વર્ણ, ગંધ, રસ અને સંસ્થાનની ભજના છે.

**ફાસઓ સીયએ જે ઉ, ભઈએ સે ઉ વણ્ણઓ ।**
**ગંધઓ રસઓ ચેવ, ભઈએ સંઠાણઓ વિ ય ॥૩૮॥**

જે પદાર્થો શીત સ્પર્શવાળા છે, તેમાં વર્ણ, ગંધ, રસ અને સંસ્થાનની ભજના છે.

**ફાસઓ ઉણ્હએ જે ઉ, ભઈએ સે ઉ વણ્ણઓ ।**
**ગંધઓ રસઓ ચેવ, ભઈએ સંઠાણઓ વિ ય ॥૩૯॥**

જે પદાર્થો ઉષ્ણ સ્પર્શવાળા છે, તેમાં વર્ણ, ગંધ, રસ અને સંસ્થાનની ભજના છે.

**ફાસઓ નિદ્ધએ જે ઉ, ભઈએ સે ઉ વણ્ણઓ ।**
**ગંધઓ રસઓ ચેવ, ભઈએ સંઠાણઓ વિ ય ॥૪૦॥**

જે પદાર્થો સ્નિગ્ધ સ્પર્શવાળા છે, તેમાં વર્ણ, ગંધ, રસ અને સંસ્થાનની ભજના છે.

**ફાસઓ લુક્ખએ જે ઉ, ભઈએ સે ઉ વણ્ણઓ ।**
**ગંધઓ રસઓ ચેવ, ભઈએ સંઠાણઓ વિ ય ॥૪૧॥**

જે પદાર્થો લૂખા-રૂક્ષ સ્પર્શવાળા છે, તેમાં વર્ણ, ગંધ, રસ અને સંસ્થાનની ભજના છે.

**પરિમંડલસંઠાણે, ભઈએ સે ઉ વણ્ણઓ ।**
**ગંધઓ રસઓ ચેવ, ભઈએ ફાસઓ વિય ॥૪૨॥**

જે પરિમંડલ સંસ્થાનવાળા પુદ્ગલ છે, તેમાં વર્ણ, ગંધ રસ અને સ્પર્શની ભજના છે.

**સંઠાણઓ ભવે વટ્ટે, ભઈએ સે ઉ વણ્ણઓ ।**
**ગંધઓ રસઓ ચેવ, ભઈએ ફાસઓ વિય ॥૪૩॥**

જે સંસ્થાન વૃત્તાકાર છે, તેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની ભજના છે.

**સંઠાણઓ ભવે તંસે, ભઈએ સે ઉ વણ્ણઓ ।**
**ગંધઓ રસઓ ચેવ, ભઈએ ફાસઓ વિ ય ॥૪૪॥**

જે પદાર્થો ત્રિકોણાકાર છે, તેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની ભજના છે.

**સંઠાણઓ જે ચઉરંસે, ભઈએ સે ઉ વણ્ણઓ ।**
**ગંધઓ રસઓ ચેવ, ભઈએ ફાસઓ વિ ય ॥૪૫॥**

જે પદાર્થો ચોરસ છે, તેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની ભજના છે.

**જે આયયસંઠાણે, ભઈએ સે ઉ વણ્ણઓ ।**
**ગંધઓ રસઓ ચેવ, ભઈએ ફાસઓ વિ ય ॥૪૬॥**

જે પદાર્થો લંબાકાર છે, તેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની ભજના છે.

**એસા અજીવવિભત્તી, સમાસેણ વિયાહિયા ।**
**ઈત્તો જીવવિભત્તિ, વુચ્છામિ અણુપુવ્વસો ॥૪૭॥**

આમ અજીવ દ્રવ્ય વિભાગનું સંક્ષેપથી વર્ણન કર્યું, હવે જીવદ્રવ્ય વિભાગનું વર્ણન અનુક્રમથી કરું છું.

**સંસારત્થા ય સિદ્ધા ય, દુવિહા જીવ વિયાહિયા ।**
**સિદ્ધા ણેગવિહા વુત્તા, તં મે કિત્તયઓ સુણ ॥૪૮॥**

જીવના બે પ્રકાર છે - સંસારમાં રહેનારા અને સિદ્ધ. સિદ્ધના અનેક ભેદ છે. તે ભેદને મારી પાસેથી સાંભળો.

**ઈત્થીપુરિસસિદ્ધા ય, તહેવ ય નપુંસગા ।**
**સલિંગે અન્નલિંગે ય, ગિહિલિંગે તહેવ ય ॥૪૯॥**

સ્ત્રી લિંગ સિદ્ધ, પુરુષ લિંગ સિદ્ધ, નપુંસક લિંગ સિદ્ધ, સલિંગ સિદ્ધ, અન્ય લિંગ સિદ્ધ અને ગૃહસ્થ લિંગ સિદ્ધ વગેરે.

**ઉક્કોસોગાહણાએ ય, જહન્નમજ્ઝિમાઈ ય ।**
**ઉઢ્ઢં અહે ય તિરિયં ચ, સમુદ્દમ્મિ જલમ્મિ ય ॥૫૦॥**

જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ અવગાહનાથી ઊર્ધ્વ, અધો અને તિર્યગ્ લોકથી સિદ્ધ થઈ શકે છે, સમુદ્ર અને જલાશયથી પણ સિદ્ધ થાય છે.

**દસ ય નપુંસએસુ, વીસં ઈત્થિયાસુ ય ।**
**પુરિસેસુ ય અટ્ઠસયં, સમએ ણેગેણ સિજ્ઝઈ ॥૫૧॥**

એક સમયમાં નપુંસક લિંગી દશ, સ્ત્રી લિંગી વીસ અને પુરુષ લિંગી એકસો આઠ જીવ સિદ્ધ થઈ શકે છે.

**ચત્તારિ ય ગિહલિંગે, અન્નલિંગે દસેવ ય ।**
**સલિંગેણ અટ્ઠસયં, સમએણેગેણ સિજ્ઝઈ ॥૫૨॥**

ગૃહસ્થ લિંગમા ચાર, અન્ય લિંગમાં દશ અને સ્વલિંગમાં એકસો આઠ જીવ સિદ્ધ થઈ શકે છે.

**ઉક્કોસોગાહણાએ ય, સિજ્ઝંતે જુગવં દુવે ।**
**ચત્તારિ ય જહન્નાએ, મજ્ઝેઅટ્ઠુત્તરં સયં ॥૫૩॥**

એક સમયમાં જઘન્ય અવગાહનાથી ચાર, ઉત્કૃષ્ટ અવગાહનાથી બે અને મધ્યમ અવગાહનાથી એકસો આઠ જીવ સિદ્ધ થઈ શકે છે.

**ચઉરુઢ્ઢલોએ ય દુવે સમુદ્દે, તઓ જલે વીસમહે તહેવ ય ।**
**સયં ચ અટ્ઠુત્તરં તિરિયલોએ, સમએણેગેણ સિજ્ઝઇ ધુવં ॥૫૪॥**

ઊર્ધ્વલોકમાં ચાર, સમુદ્રમાંથી બે, નદી આદિ જલાશયમાંથી ત્રણ, અધોલોકમાંથી વીસ અને તિર્યગ્ લોકમાંથી એકસો આઠ જીવ એક સમયમાં નિશ્ચયે સિદ્ધ થાય છે.

**કહિં પડિહયા સિદ્ધા, કહિં સિદ્ધા પઇટ્ઠિયા ।**
**કહિં બોંદિં ચઇત્તા ણં, કત્થગંતુણ સિજ્ઝઇ ? ॥૫૫॥**

સિદ્ધ ક્યાં જઈને અટકે છે ? ક્યાં રહે છે ? શરીરનો ત્યાગ ક્યાં કરે છે ? અને ક્યાં જઈને સિદ્ધ થાય છે ?

**અલોએ પડિહયા સિદ્ધા, લોગગ્ગે ય પઇટ્ઠિયા ।**
**ઇહં બોંદિં ચઇત્તા ણં, તત્થ ગંતુણ સિજ્ઝઇ ॥૫૬॥**

સિદ્ધ અલોકની સીમા પર અટકે છે, લોકના અગ્ર ભાગમાં રહે છે. અહીં મનુષ્ય-લોકમાં શરીર છોડીને લોકાગ્ર ઉપર જઈને સિદ્ધ થાય છે.

**બારસહિં જોયણેહિં, સવ્વટ્ઠસ્સુવરિં ભવે ।**
**ઈસીપબ્ભારનામા ઉ, પુઢવી છત્તસંઠિયા ॥૫૭॥**

સર્વાર્થ સિદ્ધ વિમાનથી બાર યોજન ઉપર છત્રના આકારવાળી ઈષિત્પ્રાગભાર નામની પૃથ્વી છે.

**પણયાલ સયસહસ્સા, જોયણાણં તુ આયયા ।**
**તાવઈયં ચેવ વિત્થિણ્ણા, તિગુણો તસ્સેવ પરિરઓ ॥૫૮॥**

એ પિસ્તાલીસ લાખ યોજન લાંબી, એટલી જ પહોળી અને ત્રણ ગુણીથી અધિક પરિધિવાળી છે.

**અટ્ઠજોયણબાહુલ્લા, સા મજ્ઝમ્મિ વિયાહિયા ।**
**પરિહાયંતી ચરિમંતે, મચ્છિપત્તાઉ તણુયરી ॥૫૯॥**

એ પૃથ્વી મધ્યમાં આઠ જોજન જાડી છે અને ઓછી થતી થતી છેવટે માખીની પાંખ કરતાં પાતળી છે.

**અજ્જુણસુવણ્ણગમઈ, સા પુઢવી નિમ્મલા સહાવેણ ।**
**ઉત્તાણગચ્છત્તયસંઠિયા ય, ભણિયા જિણવરેહિં ॥૬૦॥**

આ ઈષિત્‌પ્રાગભાર પૃથ્વી, સ્વભાવથી જ શ્વેત, નિર્મળ અને અર્જુન સુવર્ણ જેવી છે, ઊલટા છત્રના જેવો એનો આકાર છે એવું જિનેશ્વરે કહ્યું છે.

**સંખંક-કુન્દસંકાસા, પંડુરા નિમ્મલા સુહા ।**
**સીયાએ જોયણે તત્તો, લોયંતો ઉ વિયાહિઓ ॥૬૧॥**

આ સિદ્ધશિલા પૃથ્વી શંખ, અંકરત્ન અને મુચકુન્દના પુષ્પ સમાન અત્યંત નિર્મળ અને સુશોભિત છે. તથા સીતા નામની તે પૃથ્વી ઉપર એક જોજનના અંતરમાં લોકાન્ત કહ્યો છે.

**જોયણસ્સ ઉ જો તત્થ, કોસો ઉવરિમો ભવે ।**
**તસ્સ કોસસ્સ છબ્ભાએ, સિદ્ધાણોગાહણા ભવે ॥૬૨॥**

આના એક યોજનના ઉપરના કોસ(ગાઉ)ના છઠ્ઠા ભાગમાં સિદ્ધ ભગવાન રહે છે. અર્થાત્ ૩૩૩ ધનુષ્ય, ૩૨ અંગુલપ્રમાણ સિદ્ધસ્થાન છે.

**તત્થ સિદ્ધા મહાભાગા, લોગગ્ગમ્મિ પઈટ્ઠિયા ।**
**ભવપ્પપંચ ઉમુક્કા, સિદ્ધિં વરગઈ ગયા ॥૬૩॥**

સર્વોત્તમ સિદ્ધસ્થાનને પ્રાપ્ત થયેલ મહા ભાગ્યશાળી જીવો આ સંસાર ચક્રના પ્રપંચથી મુક્ત થઈને લોકના અગ્ર ભાગમાં બિરાજે છે.

**ઉસ્સેહો જસ્સ જો હોઈ, ભવમ્મિ ચરિમમ્મિ ય ।**
**તિભાગહીણો તત્તો ય, સિદ્ધાણોગાહણા ભવે ॥૬૪॥**

જે અવગાહના અંતિમ શરીરની હોય છે, એનાથી ત્રીજા ભાગની ઓછી સિદ્ધોની અવગાહના હોય છે.

**એગત્તેણ સાઈયા, અપજ્જવસિયા વિ ય ।**
**પુહત્તેણ અણાઈયા, અપજ્જવસિયા વિ ય ॥૬૫॥**

અહીં એક સિદ્ધની અપેક્ષાએ સાદિ અનંત કાળ છે, પરંતુ સમસ્ત સિદ્ધોની અપેક્ષાએ અનાદિ અનંત કાળ છે.

**અરુવિણો જીવઘણા, નાણદંસણસણ્ણિયા ।**
**અઉલં સુહં સંપન્ના, ઉવમા જસ્સ નત્થિ ઉ ॥૬૬॥**

આ સિદ્ધ ભગવાન અરૂપી, ઘનરૂપ, જ્ઞાન અને દર્શનના ઉપયોગવાળા ઉપમા રહિત છે, એ અતુલ સુખને પામ્યા છે, જેને માટે કોઈ ઉપમા નથી.

**લોગેગદેસે તે સવ્વે, નાણદંસણસન્નિયા ।**
**સંસારપારનિત્થિણ્ણા, સિદ્ધં વરગઈં ગયા ॥૬૭॥**

આ બધા સિદ્ધ ભગવાન સંસારની પેલે પાર પહોંચીને જ્ઞાન દર્શનના ઉપયોગથી સર્વોત્તમ સિદ્ધ ગતિને પ્રાપ્ત થઈને એક દેશમાં જ રહે છે.

**સંસારત્થા ઉ જે જીવા, દુવિહા તે વિયાહિયા ।**
**તસા ય થાવરા ચેવ, થાવરા તિવિહા તહિં ॥૬૮॥**

સંસારી જીવો ત્રસ અને સ્થાવર એમ બે જાતના છે. આમાં સ્થાવર જીવના ત્રણ ભેદ કહ્યા છે.

**પુઢવી આઉજીવા ય, તહેવ ય વણસ્સઈ ।**
**ઈચ્ચેએ થાવરા તિવિહા, તેસિં ભેએ સુણેહ મે ॥૬૯॥**

પૃથ્વીકાય, અપ્‌કાય અને વનસ્પતિકાય એમ ત્રણ જાતના સ્થાવર છે. હવે એના ભેદને સાંભળો.

**દુવિહા પુઢવીજીવા ય, સુહુમા બાયરા તહા ।**
**પજ્જત્તમપજ્જત્તા, એવમેવ દુહા પુણો ॥૭૦॥**

પૃથ્વીકાયના બે ભેદ છે - સૂક્ષ્મ અને બાદર, અને પ્રત્યેકના વળી પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદ છે.

**બાયરા જે ઉ પજ્જત્તા, દુવિહા તે વિયાહિયા ।**
**સણ્હા ખરા ય બોધવ્વા, સણ્હા સત્તવિહા તહિં ॥૭૧॥**

પર્યાપ્ત બાદર પૃથ્વીકાય જીવોના બે ભેદ છે - કોમળ અને કઠોર. આમાં કોમળ પૃથ્વીકાયના સાત ભેદ છે.

**કિણ્હા નીલા ય રુહિરા ય, હાલિદ્દા સુક્કિલા તહા ।**
**પંડુપણગમટ્ટિયા, ખરા છત્તીસઈ વિહા ॥૭૨॥**

કાળી, નીલી, પીળી, શ્વેત, પાંડુ તથા પનક મૃતિકા તથા કઠોર પૃથ્વીકાયના છત્રીસ ભેદ છે.

**પુઢવી ય સક્કરા વાલુયા ય, ઉવલે સિલા ય લોણુસે ।**
**અય-તંબ-તઉય-સીસગ-રુપ્પ-સુવણ્ણે ય વઈરે ય ॥૭૩॥**

**હરિયાલે હિંગુલુએ, મણોસિલા સાસગંજણપવાલે ।**
**અબ્ભપડલબ્ભવાલુય, બાયરકાએ મણિવિહાણે ॥૭૪॥**

ગોમેજ્જએ ય રુયગે, અંકે ફલિહે ય લોહિયક્ખે ય ।
મરગય-મસારગલ્લે, ભુયમોયગ ઈન્દનીલે ય ॥૭૫॥

ચંદણગેરુય હંસગબ્ભે, પુલએ સોગંધિએ ય બોધવ્વે ।
ચંદપ્પહ વેરુલિએ, જલકંતે સૂરકંતે ય ॥૭૬॥

૧. શુદ્ધ પૃથ્વી, ૨. શર્કરા, ૩. વાલુકા, ૪. ઉપલ, ૫. શિલા, ૬. લવણ, ૭. ખારીમાટી, ૮. લોઢું, ૯. તરુઆ ૧૦. તાંબું, ૧૧. સીસું, ૧૨. રૂપું, ૧૩. સોનું, ૧૪. વજ્ર, ૧૫. હરતાલ, ૧૬. હિંગલોક, ૧૭. મનસિલ, ૧૮. સાસક, ૧૯. અંજન, ૨૦. પ્રવાલ, ૨૧. અબરખ, ૨૨. અભ્રવાલુકા મણિરત્નોના ભેદ, ૨૩. ગોમેદક, ૨૪. રુચક, ૨૫. અંકરત્ન, ૨૬. સ્ફટિક અથવા લોહીતાક્ષ રત્ન, ૨૭. મરકત અથવા મસારગલ્લ, ૨૮. ભુજમોચક, ૨૯. ઈન્દ્રનીલ, ૩૦. ચંદન ગેરુક હંસ ગર્ભ, ૩૧. પુલક, ૩૨. સૌગન્ધિક, ૩૩. ચંદ્રપ્રભ, ૩૪. વૈડૂર્ય, ૩૫. જલકાન્ત, ૩૬. સૂર્યકાન્તમણિ.

એએ ખરપુઢવીએ, ભેયા છત્તીસમાહિયા ।
એગવિહમણાણત્તા, સુહુમા તત્થ વિયાહિયા ॥૭૭॥

આ છત્રીસ ભેદ કઠ્ઠ્ઠા પૃથ્વીકાયના કહ્યા, પરંતુ તેમાં સૂક્ષ્મનો તો એક જ ભેદ કહ્યો છે.

સુહુમા સવ્વલોગમ્મિ, લોગદેસે ય બાયરા ।
ઈત્તો કાલવિભાગં તુ, વુચ્છં તેસિં ચઉવ્વિહં ॥૭૮॥

સૂક્ષ્મ પૃથ્વીકાય સમસ્ત લોકમાં વ્યાપ્ત છે, પરંતુ બાદર તો લોકના દેશ ભાગમાં જ છે. હવે આનો કાળ વિભાગ ચાર પ્રકારથી કહું છું.

સંતઈ પપ્પણાઈયા, અપજ્જવસિયા વિ ય ।
ઠિઈ પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય ॥૭૯॥

પૃથ્વીકાય સંતતિની જીવ પ્રવાહની અપેક્ષાએ, અનાદિ અનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિ સાન્ત છે.

બાવીસસહસ્સાઈ, વાસાણુકોસિયા ભવે ।
આઉઠિઇ પુઢવીણં, અન્તોમુહુત્તં જહન્નંય ॥૮૦॥

પૃથ્વીકાયના જીવોનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ બાવીસ હજાર વર્ષનું છે.

અસંખકાલમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નયં ।
કાયઠિઇ પુઢવીણં, તં કાયં તુ અમુંચઓ ॥૮૧॥

પૃથ્વીકાયના જીવોની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત છે, ઉત્કૃષ્ટ એ કાયમાં જન્મ-મરણ કરે તો અસંખ્ય કાળની છે.

**અણન્તકાલમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નયં ।**
**વિજઢમ્મિ સએ કાએ, પુઢવીજીવાણ અંતરં ॥૮૨॥**

સ્વકાયની અપેક્ષાએ પૃથ્વીકાયના જીવોનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અનંત કાળનું છે.

**એએસિં વણ્ણઓ ચેવ, ગંધઓ રસ ફાસઓ ।**
**સંઠાણદેસઓ વા વિ, વિહાણાઈં સહસ્સઓ ॥૮૩॥**

આ પૃથ્વીકાય જીવોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનથી હજારો ભેદ થાય છે.

**દુવિહા આઉજીવા ઉ, સુહુમા બાયરા તહા ।**
**પજ્જત્તમપજ્જત્તા, એવમેએ દુહા પુણો ॥૮૪॥**

અપકાયના જીવ સૂક્ષ્મ અને બાદર બે જાતના છે, વળી તે ઉપરાંત દરેકના પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા ભેદ પણ છે.

**બાયરા જે ઉ પજ્જત્તા, પંચહા તે પકિત્તિયા ।**
**સુદ્ધોદએ ય ઉસ્સે, હરતણુ મહિયા હિમે ॥૮૫॥**

બાદર અપકાયના પાંચ પ્રકાર છે - શુદ્ધોદક, ઓસ, તૃણ ઉપરનું પાણી હરતનુ ધુમ્મસ અને બરફનું પાણી.

**એગવિહમણાણત્તા, સુહુમા તત્થ વિયાહિયા ।**
**સુહુમા સવ્વલોયમ્મિ, લોગદેસે ય બાયરા ॥૮૬॥**

સૂક્ષ્મ અપકાયનો જીવ ભેદ રહિત માત્ર એક જ પ્રકારનો છે. અને એ સમસ્ત લોકમાં વ્યાપ્ત છે. બાદર અપકાય લોકના એક ભાગમાં જ સ્થિત છે.

**સંતઈં પપ્પણાઇ એયા, અપજ્જવસિયા વિ ય ।**
**ઠિઈં પડુચ્ચ સાઇયા, સપજ્જવસિયા વિ ય ॥૮૭॥**

અપકાય પ્રવાહની અપેક્ષાએ અનાદિ અનંત અને સ્થિતિની અપેક્ષાએ સાદિ સાન્ત છે.

**સત્તેવ સહસ્સાઈં, વાસાણુક્કોસિયા ભવે ।**
**આઉઠિઇ આઊણં, અન્તોમુહુત્તં જહન્નયં ॥૮૮॥**

અપકાયના જીવોની આયુ સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ સાત હજાર વર્ષની છે.

**અસંખકાલમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નયં ।**
**કાયઠિઈ આઊણં, તં કાયં તુ અમુંચઓ ॥૮૯॥**

કાય સ્થિતિ - એ કાયમાં રહેવાની અપેક્ષાએ જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અસંખ્ય કાળની હોય છે.

**અણન્તકાલમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નયં ।**
**વિજઢંમિ સએ કાએ, આઉજીવાણ અન્તરં ॥૯૦॥**

પોતાનું શરીર છોડીને બીજા શરીરમાં જવાનું અને ફરી અપકાયમાં આવવાનું સમયાંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અનંત કાળનું છે.

**એએસિં વણ્ણઓ ચેવ, ગન્ધઓ રસફાસઓ ।**
**સંઠાણદેસઓ વા વિ, વિહાણાઈં સહસ્સસો ॥૯૧॥**

અપકાયના જીવોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન અપેક્ષાએ હજારો ભેદ - પ્રકાર હોય છે.

**દુવિહા વણસ્સઈજીવા, સુહુમા બાયરા તહા ।**
**પજ્જત્તમપજ્જત્તા, એવમેએ દુહા પુણો ॥૯૨॥**

વનસ્પતિ જીવના બે પ્રકાર છે - સૂક્ષ્મ અને બાદર. આ પ્રત્યેકના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે ભેદ હોય છે.

**બાયરા જે ઉ પજ્જત્તા, દુવિહા તે વિયાહિયા ।**
**સાહારણસરીરા ય, પત્તેગા ય તહેવ ય ॥૯૩॥**

પર્યાપ્ત વનસ્પતિકાયના બે ભેદ પાડવામાં આવ્યા છે - સાધારણ શરીરી અને પ્રત્યેક શરીરી.

**પત્તેગસરીરા ઉ, ણેગહા તે પકિત્તિયા ।**
**રૂક્ખા ગુચ્છા ય ગુમ્મા ય, લયા વલ્લી તણા તહા ॥૯૪॥**

પ્રત્યેક શરીરી વનસ્પતિકાયના અનેક પ્રકાર છે, જેવા કે વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, લતા, વેલી, તૃણ વગેરે.

**લયાવલય પવ્વગા કુહુણા, જલરુહા ઓસહી તહા ।**
**હરિયકાયા બોદ્ધવ્વા, પત્તેગાઈ વિયાહિયા ॥૯૫॥**

લત્તા વલય, પર્વજ, કુહણ, જલરુહ, ઔષધિ, તૃણ અને હરિતકાય ઈત્યાદિ ભેદ પ્રત્યેક શરીરી વનસ્પતિકાયના કહ્યા છે.

**સાહારણસરીરા ઉ, ણેગહા તેપકિત્તિયા ।**
**આલુએ મૂલએ ચેવ, સિંગબેરે તહેવ ય ॥૯૬॥**

સાધારણ શરીરી વનસ્પતિકાયના અનેક ભેદ કહ્યા છે. જેમકે આલુ, મૂળા અને આદું વગેરે.

**હરિલિ સિરિલી સિસ્સિરિલી, જાવઈ કે ય કન્દલી ।**
**પલંડુલસણકન્દે ય, કન્દલી ય કુહુવ્વએ ॥૯૭॥**

**લોહિણિહૂયથી હૂય, કુહગા ય તહેવ ય ।**
**કણ્હે ય વજ્જકન્દે ય, કન્દે સૂરણએ તહા ॥૯૮॥**

**અસ્સકણી ય બોધવ્વા, સીહકણ્ણી તહેવ ય ।**
**મુસુંઢી ય હલિદ્દા ય, ણેગહા એવમાયઓ ॥૯૯॥**

હરિલી, સિરીલી, સિસ્સિરિલી, યાવતિક, કંદલિ, ડુંગળી, લસણ, કુસ્તુમ્બક, લોહિની, હુતાક્ષી, હૂત, કુહક, કૃષ્ણ, વજ્ર, સૂરણ, કંદ, અશ્વકર્ણી, સિંહ કર્ણી, મુસુંઢી અને હરિદ્રાકંદ ઈત્યાદિ અનેક પ્રકારની સાધારણ વનસ્પતિકાય હોય છે.

**એગવિહમણાણત્તા, સુહુમા તત્થ વિયાહિયા ।**
**સુહુમા સવ્વલોગમ્મિ, લોગદેસે ય બાયરા ॥૧૦૦॥**

સૂક્ષ્મ વનસ્પતિકાયના જીવ ભેદ રહિત માત્ર એક જ જાતના હોય છે અને એ સમસ્ત લોકમાં વ્યાપ્ત છે. બાદર જીવ લોકના અમુક ભાગમાં છે.

**સંતઈં પપ્પાણાઈયા, અપજ્જવસિયા વિ ય ।**
**ઠિઈં પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય ॥૧૦૧॥**

પ્રવાહ-સંતતિની અપેક્ષાએ વનસ્પતિકાય અનાદિ અનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિ સાન્ત છે.

**દસ ચેવ સહસ્સાઈં, વાસાણુક્કોસિયા ભવે ।**
**વણસ્સઈણ આઉં તુ, અન્તોમુહુત્તં જહન્નિયા ॥૧૦૨॥**

વનસ્પતિકાયના જીવોની આયુસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ દશ હજાર વર્ષની હોય છે.

**અણન્તકાલમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નિયા ।**
**કાયઠિઈ પણગાણં, તં કાયં તુ અમુંચઓ ॥૧૦૩॥**

વનસ્પતિકાયના જીવોની કાયસ્થિતિ એ કાયમાં જઘન્ય ફરતા રહેવાની અપેક્ષાએ જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અનંત કાળ છે.

**અસંખકાલમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નયં ।**
**વિજઢંમિ સએ કાએ, પણગજીવાણ અન્તરં ॥૧૦૪॥**

સ્વકાય છોડીને ફરીને ઉત્પન્ન થવાનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળનું છે.

**એસેસિં વણ્ણઓ ચેવ, ગન્ધઓ રસફાસઓ ।**
**સંઠાણદેસઓ વાવિ, વિહાણાઈં સહસ્સસો ॥૧૦૫॥**

વનસ્પતિકાયના જીવોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન અપેક્ષાએ હજાર વિધાન - પ્રકાર ભેદ છે.

**ઈચ્ચેએ થાવરા તિવિહા, સમાસેણ વિયાહિયા ।**
**ઈત્તો ઉ તસે તિવિહે, વુચ્છામિ અણુપુવ્વસો ॥૧૦૬॥**

આમ ત્રણ સ્થાવર કાયનું ટૂંકમાં વર્ણન કર્યું. હવે હું ત્રણ પ્રકારના ત્રણ જીવોનું અનુક્રમે વર્ણન કરું છું.

**તેઊ વાઊ ય બોધવ્વા, ઉરાલા ય તસા તહા ।**
**ઈચ્ચેએ તસા તિવિહા, તેસિં ભેએ સુણેહ મે ॥૧૦૭॥**

તેજસ્કાય, વાયુકાય અને પ્રધાન-ત્રસકાય આ જાત ત્રણ પ્રકારની છે. આના ભેદ મારી પાસેથી સાંભળો.

**દુવિહા તેઉ જીવા ઉ, સુહુમા બાયરા તહા ।**
**પજ્જત્તમપજ્જત્તા, એવમેવ દુહા પુણો ॥૧૦૮॥**

તેજસ્કાયના ભેદ સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારના છે. આમાં પ્રત્યેકના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે ભેદ છે.

**બાયરા જે ઉ પજ્જત્તા, ણેગહા તે વિયાહિયા ।**
**ઈન્ગાલે મુમ્મુરે અગણી, અચ્ચિ જાલા તહેવ ય ॥૧૦૯॥**

**ઉક્કા વિજ્જૂ ય બોધવ્વા, ણેગહા એવમાયઓ ।**
**એગવિહમણાણત્તા, સુહુમા તે વિયાહિયા ॥૧૧૦॥**

**સુહુમા સવ્વલોગમ્મિ, લોગદેસે ય બાયરા ।**
**ઈત્તો કાલવિભાગં તુ, તેસિં વુચ્છં ચઉવ્વિહં ॥૧૧૧॥**

પર્યાપ્ત બાદર અગ્નિકાય અનેક પ્રકારની કહી છે, જેમકે અંગાર, ચિનગારી, અગ્નિ, દીપશિખા, મૂલ રહિત અગ્નિશિખા, ઉલ્કા અને વીજળી ઈત્યાદિ અનેક ભેદ છે અને તે સમસ્ત લોકમાં વ્યાપ્ત છે. બાદર તેજસ્કાય લોકના અમૂક ભાગમાં છે. હવે આનો કાળ વિભાગ ચાર પ્રકારે કહે છે.

**સંતઈ પપ્પણાઈયા, અપજ્જવસિયા વિ ય ।**
**ઠિઈ પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય ॥૧૧૨॥**

અગ્નિકાયના જીવો સંતતિ-પ્રવાહની અપેક્ષાએ અનાદિ અનંત છે, અને સ્થિતિની અપેક્ષાએ સાદિ સાન્ત છે.

**ત્તિણ્ણેવ અહોરત્તા, ઉક્કોસેણ વિયાહિયા ।**
**આઉઠિઈ તેઊણં, અંતોમુહુત્તં જહન્નિયા ॥૧૧૩॥**

અગ્નિકાયના જીવોનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ ત્રણ અહોરત્રિનું છે.

**અસંખકાલમુક્કોસં, અંતોમુહુત્તં જહન્નિયા ।**
**કાયઠિઈ તેઊણં, તં કાયં તુ અમુંચઓ ॥૧૧૪॥**

કાય સ્થિતિ સતત રહેવાની અપેક્ષાએ જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અસંખ્ય કાળની હોય છે.

**અણંતકાલમુક્કોસં, અંતોમુહુત્તં જહન્નયં ।**
**વિજઢમ્મિ સએ કાએ, તેઉજીવાણ અંતરં ॥૧૧૫॥**

તેજસ્કાયને છોડીને જીવ પુનઃ એ જ શરીરમાં જન્મે, તો એમાં અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અનંતકાળ હોય છે.

**એસેસિં વણ્ણઓ ચેવ, ગંધઓ રસફાસઓ ।**
**સંઠાણ દેસઓ વા વિ, વિહાણાઈં સહસ્સસો ॥૧૧૬॥**

આના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન અપેક્ષાએ હજારો પ્રકારનાં વિધાનો હોય છે.

**દુવિહા વાઉજીવા ઉ, સુહુમા બાયરા તહા ।**
**પજ્જત્તમપજ્જત્તા, એવમેવ દુહા પુણો ॥૧૧૭॥**

વાયુકાયના જીવ સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકારના હોય છે. આ બેના પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદ છે.

**બાયરા જે ઉ પજ્જત્તા, પંચહા તે પકિત્તિયા ।**
**ઉક્કલિયા-મંડલિયા, ઘણ-ગુંજા-સુદ્ધાવાયા ય ॥૧૧૮॥**

પર્યાપ્ત બાદર વાયુકાયના પાંચ પ્રકાર છે. રહી રહીને ચાલનાર ચક્રાકાર, ઘનવાયુ, ગુંજતો વાયુ અને શુદ્ધ વાયુ.

**સંવટ્ટગવાયા ય, ણેગહા એવમાયઓ ।**
**એગવિહમણાણત્તા, સુહુમા તત્થ વિયાહિયા ॥૧૧૯॥**

તથા સંવર્તક વાયુ ઈત્યાદિ અનેક ભેદ છે. સૂક્ષ્મ વાયુ ભેદથી રહિત માત્ર એક જ જાતનો હોય છે.

**સુહુમા સવ્વલોગમ્મિ, લોગદેસે ય બાયરા ।**
**ઈત્તો કાલવિભાગં તુ, તેસિં વુચ્છં ચઉવ્વિહં ॥૧૨૦॥**

સૂક્ષ્મવાયુ સમસ્ત લોકમાં છે અને બાદર વાયુ લોકના એક દેશમાં છે. હવે આના કાળ વિભાગના ચાર પ્રકારનું વર્ણન હું કરીશ.

**સંતઈ પપ્પણાઈયા, અપજ્જવસિયા વિ ય ।**
**ઠિઈ પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય ॥૧૨૧॥**

પ્રવાહની અપેક્ષાએ વાયુકાય અનાદિ અનંત છે. સ્થિતિ અપેક્ષાએ સાદિ સાન્ત છે.

**તિણ્ણેવ સહસ્સાઈ, વાસાણુક્કોસિયા ભવે ।**
**આઉઠિઈ વાઊણં, અંતોમુહુત્તં જહન્નિયા ॥૧૨૨॥**

વાયુકાયના જીવોની આયુસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ ત્રણ હજાર વર્ષની હોય છે.

**અસંખકાલમુક્કોસં, અંતોમુહુત્તં જહન્નિયા ।**
**કાયઠિઈ વાઊણં, તં કાયં તુ અમુંચઓ ॥૧૨૩॥**

વાયુકાયના જીવોની કાયસ્થિતિ એ જ શરીરમાં લગાતાર રહેવાની અપેક્ષાએ જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળની છે.

**અણંતકાલમુક્કોસં, અંતોમુહુત્તં જહન્નયં ।**
**વિજઢમ્મિ સએ કાએ, વાઉજીવાણ અંતરં ॥૧૨૪॥**

વાયુકાયને છોડીને પુનઃ એ જ શરીરમાં ઉત્પન્ન થવાનો કાલાંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અનંત કાળ છે.

**એસેસિં વણ્ણઓ ચેવ, ગંધઓ રસફાસઓ ।**
**સંઠાણદેસઓ વા વિ, વિહાણાઈ સહસ્સસો ॥૧૨૫॥**

વાયુજીવોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ હજારો વિધાન છે.

**ઉરાલા તસા જે ઉ, ચઉહા તે પકિત્તિયા ।**
**બેઈન્દિયા તેઈન્દિયા, ચઉરો પંચિન્દિયા ચેવ ॥૧૨૬॥**

મોટા ત્રસકાય જીવોના ચાર પ્રકાર છે. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય.

**બેઈન્દિયા ઉ જે જીવા, દુવિહા તે પકિત્તિયા ।**
**પજ્જત્તમપજ્જત્તા, તેસિં ભેએ સુણેહ મે ॥૧૨૭॥**

બે ઈન્દ્રિય જીવોના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે ભેદ છે, આના ઉત્તરભેદ મારી પાસેથી સાંભળો.

**કિમિણો સોમંગલા ચેવ, અલસા માઈવાહયા ।**
**વાસીમુહા ય સિપ્પીયા, સંખા સંખણગા તહા ॥૧૨૮॥**

**પલ્લોયાણુલ્લયા ચેવ, તહેવ ય વરાડગા ।**
**જલૂગા જાલગા ચેવ, ચંદણા ય તહેવ ય ॥૧૨૯॥**

કૃમિ, સુમંગલ, અળસિયા, માતૃવાહક, વાસીમુખ, સીપ, શંખ અને લઘુ શંખ આદિ, પલ્વક, અનુપલ્લક, કોડી જોંકજાલક અને ચંદનિયા આદિ અનેક પ્રકારના બે ઈન્દ્રિયવાળા જીવ કહેવામાં આવે છે.

**ઇઇ બેઇન્દિયા એએ, ણેગહા એવમાયઓ ।**
**લોગેગદેસે તે સવ્વે, ન સવ્વત્થ વિયાહિયા ॥૧૩૦॥**

એ બેઈન્દ્રિય જીવ અનેક પ્રકારના છે. લોકના અમુક ભાગમાં જ રહે છે. સર્વત્ર નથી રહેતા.

**સંતઈં પપ્પણાઈયા, અપજ્જવસિયા વિ ય ।**
**ઠિઇં પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય ॥૧૩૧॥**

આ જીવ સંતતિની અપેક્ષાએ અનાદિ અનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિ સાન્ત છે.

**વાસાઈં બારસા ચેવ, ઉક્કોસેણ વિયાહિયા ।**
**બેઇન્દિય આઉઠિઇ, અંતોમુહુત્તં જહન્નિયા ॥૧૩૨॥**

બે ઈન્દ્રિય જીવની આયુષ્ય સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બાર વર્ષની હોય છે.

**સંખેજ્જકાલમુક્કોસં, અંતોમુહુત્તં જહન્નિયા ।**
**બેઇન્દિય કાયઠિઈ, તં કાયં તુ અમુંચઓ ॥૧૩૩॥**

સતત નિવાસની અપેક્ષાએ બેઈન્દ્રિય જીવોની કાય સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાત કાળની છે.

**અણન્તકાલમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નયં ।**
**બેઇન્દિય જીવાણં, અંતરં ય વિયાહિયં ॥૧૩૪॥**

આ શરીર છોડીને ફરીથી બેઈન્દ્રિય કાયમાં જન્મ લેવાનો અંતરકાળ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંત કાળ છે.

**એસેસિં વણ્ણઓ ચેવ, ગંધઓ રસ ફાસઓ ।**
**સંઠાણદેસઓ વા વિ, વિહાણાઈં સહસ્સસો ॥૧૩૫॥**

એના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ હજારો ભેદ હોય છે.

**તેઈન્દિયા ઉ જે જીવા, દુવિહા તે પકિત્તિયા ।**
**પજ્જત્તમપજ્જત્તા, તેસિં ભેએ સુણેહ મે ॥૧૩૬॥**

તેઈન્દ્રિય જીવોના પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદ છે. હવે એના ઉત્તર ભેદ સાંભળો.

**કુંથુપિવિલિઉડ્ડંસા, ઉક્કલુદેહિયા તહા ।**
**તણહાર કટ્ઠહારા ય, માલુગા પત્તહારગા ॥૧૩૭॥**

**કપ્પાસટ્ઠિમ્મિ જાયા, તિંદુગા તઉસમિંજગા ।**
**સદાવરી ય ગુમ્મી ય, બોધવ્વા ઈન્દગાઈયા ॥૧૩૮॥**

**ઈન્દગોવગમાઈયા, ણેગવિહા એવમાયઓ ।**
**લોગેગદેસે તે સવ્વે, ન સવ્વત્થ વિયાહિયા ॥૧૩૯॥**

કંથવા, કીડી, માંકડ, કરોળિયા, ઉધઈ, તૃણાહારક, કાષ્ટહારક, ઘૃણ માલુક, પત્રાહારક, કાપાસિક, અસ્થિજાત, તિન્દુક, ત્રપુષ, મિજંક; શતાવરી, કાન ખજૂરા, ઈન્દ્રકાયિક તથા ઈન્દ્રગોપ ઈત્યાદિ અનેક જાતના તેઈન્દ્રિય જીવો છે. આ જીવો લોકના એક ભાગમાં જ રહે છે. સર્વત્ર રહેતા નથી.

**સંતઈ પપ્પણાઈયા, અપજ્જવસિયા વિય ।**
**ઠિઈં પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિય ॥૧૪૦॥**

તેઈન્દ્રિય કાય સંતતિ અપેક્ષાએ સાદિ અંતરહિત અને સ્થિતિની અપેક્ષાએ સાદિ સાન્ત છે.

**એગુણપણ્ણહોરત્તા, ઉક્કોસેણ વિયાહિયા ।**
**તેઈન્દિય આઉઠિઈ, અંતોમુહુત્તં જહન્નિયા ॥૧૪૧॥**

તેઈન્દ્રિય જીવોની આયુ સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ઓગણપચાસ અહોરાત્રિની હોય છે.

**સંખિજ્જકાલમુક્કોસા, અંતોમુહુત્તં જહન્નિયા ।**
**તેઇન્દિયકાયઠિઈ, તં કાયં તુ અમુંચઓ ॥૧૪૨॥**

સતત નિવાસની અપેક્ષાએ તેઈન્દ્રિય જીવોની કાય સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાતા કાળની છે.

**અણંતકાલમુક્કોસં, અંતોમુહુત્તં જહન્નયં ।**
**તેઈન્દિયજીવાણં, અંતરં તુ વિયાહિયં ॥૧૪૩॥**

બીજી કાયમાં જન્મ લઈને પુનઃ તેઈન્દ્રિય કાયમાં ઉત્પન્ન થવાનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અનંત કાળનું છે.

**એએસિં વણ્ણઓ ચેવ, ગંધઓ રસફાસઓ ।**
**સંઠાણદેસઓ વા વિ, વિહાણાઈં સહસ્સસો ॥૧૪૪॥**

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ તેઈન્દ્રિય જીવોના હજારો ભેદ છે.

**ચઉરિન્દિયા ઉ જે જીવા, દુવિહા તે પકિત્તિયા ।**
**પજ્જત્તમપજ્જત્તા, તેસિં ભેએ સુણેહ મે ॥૧૪૫॥**

પર્યાપ્ત અને અપર્યાપ્ત આમ ચાર ઈન્દ્રિયવાળા જીવોના બે ભેદ છે. હવે એના ઉત્તર ભેદ સાંભળો.

**અંધિયા પોત્તિયા ચેવ, મચ્છિયા મસગા તહા ।**
**ભમરે કીડપયંગે ય, ઢિંકુણે કુંકણે તહા ॥૧૪૬॥**

**કુક્કુડે સિંગરીડી ય, નંદાવત્તે ય વિચ્છુએ ।**
**ડોલે ભિંગિરીડી ય, ચિરલી અચ્છિવેહએ ॥૧૪૭॥**

**અચ્છિલે માહએ અચ્છિ, રોડએ વિચિત્તે ચિત્તપત્તએ ।**
**ઉહિંજલિયા જલકારી ય, નિયયા તંબગાઈયા ॥૧૪૮॥**

**ઈય ચઉરિન્દિયા એએ, ણેગહા એવમાયઓ ।**
**લોગસ્સ એગદેસમ્મિ, તે સવ્વે પરિકિત્તિયા ॥૧૪૯॥**

અંધક, પૌતિક, મક્ષિકા, મચ્છર, ભ્રમર, કીટ, પતંગ, ઢિંકણ, કુંકણ, કુર્કુટ, સિંગરીટી, નન્ધાવર્ત, વીંછી, ડોલ, ભૃગરીટક, અક્ષિવેધક, અક્ષિલ, માગધ, અક્ષિરોડક, વિચિત્ર, ચિત્રપત્રક, ઉપધિજલકા, જલકારી, નીચક અને તામ્રક આદિ અનેક પ્રકારના ચૌરેન્દ્રિય જીવો છે. આ બધા લોકના એક ભાગમાં રહે છે.

**સંતઈં પપ્પણાઈયા, અપજ્જવસિયા વિ ય ।**
**ઠિઈં પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય ॥૧૫૦॥**

પ્રવાહની અપેક્ષાએ આ જીવો અનાદિ અનંત છે એ સ્થિતિની અપેક્ષાએ આદિ અંત સહિત છે.

**છચ્ચેવ ય માસા, ઉ, ઉક્કોસેણ વિયાહિયા ।**
**ચઉરિંદિયઆઉઠિઇ, અંતોમુહુત્તં જહન્નિયા ॥૧૫૧॥**

ચાર ઈન્દ્રિયવાળા જીવોની આયુસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ છ મહિનાની કહી છે.

**સંખિજ્જકાલમુક્કોસં, અંતોમુહુત્તં જહન્નયં ।**
**ચઉરિંદિયકાયઠિઈ, તં કાયં તુ અમુંચઓ ॥૧૫૨॥**

ચક્ષુરિન્દ્રિય કાયમાં જ જીવ નિરંતર રહે તો જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાત કાળ સુધી રહે છે.

**અણંતકાલમુક્કોસં, અંતોમુહુત્તં જહન્નયં ।**
**વિજઢમ્મિ સએ કાએ, અંતરં ચ વિયાહિયં ॥૧૫૩॥**

બીજી કાયમાં ઉત્પન્ન થઈને ફરીથી ચતુરિન્દ્રિય કાયમાં જન્મ લેવાનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનંત કાળનું છે.

**એએસિં વણ્ણઓ ચેવ, ગંધઓ રસફાસઓ ।**
**સંઠાણદેસઓ વા વિ, વિહાણાઈં સહસ્સસો ॥૧૫૪॥**

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ ચતુરિન્દ્રિય જીવોના હજારો ભેદ છે.

**પંચિંદિયા ઉ જે જીવા, ચઉવ્વિહા તે વિયાહિયા ।**
**નેરઈયા તિરિક્ખા ય, મણુયા દેવા ય આહિયા ॥૧૫૫॥**

પંચેન્દ્રિય જીવના ચાર પ્રકાર કહ્યા છે - નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ.

**નેરઈયા સત્તવિહા, પુઢવીસુ સત્તસુ ભવે ।**
**રયણાભસક્કરાભા, વાલુયાભા ય આહિયા ॥૧૫૬॥**

**પંકાભા ધૂમાભા તમા તમતમા તહા ।**
**ઇઇ નેરઈયા એએ, સત્તહા પરિકિત્તિયા ॥૧૫૭॥**

રત્ન પ્રભા, શર્કરા પ્રભા, વાલુકા પ્રભા, પંક પ્રભા, ધૂમ પ્રભા, તમ પ્રભા, તમતમા પ્રભા - આ સાત પૃથ્વીઓમાં રહેનાર નૈરયિક જીવોના સાત પ્રકાર છે.

**લોગસ્સ એગદેસમ્મિ, તે સવ્વે ઉ વિયાહિયા ।**
**એત્તો કાલવિભાગં તુ, તેસિં, વુચ્છં ચઉવ્વિહં ॥૧૫૮॥**

આ બધા નારકીના જીવ લોકના એક ભાગમાં રહે છે. હવે કાળની અપેક્ષાએ એના ચાર ભેદ કહું છું.

**સંતઈં પપ્પણાઈયા, અપજ્જવસિયા વિ ય ।**
**ઠિઈં પડુચ્ચ સાઈયા, સપજ્જવાસિયા વિ ય ॥૧૫૯॥**

સંતતિ પ્રવાહની અપેક્ષાએ નારકીના જીવો અનાદિ અનંત છે. અને સ્થિતિની અપેક્ષાએ સાદિ સાન્ત છે.

**સાગરોવમમેગં તુ, ઉક્કોસેણ વિયાહિયા ।**
**પઢમાએ જહન્નેણં, દસવાસસહસ્સિયા ॥૧૬૦॥**

પહેલી નરકની સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ એક સાગરોપમની કહી છે.

**ત્તિણ્ણેવ સાગરાઊ, ઉક્કોસેણ વિયાહિયા ।**
**દુચ્ચાએ જહન્નેણં, એગં તુ સાગરોવમં ॥૧૬૧॥**

બીજી નરકની સ્થિતિ જઘન્ય એક સાગરોપમ અને ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમની છે.

**સત્તેવ સાગરા ઊ, ઉક્કોસેણ વિયાહિયા ।**
**તઈયાએ જહન્નેણં, તિણ્ણેવ સાગરોવમા ॥૧૬૨॥**

ત્રીજી નરકની આયુ સ્થિતિ જઘન્ય ત્રણ સાગરોપમ અને ઉત્કૃષ્ટ સાત સાગરોપમની છે.

**દસસાગરોવમા ઊ, ઉક્કોસેણ વિયાહિયા ।**
**ચઉત્થીએ જહન્નેણં, સત્તેવ સાગરોવમા ॥૧૬૩॥**

ચોથા નરકની સ્થિતિ જઘન્ય સાત સાગરોપમ અને ઉત્કૃષ્ટ દશ સાગરોપમની છે.

**સત્તરસસાગરા ઊ, ઉક્કોસેણ વિયાહિયા ।**
**પંચમાએ જહન્નેણં, દસ ચેવ સાગરોવમા ॥૧૬૪॥**

પાંચમી નરકની સ્થિતિ જઘન્ય દશ સાગરોપમની અને ઉત્કૃષ્ટ સત્તર સાગરોપમની છે.

**બાવીસસાગરા ઊ, ઉક્કોસેણ વિયાહિયા ।**
**છટ્ઠીએ જહન્નેણં, સત્તરસ સાગરોવમા ॥૧૬૫॥**

છઠ્ઠી નરકની આયુષ્ય સ્થિતિ જઘન્ય સત્તર સાગરોપમ અને ઉત્કૃષ્ટ બાવીશ સાગરોપમની છે.

**તેત્તીસસાગરા ઊ, ઉક્કોસેણ વિયાહિયા ।**
**સત્તમાએ જહન્નેણં, બાવીસં સાગરોવમા ॥૧૬૬॥**

સાતમી નરકની સ્થિતિ જઘન્ય બાવીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની છે.

**જા ચેવ ય આઉઠિઈ, નેરઈયાણં વિયાહિયા ।**
**સા તેસિં, કાયઠિઈ, જહન્નુક્કોસિયા ભવે ॥૧૬૭॥**

નારકજીવોની જેટલી આયુષ્ય સ્થિતિ છે એટલી જ જઘન્ય અને ઉત્કૃષ્ટ કાય સ્થિતિ છે.

**અણન્તકાલમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નયં ।**
**વિજઢમ્મિ સએ કાએ, નેરઈયાણં તુ અંતરં ॥૧૬૮॥**

નારકીનો જીવ સ્વકાય છોડીને પુનઃ નારકી થાય તો એનો અંતરકાળ જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અનંત કાળ છે.

**એએસિં વણ્ણઓ ચેવ, ગન્ધઓ રસફાસઓ ।**
**સંઠાણદેસઓ વા વિ, વિહાણાઈં સહસ્સઓ ॥૧૬૯॥**

એના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ હજારો ભેદ છે.

**પંચિન્દિયતિરિક્ખા ઉ, દુવિહા તે વિયાહિયા ।**
**સમ્મુચ્છિમતિરિક્ખા ઉ, ગબ્ભવક્કંતિયા તહા ॥૧૭૦॥**

પંચેન્દ્રિય તિર્યંચ જીવના બે પ્રકાર છે. (૧) સંમૂર્ચ્છિમ અને (૨) ગર્ભજ.

**દુવિહા તે ભવે તિવિહા, જલયરા થલયરા તહા ।**
**નહયરા ય બોધવ્વા, તેસિં ભેએ સુણેહ મે ॥૧૭૧॥**

આ બે જાતના તિર્યન્ચ પંચેન્દ્રિયના ત્રણ ભેદ છે - જલચર, સ્થલચર અને નભચર(ખેચર). હવે એના ભેદ સાંભળો.

**મચ્છા ય કચ્છભા ય, ગાહા ય મગરા તહા ।**
**સુંસુમારા ય બોધવ્વા, પંચહા જલયરાહિયા ॥૧૭૨॥**

મચ્છ, કચ્છ, ગ્રાહ, મગર અને સુંસુમાર - આ પાંચ જલચરના ભેદ છે.

**લોગેગદેસે તે સવ્વે ન સવ્વત્થ વિયાહિયા ।**
**એત્તો કાલવિભાગં તુ, તેસિં વુચ્છં ચઉવ્વિહં ॥૧૭૩॥**

આ જીવો લોકના અમુક ભાગમાં જ છે. સર્વ સ્થળે નથી. કાળ વિભાગના ચાર પ્રકાર છે.

**સંતઈં પપ્પણાઈયા, અપજ્જવસિયા વિ ય ।**
**ઠિઈં પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય ॥૧૭૪॥**

પ્રવાહ અપેક્ષાએ જલચર અનાદિ અનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિ સાંત છે.

**એગા ય પુવ્વકોડી, ઉક્કોસેણ વિયાહિયા ।**
**આઉઠિઈ જલયરાણં, અંતોમુહુત્તં જહન્નિયા ॥૧૭૫॥**

જલચર તિર્યંચ પંચેન્દ્રિયની આયુ સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ એક કરોડ પૂર્વની છે.

**પુવ્વકોડીપુહુત્તં તુ, ઉક્કોસેણ વિયાહિયા ।**
**કાયઠિઇ જલયરાણં, અંતોમુહુત્તં જહન્નિયા ॥૧૭૬॥**

જલચરોની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ બેથી માંડીને નવ કરોડ પૂર્વ સુધીની હોય છે.

**અણન્તકાલમુક્કોસં, અન્તોમુહુત્તં જહન્નયં ।**
**વિજઢંમિ સએ કાએ, જલયરાણં અન્તરં ॥૧૭૭॥**

જલચર તિર્યન્ચ પંચેન્દ્રિય બીજા સ્થળે જઈ ફરી સ્વકાયમાં જન્મે તો એનો અંતરકાળ જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અનંત કાળનો હોય છે.

**એસેસિં વણ્ણઓ ચેવ, ગંધઓ રસ ફાસઓ ।**
**સંઠાણદેસઓ વા વિ, વિહાણાઈં સહસ્સસો ॥૧૭૮॥**

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ જલચરોના હજારો ભેદ છે.

**ચઉપ્પયા ય પરિસપ્પા, દુવિહા થલયરા ભવે ।**
**ચઉપ્પયા ચઉવ્વિહા, તે મે કિત્તયઓ સુણ ॥૧૭૯॥**

સ્થલચર જીવ બે પ્રકારના છે - (૧) ચતુષ્પાદ, (૨) પરિસર્પ. ચતુષ્પાદ ચાર પ્રકારના છે. એના ભેદ સાંભળો.

**એગખુરા દુખુરા ચેવ, ગંડીપય સણહપ્પયા ।**
**હયમાઇ ગોણમાઇ, ગયમાઇ સીહમાઇણો ॥૧૮૦॥**

એક ખરીવાળા અશ્વાદિ, બે ખરીવાળા ગાય આદિ, ગંડીપદ-હાથી આદિ અને સનખપદ-સિંહ, આદિ

**ભુઓરગપરિસપ્પા ય, પરિસપ્પા દુવિહા ભવે ।**
**ગોહાઇ અહિમાઇ ય, ઇક્કેક્કા ણેગહા ભવે ॥૧૮૧॥**

પરિસર્પના બે ભેદ - ૧. ગોહ આદિ ભુજપરિસર્પ અને ૨. સર્પાદિ ઉરપરિસર્પ. આના અનેક ભેદ છે.

**લોએગદેસે તે સવ્વે, ન સવ્વત્થ વિયાહિયા ।**
**એત્તો કાલવિભાગં તુ, તેસિં વોચ્છં ચઉવ્વિહં ॥૧૮૨॥**

આ જીવ લોકના એક (દેશ) ભાગમાં જ છે, સર્વત્ર નથી. કાળની અપેક્ષાએ આના ચાર ભેદ કહું છું.

**સંતઈં પપ્પણાઈયા, અપજ્જવસિયા વિ ય ।**
**ઠિંઇ પડુચ્ચ સાઇયા, સપજ્જવસિયા વિ ય ॥૧૮૩॥**

આ જીવ સંતતિની અપેક્ષાએ અનાદિ અનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિ સાન્ત છે.

**પલિઓવમાઈં તિણ્ણિઉ, ઉક્કોસેણ વિયાહિયા ।**
**આઉઠિઇ થલયરાણં, અંતોમુહુત્તં જહન્નિયા ॥૧૮૪॥**

સ્થલચરોની આયુ સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની છે.

**પુવ્વકોડિ પુહત્તેણં, અંતોમુહુત્તં જહન્નિયા ।**
**કાયઠિઇણં થલયરામં, અંતરં તેસિમં ભવે ॥૧૮૫॥**

સ્થલચરોની કાય સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ સહિત બેથી માંડીને નવ કરોડ પૂર્વ સુધીની કહી છે.

**અણન્તકાલમુક્કોસં, અંતોમુહુત્તં જહન્નયં ય ।**
**વિજઢમ્મિ સએ કાએ, થલયરાણં અંતરં ॥૧૮૬॥**

સ્થલચર કાયમાં પુનઃ ઉત્પન્ન થવાનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અનંત કાળનું છે.

**ચમ્મે ઉ લોમપક્ખીય, તઈયા સમુગ્ગપક્ખિયા ।**
**વિયયપક્ખી ય બોધવ્વા, પક્ખિણો ય ચઉવ્વિહા ॥૧૮૭॥**

ચર્મ પક્ષી, રોમ પક્ષી, સમુદગ પક્ષી અને વિતત પક્ષી - આમ પક્ષીના ચાર ભેદ છે.

**લોગેગદેસે તે સવ્વે, ન સવ્વત્થ વિયાહિયા ।**
**ઈત્તો કાલ વિભાગં તુ, તેસિં વોચ્છં ચઉવ્વિહં ॥૧૮૮॥**

આ જીવ લોકના એક ભાગમાં જ છે, સર્વત્ર નથી. કાળ ભેદથી આના ચાર પ્રકાર છે.

**સંતઇ પપ્પણાઇયા, સપજ્જવસિયા વિ ય ।**
**ઠિઈં પડુચ્ચ સાઇયા, સપજ્જવસિયા વિ ય ॥૧૮૯॥**

પ્રવાહની અપેક્ષાએ અનાદિ અનંત અને સ્થિતિની અપેક્ષાએ સાદિ સાંત છે.

**અસંખભાગ પલિયસ્સ, ઉક્કોસેણ ઉ સાહિયા ।**
**આઉઠિઈ ખહયરાણં, અંતોમુહુત્તં જહન્નિયા ॥૧૯૦॥**

આ ખેચરોની આયુ સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે.

**અસંખભાગ પલિયસ્સ, ઉક્કોસેણ ઉ સાહિયા ।**
**પુવ્વકોડિપુહત્તેણં, અંતોમુહુત્તં જહન્નિયા ॥૧૯૧॥**

**કાયઠિઈ ખહયરાણં, અંતરં તેસિમં ભવે ।**
**અણન્તકાલમુક્કોસં, અંતોમુહુત્તં જહન્નયં ॥૧૯૨॥**

ખેચર જીવોની કાય સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્ય ભાગ સહિત બેથી માંડીને નવ પૂર્વક્રોડની કહેવામાં આવી છે. એનો અંતર કાળ જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અનંત કાળનો છે.

**એએસિં વણ્ણઓ ચેવ, ગન્ધઓ રસફાસઓ ।**
**સંઠાણદેસઓ વા વિ, વિહાણાઈં સહસ્સસો ॥૧૯૩॥**

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ તિર્યંચ પંચેન્દ્રિયના હજારો ભેદ છે.

**મણુયા દુવિહ ભેયા ઉ, તે મે કિત્તયઓ સુણ ।**
**સમ્મુચ્છિમા ય મણુયા, ગબ્ભવુક્કંતિયા તહા ॥૧૯૪॥**

મનુષ્યના સંમૂર્ચ્છિમ અને ગર્ભજ એવા બે ભેદ છે.

**ગબ્ભવુક્કંતિયા જે ઉ, તિવિહા તે વિયાહિયા ।**
**કમ્મઅકમ્મભૂમા ય, અંતરદીવયા તહા ॥૧૯૫॥**

ગર્ભોત્પન્ન મનુષ્યોના ત્રણ પ્રકાર છે - કર્મભૂમિ, અકર્મભૂમિ અને અન્તર દ્વીપ.

**પણ્ણરસત્તીસવિહા, ભેયા અટ્ઠવીસઈ ।**
**સંખા ઉ કમસો તેસિં, ઈઈ એસા વિયાહિયા ॥૧૯૬॥**

કર્મ ભૂમિના ૧૫, અકર્મ ભૂમિના ૩૦ અને અન્તર દ્વીપના મનુષ્યના ૨૮ ભેદ છે.

**સમ્મુચ્છિમાણ એસેવ, ભેઓ હોઇ વિયાહિઓ ।**
**લોગસ્સ એગદેસમ્મિ, તે સવ્વે વિ વિયાહિયા ॥૧૯૭॥**

ગર્ભજ મનુષ્યની માફક સંમૂચ્છિર્મ મનુષ્યોનો પણ ભેદ છે. આ બધા મનુષ્ય-લોકના એક દેશમાં છે.

**સંતઈં પપ્પણાઈયા, અપજ્જવસિયા વિ ય ।**
**ઠિઈં પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય ॥૧૯૮॥**

મનુષ્ય સંતતિ અપેક્ષાએ અનાદિ અનંત છે અને સ્થિતિ અપેક્ષાએ સાદિ સાન્ત છે.

**પલિઓવમાઈં તિન્નિ ઉ, ઉક્કોસેણ વિયાહિયા ।**
**આઉઠિઇ મણુયાણં, અંતોમુહુત્તં જહિન્નયા ॥૧૯૯॥**

મનુષ્યોની આયુ સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની છે.

**પલિઓવમાઈં તિન્નિ ઉ, ઉક્કોસેણ વિયાહિયા ।**
**પુવ્વકોડિપુહત્તેણં, અંતોમુહુત્તં જહન્નિયા ॥૨૦૦॥**

મનુષ્યોની કાય સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ સહિત બે થી નવ પૂર્વ ક્રોડની છે.

**કાયઠિઈ મણુયાણં, અંતર તેસિમં ભવે ।**
**અણન્તકાલમુક્કોસં, અંતોમુહુત્તં જહન્નયં ॥૨૦૧॥**

મનુષ્યોનું એ જ કાયમાં ફરીથી ઉત્પન્ન થવાનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અનંત કાળ છે.

**એએસિં વણ્ણઓ ચેવ, ગંન્ધઓ રસફાસઓ ।**
**સંઠાણદેસઓ વા વિ, વિહાણાઈં સહસ્સસો ॥૨૦૨॥**

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન અપેક્ષાએ મનુષ્યોના હજારો પ્રકાર છે.

**દેવા ચઉવિહા વુત્તા, તે મે કિત્તયઓ સુણ ।**
**ભોમિજ્જ વાણમંતર, જોઈસ વેમાણિયા તહા ॥૨૦૩॥**

દેવોના ચાર ભેદ છે- ૧. ભવનપતિ, ૨. વાણવ્યંતર, ૩. જ્યોતિષી અને ૪. વૈમાનિક.

**દસહા ઉ ભવણવાસી, અટ્ઠહા વણચારિણો ।**
**પંચવિહા જોઈસિયા, દુવિહા વેમાણિયા તહા ॥૨૦૪॥**

દશ પ્રકારના ભવનપતિ, આઠ પ્રકારના વ્યંતર, પાંચ પ્રકારના જ્યોતિષી અને બે પ્રકારના વૈમાનિક દેવ છે.

**અસુરા નાગ સુવણ્ણા, વિજ્જુ અગ્ગી ય આહિયા ।**
**દીવોદહી દિસા વાયા, થણિયા ભવણવાસિણો ॥૨૦૫॥**

અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર, વાયુકુમાર અને સ્તનિતકુમાર આ-દશ જાતના ભવનપતિ દેવ છે.

**પિસાય ભૂયા જક્ખા ય, રક્ખસા કિન્નરા ય કિંપુરિસો ।**
**મહોરગા ય ગંધવ્વા, અટ્ઠવિહા વાણમંતરા ॥૨૦૬॥**

પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ મહોરગ અને ગંધર્વ - આ આઠ પ્રકાર વાણવ્યંતર દેવોના છે.

**ચંદા સૂરા ય નક્ખત્તા, ગહા તારાગણા તહા ।**
**ઠિયા વિચારિણો ચેવ, પંચહા જોઈસાલયા ॥૨૦૭॥**

ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, ગ્રહ અને તારાગણ - આ પાંચ પ્રકારના જ્યોતિષી દેવ મનુષ્ય લોકમાં ફરતા રહે છે અને મનુષ્ય લોકની બહાર સ્થિર છે.

**વેમાણિયા ઉ જે દેવા, દુવિહા તે વિયાહિયા ।**
**કપ્પોવગા ય બોધવ્વા, કપ્પાઈયા તહેવ ય ॥૨૦૮॥**

વૈમાનિક દેવો બે જાતના છે - કલ્પોત્પન્ન અને કલ્પાતીત.

**કપ્પોવગા ય બારસહા, સોહમ્મિસાણગા તહા ।**
**સણંકુમારમાહિંદા, બંભલોગા ય લન્તગા ॥૨૦૯॥**

**મહાસુક્કા સહસ્સારા, આણયા પાણયા તહા ।**
**આરણા અચ્ચુયા ચેવ, ઈઈ કપ્પોવગા સુરા ॥૨૧૦॥**

કલ્પોત્પન્ન વૈમાનિક બાર જાતના છે- સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મ, લાન્તક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ અને અચ્યુત.

**કપ્પાઈયા ઉ જે દેવા, દુવિહા તે વિયાહિયા ।**
**ગેવિજ્જાડણુત્તરા ચેવ, ગેવિજ્જા નવવિહા તહિં ॥૨૧૧॥**

કલ્પાતીત દેવો બે પ્રકારના કહ્યા છે - ગ્રૈવેયક અને અનુત્તર. ગ્રૈવેયક નવ પ્રકારના છે.

**હેટ્ઠિમા હેટ્ઠિમા ચેવ, હેટ્ઠિમા મજ્જિમા તહા ।**
**હેટ્ઠિમા ઉવરિમા ચેવ, મજ્જિમા હેટ્ઠિમા તહા ॥૨૧૨॥**

**મજ્જિમા મજ્જિમા ચેવ, મજ્જિમા ઉવરિમા તહા ।**
**ઉવરિમા હેટ્ઠિમા ચેવ, ઉવરિમા મજ્જિમા તહા ॥૨૧૩॥**

૧. નીચેની ત્રિકના નીચેના દેવ, ૨. નીચેની ત્રિકના વચલા દેવ, ૩. નીચેની ત્રિકના ઉપલા દેવ, ૪. વચલી ત્રિકના નીચેના દેવ, ૫. વચલી ત્રિકના વચલા દેવ, ૬. વચલી ત્રિકના ઉપલા દેવ, ૭. ઉપલી ત્રિકના નીચેના દેવ, ૮. ઉપલી ત્રિકના વચલા દેવ, ૯. ઉપલી ત્રિકના ઉપરના દેવ - આ નવ ભેદો ગ્રૈવેયક દેવના છે.

**ઉવરિમા ઉવરિમા ચેવ, ઇઇ ગેવિજ્જગા સુરા ।**
**વિજયા વેજયન્તા ય, જયંતા અપરાજિયા ॥૨૧૪॥**

**સવ્વટ્ઠસિદ્ધગા ચેવ, પંચહાણુત્તરા સુરા ।**
**ઇઇ વેમાણિયા એએ, ણેગહા એવમાયઓ ॥૨૧૫॥**

વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ, આ પાંચ પ્રકારના અનુત્તર વિમાનવાસી દેવ છે. આમ વૈમાનિક દેવોના અનેક પ્રકાર છે.

**લોગસ્સ એગદેસમ્મિ, તે સવ્વે ઉ વિયાહિયા ।**
**ઇત્તો કાલવિભાગં તુ, તેસિં વોચ્છં ચઉવ્વિહં ॥૨૧૬॥**

આ બધા દેવલોકના દેવો લોકના એક ભાગમાં રહે છે. કાળની અપેક્ષાએ આના ચાર ભેદ છે.

**સંતઈ પપ્પણાઈયા, અપજ્જવસિયા વિ ય ।**
**ઠિઈ પડુચ્ચ સાઈયા, સપજ્જવસિયા વિ ય ॥૨૧૭॥**

સંતતિની અપેક્ષાએ અનાદિ અપર્યવસિત, અનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિ સાંત - સપર્યવસિત છે.

**સાહિયં સાગરં ઇક્કં, ઉક્કોસેણં ઠિઈ ભવે ।**
**ભોમેજ્જાણ જહન્નેણં, દસવાસસહસ્સિયા ॥૨૧૮॥**

ભવનપતિઓની સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ એક સાગરોપમથી થોડી વધારે છે.

**પલિઓવમમેગં તુ, ઉક્કોસેણ ઠિઈ ભવે ।**
**વંતરાણં જહન્નેણં, દસવાસસહસ્સિયા ॥૨૧૯॥**

વ્યંતરોની સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ એક પલ્યોપમ છે.

**પલિઓવમમેગં તુ, વાસલક્ખેણ સાહિયં ।**
**પલિઓવમટ્ઠભાગો, જોઇસેસુ જહન્નિયા ॥૨૨૦॥**

જ્યોતિષી દેવની આયુ સ્થિતિ ૧/૮ પલ્યોપમ અને ઉત્કૃષ્ટ એક પલ્યોપમ વધતા ૧ લાખ વર્ષની છે.

**દો ચેવ સાગરાઈં, ઉક્કોસેણ વિયાહિયા ।**
**સોહમ્મમ્મિ જહન્નેણં, એગં ચ પલિઓવમં ॥૨૨૧॥**

સુધર્મ દેવોનું આયુષ્ય જઘન્ય ૧ પલ્યોપમ અને ઉત્કૃષ્ટ બે સાગરોપમનું છે.

**સાગરા સાહિયા દુન્નિ, ઉક્કોસેણ વિયાહિયા ।**
**ઈસાણમ્મિ જહન્નેણં, સાહિયં પલિઓવમં ॥૨૨૨॥**

ઈશાન દેવોની સ્થિતિ જઘન્ય એક પલ્યોપમથી કંઈક વધારે અને ઉત્કૃષ્ટ બે સાગરોપમની છે.

**સાગરાણિ ય સત્તેવ, ઉક્કોસેણ ઠિઈ ભવે ।**
**સણંકુમારે જહન્નેણં, દુન્નિ ઉ સાગરોવમા ॥૨૨૩॥**

સનત્કુમાર દેવની સ્થિતિ જઘન્ય બે સાગરોપમ અને ઉત્કૃષ્ટ સાત સાગરોપમની છે.

**સાહિયા સાગરા સત્ત, ઉક્કોસેણ ઠિઈ ભવે ।**
**માહિંદમ્મિ જહન્નેણં, સાહિયા દોન્નિ સાગરા ॥૨૨૪॥**

મહેન્દ્ર દેવોની સ્થિતિ જઘન્ય ૨ સાગરોપમથી અધિક અને ઉત્કૃષ્ટ ૭ સાગરોપમથી વધુ છે.

**દસ ચેવ સાગરાઈં, ઉક્કોસેણ ઠિઈ ભવે ।**
**બંભલોએ જહન્નેણં, સત્ત ઉ સાગરોવમા ॥૨૨૫॥**

બ્રહ્મલોકના દેવોની સ્થિતિ જઘન્ય ૭ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૧૦ સાગરોપમની છે.

**ચઉદસ ઉ સાગરાઈં, ઉક્કોસેણ ઠિઈ ભવે ।**
**લન્તગમ્મિ જહન્નેણં, દસ ઉ સાગરોવમા ॥૨૨૬॥**

લાંતક દેવોની આયુષ્ય સ્થિતિ જઘન્ય ૧૦ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૧૪ સાગરોપમની છે.

**સત્તરસ સાગરાઈં, ઉક્કોસેણ ઠિઈ ભવે ।**
**મહાસુક્કે જહન્નેણં, ચઉદસ સાગરોવમા ॥૨૨૭॥**

મહાશુક્ર દેવોની જઘન્ય સ્થિતિ ૧૪ સાગરોપમની અને ઉત્કષ્ટ ૧૭ સાગરોપમની છે.

**અટ્ઠારસ સાગરાઈ, ઉક્કોસેણ ઠિઈ ભવે ।**
**સહસ્સારે જહન્નેણં, સત્તરસ સાગરોવમા ॥૨૨૮॥**

સહસ્સાર દેવોની જઘન્ય સ્થિતિ ૧૭ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૧૮ સાગરોપમની છે.

**સાગરા અઉણવીસં તુ, ઉક્કોસેણ ઠિઈ ભવે ।**
**આણયમ્મિ જહન્નેણં, અટ્ઠારસ સાગરોવમા ॥૨૨૯॥**

આણત દેવોની આયુ સ્થિતિ જઘન્ય ૧૮ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૧૯ સાગરોપમની છે.

**વીસં તુ સાગરાઈ, ઉક્કોસેણ ઠિઈ ભવે ।**
**પાણયમ્મિ જહન્નેણં, સાગરા અઉણવીસઈ ॥૨૩૦॥**

પ્રાણત દેવોની આયુ સ્થિતિ જઘન્ય ૧૯ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૨૦ સાગરોપમની છે.

**સાગરા ઈક્કવીસં તુ, ઉક્કોસેણ ઠિઈ ભવે ।**
**આરણમ્મિ જહન્નેણં, વીસઈ સાગરોવમા ॥૨૩૧॥**

આરણ દેવોની જઘન્ય આયુ સ્થિતિ ૨૦ સાગરોપમની અને ઉત્કૃષ્ટ ૨૧ સાગરોપમની છે.

**બાવીસં સાગરાઈ, ઉક્કોસેણ ઠિઈ ભવે ।**
**અચ્ચુયમ્મિ જહન્નેણં, સાગરા ઈક્કવીસઈ ॥૨૩૨॥**

અચ્યુત દેવોની આયુષ્ય સ્થિતિ જઘન્ય ૨૧ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમની છે.

**તેવીસ સાગરાઈ, ઉક્કોસેણ ઠિઈ ભવે ।**
**પઢમમ્મિ જહન્નેણં, બાવીસં સાગરોવમા ॥૨૩૩॥**

પ્રથમ ગ્રૈવેયકના દેવોની સ્થિતિ જઘન્ય ૨૨ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૨૩ સાગરોપમની છે.

**ચઉવીસ સાગરાઈ, ઉક્કોસેણ ઠિઈ ભવે ।**
**બિઈયમ્મિ જહન્નેણં, તેવીસં સાગરોવમા ॥૨૩૪॥**

બીજી ગ્રૈવેયકના દેવોની સ્થિતિ જઘન્ય ૨૩ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૨૪ સાગરોપમની છે.

**પણવીસ સાગરાઈ, ઉક્કોસેણ ઠિઇ ભવે ।**
**તઈયમ્મિ જહન્નેણં, ચઉવીસં સાગરોવમા ॥૨૩૫॥**

ત્રીજી ગ્રૈવેયકના દેવોની જઘન્ય આયુ સ્થિતિ ૨૪ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૨૫ સાગરોપમની છે.

**છવ્વીસ સાગરાઈ, ઉક્કોસેણ ઠિઇ ભવે ।**
**ચઉત્થમ્મિ જહન્નેણં, સાગરા પણવીસઈ ॥૨૩૬॥**

ચોથી ગ્રૈવેયકના દેવોની જઘન્ય આયુ સ્થિતિ ૨૫ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૨૬ સાગરોપમની છે.

**સાગરા સત્તવીસં તુ, ઉક્કોસેણ ઠિઇ ભવે ।**
**પંચમમ્મિ જહન્નેણં, સાગરા ઉ છવીસઈ ॥૨૩૭॥**

પાંચમી ગ્રૈવેયકના દેવોની સ્થિતિ જઘન્ય ૨૬ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૨૭ સાગરોપમની છે.

**સાગરા અટ્ઠવીસં તુ, ઉક્કોસેણ ઠિઇ ભવે ।**
**છટ્ઠમ્મિ જહન્નેણં, સાગરા સત્તવીસઈ ॥૨૩૮॥**

છટ્ઠી ગ્રૈવેયકના દેવોની જઘન્ય આયુ સ્થિતિ ૨૭ સાગરોપમ અને ઉત્કૃષ્ટ આયુ સ્થિતિ ૨૮ સાગરોપમની છે.

**સાગરા અઉણતીસં, તુ ઉક્કોસેણ ઠિઇ ભવે ।**
**સત્તમમ્મિ જહન્નેણં, સાગરા અટ્ઠવીસઈ ॥૨૩૯॥**

સાતમી ગ્રૈવેયકના દેવોની જઘન્ય આયુ સ્થિતિ ૨૮ સાગરોપમ અને ઉત્કૃષ્ટ આયુ સ્થિતિ ૨૯ સાગરોપમની છે.

**તીસં તુ સાગરાઈ, ઉક્કોસેણ ઠિઇ ભવે ।**
**અટ્ઠમમ્મિ જહન્નેણં, સાગરા અઉણતીસઈ ॥૨૪૦॥**

આઠમી ગ્રૈવેયકના દેવલોકની સ્થિતિ જઘન્ય ૨૯ અને ઉત્કૃષ્ટ ૩૦ સાગરોપમની છે.

**સાગરા ઈક્કતીસં તુ, ઉક્કોસેણ ઠિઇ ભવે ।**
**નવમમ્મિ જહન્નેણં, તીસઈ સાગરોવમા ॥૨૪૧॥**

નવમી ગ્રૈવેયકના દેવોની સ્થિતિ જઘન્ય ૩૦ અને ઉત્કૃષ્ટ ૩૧ સાગરોપમની છે.

**તેત્તીસા સાગરાઈ, ઉક્કોસેણ ઠિઇ ભવે ।**
**ચઉસું પિ વિજયાઈસુ, જહન્ના એક્કત્તીસઈ ॥૨૪૨॥**

વિજયાદિ ચાર અનુત્તર વિમાનોની સ્થિતિ જઘન્ય ૩૧ અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની છે.

**અજહન્નમણુક્કોસા, તેત્તીસં સાગરોવમા ।**
**મહાવિમાણેસવ્વટ્ઠે, ઠિઈ એસા વિયાહિયા ॥૨૪૩॥**

સર્વાર્થ સિદ્ધ મહા વિમાનના દેવોની સ્થિતિ અજઘન્ય અને અનુત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમની છે.

**જા ચેવ ઉ આઉઠિઈ, દેવાણં તુ વિયાહિયા ।**
**સા તેસિં કાયઠિઈ, જહન્નમુક્કોસિયા ભવે ॥૨૪૪॥**

દેવોની જે જઘન્ય તથા ઉત્કૃષ્ટ આયુ સ્થિતિ છે, તે જ તેમની ભવ સ્થિતિ છે.

**અણન્તતકાલમુક્કોસં, અંતોમુહુત્તં જહન્નયં ।**
**વિજઢમ્મિ સએ કાએ, દેવાણં, હુજ્જ અંતરં ॥૨૪૫॥**

વળી દેવકાય પ્રાપ્ત કરવાનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ અનંત કાળ છે.

**અણન્તકાલંમુક્કોસં, વાસપુહુત્તં જહન્નયં ।**
**આણયાઈણ દેવાણં, ગેવિજ્જાણં તુ અન્તરં ॥૨૪૬॥**

આનત આદિ તથા નવ ગ્રૈવેયક દેવોનો અંતર કાળ જઘન્ય બેથી માંડીને નવ વર્ષ (પૃથક્ વર્ષ) અને ઉત્કૃષ્ટ અનંત કાળનો છે.

**સંખેજ્જ સાગરુક્કોસં, વાસપુહત્તં જહન્નયં ।**
**અણુત્તરાણં દેવાણં, અંતરેય વિયાહિયા ॥૨૪૭॥**

અનુત્તર વિમાનવાસી દેવોનો અંતર કાળ જઘન્ય બેથી માંડીને નવ વર્ષ અને ઉત્કૃષ્ટ સંખ્યાત સાગરોપમનો છે.

**એએસિં વણ્ણઓ ચેવ, ગન્ધઓ રસફાસઓ ।**
**સંઠાણદેસઓ વાવિ, વિહાણાઈં સહસ્સસો ॥૨૪૮॥**

આ દેવોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન અપેક્ષાએ હજારો પ્રકાર છે.

**સંસારત્થા ય સિદ્ધા ય, ઈય જીવા વિયાહિયા ।**
**રુવિણો ચેવરુવી ય, અજીવા દુવિહાવિ ય ॥૨૪૯॥**

આવી રીતે સંસાર અને સિદ્ધના જીવોનું તથા રૂપી અને અરૂપી એમ બે પ્રકારના અજીવોનું કથન કહ્યું.

**ઇય જીવમજીવે ય, સોચ્ચા સદ્દહિઉણ ય ।**
**સવ્વનયાણં અણુમએ, રમેજ્જ સંજમે મુણી ॥૨૫૦॥**

આવી રીતે મુનિ જીવ અજીવના સ્વરૂપને સાંભળીને અને બધા નયોની અનુકૂલ શ્રદ્ધા કરીને સંયમમાં રમણ કરે.

**તઓ બહુણિ વાસાણિ, સામણ્ણમણુપાલિયા ।**
**ઈમેણ કમ્મજોગેણ, અપ્પાણં સંલિહે મુણી ॥૨૫૧॥**

પછી ઘણાં વર્ષો સુધી સંયમનું પાલન કરીને આ ક્રમના યોગથી મુનિ આત્માની સંલેખના કરે.

**બારસેવ ઉ વાસાઈ, સંલેહુક્કોસિયા ભવે ।**
**સંવચ્છરં મજ્ઝિમિયા, છમ્માસા ય જહન્નિયા ॥૨૫૨॥**

સંલેખના જઘન્ય છ માસની, મધ્યમ સંવત્સર - બાર માસની (એક વર્ષની) અને ઉત્કૃષ્ટ બાર વર્ષની હોય છે.

**પઢમે વાસચઉક્કમ્મિ, વિગઈ નિજ્જુહણં કરે ।**
**બિઈએ વાસચઉક્કમ્મિ, વિચિત્તં તુ તવં ચરે ॥૨૫૩॥**

પ્રથમના ચાર વર્ષમાં વિગયનો ત્યાગ કરે અને બીજા ચાર વર્ષમાં વિવિધ પ્રકારનું તપ કરે.

**એગંતરમાયામં, કટ્ટુ સંવચ્છરે દુવે ।**
**તઓ સંવચ્છરદ્ધં તુ, નાઇ વિગિટ્ઠં તવં ચરે ॥૨૫૪॥**

આયંબિલના પારણાથી બે વર્ષ સુધી એકાન્તર તપ કરે. પછી છ માસ સુધી અતિ વિકટ તપ કરે નહિ.

**તઓ સંવચ્છરદ્ધં તુ, વિગિટ્ઠં તુ તવં ચરે ।**
**પરિમિયં ચેવ આયામં, તમ્મિ સંવચ્છરે કરે ॥૨૫૫॥**

પછી છ માસ સુધી વિકટ તપ કરે અને પારણામાં આયંબિલ તપ કરે.

**કોડીસહિયમાયામં, કટ્ટુ સંવચ્છરે મુણી ।**
**માસદ્ધ-માસિએણ તુ, આહારેણ તવં ચરે ॥૨૫૬॥**

(બારમા વર્ષમાં મુનિ) એક વર્ષ કોટિ સહિત તપ કરે અને આયંબિલથી પારણા કરે. પછી માસ અથવા અડધા માસ સુધી આહાર ત્યાગથી અનશન વ્રત ધારણ કરે.

**કંદપ્પમાભિઓગં ચ, કિવ્વિસિયં મોહમાસુરત્તં ચ ।**
**એયાઓ દુગ્ગઈઓ, મરણમ્મિ વિરાહિયા હુંતિ ॥૨૫૭॥**

કંદર્પ, અભિયોગ, કિલ્વિષ, મોહ અને આસુરી ભાવના દુર્ગતિના હેતુ છે અને મૃત્યુ સમયે આવી ભાવનાથી જીવ વિરાધક થાય છે.

**મિચ્છાદંસણરત્તા, સનિયાણા હુ હિંસગા ।**
**ઈય જે મરંતિ જીવા, તેસિં પુણ દુલ્લહા બોહી ॥૨૫૮॥**

જે જીવ મિથ્યા દર્શનમાં રક્ત, હિંસક તથા નિદાનયુક્ત કરણી કરનાર છે, એ આ ભાવનાઓમાં મરીને દુર્લભ બોધિ થાય છે.

**સમ્મદંસણરત્તા, અનિયાણા સુક્કલેસમોગાઢા ।**
**ઈય જે મરંતિ જીવા, તેસિં સુલહા ભવે બોહી ॥૨૫૯॥**

જે જીવ સમ્યગ્ દર્શનમાં અનુરક્ત, અતિ શુક્લ લેશ્યાવાળો અને નિદાન રહિત ક્રિયા કરનાર છે, એ આ ભાવનામાં મરીને પરલોકમાં સુલભ બોધિ થાય છે.

**મિચ્છાદંસણરત્તા, સનિયાણા કણ્હલેસમોગાઢા ।**
**ઈય જે મરંતિ જીવા, તેસિં પુણ દુલ્લહા બોહી ॥૨૬૦॥**

મિથ્યાદર્શનમાં રક્ત, નિદાનયુક્ત કરણી કરનાર અને ગાઢ કૃષ્ણ લેશ્યાવાળો જીવ મરીને દુર્લભ બોધિ થાય છે.

**જિણવયણે અણુરત્તા, જિણવયણં જે કરેંતિ ભાવેણ ।**
**અમલા અસંકિલિટ્ઠા, તે હુંતિ પરિત્તસંસારી ॥૨૬૧॥**

શ્રી જિન વચનોમાં અનુરક્ત, જિન વચનાનુસાર ભાવપૂર્વક અનુષ્ઠાન કરનાર, મિથ્યાત્વાદિ મળ અને ક્લેશથી રહિત થઈને સંસારને પરિત (મર્યાદામાં) કરે છે.

**બાલમરણાણિબહુસો, અકામમરણાણિ ચેવ ય બહુયાણિ ।**
**મરિહંતિ તે વરાયા, જિણવયણં જે ન જાણંતિ ॥૨૬૨॥**

જે જીવ જિનવચનોને જાણતો નથી એ બિચારો ઘણીવાર બાળ અને અકામ મરણ કરે છે.

**બહુઆગમવિન્નાણા, સમાહિઉપ્પાયગા ય ગુણગાહિ ।**
**એએણં કારણેણં, અરિહા આલોયણં સોઉં ॥૨૬૩॥**

જે જીવ ઘણાં આગમોને વિશેષ પ્રકારે જાણે છે, સમાધિના પ્રયોગ કરનાર છે અને ગુણગ્રાહી છે, એ આ કારણોથી આલોચના સાંભળવાને યોગ્ય થાય છે.

**કંદપ્પ-કુક્કુયાઈ તહ, સીલ-સહાવ-હાસ-વિગહાહિં ।**
**વિમ્હાવેંતો ય પરં, કંદપ્પં ભાવણં કુણઈ ॥૨૬૪॥**

જે કંદર્પ, મુખ વિકારાદિ, હાંસી, વ્યર્થ વિકથાથી બીજાને વિસ્મય કરે છે, તે કંદર્પ (કલુષિત) ભાવ કરે છે.

**મંતાજોગ કાઉં, ભૂઈકમ્મં ચ જે પઉંજન્તિ ।**
**સાય રસ ઈડ્ઢિહેઉં, અભિઓગં ભાવણં કુણઈ ॥૨૬૫॥**

જે જીવ સાતા, રસ અને રિદ્ધિને માટે મંત્ર અને ભૂતિ કર્મ કરે છે, એ અભિયોગી ભાવના કરે છે.

**ણાણસ્સ કેવલીણં, ધમ્માયરિયસ્સ સંઘસાહૂણં ।**
**માઈ અવણ્ણવાઈ કિવ્વિસિયં ભાવણં કુણઈ ॥૨૬૬॥**

જ્ઞાનની, કેવળજ્ઞાનની, ધર્માચાર્યની, સંઘની અને સાધુઓની નિંદા કરનાર માયાવી જીવ કિલ્વિષીક ભાવના ઉત્પન્ન કરે છે.

**અણુબદ્ધરોસપસરો, તહ ય નિમિત્તમ્મિ હોઈ પડિસેવી ।**
**એએહિં કારણેહિં, આસુરિયં ભાવણં કુણઈ ॥૨૬૭॥**

નિરંતર રોષ વધારનાર, ત્રિકાળ નિમિત્તનું સેવન કરનાર, આ કારણથી, આસુરી ભાવના ઉત્પન્ન કરે છે.

**સત્થગ્ગહણં વિસભક્ખણં ચ, જલણં ચ જલપ્પવેસો ય ।**
**અણાયારભંડસેવી, જમ્મણમરણાણિ બંધન્તિ ॥૨૬૮॥**

શસ્ત્ર મારનાર, વિષ ભક્ષણ કરનાર, અગ્નિમાં પ્રવેશનાર, પાણીમાં બૂડનાર તથા આચાર ભ્રષ્ટથી જે જીવ મરે છે, તે જન્મ-મરણ વધારે છે.

**ઈઈ પાઉકરે બુદ્ધે, નાયએ પરિનિવ્વુએ ।**
**છત્તીસં ઉત્તરજ્ઝાએ, ભવસિદ્ધીયસમ્મએ ॥૨૬૯॥**

ભવ સિદ્ધિક જીવોને સમ્મત એવા **'ઉત્તરાધ્યયન સૂત્ર'**ના છત્રીસ અધ્યયનને પ્રકટ કરીને ભગવાન શ્રી મહાવીર પ્રભુ નિર્વાણ પામ્યા.

**॥ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર સમાપ્તમ્ ॥**

"જડે જીવનની જડીબુટી, વાંચો જો ઘડી બે ઘડી
મન બને ભાવન, જીવન બને પાવન."

## યુવાપ્રણેતા પૂ. શ્રી ધીરજમુનિ મ. સા. પ્રેરિત

## શ્રુતજ્ઞાન પ્રસાર યોજનામાં સદ્‌ભાગી બનો

☞ અશાંત જીવનને પ્રશાંત બનાવવામાં ઉપયોગી, સરલ અને સુબોધ સાહિત્ય અલ્પમૂલ્યમાં વધુને વધુ લોકો સુધી પહોંચે તે માટે જ્ઞાનદાન અનુમોદના યોજનામાં આપનો ઉમદા સહયોગ અનેકના જીવનને સુસંસ્કારોથી નવપલ્લવિત બનાવશે.

## શ્રુતજ્ઞાન અનુમોદના યોજના

| | |
|---|---|
| રૂા. ૧,૧૧,૦૦૦/- | પુસ્તક પ્રકાશન આધાર સ્તંભ દાતા |
| રૂા. ૫૧,૦૦૦/- | પુસ્તક પ્રકાશન કીર્તિ સ્તંભ દાતા |
| રૂા. ૨૫,૦૦૦/- | પુસ્તક પ્રકાશન અનુમોદક દાતા |
| રૂા. ૧૧,૦૦૦/- | પુસ્તક પ્રકાશન શુભેચ્છક દાતા |
| રૂા. ૫,૦૦૦/- | પુસ્તક પ્રકાશન પ્રેરક દાતા |

## વીતરાગ પ્રકાશન

અમી એન્ટરપ્રાઈઝ
શોપ નં. ૩, ગોકુલ એપાર્ટમેન્ટ, હરિદાસનગર,
સિમ્પોલી રોડ, બોરીવલી (વેસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૯૨
ફોન : (૦૨૨) ૨૮૯૯૧૪૨૩ / ૨૮૯૯૨૨૪૧

દરેક ઘરમાં અવશ્ય વાંચવા જેવું...
જૈનસમાજ અને પરિવારનું પ્રિય માસિક પત્ર
દેશ-વિદેશમાં વંચાતું
દર મહિનાની 25મી તારીખે પ્રકાશિત

શ્રી વર્ધમાન વૈયાવચ્ચ કેન્દ્ર - સંસ્કારિત

# શાસન પ્રગતિ

સંલગ્ન : જૈન સૌરભ (માસિક)

લવાજમના દર : ભેટ પુસ્તક સાથે

| દેશમાં | પરદેશ By Air |
|---|---|
| આજીવન Rs. 1100/- | આજીવન Rs. 6000/- |
| | પંચ વાર્ષિક Rs. 2500/- |

NOTE : ડ્રાફ્ટ/રોકડા 'શ્રી વર્ધમાન વૈયાવચ્ચ કેન્દ્ર'ના નામથી મોકલવા.

શાસન પ્રગતિ કાર્યાલય

C/o. યુનાઈટેડ એન્ટરપ્રાઈઝ, ઢેબર ચોક, રાજકોટ-૩૬૦ ૦૦૧
Ph. : (0281) 2227472 Fax : 2466511
E-mail : shasan@sancharnet.in
shasanpragati@yahoo.co.in

આજે જ લવાજમ મોકલાવી સભ્ય બની જશો.

: મુંબઈ કાર્યાલય :

આશાબેન ઉદાણી - ઘાટકોપર (ઈસ્ટ) ફોન : ૨૫૧૬૧૯૮૩

## યુવાપ્રણેતા શ્રી ધીરજમુનિ મ.સા. પ્રેરિત સાહિત્ય

* જીવન સંદેશ (કેલેન્ડર) Rs. 100/-
* જૈન રામાયણ Rs. 75/-
* મોક્ષ મારી હથેળીમાં (વ્યાખ્યાન સંગ્રહ) Rs. 75/-
* પરમ કલ્યાણના બોલ આપે મુક્તિના કોલ Rs. 75/-
* જૈન મહાભારત Rs. 50/-
* કેશી-ગૌતમ બોધ પ્રબોધ (વ્યાખ્યાન સંગ્રહ) Rs. 50/-
* SACHITRA JAIN TATTVA DARSHAN Rs. 50/-
* ધીર પ્રવચન ધારા (આગમનો બોધ આત્માની શોધ) Rs. 40/-
* ઉત્તરાધ્યયન સૂત્ર (મૂળપાઠ અને ભાવાર્થ) Rs. 40/-
* પ્રીત કિયે દુઃખ હોય (નવકાર મંત્ર મહિમા વાર્તા) Rs. 40/-
* એક રાત અનેક વાત (જંબૂચરિત્ર) Rs. 30/-
* સચિત્ર જૈન તત્ત્વદર્શન ભાગ - ૧ Rs. 30/-
* સચિત્ર જૈન તત્ત્વદર્શન ભાગ - ૨ (ગુણસ્થાન પ્રશ્ન) Rs. 40/-
* જૈન તત્ત્વ પૃચ્છા (નવતત્ત્વના ૧૩૨૧ પ્રશ્નોત્તર) Rs. 30/-
* દશવૈકાલિક સૂત્ર (મૂળપાઠ અને ભાવાર્થ) Rs. 20/-
* જૈન શાસનના ૧૬ સતી રત્નો Rs. 20/-
* ઋષભ-પાર્શ્વ પ્રશ્નાવલી Rs. 20/-
* જૈનાગમ ૧૦૦૮ પ્રશ્નોત્તર Rs. 15/-
* કલ્યાણ મંદિર સ્તોત્ર (અર્થ સહિત) Rs. 15/-
* શુભ સંદેશ - 365 (સુવાક્ય) Rs. 15/-
* મંગલ પ્રાર્થના (સ્તુતિ સંગ્રહ) Rs. 15/-
* શ્રાવક આવશ્યક સૂત્ર (અર્થ, વિધિ સહિત) Rs. 15/-
* જૈન તત્ત્વ સ્વરૂપ Rs. 15/-
* ભાવની ભીનાશ કરે કર્મ વિનાશ Rs. 15/-
* કર્મ પ્રશ્નોત્તર Rs. 15/-
* ભક્તામર સ્તોત્ર (શબ્દાર્થ, ભાવાર્થ સહિત) Rs. 12/-
* મહાવીર સ્તુતિ - પુચ્છિસ્સુણં Rs. 12/-
* સ્વર તુમ્હારે ગીત હમારે Rs. 10/-
* મંગલ સ્તુતિ Rs. 8/-
* સ્વર સંગીત Rs. 6/-
* સામાયિક સૂત્ર (અર્થ સહિત) Rs. 5/-
* આનુપૂર્વી આરાધના (પોકેટ) Rs. 3/-
* ભક્તામર અને સામાયિક (પોકેટ) Rs. 3/-
* સામાયિક સૂત્ર (English - પોકેટ) Rs. 3/-
* સાધુવંદના - રત્નાકર પચ્ચીશી (પોકેટ) Rs. 3/-

વીતરાગ પ્રકાશન

**અમી એન્ટરપ્રાઈઝ - બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૯૨**
શોપ નં. ૩, ગોકુલ એપાર્ટમેન્ટ, હરિદાસનગર, શિમ્પોલી રોડ, બોરીવલી (વેસ્ટ)
મુંબઈ - ૪૦૦ ૦૯૨ ✆ : (O) 28991423 / 28992241 (R) 28628649

**ભારત કોમર્શિયલ કું. મુંબઈ - 3**
૫૦-નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૩ ✆ : (O) 23421929 (R) 56643088

**વીતરાગ પ્રકાશન - રાજકોટ** ✆ : (0281) 2227472
C/o. યુનાઈટેડ એન્ટરપ્રાઈઝ, ઢેબર ચોક, રાજકોટ-૩૬૦ ૦૦૧ Fax : 2466511
E-Mail : shasan@sancharnet.in ▪ shasanpragati@yahoo.co.in

**પોસ્ટથી મંગાવનારે પોસ્ટેજ ચાર્જ સહિત રાજકોટના સરનામેથી મંગાવવા.**

# ભગવાન મહાવીર ઉવાચ

- હે જીવો ! બોધ પામો, તમે કેમ બોધ પામતા નથી ? પાછળથી બોધિ બીજની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે. કારણ કે જેમ વીતી ગયેલી રાત્રિઓ પાછી આવતી નથી તેમ આ મનુષ્ય ભવ ફરી સરલતાથી મળી શકતો નથી.

- જ્યાં સુધી ઘડપણ આવ્યું નથી, જ્યાં સુધી રોગનો ઉપદ્રવ થયો નથી. જ્યાં સુધી ઈન્દ્રિયો અને અંગો ક્ષીણ થયાં નથી. ત્યાં સુધી મનુષ્યે અવશ્ય ધર્મનું આચરણ કરવું જોઈએ.

- જેને મૃત્યુ સાથે મિત્રતા હોય, જે મૃત્યુથી છૂટી શકતો હોય અથવા જે જાણતો હોય કે હું મરીશ નહિ, તે જ ખરેખર આવતીકાલ પર વિશ્વાસ રાખીને સુખેથી સૂઈ શકે.

- ડાભની અણી પર રહેલું ઝાકળનું બિંદુ જેમ થોડીવાર ટકી શકે છે, તે જ પ્રકારે મનુષ્યનું જીવન પણ ક્ષણિક છે, એમ સમજીને હે ગૌતમ! સમય માત્રનો પ્રમાદ ન કર

વીતરાગ પ્રકાશન